મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫
■ Volume 69 ■ Issue 2 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ પોષ વદ - ૮ ■ મુંબઈ
■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ રવિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ



# જય સોમનાથ

## વડા પ્રધાન નરેન્દ્ર મોદી જોડાયા સોમનાથ સ્વાભિમાન પર્વમાં:


## સોમનાથદાદાની પૂજા-અર્ચના કરી: ઓમકાર જાપમાં જોડાયા


### 3000 ડ્રોનનો ભવ્ય નજારો

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વ દરમિયાન આકાશમાં 3000 ડ્રોન દ્વારા સોમનાથના ઈતિહાસ અને ભવ્યતાને દર્શાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન-શો નિહાળ્યો હતો. આ ડ્રોન-શોમાં મહાદેવ, સરદાર વલ્લભભાઈ પટેલ, કુમારપાળ સોલંકી, માતા અહિલ્યાબાઈ હોળકર અને વીર હમીરજી ગોહિલની ઝાંખીના અદ્ભુત દશ્યોથી મંદિર પરિસરનું આકાશ છવાઈ ગયું હતું. આ સાથે જ વિવિધ કૃતિઓ ડ્રોન-શોમાં રજૂ કરાઈ હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતની આસ્થા અને સનાતન ધર્મના પ્રતીક એવા સોમનાથ મંદિર પર હુમલાના એક હજાર વર્ષ પૂરાં થયા નિમિત્તે ૮થી ૧૧જાન્યુઆરી દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ- એક અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સ્વાભિમાન પર્વમાં સામેલ થવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સાંજે સોમનાથ આવી પહોંચ્યા હતા. રાજકોટ એરપોર્ટ પર કુંવરજી બાવળિયા સહિતના મહાનુભાવોએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વડા પ્રધાન હેલિકોપ્ટર મારફતે સોમનાથ પહોંચ્યા હતા. અહીં તેમનું સ્વાગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સ્વાગત કર્યું હતું. વડા પ્રધાન મોદીએ શનિવાર ઢળતી સાંજે સોમનાથમાં ભવ્ય રોડ શો બાદ સોમનાથ દાદાના દર્શને પહોંચ્યા હતા, આ દરમ્યાન હજારોની મેદની વડા પ્રધાન મોદીના સ્વાગત માટે આવી પહોંચી હતી. વડા પ્રધાન મોદી હેલીપેડથી વીવીઆઈપી ગેસ્ટ હાઉસ પહોંચ્યા હતા, જ્યાં તેમની અધ્યક્ષતામાં સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક યોજાઇ હતી. સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક દરમિયાન વડા પ્રધાન મોદીએ સોમનાથ મંદિરમાં ચાલી રહેલા વિકાસ કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક પૂર્ણ કરીને નરેન્દ્ર મોદી હમીરજી સર્કલથી પગપાળા સોમનાથ મંદિર પહોંચ્યા હતા, જ્યાં દિગ્વિજય દ્વાર પર સાધુ-સંતોનું અભિવાદન ઝીલ્યું હતું. મોદી જેવા મંદિર પરિસરમાં પહોંચ્યા કે મોદી મોદી અને હર હર મહાદેવના નારાથી મંદિર પરિસર ગૂંજી ઊઠ્યું હતું. ત્યાર બાદ ૭૨ કલાકના ઓમકાર જાપ અનુષ્ઠાનમાં જોડાયા હતા. સોમનાથ મંદિરના પ્રાંગણમાં ૨,૫૦૦ ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર અને ૭૨ કલાકના અખંડ ઓમકાર જાપ કરવામાં આવ્યા હતા. આ સાથે જ ૧,૦૦૦ કલાકારો દ્વારા મંદિરની અંદર અને બહાર શંખનાદ કરી વાતાવરણને શિવમય બનાવવામાં આવ્યું હતું. જાણીતા ગાયક હંસરાજ રઘુવંશીના શિવભક્તિના ગીતો અને ભજનોમાં તરબતર થયા હતા. મોદીએ અહીં ભગવાન સોમનાથ દાદાના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. વડા પ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કરી જળાભિષેક કર્યો હતો અને બાદમાં મંદિર પરિસરમાં ભવ્ય ડ્રોન શો નિહાળ્યો હતો. વડા પ્રધાન મોદીની સાથે મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.





## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૧-૧-૨૦૨૬ થી તા. ૧૭-૧-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં તા. ૧૪મીએ મકર રાશિમાં પ્રવેશે છે. મંગળ ધનુમાંથી મકરમાં તા. ૧૬મીએ પ્રવેશે છે. શીઘ્ર ગતિએ બુધ તા. ૧૭મીએ મકરમાં પ્રવેશે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર શીઘ્ર ગતિએ તા. ૧૩મીએ મકરમાં પ્રવેશે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તુલા રાશિમાંથી તા. ૧૩મીએ વૃશ્ચિકમાં, તા. ૧૬મીએ ધનુમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જન્મકુંડળીના આધારે નિર્ણયો લઈ કામકાજ કરવા જરૂરી છે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૭ શુભ જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. કાયક્ષેત્રે સફળતા, પ્રસન્નતા, યશસ્વીપણું અનુભવશો. તા. ૧૨, ૧૩, ૧૫ નાણાં વ્યવહાર માટે શુભ જણાય છે. સપ્તાહના આર્થિક વ્યવહારો પૂર્ણ કરી શકશો. મહિલાઓ કિંમતી ચીજોની ખરીદીમાં અનુકૂળતા અનુભવશો. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૧૩, ૧૫, ૧૬ નોકરીમાં શુભ પરિણામો દર્શાવે છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. કુટુંબના કારોબારમાં પ્રગતિ જળવાશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય. પ્રવાસ દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સંપન્ન થતાં જણાશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનું પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણના નિર્ણયો સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ બની રહેશે. નોકરીની જવાબદારીઓ આ સપ્તાહમાં સંપન્ન થતી જણાશે. વેપારના મિત્રોમાં યશ-માન પ્રતિષ્ઠા મેળવશો. હસ્તગત કામોમાં પરિવર્તનો જણાય છે. મહિલાઓને જીવનસાથીનો કાર્યક્ષેત્રે સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં પ્રગતિ જાળવી શકશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સફળતા જણાય છે. નોકરીમાં પ્રગતિ જળવાશે. તા. ૧૪, ૧૬, ૧૭ શુભ જણાય છે. નવો વેપાર પ્રારંભી શકશો. નાણાં વ્યવસ્થા આ સપ્તાહમાં સફળતાથી જાળવી શકશો. નવા કામકાજમાં મહિલાઓને અનુકૂળતાઓ જણાશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં પણ સરળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો શુભ પુરવાર થશે. હુન્નરલક્ષી પ્રવૃત્તિઓ સફળ બની રહેશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળતાથી પૂર્ણ કરી શકશો. તા. ૧૧, ૧૨, ૧૭ શુભ પુરવાર થશે. નવા કામકાજનો પ્રારંભ પણ આ સપ્તાહમાં જણાય છે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી કાર્યક્ષેત્રે ઉત્સાહ અને આત્મવિશ્વાસ ઉમેરાશે. સપ્તાહમાં અર્થવ્યવસ્થા વધુ દઢ બનશે. મહિલાઓને આ સપ્તાહમાં નવીન કામકાજના પ્રારંભ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય છે. તા. ૧૩, ૧૪, ૧૫ નોકરી માટે યશસ્વી બની રહેશે. નોકરીના હસ્તગત કામો આ સપ્તાહમાં મહત્તમપણે પૂર્ણ કરી શકશો. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર સરળતાથી પૂર્ણ કરી શકશો. સંતાન કારોબારમાં ઉપયોગી થશે. મહિલાઓને પડોશ સંબંધોનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. શૅરબજારમાં નવું જ્ઞાન, માહિતી પણ મેળવશો. તા. ૧૧, ૧૫, ૧૬ કાર્યક્ષેત્રે શુભ પુરવાર થશે. પ્રવાસ માટે સપ્તાહના ગોચરફળ શુભ જણાય છે. મિલકત, વાહન ઈત્યાદિ માટે ગોચરફળ શુભ જણાતું નથી. મહિલાઓના આ સપ્તાહના કારોબારના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કામકાજ સફળ પુરવાર થશે. શૅરબજારના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. તા.૧૪, ૧૫, ૧૭ નોકરીમાં પ્રગતિસૂચક જણાય છે. નાણાં આવક જળવાઈ રહેશે. નાણાંની પ્રવાહિતા જળવાઈ રહેશે. ભાઈ-બહેનો સાથેના વ્યવહાર સંપયુક્ત પુરવાર થશે. પરિવારમાં મહિલાઓને અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થતો જણાશે. નોકરી માટે તા. ૧૨, ૧૩, ૧૬, ૧૭ શુભ જણાય છે. રાજકારણની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. નાણાં વ્યવહાર અનુકૂળ બની રહેશે. પ્રવાસ દ્વારા નોકરીના મૂંઝવતા કામકાજનો ઉકેલ લાવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ ઉપરાંતની પ્રવૃત્તિમાં પણ સફળતા મેળવી શકશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ લે-વેંચનો વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૧, ૧૨, ૧૫ કાર્યક્ષેત્રે શુભ બની રહેશે.નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરીના અધિકારી સાથેના મતભેદો ઉકેલાશે. ભાગીદારી લાભદાયી પુરવાર થશે. મહિલાઓને સપ્તાહની પ્રવૃત્તિઓ નિયમિતપણે સફળ બનતી જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં એકાગ્રતા દાખવી અભ્યાસને પૂર્ણપણે ન્યાય આપી શકશો.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ લાભદાયી બની રહેશે. તા. ૧૨, ૧૩, ૧૪ નોકરી માટે શુભ છે. તા. ૧૫મીએ કળા, નાટ્યની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. મિલકતના નિર્ણયો લઈ શકશો. વેપાર વિનિમય સફળ બની રહેશે. મહિલાઓના નવા કામકાજ સફળ પુરવાર થશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધનસામગ્રી પ્રાપ્ત થતાં જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું કામકાજ એકંદરે ઉત્સાહપ્રેરક બની રહેશે. તા. ૧૪, ૧૫, ૧૬ નવા નોકરીના કામકાજમાં સફળતા દર્શાવે છે. નોકરીના સહઅધ્યાયીઓમાં સંપ જળવાશે. વેપારમાં નાણાં આવકની વૃદ્ધિ થશે. નાણાં ખર્ચ પરત્વે કરકસર દાખવી શકશો. મિત્રતાનો સુખદ અનુભવ થાય. મહિલાઓને સંબંધીઓ ઉપયોગી થશે. પ્રસંગો સુખરૂપ સંપન્ન થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયન માટે એકાગ્રતા દાખવી શકશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૧૧-૧-૨૦૨૬

ભારતીય દિનાંક ૨૧, માહે પૌષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૮
જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૮
પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૩મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૮-૧૧ સુધી, પછી સ્વાતિ.
ચંદ્ર તુલામાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : -
ભરતીઃ સાંજે ક. ૧૮-૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૪ (તા. ૧૩)
ઓટઃ બપોરે ક. ૧૨-૦૪, મધ્યરાત્રે ક. ૦૦-૦૫
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - અષ્ટમી.
સૂર્ય ઉત્તરાષાઢામાં ક. ૦૮-૩૭.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સપ્તસતી પાઠ હવન, બિલીનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્ર, દસ્તાવેજ, દુકાનના કામકાજ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન
આચમનઃ ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ મતલબી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ,
ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૧-૧-૨૦૨૬ થી તા. ૧૭-૧-૨૦૨૬

રવિવાર, પૌષ વદ-૮, વિ. સં. ૨૦૮૨, તા. ૧૧મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૮-૧૧ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. સૂર્ય ઉત્તરાષાઢામાં ક. ૦૮-૩૭. શુભ દિવસ.

સોમવાર, પૌષ વદ-૯, તા. ૧૨મી. નક્ષત્ર સ્વાતિ. રાત્રે ક. ૨૧-૦૪ સુધી, પછી વિશાખા.ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. સ્વામી વિવેકાનંદ જયંતી, પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ, ભદ્રા પ્રારંભ ક. મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૯ (તા. ૧૩) શુક્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૭. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, પૌષ વદ-૧૦, તા. ૧૩મી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪-૦૬ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૨૦, સુધી પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ભોગી (દક્ષિણ ભારત), લોહરી (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૧૭, વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૭-૨૦. સામાન્ય દિવસ.

બુધવાર, પૌષ વદ-૧૧, તા. ૧૪મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૩ સુધી (તા. ૧૫) પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ષટ્તિલા એકાદશી (કોપરા), સૂર્ય મકરમાં બપોરે ક. ૧૫-૦૫, સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ક. ૧૫-૦૫થી સૂર્યાસ્ત. ધનાર્ક કમુહૂર્તા સમાપ્ત ક. ૧૫-૦૫, મકર સંક્રાંતિ, મકરાદિ સ્નાન, તૈલ સંક્રાંતિ, માઘબિહુ (આસામ), તૈ પોંગલ (કેરાલા), પોંગલ (દક્ષિણ ભારત), વિંછુડો. સામાન્ય દિવસ.

ગુરુવાર, પૌષ વદ-૧૨, તા. ૧૫મી, ૨૦૨૬, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. મકર સંક્રાંતિ કરિદિન, મતુપોંગલ (દક્ષિણ ભારત), મંગળ મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬. વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ (તા. ૧૬) શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, પૌષ વદ-૧૩, તા. ૧૬મી, નક્ષત્ર મૂળ. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ ક. ૨૨-૨૧, મેરુ તેરસ (જૈન). શુભ દિવસ.

શનિવાર, પૌષ વદ-૧૪, તા. ૧૭મી, નક્ષત્ર મૂળ સવારે ક. ૦૮-૧૧ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. બુધ મકરમાં સવારે ક. ૧૦-૨૪, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૧૫, શબ્બેમિરાજ (મુસ્લિમ). શુભ કાર્ય વર્જ્ય છે. ■

# ભારત-પાકિસ્તાન લડાઈ અટકાવી એક કરોડના જીવ બચાવ્યા, હવે તો આપો નોબેલઃ ટ્રમ્પનું રડગાણું

વોશિંગ્ટનઃ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વખત વખત નોબેલ શાંતિ પારિતોષિકનો રાગ આલાપ્યો છે. તેમણે ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવ્યાનો દાવો કર્યો હતો. જોકે તેમણે ન માત્ર પોતાને નોબેલ પુરસ્કારના સૌથી મોટા હકદાર ગણાવ્યા, પરંતુ પાકિસ્તાનના વડા પ્રધાનને ટાંકીને કહ્યું હતું કે તેમના કારણે કરોડો લોકોનો જીવ બચી ગયો. તેમણે દાવો કર્યો હતો કે ભારત પાકિસ્તાન વચ્ચેની લડાઈના સમયે રેપિડ ઓર્ડરથી બંને પરમાણુ સંપન્ન દેશ વચ્ચે સુલેહ કરાવી હતી.

પોતાની ઉપલબ્ધિઓ ગણાવતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ નોબેલ શાંતિ પુરસ્કારના સૌથી મોટા હકદાર છે કારણ કે તેમણે અનેક મોટાં યુદ્ધો અટકાવ્યાં છે.

ભારત-પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, આઠ ફાઇટર જેટ તોડી પાડવામાં આવ્યાં હતાં અને બંને દેશો વચ્ચે પરમાણુ યુદ્ધ ફાટી નીકળવાની તૈયારીમાં હતું, જેને મેં સમયસર દરમ્યાનગીરી કરીને અટકાવ્યું હતું.

ટ્રમ્પે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના નિવેદનને ટાંકીને કહ્યું હતું કે, શરીફે પોતે સ્વીકાર્યું છે કે ટ્રમ્પની મધ્યસ્થતાને કારણે જ દક્ષિણ એશિયામાં ઓછામાં ઓછા એક કરોડ લોકોના જીવ બચ્યા છે.

જોકે, ભારત સરકાર દ્વારા ટ્રમ્પના આ દાવાઓને હંમેશા નકારવામાં આવ્યા છે. ભારતનું વલણ સ્પષ્ટ છે કે, પાકિસ્તાન સાથેના યુદ્ધવિરામનો નિર્ણય નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચેની સીધી લશ્કરી વાતચીત દ્વારા લેવામાં આવ્યો હતો, જેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નહોતી. ■

# ઝોહોવાળા શ્રીધર વેમ્બુના છૂટાછેડા સૌથી મોંઘા, ૧૪,૦૦૦ કરોડમાં પડશે

ન્યૂ યોર્કઃ આઈઆઈટી મદ્રાસથી ગ્રેજ્યુએટ થયા બાદ શ્રીધર વેમ્બુ ૧૯૮૯માં પ્રિન્સ્ટન યુનિવર્સિટી ખાતે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિષયમાં પીએચડી કરવા માટે અમેરિકા ગયા હતા. ચાર વર્ષ બાદ તેણે ૧૯૯૩માં એક ઓન્ત્રેપ્રેન્યોર યુવતિ પ્રમિલા શ્રીનિવાસન સાથે લગ્ન કર્યા હતા. તેઓને એક દીકરો પણ છે. જોકે, લગ્નના ૨૮ વર્ષ બાદ આ દંપતીએ છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો છે. જેનું કારણ શ્રીધર વેમ્બુની કંપની ઝોહો છે. આ છૂટાછેડા માટે શ્રીધર વેમ્બુને એક મોટી રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં શ્રીધર વેમ્બુને ૧.૭ અબજ અમેરિક ડોલરના બોન્ડ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. આ રકમનું ભારતીય મૂલ્ય ૧૪,૦૦૦ કરોડથી પણ વધારે થાય છે. પત્ની પ્રમિલા શ્રીનિવાસન સાથે અમેરિકાના કેલિફોર્નિયા સ્થાયી થઈને લગ્નજીવનની શરૂઆત કરી હતી. ૧૯૯૬માં શ્રીધર વેમ્બુએ પોતાના પાર્ટનર્સ સાથે મળીને એડવેંટનેટ નામની એક સોફ્ટવેર ડેવલપમેન્ટ કંપની શરૂ કરી હતી. ૨૦૦૯માં આ કંપનીનું નામ બદલીને ઝોહો કોર્પોરેશન કરવામાં આવ્યું હતું. જોકે, કેલિફોર્નિયમાં લગભગ ત્રણ દાયકા સુધી રહ્યા બાદ શ્રીધર વેમ્બુ ૨૦૧૯માં ભારત પાછા ફર્યા હતા. તેઓ તમિળનાડુમાં આવેલા પોતાના પૈતૃક ગામ મથલમપરાઈથી ઝોહોની કામગીરી સંભાળી રહ્યા હતા. જેના બે વર્ષ બાદ તેમણે છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો હતો.

પ્રમિલા શ્રીનિવાસને શ્રીધર વેમ્બુ પર આરોપ લગાવ્યો હતો કે, તેણે પોતાની કંપનીના મોટાભાગના શેર પોતાની બહેન રાધા વેમ્બુ અને ભાઈ શેખર વેમ્બુને આપી દીધા છે. ■

# બાંગ્લાદેશમાં હિંદુ યુવાનને ઝેર પીવાની ફરજ પડાઇ

ઢાકાઃ બાંગ્લાદેશના સુનામગંજ જિલ્લામાં ૧૯ વર્ષીય જોય મહાપાત્રો નામના હિંદુ યુવાનના ઘર પર તાજેતરમાં હુમલો કરાયો હતો અને તેને ઝેર પીવાની ફરજ પડાઇ હતી. જોય મહાપાત્રોને સિલ્હટ એમજીએમ ઉસ્માની મેડિકલ કૉલેજ હૉસ્પિટલના ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં દાખલ કરાયો હતો, પરંતુ ત્યાં તેનું મૃત્યુ થયું હતું. બાંગ્લાદેશમાં તાજેતરમાં હિંદુઓ સામેની હિંસામાં ભારે વધારો થયો છે. અગાઉ, બાંગ્લાદેશના નરસિંગડી જિલ્લાના પલાશ ઉપજિલ્લામાં ચારસિંધુર બજાર ખાતે ૪૦ વર્ષીય હિંદુ મોની ચક્રવર્તી પર છઠ્ઠી જાન્યુઆરીએ હુમલો કરાયો હતો. આ ઉપરાંત, જેસ્સોરે જિલ્લામાંના એક સ્થાનિક અખબારના કાર્યવાહક તંત્રી અને હિંદુ વેપારી પ્રતાપને કપાલિયા બજારમાંની તેની બરફની ફેક્ટરીમાંથી બહાર બોલાવીને ઠાર મરાયો હતો.બાંગ્લાદેશના માયમેનસિંહ ખાતે દીપુચંદ્ર દાસને ૧૮ ડિસેમ્બરે ઢોરમાર મારીને તેની હત્યા કરાઇ હતી. તેના થોડા દિવસ પછી રાજબારી ખાતે અમૃત મંડલને ઢોરમાર મારીને મારી નખાયો હતો. બાદમાં પચીસ વર્ષીય હિંદુ વેપારી ખોકોનચંદ્રન દાસને સળગાવી દેવાયો હતો. ■

# ઘરમાં માત્ર માતૃભાષામાં બોલોઃ અમિત શાહ

## 'સ્વદેશી'ને પ્રોત્સાહન આપી દેશના અર્થતંત્રને મજબૂત કરવા ભાર આપ્યો

જોધપુરઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સ્વદેશી ઉત્પાદનો અને માતૃભાષામાં વાતચીત કરવાની બાબતને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર આપતા શનિવારે જણાવ્યું હતું કે ઘરમાં બાળકોની સાથે વાતચીત કરવા માત્ર માતૃભાષાનો ઉપયોગ થવો જોઇએ. આપણે સૌએ 'સ્વદેશી' અને 'સ્વભાષા'ને પ્રોત્સાહન આપવું જોઇએ.

શાહે જણાવ્યું હતું કે કોઇ પણ સમાજ, સંસ્કૃતિ અને ધર્મની જાળવણી માટે માતૃભાષા જરૂરી છે. લોકોએ પોતાના ઘરમાં માતૃભાષામાં જ બોલવાનો આગ્રહ રાખવો જોઇએ. વિશ્વમાં પ્રગતિ કરવા માટે કોઇ પણ ભાષા શીખી શકાય છે. બાળકોની સાથે માતૃભાષામાં જ વાત કરવાથી તેઓને પોતાના સમાજની સાથેના મૂળ સંબંધ મજબૂત કરવામાં મદદ મળશે.

તેમણે જોધપુરમાં 'મહેશ્વરી વૈશ્વિક સંમેલન'ને સંબોધતા જણાવ્યું હતું કે મહેશ્વરી સમાજના લોકોએ દેશ અને વિદેશમાં વિવિધ જગ્યાએ નોંધપાત્ર પ્રગતિ કરી છે તેમ જ દેશના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે તમે ઘરની બહાર જરૂરિયાત મુજબ ભલે અન્ય ભાષામાં વાતચીત કરો, પરંતુ ઘરમાં બાળકો સાથે તો માતૃભાષામાં જ વાત કરવી જોઇએ. તેમ કરવાથી બાળકો પોતાના સમાજ, ધર્મ, સંસ્કૃતિની સાથે જોડાયેલા રહેશે.

અમિત શાહે જણાવ્યું હતું કે સ્વદેશી ઉત્પાદનો જ ખરીદવાનો આગ્રહ રાખવાથી દેશનું અર્થતંત્ર મજબૂત બનશે અને ભારત દરેક ક્ષેત્રે અગ્રણી રાષ્ટ્ર બનશે. ઉદ્યોગપતિઓએ દેશમાં અત્યાર સુધી ન બનતી કે ઓછી બનતી ઓછામાં ઓછી એક ચીજવસ્તુનું ઉત્પાદન સ્વદેશમાં શરૂ કરીને દેશને સ્વાવલંબી બનાવવામાં યોગદાન આપવું જોઇએ. (એજન્સી) ■

# કાશ્મીરીએ રામમંદિરમાં નમાજ પઢી

## ભારે વિવાદઃ કાશ્મીરના શોપિયામાંથી આવ્યો હતોઃ બૅગમાં મોટા પ્રમાણમાં કાજુ-કિસમિસ હતા

અયોધ્યા : અયોધ્યામાં રામમંદિર પરિસરની સુરક્ષા વ્યવસ્થા અંગે મોટો હાહાકાર ફેલાઈ ગયો છે. સુરક્ષા દળોએ એક કાશ્મીરીએ રામમંદિરના પરિસરમમાં દક્ષિણી પરીકોટે એરિયાના સીતા રસોઈ પાસે જઈને તેણે નમાઝ પઢવાનો પ્રયાસ કર્યો હતો. તેનું નામ અબ્દુલ અહમદ શેખ છે. પંચાવન વર્ષીય અહમદ કાશ્મીરના શોપિયાંનો રહેવાસી છે. તેની પાસેથી મળી આવેલી બૅગમાં મોટા પ્રમાણમાં કાજુ-કિસમિસ હતા. બનાવ જાતે જોનારાઓ અને બીજા સૂત્રોએ કહ્યું હતું કે સુરક્ષા કર્મચારીઓના રોકવાથી અહમદે કથિત નારાબાજી શરૂ કરી અને સુરક્ષા દળોએ તેને તત્કાળ પકડી લીધો હતો. ઘટનાની સૂચના મળતાં ગુપ્તચર સંસ્થાની એજન્સી, સ્થાનિક પોલીસ, પ્રશાસનના અધિકારી સક્રિય થઈ ગયા. અહમદની પૂછપરછ થઈ રહી છે. અને તેની પૃષ્ટભૂમિની તપાસ થઈ રહી છે. જિલ્લા પ્રશાસને હાલમાં કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. રામમંદિર ટ્રસ્ટે પણ આ અંગે ચુપકીદી સેવી છે. સૂત્રોનું કહેવું છે કે બનાવની સંવેદનશીલતા જોતા સુરક્ષા એજન્સીઓ દરેક પાસાંની તપાસ કરી રહી છે, જેથી કાયદો અને વ્યવસ્થા જેવી સ્થિતિ ઊભી ન થાય અને ખોટી અફવા ન ફેલાય. ■

### અબ્બુ તો પાગલ છેઃ છોકરાની કેફિયત

શ્રીનગર : અયોધ્યાના રામમંદિર સંકુલમાં નમાઝ પઢવાનો પ્રયાસ કરનાર પંચાવન વર્ષના કાશ્મીરીના પુત્રે દાવો કર્યો હતો કે માર પિતા માનસિક રીતે અસ્થિર છે અને લાંબા સમય સુધી ઘરે રહેતા નથી. કાશ્મીરના શોપિયાંના ગડપોરા વિસ્તારના રહેવાસી અબ્દુલ અહમદ શેખની શનિવારે ધરપકડ કરવામાં આવી છે. શોપિયાંમાં વાત કરતા પત્રકારોને કહ્યું હતું કે મારા કુટુંબને તેમની રામ મંદિરની મુલાકાત વિશે કોઈ જ્ઞાન નથી. અમને એ વાત વિશે કંઈ જાણકારી નથી. તેઓ માનસિક રીતે સંપૂર્ણ અસ્થિર છે. પુત્રે કહ્યું હતું કે અબ્દુલ પાંચ-છ દિવસ પહેલાં સાસરામાં ગયા હતા. તેઓ ઘરે રહેતા નથી અને તેઓ વારંવાર ઘર છોડી દે છે. તેઓ વારંવાર મસ્જિદોની મુલાકાત લે છે. (એજન્સી) ■

# ભુવનેશ્વરથી રાઉરકેલા તરફ જતું વિમાન ક્રેશ, છ જણ ઈજાગ્રસ્ત

ભુવનેશ્વરઃ ઓડિશાના રાઉરકેલા ભુવનેશ્વરથી આવી રહેલું વિમાન તૂટી પડતા છ જણને ઈજા થઈ છે. નવ સીટરના આ વિમાનમાં કુલ સાત લોકો સવાર હતા. અકસ્માત સમયે પાઈલટ સાથે છ મુસાફરો સવાર હતા. ઈજગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર ખસેડવામાં આવ્યાં હતા. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પ્લેન ક્રેશ દરમિયાન વિમાનમાં સવાર દરેક લોકો ઘાયલ થયાં હતા. દરેકને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ઓડિશાના રાઉરકેલામાં ક્રેશ થયેલું વિમાન એક નાનું હોવાનું જાણવા મળ્યું છે. આ વિમાન ૯ લોકો બેસી શકે એટલું જ મોટું હતું. જો કે, હજી સુધી વિમાન ક્રેશના કારણ વિશે ખબર પડી શકી નથી. ■

# વાતચીત વિશ્વયુદ્ધ અટકાવવામાં મદદ કરશે

## ટ્રમ્પ સાથેની મુલાકાત અંગે કોલમ્બિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ કહ્યું

વૉશિંગ્ટન (અમેરિકા) : કોલમ્બિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતની પ્રતિબદ્ધતા અને ગંભીરતા વધારતા કહ્યું હતું કે દક્ષિણ અમેરિકામાં લશ્કરી દબાણ વધતું જાય છે ત્યારે મારી અને ટ્રમ્પની વાતચીતથી વિશ્વયુદ્ધ અટકાવવામાં મદદ મળશે.

ડાબેરી પાંખના નેતા પેટ્રોએ કહ્યું હતું કે મેં વૉશિંગ્ટનના આમંત્રણને સ્વીકાર્યું છે અને મને આશા છે કે સતત સંવાદથી રીજનમાં અથડામણ વધતી અટકાવવામાં મદદ મળશે. બેઠકના હેતુ અંગે સીધો સવાલ કરવામાં આવતા પેટ્રોએ કહ્યું હતું કે અમારો હેતુ વિશ્વયુદ્ધ અટકાવવાનો છે.

અમેરિકાના વેનેઝુએલાની કાર્યવાહીને લીધે રીજનમાં લશ્કરીકરણ વધતું જાય છે અને આને લીધે મારી ચિંતા વધતી જાય છે. તેમણે હેલિકૉપ્ટર અને મિસાઈલની ઈમેજ તરફ નિર્દેશ કરતા કહ્યું હતું કે કોલંબિયા પાસે એર ડિફેન્સ સિસ્ટમ નથી અને તંગદિલી વધશે તો એને માટે ભયજનક સ્થિતિ ઊભી થશે. પેટ્રોએ કહ્યું હતું કે હું એમ નથી કહેવા માગતો કે હું ગભરાયો નથી. તેમણે ચેતવણી આપી હતી કે કોલંબિયાની નેતાગીરી પર કોઈ પણ હુમલો ગૃહયુદ્ધ તરફ દોરી જશે અને અમેરિકા તરફની દુશ્મનાવટ વધી જશે જેને માટે અમેરિકા લાયક નથી. આ એક બુદ્ધિહીન નીતિ હશે.

અમેરિકા વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને પકડીને અમેરિકા લઈ ગઈ ત્યાર બાદ આ ટિપ્પણી કરાઈ છે. ટ્રમ્પે ડ્રગ્સની હેરફેર કરનારી નેટવર્ક સામે આક્રમક અભિગમ અપનાવ્યો છે. ટ્રમ્પે વેનેઝુએલાના તેલની નિકાસ પર નિયંત્રણ મેળવવા અને અમેરિકાના રોકાણથી ઉત્પાદન વધારવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. પેટ્રોએ અથડામણ ટાળવા સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે. ■

# દુર્લભ ખનિજમાંનું ચીનનું વર્ચસ્વ તોડવા જી-૭ની બેઠકઃ ભારતને પણ આમંત્રણ

સેવેજ, મિનેસોટાઃ દુર્લભ ખનિજમાંનું ચીનનું વર્ચસ્વ તોડવા માટે ઑસ્ટ્રેલિયા અને સાત દેશના સંગઠન જી-૭ (ગ્રૂપ ઑફ સેવન)ના નાણાં પ્રધાનની બેઠક સોમવારે વૉશિંગ્ટનમાં મળવાની છે. ભારતને પણ આ બેઠકમાં ભાગ લેવા આમંત્રણ અપાયું છે, પરંતુ ભારતના પ્રતિનિધિ તેમાં હાજર રહેશે કે નહિ, તે શનિવારે રાત સુધી અસ્પષ્ટ હતું.

અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે હું જી-૭ના સભ્ય દેશોના નેતાઓની આ બેઠક યોજવા માટે ગયા ઉનાળાથી રજૂઆત કરી રહ્યો છું. ગયા ડિસેમ્બરમાં આ મુદ્દે નાણાં પ્રધાનોએ વર્ચ્યુઅલ મિટિંગ કરી હતી.

વૉશિંગ્ટનમાંની આ બેઠકમાં કેટલા દેશના નાણાં પ્રધાન હાજરી આપશે, તે અંગે પણ શનિવારે રાત સુધી સ્પષ્ટતા નહોતી કરાઇ. 'જી-૭'માં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાંસ, જર્મની, ઇટલી અને કૅનેડા તેમ જ યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે. આ દેશો દુર્લભ ખનિજ માટે ચીન પર મોટા પાયે આધાર રાખે છે. આ ગ્રૂપ પોતાના અર્થતંત્રને જોમ આપવા અને સપ્લાય ચેન્સની સુરક્ષા માટે યોજના ઘડી કાઢવા ગયા જૂનમાં સહમત થયું હતું.

દુર્લભ ખનિજમાંના ચીનના વર્ચસ્વને તોડવા માટે ઑસ્ટ્રેલિયાએ ગયા ઑક્ટોબરમાં અમેરિકાની સાથે કરાર કર્યા હતા. તેમાં લિથિયમ સહિતની દુર્લભ ખનિજ માટે આઠ અબજ ડૉલરના પ્રકલ્પનો પણ સમાવેશ થાય છે.

કેનબેરાએ જણાવ્યું હતું કે અમેરિકાની જેમ યુરોપ, જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોરે પણ અમારી પાસેથી દુર્લભ ખનિજ ખરીદવામાં રસ દાખવ્યો હતો.

ચીન અન્ય દેશોને તાંબુ, લિથિયમ, કોબાલ્ટ, ગ્રેફાઇટ અને દુર્લભ ખનિજ પુરવઠો પૂરો પાડનારું અગ્રણી રાષ્ટ્ર છે. આ બધી ખનિજનો ઉપયોગ સુરક્ષાને લગતી ટૅક્નોલૉજી, સૅમિકન્ડક્ટર્સ, અક્ષયઊર્જાની સાધનસામગ્રી, બેટરી અને રિફાઇનિંગ પ્રોસેસમાં થાય છે. પશ્ચિમના દેશો દુર્લભ ખનિજ મેળવવા માટે હવે ચીન પર વધુ આધાર રાખવા નથી ઇચ્છતા અને તેથી તેનો વિકલ્પ શોધી રહ્યા છે. (એજન્સી) ■

# ફંડ રોકવાના ટ્રમ્પના નિર્ણયની વિરુદ્ધ ભારતીય મૂળના જજે ચુકાદો આપ્યો

## ચાઇલ્ડ કૅર, સોશ્યલ સર્વિસીસનું ભંડોળ હાલમાં નહિ રોકવા હુકમ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ ધરાવતા પાંચ રાજ્યમાંનું ચાઇલ્ડ કૅર અને સોશ્યલ સર્વિસીસનું અંદાજે ૧૦ અબજ ડૉલરનું ભંડોળ રોકવા આપેલા હુકમને કામચલાઉ (૧૪ દિવસ) અટકાવતો ચુકાદો (ટૅમ્પરરી રિસ્ટ્રેનિંગ ઑર્ડર) આપનારા મૂળ ભારતીય અમેરિકી ફેડરલ જજ અરુણ સુબ્રહ્મણિયનને હવે 'મૅક અમેરિકા ગ્રેટ અગેન'ના ટેકેદારો 'એક્સ' સહિતના સોશ્યલ મીડિયા પર લક્ષ્ય બનાવીને તેમની ટીકા કરી રહ્યા છે અને તેમને 'પરદેશી' મૂળના ન્યાયાધીશ ગણાવીને તેમની વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર ટિપ્પણી કરી રહ્યા છે. કેલિફોર્નિયા, કોલોરાડો, ઇલિનોઇ, મિનેસોટા અને ન્યૂ યોર્કના એટર્ની જનરલે ટ્રમ્પના વહીવટીતંત્રના સંબંધિત નિર્ણય સામે કેસ કર્યો હતો અને ન્યૂ યોર્કના સધર્ન ડિસ્ટ્રિક્ટના ફેડરલ જજ અરુણ સુબ્રહ્મણિયને ટ્રમ્પના વહીવટીતંત્રની વિરુદ્ધ અને ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ધરાવતા રાજ્યોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. અમેરિકાના પાંચ રાજ્યે ટ્રમ્પના વહીવટીતંત્રની સામે કરેલા કેસમાં દલીલ કરી હતી કે દેશના આરોગ્ય અને માનવ સેવા વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ હૅલ્થ ઍન્ડ હ્યુમન સર્વિસીસ)ને ચાઇલ્ડ કૅર અને સોશ્યલ સર્વિસીસનું ભંડોળ રોકવાનો કોઇ અધિકાર નથી અને તે કૉંગ્રેસની પાસેના સંબંધિત અધિકારમાં દખલ કરી ન શકે. અગાઉ, ટ્રમ્પના વહીવટીતંત્રે ડેમોક્રેટિક પાર્ટીનું વર્ચસ્વ ધરાવતા પાંચ રાજ્યમાંનું ચાઇલ્ડ કૅર અને સોશ્યલ સર્વિસીસનું જંગી ભંડોળ રોકતો આદેશ ચાલુ અઠવાડિયાના પ્રારંભમાં આપ્યો હતો. ■

# આજથી વાયબ્રન્ટ ગુજરાત સમિટ થશે શરૂ: ૧૫૦૦થી વધુ એમઓયુ સાઈન થવાની સંભાવના

અમદાવાદ: દેશ-વિદેશના રોકાણકારોને ગુજરાતમાં વિવિધ ઉદ્યોગ-ધંધામાં રોકાણ કરવા માટે આકર્ષવા યોજવામાં આવતી વાયબ્રન્ટ ગુજરાત સમિટનો આજથી રાજકોટ ખાતે પ્રારંભ થશે. ૧૧મી જાન્યુઆરીથી ૧૫મી સુધીના આ કચ્છ-સૌરાષ્ટ્ર રિજનલ સમિટમાં ૧૫૦૦ જેટલા એમઓયુ સાઈન થશે, તેવો વિશ્વાસ રાજ્ય સરકારે વ્યક્ત કર્યો હતો. આ સમિટનું ઉદ્‌ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરશે. પીએમ વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શનનું પણ ઉદ્‌ઘાટન કરશે. ૨૬,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ સહભાગીઓ કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં તેમની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ સ્થાનિક મધ્યમ અને લઘુ ઉદ્યોગો, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન, ૧,૮૦૦ થી વધુ બી-ટુ-બી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬ થી વધુ દેશોના ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે.

# આવક જાહેર કરવા છતાં અમદાવાદના ક્રિપ્ટોમાં રોકાણ કરનારાઓને મળી રહી છે નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ક્રિપ્ટો રોકાણકારની મુશ્કેલી વધી રહી છે. આઈટી રિટર્ન ફાઇલ કરતી વખતે ક્રિપ્ટોકરન્સીની આવક જાહેર કરવા છતાં અનેક કરદાતાને ઈન્કમ ટેક્સ વિભાગે નોટિસો પાઠવી છે, જેથી અનેક રોકાણકારો ચિંતામાં મુકાઈ ગયા હોવાનું અહેવાલો જણાવે છે. અમદાવાદ પ્રથમ વખત ભારતના ટોચના ૧૦ ક્રિપ્ટો ઇન્વેસ્ટિંગ શહેરમાં સામેલ થયું છે તેવા સમયે નોટિસ મળતાં મુદ્દો વધુ ગંભીર બન્યો છે.

ટેક્સ એક્સપર્ટના કહેવા પ્રમાણે, ઘણા રોકાણકારોને તેમની ક્રિપ્ટો કમાણી માટે સ્પષ્ટતા માગતી નોટિસ આપવામાં આવી છે. જોકે તેમણે રિટર્નમાં પહેલાથી જ આ જાહેર કર્યું હોવા છતાં નોટિસ મળતાં ગૂંચવાયા છે. સૂત્રોના કહેવા પ્રમાણે, ક્રિપ્ટોના ટ્રાન્ઝેકશન ઘણી વખત વિદેશી એક્સચેન્જ અને ખાનગી વોલેટ્સ દ્વારા કરવામાં આવે છે. જેનાથી વેરિફિકેશન જટિલ બને છે. આ કારણે નોટિસ આપવામાં આવી હોય તેવી સંભાવના છે.

એક રિપોર્ટ અનુસાર અમદાવાદ ભારતના અગ્રણી ક્રિપ્ટો-ઇન્વેસ્ટિંગ શહેરોમાં ૧૦મા ક્રમે છે. આ રેન્કિંગ શહેરના યુવાનોમાં ડિજિટલ એસેટ્સ પ્રત્યે વધતી જતી રુચિ દર્શાવે છે. જોકે, આ ઉછાળાએ ક્રિપ્ટો રોકાણકારોને આવકવેરા વિભાગની નજરમાં લાવી દીધા છે. સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ રજૂઆતમાં, અધિકારીઓએ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સને ‘હાઈ રિસ્ક’ તરીકે ગણાવી છે. ક્રિપ્ટોકરન્સી બેંકો અથવા નિયંત્રિત નાણાકીય સંસ્થાઓની સંડોવણી વિના સેકન્ડોમાં દેશો વચ્ચે ભંડોળ ખસેડવાની મંજૂરી આપે છે, જે ટેક્સ ટ્રેકિંગને પડકારરૂપ બનાવે છે.

# ગાંધીનગરમાં પાણીની પાઈપલાઈનમાં લીકેજ માટે જવાબદારો સામે પગલાં લેવા મુખ્ય પ્રધાનને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટનગર ગાંધીનગરના જૂના સેક્ટરોમાં ફાટી નીકળેલા ટાઈફોડના રોગચાળાના કારણે રાજ્ય સરકાર અને શહેર મનપા તંત્રની પોલ ખૂલી ગઈ છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગટરની લાઈન અને પીવાના પાણીની લાઈનોમાં લિકેજ હોવાને કારણે દૂષિત પાણી પુરવઠો આવી રહ્યો છે. આ ગંભીર બેદરકારીને કારણે અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ લોકો ટાઈફોઈડનો ભોગ બની હોસ્પિટલમાં દાખલ થયા છે. અત્યંત દુ:ખદ બાબત એ છે કે, આ રોગચાળાને કારણે એક બાળકનું મૃત્યુ પણ નીપજ્યું છે. હવે તો સત્તાધિશોએ પણ સ્વીકારી લીધું છે કે, રોગચાળા માટે પાણીની પાઈપલાઈનમાં લિકેજ જવાબદાર છે. પાટનગર યોજના વિભાગ અને પાણી પુરવઠા બોર્ડની સાથે મ્યુનિ તંત્ર લિકેજ દૂર કરવા દોડધામ કરી રહ્યું છે, પરંતુ ગાંધીનગરના જાહેર આરોગ્યને બીમાર બનાવી દેનારા જવાબદારો સામે કાર્યવાહી થતી નથી. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે આ મામલે મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી અને નબળી કામગીરી કરનારી એજન્સી સામે પગલાં લેવા માગણી કરી હતી. આ સાથે જ ગટર-પાણી લાઈનનું સેગ્રીગેશન કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા જણાવાયું હતું કે, જ્યાં લાઈનો મિશ્રિત થઈ છે ત્યાં ‘રૂટ કોઝ એનાલિસિસ’ કરીને પાઈપલાઈન બદલવી જોઈએ. વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કહ્યુ હતું કે, પાણી સપ્લાયનું કામ સિંચાઈ વિભાગ કરે છે, જ્યારે પાટનગર યોજના વિભાગ દ્વારા પાણીનુ શુદ્ધિકરણ થાય છે અને વિતરણ વ્યવસ્થા ગુજરાત પાણી પુરવઠા વિભાગ કરે છે. આ ત્રણે વિભાગોના સંકલનના અભાવે કોઈ જવાબદારી ફિક્સ થતી નથી અને એકબીજા પર ટોપલો નાખી છટકી જાય છે. નાગરિકો થઈ રહેલી હેરાનગતિ દૂર કરવા માટે સત્વરે આ સમગ્ર કામગીરી એકજ વિભાગને સોંપી જવાબદારી નક્કી કરવી જોઈએ. દર્દીઓને અસરકારક સારવાર માટે સૂચન કરતાં તેમણે કહ્યુ હતું કે, ટાઈફોડનાં લક્ષણો મોડા દેખાતા હોય છે, તેથી માત્ર એકવાર તપાસ કરવાને બદલે અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત ૧૦થી ૧૫ દિવસ સુધી ફોલો-અપ સર્વે થવો જોઈએ. આદિવાડા જેવા ગ્રામ્ય વિસ્તારના લોકો હોસ્પિટલ જવાને બદલે અન્ય ઉપાયો ન કરે તે સ્થાનિક આગેવાનો અને આશા વર્કરો દ્વારા કાઉન્સિલ કરી તુરત હોસ્પિટલમાં દાખલ કરવાની વ્યવસ્થા થવી જોઈએ.

# સુરતના સેઝમાં ભાગેડુ નિરવ મોદીની બંધ જ્વેલરી કંપનીમાં ભીષણ આગ, દસ્તાવેજો બળીને ખાખ

અમદાવાદ: સુરત શહેરના સચિન રોડ પર આવેલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ)માં ભાગેડુ ઉદ્યોગપતિ નિરવ મોદી સાથે જોડાયેલી બંધ હાલતમાં પડેલી જ્વેલરી કંપનીમાં ભીષણ આગ લાગી હતી. રાત્રે લાગેલી આગે ગ્રાઉન્ડ ફ્લોર સાથે પ્રથમ માળને પણ ઝપેટમાં લઈ લીધો હતો. જોકે ફાયર બ્રિગેડની ભારે મહેનત બાદ અંદાજે ૬ કલાકની જહેમત પછી આગ કાબૂમાં આવી ગઈ હતી.

ફાયર બ્રિગેડના અધિકારીઓના જણાવ્યા અનુસાર આગની તીવ્રતા એટલી વધારે હતી કે, ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. સેઝ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં આ રીતે આગ લાગવી પણ અનેક સવાલો ઊભા કરે છે. સદનસીબે, કંપની બંધ હાલતમાં હોવાથી કોઈ જાનહાનિ નોંધાઈ નથી. પરંતુ કંપનીમાં રહેલા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, આ કંપની લાંબા સમયથી બંધ હાલતમાં હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા અગાઉ રેડ કરી કંપનીને સીલ કરવામાં આવી હતી અને ત્યાર બાદ પાવર કનેક્શન પણ કટ કરી દેવામાં આવ્યું હતું. આવી પરિસ્થિતિમાં કંપનીમાં આગ કેવી રીતે લાગી તે મુદ્દે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આગની ઘટના બાદ અનેક આશંકાઓ ચર્ચાના કેન્દ્રમાં આવી છે. સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે કંપનીમાંથી અગાઉ મશીનરી અને કીમતી જ્વેલરીઓની ચોરી થઈ હોવાની શક્યતા છે અને આ ચોરીને છુપાવવા માટે આગ લગાવવામાં આવી હોઈ શકે છે. પાવર સપ્લાય બંધ હોવાથી શોર્ટ સર્કિટની શક્યતા નથી. પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આગનાં કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ, સીલિંગ બાદની એન્ટ્રી-એક્ઝિટ વિગતો અને અગાઉ થયેલી કાર્યવાહીનો રેકોર્ડ તપાસવામાં આવી રહ્યો છે. જો આગ લગાવવાની વાત સાબિત થાય તો જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી થવાની શક્યતા છે.

# વડા પ્રધાન મોદીના ગાંધીનગર પ્રવાસને પગલે બે દિવસ લોખંડી બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ પાટનગર ગાંધીનગરના મહેમાન બનવાના છે. આ પ્રવાસને પગલે ગાંધીનગર પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. વડા પ્રધાનના આગમનને પગલે આવતીકાલથી બે દિવસ માટે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. જેમાં ૧૦ આઈપીએસ સહિત ૧૮૦૦ની ફૌજનો લોખંડી પોલીસ બંદોબસ્ત રહેશે.

વડા પ્રધાન મોદીના બે દિવસીય પ્રવાસ અન્વયે આવતીકાલે પ્રથમ દિવસે એટલે કે ૧૧ જાન્યુઆરીની સાંજે ગાંધીનગરવાસીઓને મેટ્રોની ભેટ મળશે. નરેન્દ્ર મોદીના હસ્તે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવશે. ત્યારબાદ ૧૨ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે ભારત અને જર્મન પ્રતિનિધિ મંડળ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. જેમાં દ્વિપક્ષીય સંબંધો અને રોકાણ અંગે ચર્ચાઓ થવાની શક્યતા છે.

વડા પ્રધાનની સુરક્ષામાં કોઈ પણ પ્રકારની કચાશ ન રહી જાય તે માટે ગાંધીનગર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે ગાંધીનગર એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું કે, વડા પ્રધાનના આગમનને લઈ ૧૦થી વધુ આઈપીએસ, ૨૦ ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ મોનિટરિંગ કરશે. આ ઉપરાંત ગ્રાઉન્ડ ફોર્સમાં ૫૦ પીઆઈ, ૧૦૦ થી વધુ પીએસઆઈ અને આશરે ૧૮૦૦ પોલીસ કોન્સ્ટેબલ્સ ખડેપગે રહેશે. મેટ્રો સ્ટેશનની નીચે સામાન્ય જનતા પણ આ આધુનિક સુવિધા નિહાળી શકે તે માટે મનપા અને પોલીસના સંકલનથી ખાસ વ્યવસ્થા ઊભી કરાઈ છે.

# ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉચ્ચ અધિકારીઓ સામે લાચાર: ઇટાલિયા

અમદાવાદ: વડોદરા જિલ્લાના ભાજપના પાંચ ધારાસભ્યોએ અધિકારીઓની અવગણના અને કામકાજમાં બેદરકારી અંગે મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો હોવાની ઘટના બાદ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતનો વિપક્ષ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યો છે. આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલીયાએ પણ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પર નિશાન સાધ્યું હતું. ઇટાલીયાએ આ ઘટનાને ગુજરાતની શાસનવ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ દર્શાવતી ગણાવી અને કહ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉચ્ચ અધિકારીઓ સામે લાચાર જણાઈ આવે તે ઘટના કોઈ નવી નથી, પરંતુ વર્ષોથી ચાલતી આવતી વ્યવસ્થાત્મક નિષ્ફળતાનું પ્રતિબિંબ છે. ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અગાઉ પણ અનેક ધારાસભ્યોએ અધિકારીઓ સાંભળતા નથી તેવી ફરિયાદો કરી છે. સુરત સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓના ધારાસભ્યો આ મુદ્દે ખુલ્લેઆમ રજૂઆતો કરી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે મામલતદાર સ્તરે વાત ન સાંભળવામાં આવે અને સચિવ સ્તર સુધી પણ ફરિયાદો પહોંચી ન શકે, ત્યારે સ્પષ્ટ થાય છે કે સમગ્ર વહીવટી તંત્ર જન પ્રતિનિધિઓની પકડ બહાર જઈ ચૂક્યું છે. ઇટાલીયાએ કટાક્ષ કરતા કહ્યું હતું કે, જો ધારાસભ્યને પોતાની વાત સાંભળાવવા માટે મુખ્ય મંત્રીને પત્ર લખવો પડે, તો મુખ્ય મંત્રી પછી કોને પત્ર લખશે? તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વાસ્તવિકતા એવી છે કે મુખ્ય મંત્રી પોતે પણ આવી જ સ્થિતિમાં છે અને અધિકારીઓ પર તેમનો પણ પૂરતો નિયંત્રણ રહ્યો નથી. આગળ બોલતાં ગોપાલ ઇટાલીયાએ રાજ્ય સરકારને સંપૂર્ણ રીતે ડામાડોળ ગણાવી હતી.

# સાબરમતી રિવરફ્રન્ટ પર વડા પ્રધાન સોમવારે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘‘આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬’’નું ઉદઘાટન કરશે. આ ઉદઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના અને નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહેશે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ માં ૫૦ દેશના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો સહભાગી થશે. આ ઉપરાંત, ગુજરાત સહિત ભારતનાં ૧૪ રાજ્યમાંથી ૯૩૬ થી વધુ પતંગબાજો ભાગ લેશે. આમ, કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગ ઉડાડશે. આ પતંગ મહોત્સવની મુલાકાતે આવતા નાગરિકો માટે ૨૫ હસ્તકલા સ્ટોલ અને ૧૫ ફૂડ સ્ટોલ પણ કાર્યરત રહેશે, જે સ્થાનિક કલા, હસ્તકલા અને સ્થાનિક વ્યંજનોને પ્રોત્સાહન આપશે.

અમદાવાદ ખાતે ૧૨ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ માં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજોની વિવિધ પ્રકારની રંગબેરંગી મોટી પતંગો આકાશમાં લહેરાશે, જે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બનશે. આ ઉપરાંત ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રિ પતંગ ઉડાનનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં, પતંગ મહોત્સવ દરમિયાન અમદાવાદની વારસાગત સ્થાપત્ય પરંપરાને દર્શાવતી હેરિટેજ હવેલી અને પૌરાણિક પોળ, રંગબેરંગી હસ્તકલા બજાર, હેરિટેજ વોક-વે પર રચાયેલું પતંગ મ્યુઝિયમ, આકર્ષક આઈકોનિક ફોટો વોલ ઇન્સ્ટોલેશન્સની સાથે-સાથે સાંજે ૭ વાગ્યાથી આયોજિત વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો નગરજનોને આકર્ષિત કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયિકા કિંજલ દવે પ્રસ્તુતિ કરશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ અમદાવાદ ઉપરાંત ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજકોટ, સુરત અને કચ્છના ધોળાવીરા ખાતે, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ વડનગર, શિવરાજપુર તથા સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે અને ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડોદરા ખાતે યોજાશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવે સમગ્ર ગુજરાતમાં ૩.૮૩ લાખથી વધુ મુલાકાતીઓને આકર્ષ્યા હતા. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દ્વારા ગુજરાત પ્રવાસન નિગમ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રવાસીઓને ગુજરાતની મુલાકાત લેવા માટે આકર્ષિત કરી રહ્યું છે, જેના પરિણામ આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અંદાજિત પાંચ લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવશે તેવો અંદાજ છે.

# સુરત ક્રાઈમ બ્રાંચે ઈરાની ગેંગના કુખ્યાત આરોપી આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે રહેમાન ડકૈતને ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના વિવિધ રાજ્યોમાં લૂંટ, છેતરપિંડી અને હિંસક ગુનાઓ આચરનાર આંતરરાજ્ય ઈરાની ગેંગના મુખ્ય સૂત્રધાર આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે ‘રહેમાન ડકેત’ને સુરત શહેર ક્રાઇમ બ્રાંચે ઝડપી પાડ્યો હતો. ક્રાઇમ બ્રાંચે સુરતમાં ગુનો કરે તે પહેલાં જ ઝડપી લેવામાં આવ્યો હતો.

સુરત પોલીસે પૂર્વ બાતમીના આધારે કુખ્યાત ‘ઇરાની ડેરા’ના માસ્ટરમાઇન્ડ અને આંતરરાજ્ય ગેંગના સરદાર આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે રહેમાન ડકેતને લાલગેટ વિસ્તારમાંથી ગુપ્ત ઓપરેશનમાં ઝડપી પાડ્યો હતો. ૧૪ રાજ્યોમાં ગુનાખોરીના નેટવર્કના સરદાર તરીકે ઓળખાતો રાજુ ઈરાની એ નકલી CBI અધિકારી, સાધુ-બાવાના વેશમાં લૂંટ, જીવતા સળગાવવાના પ્રયાસ અને MCOCA જેવા કડક કાયદા હેઠળના ગુનાઓ સાથે ૨૦ વર્ષથી વધુ સમયથી પોલીસને ચકમા આપી રહ્યો હતો.

આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચના DCP ભાવેશ રોઝીયાએ જણાવ્યું હતું કે, ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, મધ્ય પ્રદેશના ભોપાલનો રહેવાસી આબીદ અલી ઉર્ફે રાજુ ઈરાની, જે ‘ઈરાની ડેરા’ તરીકે ઓળખાતી કુખ્યાત ગેંગનો મુખ્ય સૂત્રધાર છે, તે સુરતમાં આવ્યો છે. આ બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે. તેની ધરપકડ બાદ અનેક રહસ્યો ખૂલવા માંડ્યાં છે. તે ભોપાલમાં ‘રહેમાન ડકેત’ના નામથી પ્રખ્યાત છે. આરોપી છેલ્લાં ૧૩થી ૧૪ વર્ષથી અમન નગર સોસાયટીમાં રહે છે.

તે અલગ-અલગ છ ગેંગનો સૂત્રધાર અને ગેંગ લીડર છે. તે અને તેનો ભાઈ ઝાકીર અલી અત્યંત વૈભવી જીવન જીવે છે અને આર્થિક રીતે ખૂબ સધ્ધર છે. તેઓ મોંઘી લક્ઝરી કાર અને બાઈક રાખવાના શોખીન છે. આ ગેંગના સભ્યો નકલી CBI ઓફિસર બનીને અથવા ધાર્મિક સાધુનો વેશ ધારણ કરીને લોકોને છેતરવાનું અને લૂંટવાનું કામ કરે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ ગેંગની કાર્યપદ્ધતિ મુજબ દરેક ગેંગમાં ત્રણથી ચાર લોકો ગુનાને અંજામ આપે છે અને અન્ય ત્રણથી ચાર લોકો લૂંટનો મુદ્દામાલ સગેવગે કરી દે છે, જેથી જો ગેંગનો કોઈ વ્યક્તિ પકડાય તો પણ પોલીસના હાથે મુદ્દામાલ ન લાગે.

# વડા પ્રધાન મોદી આજે અમદાવાદ મેટ્રોના નવા રૂટ અને પાંચ સ્ટેશનોનું લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ જાન્યુઆરીના રોજ અમદાવાદ મેટ્રોના નવા રૂટ અને ૫ સ્ટેશનોનું લોકાર્પણ કરશે. આ રૂટ દ્વારા રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મેટ્રો કનેક્ટિવિટીનું વિસ્તરણ થશે. આ સાથે જ સચિવાલયથી મહાત્મા મંદિર સુધીનો ૫.૩૬ કિલોમીટરનો નવો કોરિડોર કાર્યરત થશે, જે શહેરના વહીવટી, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિસ્તારોને એક જ ટ્રાન્ઝિટ લાઇનથી જોડી દેશે. આ નવા રૂટ પર અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને મહાત્મા મંદિર એમ કુલ ૫ સ્ટેશનોનો સમાવેશ થાય છે.

અક્ષરધામ સ્ટેશન સચિવાલય બાદ મહાત્મા મંદિર તરફ જતા રૂટ પરનું આ પ્રથમ સ્ટેશન છે. અક્ષરધામ મંદિર નજીક હોવાથી અહીં ભક્તો અને પ્રવાસીઓની ભારે ભીડ રહે છે. આ ઉપરાંત, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર ૧૦ઇ, સેક્ટર ૧૮ અને સેક્ટર ૨૧ ના બજાર તેમજ પુનિત વન જેવાં સ્થળો અહીંથી નજીક છે. ગવર્નર હાઉસ અહીંથી માત્ર ૨ કિમી દૂર છે, જ્યારે સર્કિટ હાઉસ પણ ચાલવાના અંતરે આવેલું છે. જૂના સચિવાલય સ્ટેશન સરકારી કર્મચારીઓ માટે આ સ્ટેશન આશીર્વાદરૂપ સાબિત થશે. જૂના સચિવાલય સંકુલમાં કામ કરતા કર્મચારીઓ હવે સીધા ઓફિસ સુધી મેટ્રોમાં પહોંચી શકશે. આ સ્ટેશન જૂના MLA ક્વાર્ટર્સ અને હેલિપેડ એક્ઝિબિશન સેન્ટરથી પણ નજીક છે, જેથી સરકારી બેઠકો અને પ્રદર્શનો માટે આવતા મુલાકાતીઓને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.

# આજે હિંમતનગર નાગરિક સહકારી બૅંકની ચૂંટણી

અમદાવાદ: હિંમતનગર નાગરિક સહકારી બૅંકની તા.૧૧ જાન્યુઆરીએ ચૂંટણી યોજાશે. ૧૧ જાન્યુઆરીએ મતદાન થશે અને મતદાન બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે. સામાન્ય વિભાગની ૧૦ બેઠક માટે ૨૯, મહિલા વિભાગની બે બેઠક માટે પાંચ અને અનુસૂચિત જાતિ જનજાતિ વિભાગની એક બેઠક માટે આઠ ઉમેદવાર વચ્ચે સીધો મુકાબલો છે. વિકાસ પેનલ અને પરિવર્તન પેનલ સહિત સ્વતંત્ર ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગની શક્યતા છે. હિંમતનગર નાગરિક સહકારી બેંકની આ ચૂંટણીમાં ૩૨,૮૭૬ મતદાર મતદાન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બૅંકમા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી ડિરેક્ટર પદે રહેલા ઉમેદવારો સામે બોર્ડ ઓફ નોમિનિઝમાં દાવો દાખલ કરાયો હતો. બોર્ડ ઑફ નોમિનિઝ દ્વારા બૅંકના ચૂંટણી અધિકારીને બૅન્કિંગ રેગ્યુલશન ઍક્ટ ૧૯૪૯ ની કલમ ૧૦ એ (૨-એ)નો અમલ કરવાનો હુકમ કરાયો હતો. બેંકના છ જેટલા જૂના ડિરેક્ટરની ઉમેદવારી સામે લટકતી તલવાર છે.

ન્યાયાધિશે આ મામલે નાગરિક બૅંકના ચૂંટણી અધિકારીને બૅંકિંગ રેગ્યુલેશન ઍક્ટ ૧૯૪૯ની કલમ ૧૦એ(૨-એ) મુજબ જેના લીધે હિંમતનગરમાં નાગરિક બૅંકની ચૂંટણી કાયદાની ચુંગાલમાં ફસાઈ હોવાની અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

# હનીટ્રેપમાં બિલ્ડરને ફસાવનારી મહિલા અને ગુજરાતી નેતાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના જાણીતા બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવી રૂ. ૧૦ કરોડ જેવી મોટી રકમ માગનારી મહિલા અને હનીટ્રેપના મુખ્ય સૂત્રધારની પોલીસે ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી અશ્વિન ચૌહાણ એનસીપીનો ઉપપ્રમુખ અને એક ન્યૂઝપેપરનો તંત્રી હોવાનું બહાર આવ્યું હતું.

અમદાવાદના જાણીતા બિલ્ડરને હનીટ્રેમાં ફસાવી ૧૦ કરોડ માગનારા ગુજરાતી નેતા અને યુવતીની પોલીસે ધરપકડ કરી હતી. મહિલાએ યુવકને પ્રેમજાળમાં ફસાવ્યો હતો અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. સ્પાય કેમેરાથી બિલ્ડરનો યુવતી સાથે સંબંધ બાંધતો વીડિયો બનાવીને બ્લેકમેઈલ કરીને રૂ. ૧૦ કરોડ માગવામાં આવ્યા હતા.

મહિલાએ ફરિયાદી યુવક સાથેની અંગત પળોનો વીડિયો છૂપી રીતે રેકોર્ડ કરી લીધો હતો. તે પછી આ વીડિયોના ઉપયોગથી બ્લેકમેઇલિંગ કરવાનું શરૂ કર્યું હતું. મહિલાએ આ વીડિયો તેનાં સાથીદાર એવા ગુજરાત એનસીપીના ઉપપ્રમુખ અને એક ન્યૂઝ પેપરના તંત્રીને પણ આપ્યો હતો. આ પછી બંનેએ સાથે મળીને ફરિયાદી યુવકને ધમકાવવાનું શરૂ કર્યું હતું.

યુવતીએ એક ઘરમાં બિલ્ડર સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ આરોપી અશ્વિન ચૌહાણે બિલ્ડરનો સંપર્ક કરી તેને વોટ્સએપમાં વનટાઈમ વ્યૂમાં એક નાનો વીડિયો મોકલ્યો હતો. જેમાં બિલ્ડર યુવતી સાથે અંગત પળો માણી રહ્યો હતો. અશ્વિન ચૌહાણને આ વીડિયો સુનીતા રાજપૂત નામની યુવતીએ આપ્યો હોવાનું પણ પોલીસ તપાસમાં ખૂલ્યું હતું.

લાંબા સમય સુધી અશ્વિને બિલ્ડર સાથે વાતચીત કરી આ વીડિયો સમાચારમાં ન લેવા માટે રૂ. ૧૦ કરોડની માગ કરી હતી. આ વીડિયો બાબતે વાતચીત કરીને થોડા સમય અગાઉ અશ્વિને અંતે રૂ. ૭ કરોડની માગ કરી હતી. જોકે, બિલ્ડરે આ બધાથી કંટાળી પોલીસના ઉચ્ચ અધિકારીનો સંપર્ક કર્યો હતો. જેથી ઉચ્ચ અધિકારીએ સાયબર ક્રાઈમનો સંપર્ક કરાવતા બિલ્ડરે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવતી અને અશ્વિન ચૌહાણની ધરપકડ કરી હતી. જે યુવતીએ બિલ્ડર સાથે સંબંધ બાંધ્યો હતો તે પણ આ કેસમાં સામેલ છે કે કેમ તે દિશામાં આગળની તપાસ ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સુરતના પતંગ મહોત્સવમાં પતંગરસિયાઓએ પતંગબાજીની મજા માણી

અમદાવાદ: સુરત શહેરના અડાજણ રિવરફ્રન્ટ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિ., સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સાંસદ મુકેશ દલાલના અધ્યક્ષસ્થાને ‘આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬’ યોજાયો હતો. આ પતંગ મહોત્સવમાં ૨૧ દેશોના ૪૫ અને ભારતનાં ચાર રાજ્યોના ૨૦ તેમજ ગુજરાતના ૨૯ મળી કુલ ૯૪ પતંગબાજોએ અવનવા પતંગો ચગાવીને આકાશને રંગબેરંગી બનાવ્યું હતું. દેશ-વિદેશના પતંગબાજોએ ભાતીગળ પતંગો વડે કલા-કૌશલ્યથી ભરપૂર પતંગબાજી કરીને સુરતીઓને મોહી લીધા હતા. નિપુણ પતંગબાજોએ ટચૂકડા, વિરાટકાય અને અવનવા રંગો-આકૃતિઓના પતંગો ઉડાડીને પ્રેક્ષક સમુદાયને રોમાંચિત કર્યો હતો. સાંસદ મુકેશ દલાલે સુરતવાસીઓને મકરસંક્રાંતિની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, ભારતમાં ઉત્તરાયણના તહેવારનું વિશેષ ધાર્મિક તથા સાંસ્કૃતિક મહત્ત્વ છે. પતંગ ટીમ વર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ બની આપણને એકતાનું મહત્ત્વ સમજાવે છે. જેમ પતંગને ઊંચે ઉડવા માટે પવનની યોગ્ય દિશાની જરૂર પડે છે, તેમ જીવનમાં સાચા માર્ગે આગળ વધવાથી પ્રગતિ નિશ્ચિત બને છે. વર્ષ ૧૯૯૮ થી સુરત સહિત સમગ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે ખાદ્ય, ફૂલ ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રમાં રોજગારીની નવી તકો સર્જાઈ છે.

# ‘હિજાબ પહેરનાર દીકરી એક દિવસ દેશની પીએમ બનશે’

## ઓવૈસીના વિધાનથી વિવાદ : ભાજપે કહ્યું કે આ તો અર્ધસત્ય, મુસ્લિમ મહિલા હિજાબ પહેરવા જ નથી માગતી

મુંબઇઃ એક દિવસ હિજાબ પહેરનાર દીકરી ભારતના વડા પ્રધાન બનશે. કારણ કે દેશનું બંધારણ તમામ સમુદાયના લોકોને સમાન દરજ્જો આપે છે. જ્યારે પાકિસ્તાનમાં આવું નથી, જ્યાં ટોચના બંધારણીય પદો એક જ સમુદાય માટે અનામત છે આવું વિવાદાસ્પદ નિવેદન એઆઇએમઆઇએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ કર્યું છે.

ઓવૈસીના આ નિવેદન અંગે શાસક ભાજપે આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમજ કહ્યું હતું કે હૈદરાબાદના સાંસદ તેમના ‘બેજવાબદાર’ નિવેદન દ્વારા અર્ધસત્ય રજૂ કરી રહ્યા છે કારણ કે મુસ્લિમ મહિલાઓ હિજાબ પહેરવા માંગતી નથી.

આગામી ૧૫મીએ યોજાનારી મ્યુનિસિપલ ચૂંટણી પહેલા શુક્રવારે મહારાષ્ટ્રના સોલાપુરમાં એક જાહેર રેલીને સંબોધતા ઓવૈસીએ જણાવ્યું કે ભારતનું બંધારણ તમામ સમુદાયના લોકોને સમાન દરજ્જો આપે છે. પાકિસ્તાનના બંધારણની જેમ નથી કે જે દેશના ટોચના બંધારણીય પદોને એક જ સમુદાયના લોકો સુધી મર્યાદિત રાખે છે.

ઓવૈસીએ વધુમાં જણાવ્યું કે તેઓ કદાચ તે જોવા માટે જીવિત નહીં હોય, પરંતુ ભવિષ્યમાં એ દિવસ આવશે જ્યારે હિજાબ પહેરનાર મહિલા ભારતના વડા પ્રધાન બનશે. આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભાજપ સાંસદ અનિલ બોંડેએ કહ્યું કે ઓવૈસી બેજવાબદાર નિવેદનો આપી રહ્યા છે. તેમજ તેમણે તેમના પર અર્ધસત્ય રજૂ કરવાનો આરોપ લગાવ્યો હતો.

બોંડેએ કહ્યું કે ઇરાનમાં મહિલાઓ હિજાબનો વિરોધ કરી રહી છે. તેમણે દાવો કર્યો કે મુસ્લિમ મહિલાઓ હિજાબ ઇચ્છતી નથી કારણ કે કોઇ પણ ગુલામી ઇચ્છતું નથી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ભારતમાં વસ્તી વિષયક અસંતુલન ઉભરી રહ્યું છે. તેમજ હિન્દુ એકતાનું આહ્વાન કર્યું હતું.

# ફડણવીસ માટે માતોશ્રીના દરવાજા હંમેશાં ખુલ્લા, પણ...

## ફડણવીસના નિવેદન પર ઉદ્ધવે આપી પ્રતિક્રિયા

મુંબઈઃ રાજકારણ અને ચૂંટણીની વાત આવે ત્યારે આરોપ-પ્રત્યારોપ થાય છે. મહારાષ્ટ્રમાં હાલમાં પાલિકા ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં બધા નેતાઓના ઇન્ટરવ્યુ, સભા અને સંવાદોની મોસમ ખીલી છે. શાસક પક્ષ અને વિપક્ષ એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરતા પણ જોવા મળે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ ઘણી સભા અને ઇન્ટરવ્યુ કરી રહ્યા છે એવા વાતાવરણમાં એક ઇન્ટરવ્યુ દરમિયાન તેમણે કહ્યું હતું કે ચૂંટણી પછી જો રાજ ઠાકરે મને ચા પીવા માટે આમંત્રણ આપશે તો હું જઈશ અથવા તેઓ મારા ઘરે આવશે. જોકે, તેમને ઉદ્ધવ ઠાકરે વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૭ માં મારા માટે માતોશ્રીના દરવાજા બંધ કરી દીધા હતા.

જોકે, આ વાતને રદિયો આપી ઉદ્ધવ ઠાકરેએ એજણાવ્યું હતું કે એ વાત સાચી નથી. અમે ફડણવીસ માટે ક્યારેય દરવાજા બંધ નથી કર્યા. હું માનવતા ભૂલી જનાર વ્યક્તિ નથી. પણ તમે માતોશ્રીને બદનામ કરી આરોપ મૂકી રહ્યા છો.જો તમે તમારું મોં બંધ કરશો તો માતોશ્રીના દરવાજા ખુલશે. તેઓ બકવાસ કરવાનું બંધ કરે એ જ આશય સાથે હું દરવાજા ઉઘડશે એમ કહી રહ્યો છું.

ઉદ્ધવ ઠાકરેએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે અમારા પરિવારને બદનામ કરવાનું બંધ કરો. મેં ક્યારેય પરિવારની બદનામી નથી કરી. જાણકારી હોવા છતાં નથી કરી. અમારે શું કામ તેમના દુશ્મન બનવું જોઈએ? આપણે મિત્રો હતા જ ને. સાચો મિત્ર એ કહેવાય જે ખોટું છે એને ખોટું જ કહે. ખોટું કે ખરાબ થઈ રહ્યું હોય ત્યારે વાહ વાહ કરનારો મિત્ર ન હોઉં, હિતશત્રુ હોય. આ લોકો હિન્દુત્વને બદનામ કરે છે. મહારાષ્ટ્રને બદનામ કરે છે, મહારાષ્ટ્રની સંસ્કૃતિને બદનામ કરે છે. મુંબઈને અદાણીને વેચશો નહીં. મુંબઈની ઓળખ જાળવી રાખો. માતોશ્રીના દરવાજા ખુલશે. હું તમને રાત્રિભોજન માટે આમંત્રણ આપીશ.

વ્યથા કથા આગળ વધારી ઉદ્ધવએ એમ પણ જણાવ્યું હતું કે મેં કશું નહોતું માગ્યું.. શિવસેના માટે મુખ્ય પ્રધાન પદ માગ્યું હતું. કારણ કે મેં બાળાસાહેબને વચન આપ્યું હતું. તમે દગો કરી એ મેળવી લીધું. તમે મેળવ્યું શું? સામે ખાડો છે એવું સ્પષ્ટપણે કહેનારો મિત્ર ગુમાવ્યો. હવે હું ખાડાવાળા રસ્તા પરથી પસાર થઈ રહ્યો છું. માતોશ્રીની બદનામી બંધ થવી જોઈએ. લોકો હજુ પણ માતોશ્રીમાં મળે છે.

# ‘ઓડિયો ક્લિપ મને બદનામ કરવાનો પ્રયાસ’: થાણેનાં ભૂતપૂર્વ મેયરે નોંધાવી પોલીસ ફરિયાદ

થાણેઃ ઓડિયો ક્લિપમાં એક સમુદાય વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ રાજકીય પ્રતિસ્પર્ધીઓ દ્વારા કરવામાં આવતા શિવસેનાના વરિષ્ઠ નેતા મીનાક્ષી શિંદેએ શનિવારે તેમના રાજકીય હરીફો પર નિશાન સાધી પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીનાં ઉમેદવાર અને ભૂતપૂર્વ મેયર શિંદેએ દાવો કર્યો હતો કે તેમના નામની ઓડિયો ક્લિપ મોર્ફિંગ અથવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનિકનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી હોઈ શકે છે. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ‘મેં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.’ કૃષિ સમુદાયના સભ્યો પર કથિત રીતે અપમાનજનક ટિપ્પણી ધરાવતી ઓડિયો ક્લિપ વાયરલ થયા બાદ વિવાદ શરૂ થયો હતો. સ્થાનિક રાજકીય નેતાઓ અને સમુદાયના કાર્યકરોએ આ ટિપ્પણી માટે શિંદેને જવાબદાર ઠેરવી કાર્યવાહીની માગ કરી હતી. (પીટીઆઈ)

# એકથી ત્રણ હજારમાં આઇફોન

## મોબાઇલ ચોરીના સૌથી મોટા રૅકેટનો પર્દાફાશ

મુંબઈઃ મુંબઈમાં લોકલ ટ્રેન, બસ, બજાર અને ભીડભાડવાળી જગ્યાએથી લગભગ દરરોજ મોબાઇલ ચોરાતા હોય છે. ચોરી પછી આ મોબાઈલ ખરેખર ક્યાં જાય છે, કોણ તેનો ઉપયોગ કરે છે અને આ આખી સિસ્ટમ કેવી રીતે ચાલે છે, તેનો ચોંકાવનારો ખુલાસો મુંબઈ પોલીસની કાર્યવાહીમાં સામે આવ્યો છે. પોલીસે સીઇઆઇઆર પોર્ટલની મદદથી આ ચોરી પાછળનું આખું નેટવર્ક પકડી પાડ્યું છે.

મુંબઈ પોલીસે છેલ્લા કેટલાક મહિનામાં હજારો ચોરાયેલા મોબાઈલ શોધી કાઢવામાં મોટી સફળતા મેળવી છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગના સીઇઆઇઆર (સેન્ટ્રલ ઇક્વિપમેન્ટ આઇડેન્ટિટી રજિસ્ટર) પોર્ટલે ખુલાસો કર્યો કે મુંબઈમાં ખોવાયેલા મોબાઈલનો ઉપયોગ ઉત્તર ભારતના વિવિધ ગામડાઓમાં થઈ રહ્યો હતો, જેમાં ઉત્તર પ્રદેશ અને ઝારખંડનો સમાવેશ થાય છે.

મુંબઈ પોલીસે છેલ્લા ત્રણ મહિનામાં ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલની ફરિયાદો પોર્ટલ પર નોંધી હતી.

થોડા દિવસો પહેલા અચાનક ૨૫,૦૦૦ થી વધુ મોબાઈલ ફરી શરૂ થયા હોવાના એલર્ટ મળ્યા હતા. આ એલર્ટની સાથે જ નવા સિમકાર્ડ ધારકોના નામ, સરનામું અને મોબાઈલ નંબરની માહિતી ઉપલબ્ધ થતાં જ ચોરી થયેલા મોબાઈલનું લોકેશન પોલીસને મળ્યું હતું. ત્યારબાદ પોલીસ કમિશનર દેવેન ભારતીના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસે તપાસ શરૂ કરી અને વિશેષ ટીમોએ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જેવા વિસ્તારોમાં જઈને કાર્યવાહી શરૂ કરી. તપાસ દરમિયાન એક ચોંકાવનારી હકીકત પ્રકાશમાં આવી. આઇફોન સહિત મોંઘા એન્ડ્રોઇડ ફોન ફક્ત ૧,૦૦૦ થી ૩,૦૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા હતા. ઘણા ગ્રામીણ મજૂરોએ સસ્તા ભાવની લાલચે આ ફોન ખરીદ્યા હતા. અત્યાર સુધીમાં ૫,૦૦૦ થી વધુ મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે અને પોલીસે આ સંખ્યા વધુ વધવાની શક્યતા વ્યક્ત કરી છે.

# મીરા રોડથી અંધેરી સુધી સીધો પ્રવાસઃ મેટ્રો બદલવા સ્ટેશનની બહાર જવું નહીં પડે

મુંબઈઃ મુંબઈમાં મેટ્રોનું નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે અને મુસાફરો માટે મુસાફરી સરળ બની રહી છે. પહેલા એક મેટ્રો લાઇનથી બીજી મેટ્રો લાઇનમાં જવા માટે મુસાફરોને સ્ટેશનની બહાર જવું પડતું હતું અને થોડું અંતર ચાલીને જવું પડતું હતું, પરંતુ હવે આ મુશ્કેલીનો અંત આવવા જઈ રહ્યો છે. મુંબઈમાં પહેલીવાર પેઇડ એરિયા ઇન્ટરચેન્જ શરૂ કરવામાં આવ્યું છે, જેનાથી એક જ સ્ટેશનથી પરથી લાઇન બદલવાનું શક્ય બનશે.

આ સુવિધા દહિસર પૂર્વ મેટ્રો સ્ટેશન પર શરૂ કરવામાં આવી છે. એમએમઆરડીએ દ્વારા આ સુવિધા વિકસાવવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૪માં કમિશનિંગ થયા પછી સુરક્ષા પરીક્ષણો પૂર્ણ થયા હતા અને હવે ફેઝ-૧ સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત છે. આના કારણે મુસાફરો માટે મેટ્રો પરિસરમાં રહીને જ એક લાઇન પરથી બીજી લાઇન પર જવાનું શક્ય બન્યું છે.

દહિસર પૂર્વ ઇન્ટરચેન્જને કારણે મેટ્રો લાઇન-૭, લાઇન ટુએ અને લાઇન-૯, ફેઝ-૧ એકબીજા સાથે જોડાયા છે. તેના લીધે દહિસરથી અંધેરી તેમજ મીરા-ભાયંદરથી મુંબઈ શહેરના મધ્ય વિસ્તારો સુધીનો પ્રવાસ વધુ સરળ બનશે. ખાસ એ કે હવે મેટ્રો લાઇન-૧ થી લાઇન-૭ વચ્ચે પણ સીધી કનેક્ટિવિટી મળશે.

મેટ્રો લાઇન-૯ નો પ્રથમ તબક્કો ૪.૫ કિમી લાંબો છે અને તેમાં ચાર સ્ટેશનો સામેલ છે - દહિસર પૂર્વ, પાંડુરંગ વાડી, મીરાગાંવ અને કાશીગાંવ. મીરા-ભાયંદરના મુસાફરો હવે કાશીગાંવથી અંધેરી પૂર્વ સુધી સીધા મુસાફરી કરી શકશે, જેનાથી મુસાફરીનો સમય ૯૦ મિનિટથી ઘટીને ૫૦ મિનિટ થશે. આનાથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને દહિસર ટોલ પ્લાઝા પર ટ્રાફિકની ભીડ પણ ઓછી થશે.

# ફડણવીસને ફસાવવાના ‘ષડ્યંત્ર’ બદલ ભૂતપૂર્વ આઈપીએસ સંજય પાંડે સામે એફઆઈઆર નોંધવાની ભલામણ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) રશ્મિ શુક્લાએ ૨૦૧૬માં દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેને ખોટા કેસમાં ફસાવવાના કથિત કાવતરા બદલ ભૂતપૂર્વ ટોચના પોલીસ અધિકારી સંજય પાંડે અને બે અન્ય લોકો સામે એફઆઈઆર નોંધવાની ભલામણ કરી હતી, એવો દાવો સૂત્રોએ શનિવારે કર્યો હતો.

અહેવાલો પર પ્રતિક્રિયા આપતા, ભાજપના નેતાઓએ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી સરકાર દરમિયાન પોલીસ ડિરેક્ટર જનરલ રહેલા પાંડે કોના ઇશારે કથિત રીતે કાર્યવાહી કરી રહ્યા હતા તે શોધવા માટે સંપૂર્ણ તપાસની માગણી કરી હતી.

ત્રીજી જાન્યુઆરીએ નિવૃત્ત થતાં પહેલાં, શુક્લાએ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના આધારે ગૃહ વિભાગને આ સંદર્ભમાં એક અહેવાલ સુપરત કર્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

અહેવાલમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે તત્કાલીન ડીજીપી સંજય પાંડે, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ લક્ષ્મીકાંત પાટિલ અને આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ સરદાર પાટિલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ (જે તે સમયે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા હતા) તેમજ વર્તમાન ડેપ્યુટી સીએમ શિંદે (તે સમયે પ્રધાન હતા)ને ફસાવવાના કાવતરામાં સામેલ હતા, સૂત્રોએ આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૬માં થાણે નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખંડણીના કેસની ફરીથી તપાસ કરીને શુક્લાએ આ ત્રણ અધિકારીઓ સામે એફઆઈઆર નોંધવાની ભલામણ કરી હતી, એમ સૂત્રોએ ઉમેર્યું હતું.

શ્યામસુંદર અગ્રવાલ અને તેમના ભૂતપૂર્વ બિઝનેસ પાર્ટનર, રિયલ એસ્ટેટ ડેવલપર સંજય પુનમિયા વચ્ચેના વિવાદ બાદ ૨૦૧૬માં થાણે નગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ૨૦૧૭માં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકાર સત્તામાં હતી ત્યારે રાજ્ય પોલીસ દળના વડા રહેલા પાંડેએ કેસની ફરીથી તપાસનો આદેશ આપ્યો હતો, એવો આરોપ છે.

પુનમિયાએ બાદમાં તે જ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ૨૦૧૬ના કેસનો ઉપયોગ ૨૦૨૧થી જૂન ૨૦૨૪ દરમિયાન ફરીથી તપાસના બહાના તરીકે તેમને હેરાન કરવા અને તેમની પાસેથી પૈસા પડાવવા માટે કરવામાં આવ્યો હતો. તેમની ફરિયાદના આધારે, ૨૦૨૪માં પાંડે અને અન્ય સાત લોકો સામે ખંડણીનો કેસ નોંધવામાં આવ્યો હતો.

ભાજપના નેતા અને વિધાનસભાના સભ્ય પ્રવીણ દરેકરે મહારાષ્ટ્ર વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને દાવો કર્યો હતો કે આ ફડણવીસ અને શિંદેને ફસાવવાનું કાવતરું હતું.

પોલીસ સૂત્રોએ દાવો કર્યો હતો કે ૨૦૨૪ ના ખંડણી કેસમાં પોતાના નિવેદનમાં સરદાર પાટીલે કાવતરું સ્વીકાર્યું હતું.

# બંને એનસીપીનો સમાન ચૂંટણી ઢંઢેરો રીયુનિયન અને સુપ્રિયા સુળેને પ્રધાનપદ તરફ આંગળી ચીંધે છેઃ કૉંગ્રેસ

મુંબઈઃ કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવાર શનિવારે જણાવ્યું હતું કે એનસીપી અને એનસીપી (એસપી)ના સંયુક્ત ઢંઢેરાનો અર્થ એ છે કે બંને જૂથ ભળી જશે અને કેન્દ્ર સરકારમાં એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેના સંભવિત સમાવેશ અંગેની અટકળોનો ઉલ્લેખ કર્યો હતો. બંને એનસીપીનું રીયુનિયન વૈચારિક ધોરણે કે પક્ષના કાર્યકર્તાઓની કાળજી માટે નહીં, પણ સત્તાની લાલસાથી પ્રેરિત હોવાનું લાગે છે એવો આરોપ તેમણે કર્યો હતો.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને એનસીપી (શરદચંદ્ર પવાર) ના કાર્યકારી પ્રમુખ સુળે દ્વારા પુણે મહાનગરપાલિકાની ચૂંટણી માટે સંયુક્ત મેનિફેસ્ટો બહાર પાડવા અંગે વડેટ્ટીવાર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. આ મેનિફેસ્ટો જુલાઈ ૨૦૨૩માં એનસીપીમાં પડેલા ભંગાણ પછી બંને જૂથો વચ્ચે વધતી નિકટતાનો સંકેત આપે છે.

એનસીપી અને એનસીપી (એસપી) એકબીજામાં ભળી જવા અંગેની અટકળોનો જવાબ આપતા કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાએ કહ્યું કે આ પગલું વિચારધારા કે કાર્યકરો માટે હતું કે માત્ર સત્તા માટે એ મુદ્દો મહત્ત્વનો છે. ઉલ્લેખનીય છે કે પુણે અને પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે એનસીપી અને એનસીપી (શરદચંદ્ર પવાર)એ ગઠબંધન કર્યું છે.

વડેટ્ટીવારનું માનવું છે કે મહારાષ્ટ્ર પ્રધાન મંડળ અને કેન્દ્ર સરકારમાં અનુક્રમે એએનસીપી (એસપી) ના નેતા રોહિત પવાર અને બારામતીના સંસદ સભ્ય સુપ્રિયા સુળેના સંભવિત સમાવેશની વ્યાપક ચર્ચા થઈ રહી છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારનો ઉપયોગ અનુક્રમે મરાઠી મતો અને પ્રગતિશીલ મતદારોને વિભાજીત કરવા માટે કરવામાં આવી રહ્યો હોવાની દાવો કરી વડેટ્ટીવારે ઉમેર્યું હતું કે આનો હેતુ ઠાકરે જૂથ અને કોંગ્રેસને નબળા પાડવાનો છે. ચૂંટણી દરમિયાન ગઠબંધન કામચલાઉ હોય છે, પરંતુ સત્તાની વહેંચણી પછીથી થાય છે. (પીટીઆઈ)

# આક્રમણો, ગુલામીના ઈતિહાસનો બદલો લેવા દેશને મજબૂત બનાવવો પડશે : ડોભાલ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલે શનિવારે કહ્યું કે ભારતે ફક્ત સરહદો પર જ નહીં, પરંતુ આર્થિક સહિત અન્ય દરેક રીતે પોતાને મજબૂત બનાવવું પડશે, જેથી આક્રમણો અને ગુલામીના પીડાદાયક ઇતિહાસનો બદલો લઈ શકાય. વિકસીત ભારત યંગ લીડર્સ ડાયલોગના ઉદઘાટન સમારોહમાં માનદ મહેમાન તરીકે બોલતા, ડોભાલે મહાત્મા ગાંધી, સુભાષ ચંદ્ર બોઝ અને ભગત સિંહ જેવા સ્વાતંત્ર્યસેનાનીઓના સંઘર્ષ અને બલિદાનનો ઉલ્લેખ કરીને પોતાની વાત રજૂ કરી હતી.

ડોભાલે પોતાનું ભાષણ એમ કહીને શરૂ કર્યું કે યુવા બાબતો અને રમતગમત પ્રધાન મનસુખ માંડવિયા દ્વારા યુવાનોના મેળાવડાને સંબોધવા માટે આમંત્રણથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

તમારામાંથી મોટાભાગના મારાથી ઓછામાં ઓછા ૬૦ વર્ષ નાના છો અને હું વિચારી રહ્યો હતો કે હું તમારી સાથે શું ચર્ચા કરી શકું. મારી યુવાની ઘણી લાંબી જતી રહી છે, મને ખબર પણ નથી કે તમારી યુવાની શું છે, એમ તેમણે મજાકમાં કહ્યું હતું.

૮૧ વર્ષીય ભૂતપૂર્વ ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટરે દેશભરના ૩૦૦૦ યુવા પ્રતિનિધિના મેળાવડામાં કહ્યું કે ‘‘તમે ભાગ્યશાળી છો કે તમે સ્વતંત્ર ભારતમાં જન્મ્યા હતા. હું વસાહતી ભારતમાં જન્મ્યો હતો. આપણા પૂર્વજો સ્વતંત્રતા માટે લડ્યા હતા અને ઘણી બધી કસોટીઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થયા હતા.’’ બદલો એ સારો શબ્દ નથી, પરંતુ તે એક વિશાળ શક્તિ બની શકે છે. આપણે આપણા ઇતિહાસનો બદલો લેવો પડશે અને આ દેશને તે બિંદુએ લઈ જવું પડશે જ્યાં તે ફક્ત સરહદ સુરક્ષાની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ અર્થતંત્ર, સામાજિક વિકાસ, દરેક પાસામાં મહાન બને, એમ તેમણે કહ્યું.

કાર્યક્રમમાં હાજર રહેલા લોકોને ભવિષ્યના નેતા ગણાવતા, ડોભાલે મજબૂત નેતૃત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દર્શાવ્યું છે. એમણે કહ્યું કે યુવાનોએ ટેકનોલોજી અને વિજ્ઞાનમાં નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પ્રદર્શન કરતાં કોઈ સંદેશ વધુ શક્તિશાળી નથી. નવીનતા લાવો અને શાંતિથી પ્રાપ્ત કરો. પ્રચાર સંદેશ પહોંચાડી શકતો નથી, ફક્ત તમે જે કરો છો તે જ તેને પહોંચાડે છે. યાદ રાખો કે બધા હિંમતવાન લોકો ધીરજવાન હોય છે, બધા કાયર અધીરા અને ઘોંઘાટીયા હોય છે.

## હિન્દુ મરણ

દિલ્હી નીવાસી ચિતરંજનભાઇ લક્ષ્મીદાસ કકકડના ધર્મપત્ની સ્વ.આશાબેન (ઉં.વ. ૬૮) તે વિશાલ, જેની, ભવ્યાના મમ્મી. વિધિના સાસુ. રાજકોટ નિવાસી સ્વ. પ્રેમીલાબેન તથા સ્વ.જયંતીલાલ રાયસીભાઇ ચંદારાણાના સુપુત્રી. હંસાબેન કિશોરભાઇ વડેરા (વડોદરા), વિજયભાઇ જયંતીભાઇ ચંદારાણા, રૂપાબેન રાજેશભાઇ અનડકટ, ભાવનાબેન નિમેષભાઇ રૂઘાણી (રાજકોટ)ના મોટાબેન. કવિતાબેનના નણંદ. નવી દિલ્હી મુકામે તા. ૮-૧-૨૬ના અવસાન પામેલ છે. જેમની પિયરપક્ષની સાદડી તા. ૧૨-૦૧-૨૬, સોમવારના ૪ થી ૫. પંચનાથ મંદિર, લીમડા ચોક, રાજકોટ.

**કચ્છી ભાટીયા**

કપીલ ચંદ્રસેન આશર (ઉં. વ. ૪૭) તે જીજ્ઞાના પતિ તા. ૯-૧-૨૬ શુક્રવારના દેવલોક પામ્યા છે. તે વિરમતી વિઠ્ઠલદાસ (અલ્પઇવાળા)ના પૌત્ર. સ્વ. અંજુ ચંદ્રસેનના પુત્ર. નિમીષના મોટાભાઇ. મેધા નિમીષના જેઠજી. સ્વ. કલ્પના કિશોર ભાટીયાના જમાઇ. ચી. જયકિશન, ચિન્ટુ, અ. સૌ. નીતુ સતીષ આશર તથા હેતલ બ્રીજેશ બાબલાના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૨-૧-૨૬ના ૫થી ૬. ઠે. હોલ નં.૨, ઠક્કાઇ ભાટિયા સેવાફંડ, ઓપ. નમહ હોસ્પિટલ, શંકર લેન, એસ. વી. રોડ, કાંદિવલી, (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

સૌ. જયશ્રી જયેશ વેદ (ઉં. વ. ૬૦) તા. ૭-૧-૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. ગં. સ્વ. શાંતા વસંત સંપટના પુત્રી. ગં. સ્વ. તારામતી રણજીત વૈદના પુત્રવધૂ. સ્વ. હેમાંશુ અને અ. સૌ. દિશા નીખીલ ઘીવાલાના મમી. દક્ષા જિતેન્દ્ર કાપડિયા, વર્ષા મુધપ આશર અને બીના હેમંત મર્ચન્ટના ભાભી. ચિરંજીવ રેવાના નાની. ઉઠમણું અને લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજકોટ કાલાવડ હાલ મુંબઇ ગં. સ્વ. સરલાબેન જયોતિન્દ્રભાઇ ડોડિયા (ઉં. વ. ૬૯) તા. ૮-૧-૨૬ના રામચરણ પામેલ છે. તે સ્વ. જયોતિન્દ્રભાઇ (બટુકભાઇ)ના પત્ની. મિનળ અનિલ કવા, ભાવિક તથા ધવલના માતુશ્રી. ડેનીશા તથા સ્વ. દિવ્યાના સાસુ. તારક, પ્રિયેશના દાદી. નેહા, હેત્વી તથા હિમાંકના નાની. સ્વ. ખીમજીભાઇ આંબાભાઇ મકવાણા પાંચ તલાવડાવાળાની દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૨-૧-૨૬ સોમવારે ૫થી ૭. ઠે. માધવબાગ હોલ, ગ્રાઉન્ડ ફલોર, લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ, સી. પી. ટેન્ક, મુંબઇ-૪.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. રાઘવજી શિવજી ડોડેચાના ધર્મપત્ની ગં. સ્વ. નર્મદાબેન ડોડેચા (ઉં.વ.૮૬) કચ્છ ગામ નારાયણ સરોવર હાલ મુલુંડ તા. ૭-૧-૨૬ બુધવારના રામશરણ પામેલ છે. તે બચુભાઇ વિસનજી રૂપારેલના પુત્રી. સ્વ. મુળજી રૂપારેલ તથા પુષ્પાબેન તન્નાના બેન. તે દમયંતીબેન હરીશભાઇ ડોડેચાના ભાભી. તે સ્વ. અજય રાઘવજી ડોડેચા, અમર રાઘવજી ડોડેચા, નંદા અશોક મૂળાની, રક્ષા અશ્વિન દાવડા, જયશ્રી યોગેશ ગોસ્વામી, અર્ચના વિનોદ તન્નાના માતુશ્રી. તે જય, હર્ષા, જીજ્ઞા, હિરેનના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

સાયરા નિવાસી મુલુંડ પ્રવીણભાઇ ભોગીલાલ પંડયા (ઉં. વ. ૭૫) શુક્રવાર તા. ૯-૧-૨૬ના મુલુંડ મુકામે અક્ષરનિવાસી થયા છે. તે કુસુમબેનના પતિ. હિમાંશુ અને રશ્મિનના પિતા. ભૂપેન્દ્રભાઇ અને મંજુલાબેનના ભાઇ. નીતુબેન અને શીતલબેનના સસરા. વેદાંત અને હનીશ્કાના દાદા. સરડોઇ નિવાસી સ્વ. ડાહીબેન બાબુલાલ પંડયાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૧-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ધ પેલેસ બેન્કવેટ્સ, ૧લે માળે, એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ).

**શ્રીમાળી બ્રાહ્મણ**

ભરતભાઇ ઓઝા (ઉં. વ. ૮૭) હાલ ઘાટકોપર તે સ્વ. કુમુદબેન તથા સ્વ. રસીકલાલ નારણદાસ ઓઝાના સુપુત્ર. તે રમીલાબેનના પતિ. નમીતા તથા અ. સૌ. પૂર્વી નરેશ હીરાણીના પિતાશ્રી. રીયાના નાનાજી. સ્વ. રતીલાલ મોહનલાલ ત્રિવેદીના જમાઇ શુક્રવાર, તા. ૯-૧-૨૬ના દિને અક્ષરધામ સિધાવ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૨-૧-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોષી લેન, રામજી આસર સ્કૂલ સામે, મ. ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ).

**નવગામ ભાટિયા**

ગં. સ્વ. પૂર્ણિમા રશ્મિન આશર (ઉં. વ. ૭૨) તે સ્વ. રશ્મિન જયંતીલાલ આશરના પત્ની. જેસલ અભિષેક બૌમિકના માતુશ્રી. હેમંત ત્રિભુવનદાસ છીછીયાના બહેન ગુરુવાર, તા. ૮-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૨-૧-૨૬ના ૫થી ૭. ઠે. શંખ હોલ, ૨જે માળે, હરે કૃષ્ણ મંદિર, જુહુ ખાતે.

**વિસા સોરઠિયા વણિક**

ગણોદવાળા હાલ વિલેપાર્લે, ઈન્દુમતી (ઉં. વ. ૮૦) તે સ્વ. મનસુખલાલ માણેકચંદ શાહના ધર્મપત્ની, સ્વ. વિરચંદ ખીમજી શાહના સુપુત્રી. રશ્મિ કૌશિક શાહ, ભક્તિ જયેશ ભટ્ટ, નેહા સુકેતુ શાહના માતુશ્રી. અંકિત- એકતા, સૌમિલ-વિધિ, નીરવ - હિનાંશી, હિરલ, રોહન - કૃપાના નાની, આરિવ, અવિકા, વેદ, શિવાય , શિવિકાના પરનાની. તા. ૮/૧/૨૬ને ગુરૂવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

મૂળગામ સરદારગઢ હાલ કાંદિવલી, સ્વ. ત્રિભુવનદાસ ભીમજીભાઈ રૂપારેલાના પુત્ર જગદીશભાઈ (ઉં. વ. ૭૨) ૯/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રીટાબેનના પતિ. તારાબેન મંગલદાસ કાપડિયાના જમાઈ. સમીર તથા તેજસના પિતા. કેવિન તથા રુદ્રના દાદા. તેમની પ્રાર્થનાસભા ૧૧/૧/૨૬ના ૧૦ થી ૧૧. મહિલા આધારિકા ભવન, પાવનધામ પાસે, મહાવીરનગર કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ વંથલી હાલ વિરાર, સ્વ. વનીતાબેન મથુરભાઈ વાઘેલાના પુત્ર ગીરીશભાઈ વાઘેલા (ઉં. વ. ૬૬) તે ભાવનાબેનના પતિ. સુરેશભાઈના નાનાભાઈ. સ્વ. જેકીનના પિતા. ૮/૧/૨૬ના રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ લખપત હાલ ભાંડુપ, સ્વ. રાધાબેન લીલાધર રેલનના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૨) ૯/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વસુબેનના પતિ. કરાચીવાળા અ.ની સરસ્વતીબેન રણછોડદાસ પોપટના જમાઈ. કવિતા પિયુષ, અમી સમીરના સસરા. સ્વ. સુરેશભાઈ, સ્વ. હરગૌરીબેન નંદીરામ રાયકુંડલીયા, સ્વ. તારાબેન ધરમશી ગણાત્રાના નાનાભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીના વતની અને મીરા રોડ, ભાવના (ઉં. વ. ૬૦) શુક્રવાર, ૯ જાન્યુ. ૨૦૨૬ના સ્વર્ગસ્થ થયા. તે મિલન સંઘવી (પુત્ર સ્વ. જયંતીલાલ છગનલાલ સંઘવી) ના પત્ની. સ્વ. જયંતીલાલ મનીલાલ મહેતાની પુત્રી. જયની માતા, પ્રિયાના સાસુ, સિયાના દાદી. સ્વ. કીર્તિબેન, સરપુબેન, સ્વ. કેતનભાઈ, સ્વ. અતુલભાઈના ભાભી. રવિવાર ૧૧ જાન્યુ. સાંજે ૫ થી ૭. સ્થળઃ શ્રી લોહાણા મહાજન વાડી, ૩જો માળ, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

ગામ પોરબંદર, હાલ ભાયખલા, હર્ષાબેન (ઉં. વ. ૬૭), સ્વ. દુલેરાય પંડ્યા અને સ્વ. શારદાબેન દુલેરાય પંડ્યાની સુપુત્રી. સ્વ. મહેન્દ્ર દુલેરાય, કિરીટ દુલેરાયના બહેન. છાયાબેન કિરીટના નણંદ. હર્ષ કિરીટ, બિજલ હર્ષ, શૈલ કિરીટ, અદિતી શૈલ, આર્યા હર્ષ પંડ્યા, રાજવીર હર્ષના ફઈ, શનિવાર, તા. ૧૦ જાન્યુ. ૨૬ના કૈલાસવાસી થયા છે. રહેઠાણ. ૧૨૦૧-એ, શત્રુજંય દર્શન કો.હા.સો.લી. શેઠ મોતીશા એક્સ લેન, ભાયખલા, લોકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ દહીંસર સ્વ. કિશોરભાઇ મોહનલાલ મહેતાના પત્ની ગં.સ્વ. ક્રિષ્ણાબહેન (ઉં. વ. ૭૧) તા. ૯-૧-૨૬ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે જીજ્ઞા, સ્વ. સચીન અને જલ્પાના માતા. કિરણ તથા નિહાલના સાસુ. અ. સૌ. ઇશિતા તથા માહીના નાની. સુરેશભાઇ, દિલીપભાઇ, સ્વ. જયોત્સનાબેન, હર્ષાબેનના ભાભી. સ્વ. નિરંજનાબેન તથા શીલાબેનના દેરાણી. તે પડધરી નિવાસી સ્વ. પ્રાણલાલ વાઘજી દેસાઇના પુત્રી. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

સાવરકુંડવા નિવાસી સ્વ. પ્રભાબેન ધીરજલાલ મહેતાની સુપુત્રી સ્મિતાબેન જિતેન્દ્ર શાહ (ઉં. વ. ૬૨) હાલ વસઇ મુંબઇ તા. ૬-૧-૨૬ મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે હર્ષાબેન, નીતાબેન, રોહિતભાઇના બેન. કિંજલના મમ્મી. અંકુશના સાસુ. ક્રિષ્ણાના નાની. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પાટણ જૈન**

પ્રભાસ પાટણ તિર્થ નિવાસી હાલ સાંતાક્રુઝ, ભાનુમતી (ઉં. વ. ૮૫) તે સ્વ. મૂલચંદભાઈ વંદ્રાવન શાહના ધર્મપત્ની, વેરાવળ નિવાસી સ્વ. દેવીદાસ હંસરાજ શાહના સુપુત્રી. રાજેશભાઈ, સ્વ. પ્રકાશભાઈ અને સંજયભાઈના માતુશ્રી તથા રૂપાબેન, સ્વાતીબેન અને બીનાબેનના સાસુ. પિન્કિ, મિત, મેઘ અને પ્રતિકના દાદી. તા. ૧૦.૦૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયધણજરના અ.સૌ. લક્ષ્મીબેન વિસરીયા (ઉં. વ. ૭૭) તા. ૭-૧-૨૬ના અવસાન પામેલ છે. મણીબાઈ ગોવિંદજીના પુત્રવધુ. વિસનજીના ધર્મપત્ની. વિનોદ, રાહુલ, મનિષા, અંજલીના માતુશ્રી. મુલબાઈ વેલજીના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિસનજી વિસરીયા, એ વીંગ, ૬૦૧-૬૦૨, સુકેશ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વે).

દેશલપુરના ચંદનબેન દેવચંદ ગાલા (ઉં. વ. ૬૯) તા. ૯-૧-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ધનજીના પુત્રવધુ. દેવચંદના પત્ની. કલ્પેશ, વર્ષા, નેહલના માતા. વડાલાના હેમકુંવર હીરજી સોનીના પુત્રી. કાંડાગરાના રંજન કલ્યાણજી ગાલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દેવચંદ ગાલા, ૨/૬૨, લતીફ બીલ્ડીંગ, ડો. બી.એ. રોડ, દાદર (ઇ.).

કારાઘોઘાના કેસરબેન મેઘજી નાગડા (ઉં.વ.૮૮) તા.૯-૧-૨૬ ના અવસાન પામેલ છે. મણીબાઈ મુરજી લાલજીના પુત્રવધુ. મેઘજી (બાબુભાઈ)ના ધર્મપત્ની. અનીલા, યોગેશ, રાજેશ, રજનીકાંતના માતુશ્રી. ટોડાના લાછબાઈ મેઘબાઈ ઘેલાના સુપુત્રી. નાનજી, પ્રેમજી, ભુજપુર હાંસબાઈ ઠાકરશીના બેન. પ્રા. શ્રી સુમતિનાથ જિનાલય, નુતન આરાધના ભવન, નાથાલાલ પારેખ માર્ગ, કિંગ્ઝ સર્કલ. ટા. ૨ થી ૩.૩૦. નિ. કેસરબેન નાગડા. એ-૪૦૩, સિધ્ધગીરી એપાર્ટમેન્ટ, રાજકમલ સ્ટુડીયો કંપાઉન્ડ, પરેલ, મું - ૧૨.

ભુજપુરના શ્રીમતી ઈલાબેન ફિલીપ કોલીઅસ (ઉં. વ. ૮૧) તા. ૭.૦૧.૨૬ ના ભુજ મધ્યે અવસાન પામેલ છે. તે પ્રિન્સીપલ સાકરબેન ખીમજી (બાબુભાઈ) સરવણ દેઢિઆના સુપુત્રી. લંડનના ફિલીપ કોલીયસના ધર્મપત્ની. રાહુલ ના બેન. પ્રાર્થના રાખેલ નથી. મુંબઈ નિ. જયા ચંદ્રકાંત ગોગરી, ૧૮૦૧ રીચમોન્ડ, કલીફ એવીન્યુ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઈ, મું.૭૬.

## પારસી મરણ

ઝરીન દિનશૉ મોદી (ઉં. વ. ૭૭) તા. ૯-૧-૨૬ના રોજ ગુજરી ગયાં છે. તે દિનશૉ રુસ્તમ મોદીનાં પત્ની. તે મરહુમ દિનશૉ અને ગૂલ શેઠનાનાં દીકરી. તે ઝુબીન, શીરીનના મમ્મી. તે પરસીસ, નેવિલનાં ગ્રાન્ડ પેરન્ટ તે મરહુમ કેટી રાણા, મરહુમ જહાંગીર સેઠનાના બહેન. ઉઠમણું તા. ૧૧-૧-૨૬ના. ઠે. હાઉસ નં. ૨૭, વેસ્ટ વ્યૂ, સર્કિટ હાઉસ એરિયા ઓલ્ડ, આર્મી કૅમ્પ ગેટની સામે, પીઓ બિસ્તુપુર, જમશેદપુર, ઝારખંડ.

રુમી ફિરોઝશાહ ઉમરીગર તે દેલનાવાઝના ધની. તે મરહુમો મેહરુ પીરોજ શાહ પેસતનજી ઉમરીગરના દીકરા. તે ફરઝીન ને પરસીસના પપા. તે નરીમાન ને મરહુમ દાનેશના સસરા. તે અદીના ભાઇ. તે ખુશનમ ના મમાવાજી. તે ફરહાદ ને ખુશરુના કાકા. (ઉં. વ. ૮૦) રે. ઠે. ખુશરો બાગ, ડી-૩, શહીદ ભગતસિંગ રોડ, મુંબઇ-કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાની ક્રિયા : તા. ૧૨-૧-૨૬ને બપોરે ૩.૪૦ વાગે કરારી અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**મતદાન:** મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫મી જાન્યુઆરીના યોજાવાની છે ત્યારે ચૂંટણી દરમિયાન ફરજ બજાવનાર કર્મચારીઓ, પોલીસ દ્વારા શનિવારે પોસ્ટલ વોટિંગ કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# ગોરેગામમાં ભીષણ આગમાં એક જ પરિવારના ત્રણનાં મોત: પિતા-પુત્ર અને પુત્રીનાં આગમાં મોત, પત્ની બચી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ (પશ્ચિમ)માં શનિવારે વહેલી સવારના ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં લાગેલી ભીષણ આગમાં ૧૨ વર્ષના કિશોર સહિત તેના પિતા અને બહેન એમ એક જ પરિવારના ત્રણ સભ્યોનાં દુખદ મોત થયાં હતાં. તો કિશોરની માતા કામ માટે નાઈટશિફ્ટમાં ગઈ હોવાથી બચી ગઈ હતી. આગ લાગી ત્યારે પીડિતો ભરઊંઘમાં હતા. ફાયરબ્રિગેડ આવે તે પહેલાં સ્થાનિક રહેવાસીઓએ પાણી નાખીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. છતાં આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે શ્વાસ ગૂંગળાઈ જવાને કારણે પરિવાર બચી શક્યો ન હોવાનું જણાઈ આવ્યું હતું.

ગોરેગામ પશ્ચિમમાં જનતા સ્ટોર પાસે રાજારામ લેનમાં ભગતસિંહ નગર ખાતેની ઝૂંપડપટ્ટીમાં આવેલા ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં વહેલી સવારના ત્રણ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગ ગ્રાઉન્ડ ફ્લોર પર ઈલેક્ટ્રિક વાયરિંગ અને ઘરના સામાન સુધી મર્યાદિત રહી હતી. આગ લાગી ત્યારે તે સમયે ઘરમાં ૫૧ વર્ષના સંજોગ પાવસ્કર તેમનો ૧૨ વર્ષનો દીકરો કુશલ અને દીકરી હર્ષદા પહેલા માળા પર ગાઢ ઊંઘમાં હતા. સંજોગ પાવસ્કરની પત્ની ઘટના સમયે રાતની ડ્યુટીમાં નોકરીએ ગઈ હોવાથી બચી ગઈ હતી.

વહેલી સવારના લાગેલી આગથી વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આગની જાણ થતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. મુંબઈ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ પડોશીઓએ પાણી નાખીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને વીજળીનો પુરવઠો કાપી નાંખ્યો હતો અને ત્યારબાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ પહેલા માળા પરથી ત્રણેય લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને તરત ગોરેગામમાં આવેલી ટ્રોમા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે ફરજ પર હાજર રહેલા ડૉકટરે ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગને કારણે ઈલેક્ટ્રિક વાયરિંગ બળી ગયું હતું અને ગ્રાઉન્ડ ફ્લોર પરનું રેફ્રિજરેટર પણ આગથી સંપૂર્ણપણે બળી ગયું હતું. રેફ્રિજરેટરનો વિસ્ફોટ થયો હતો અને તેને કારણે આગ લાગી હોવાના કોઈ સ્પષ્ટ પુરાવા મળ્યા નહોતા. ઘરમાં ગેસ સિલિન્ડરને પણ કોઈ નુકસાન થયું નહોતું. તેથી આગ ચોક્કસ કઈ રીતે લાગી તે જાણી શકાયું નથી.

આગની તીવ્રતા ભીષણ હતી અને રૂમ બંધ હોવાથી પરિવાર જ્યાં સૂતો હતો ત્યાં ઉપરના માળા પર ભારે માત્રામાં ધુમાડો ફેલાઈ ગયો હતો. તેથી ઘટના સ્થળે પહોંચ્યા બાદ ગરમી અને ધુમાડાનું પ્રમાણ ઘટાડયા બાદ પરિવારને બચાવવા માટે પહેલા માળા પર પ્રવેશ કર્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ સંજોગ પાવસ્કર આગને કારણે દાઝી જવાથી ગંભીર ઈજા થવાની સાથે જ ધુમાડો શ્વાસમાં જવાને કારણે ગૂંગળામણથી તેમનું મૃત્યુ થયું હોવાનો અંદાજો છે. તો કુશલને પણ ધુમાડાને કારણે ગૂંગળામણ થઈ હતી અને આગ લાગી ત્યારે હર્ષદા પહેલા માળે આવેલા શૌચાલયમાં હતી. તેના ચહેરા પર પણ દાઝી જવાની ઈજાઓ જોવા મળી હતી અને તેનું પણ શ્વાસમાં ધુમાડો જવાને કારણે મૃત્યુ થયું હોવાનો અંદાજો છે. મૃતકોના મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટ માર્ટમના રિપોર્ટ બાદ જણાઈ આવશે. જોકે પ્રાથમિક તપાસ મુજબ ગૂંગળામણને કારણે જ તેમના મૃત્યુ થયા હોવાનો અંદાજો છે. તો આગનું પણ ચોક્કસ કારણ તપાસ બાદ જણાઈ આવશે એવું ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું. ■

# આજે મધ્યરેલવેમાં મેગાબ્લોક, પશ્ચિમ રેલવેમાં નાઈટબ્લોક

મુંબઈ: ટ્રેક અને સિગ્નલ મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના ટેક્નિકલ કામ માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે રવિવારે રજાના દિવસે પણ ટ્રેનોના ધાંધિયા જોવા મળી શકે છે.

મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મધ્ય રેલવે પર ૧૧મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકને કારણે આ સમયગાળામાં અપ-ડાઉન સ્લો લોકલ સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. પરિણામે આ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશન પર ઊભી રહેશે. ટ્રાન્સ હાર્બર લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી થાણેથી વાશી, નેરુળ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે.

પશ્ચિમ રેલવેમાં કોઈ ડે બ્લોક નહીં હાથ ધરવામાં આવે, પરંતુ છઠ્ઠી લાઈન પર રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલા કામને કારણે રવિવારે રાતે ૧ વાગ્યાથી લઈને સવારે ૬.૩૦ કલાક સુધી કાંદિવલી-મલાડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન અને રાતે ૧ વાગ્યાથી વહેલી સવારે ૪ વાગ્યા સુધી અપ-ડાઉન સ્લો લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. ■

# બૉમ્બે મહારાષ્ટ્રનું શહેર નથી: ભાજપના કે. અન્નામલાઈનું નિવેદન, વિપક્ષની ટીકા

મુંબઈ: એક તરફ મુંબઈ મરાઠી માણસનું છે કે અન્ય કોઈનું એ મુદ્દે રાજકારણ ગરમાયું છે, ત્યારે હવે તમિળનાડુથી મુંબઈમાં પ્રચાર માટે આવેલા નેતાએ આગમાં ઘી હોમ્યું છે.

ભાજપના નેતા કે. અન્નામલાઈએ મુંબઈનો ઉલ્લેખ 'બૉમ્બે' તરીકે કરીને એવું નિવેદન આપ્યું કે આ શહેર મહારાષ્ટ્રનું નથી. અન્નામલાઈએ એમ પણ કહ્યું કે મુંબઈના મેનેજમેન્ટ માટે યોગ્ય લોકોને બીએમસીમાં બેસાડવા પડશે. અન્નામલાઈના નિવેદન પર વિવાદ થવાની શક્યતા છે. કે અન્નામલાઈ તમિળનાડુમાં ભાજપના રાજ્ય ઉપાધ્યક્ષ છે અને પ્રચાર માટે મુંબઈ આવ્યા હતા. તેમણે ભાજપના ઉમેદવારના પ્રચાર દરમિયાન મુંબઈ વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે મોદીજી કેન્દ્રમાં છે, દેવેન્દ્રજી રાજ્યમાં છે અને મુંબઈમાં ભાજપનો મેયર હશે કારણ કે મુંબઈ મહારાષ્ટ્રનું શહેર નથી, તે એક આંતરરાષ્ટ્રીય શહેર છે. આ શહેરનું બજેટ ૭૫ હજાર કરોડ રૂપિયા છે. ચેન્નાઈનું બજેટ ૮ હજાર કરોડ રૂપિયા અને બેંગલુરુ બજેટ ૧૯ હજાર કરોડ રૂપિયા છે. તેથી મુંબઈનું સંચાલન કરવા માટે તમારે વહીવટમાં સારા લોકોને બેસાડવા પડશે. કે. અન્નામલાઈના નિવેદન બાદ હવે રાજ્યભરમાં આકરી ટીકા થઈ રહી છે. ઠાકરેની શિવસેનાના સાંસદ સંજય રાઉતે તેની ટીકા કરતા કહ્યું હતું કે, મુખ્ય પ્રધાને અન્નામલાઈ સામે કેસ દાખલ કરવો જોઈએ અને તેમની ધરપકડ કરવી જોઈએ. ભાજપના સ્ટાર પ્રચારક મુંબઈ આવીને તમારા ગાલ પર તમાચો મારી ગયા. શું હવે ભાજપના લોકો અન્નામલાઈની લુંગીમાં પોતાના ચહેરા છુપાવશે? અન્નામલાઈએ ૧૦૬ શહીદોનું અપમાન કર્યું છે. ફડણવીસ કહે છે કે જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર અને તારા છે ત્યાં સુધી મુંબઈ મહારાષ્ટ્રનું રહેશે. તો પછી તમારા નેતાઓ આવું કહે છે, સ્ટાર પ્રચારકો આવા નિવેદનો આપે છે એમ રાઉતે કહ્યું હતું. ■

# ઉદ્ધવ અને રાજ ઠાકરેની શિવાજીપાર્કની આજની સભા સામે ગુણરત્ન સદાવર્તે કોર્ટમાં

મુંબઈ: રાજ્યમાં હાલમાં પાલિકા ચૂંટણીઓનો જંગ ચાલી રહ્યો છે. ૧૫ જાન્યુઆરીએ થનારી ચૂંટણીઓ માટે ઘણી જગ્યાએ ચિત્રવિચિત્ર ગઠબંધન અને મોરચા બન્યા હોવાનું બહાર આવ્યું છે. ચૂંટણી પ્રચાર નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયો છે. ૧૧ જાન્યુઆરીએ શિવતીર્થ (છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક) ખાતે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરેની સંયુક્ત સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈમાં આયોજિત રવિવારની બેઠકને લઈને મોટું સંકટ ઊભું થયું છે. એક અગ્રણી વકીલ વાંધો ઉઠાવી અદાલતમાં જવાના છે.

છત્રપતિ શિવાજી પાર્કમાં ઠાકરે બંધુઓની સભાનો વકીલ ગુણરત્ન સદાવર્તેએ વિરોધ કર્યો છે. તેમણે આ સંદર્ભમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

હાઇકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરી સદાવર્તેએ દાવો કર્યો છે કે કોઈ પણ રાજકીય પક્ષ સભા કરી શકે નહીં. આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની આ સભા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઠાકરે બંધુઓ પહેલીવાર સાથે સભા કરી રહ્યા હોવાથી સમગ્ર મહારાષ્ટ્ર આ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ બેઠકમાં ઠાકરે બંધુઓ શું સંદેશ આપશે અને તેઓ શું ભૂમિકા માંડશે એ જાણવા સમગ્ર મહારાષ્ટ્ર ઉત્સુક છે. આ બેઠક ૧૧ જાન્યુઆરીએ સાંજે ૫ વાગ્યે યોજાવાની છે. ■

# પુણે મહાનગરપાલિકા ચૂંટણી: બંને એનસીપીનો સંયુક્ત ઢંઢેરો જાહેર

## અજિત પવાર અને સુપ્રિયા સુળે મંચ પર સાથે

પુણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી અને તેમના કાકા શરદ પવારના નેતૃત્વ હેઠળની એનસીપી (એસપી) એ શનિવારે પુણે મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે સંયુક્ત ઢંઢેરો બહાર પાડ્યો હતો.

અજિત પવાર અને તેમના કાકાની દીકરી બહેન તેમજ એનસીપી (એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ સંયુક્ત પત્રકાર પરિષદમાં મંચ પર સાથે જોવા મળ્યા હતા. ૨૦૨૩માં થયેલા ક વિભાજન પછી આ ઘટના બંને જૂથ વચ્ચે વધતી નિકટતાનો સંકેત આપે છે.

શાસક મહાયુતિના સભ્ય એનસીપી અને વિપક્ષ મહા વિકાસ આઘાડીના ઘટક એનસીપી (એસપી) એ ૧૫ જાન્યુઆરીએ પુણે અને પિંપરી ચિંચવડ નાગરિક સંસ્થાઓની ચૂંટણી માટે હાથ મિલાવ્યા છે. સુળે અને અન્ય એનસીપી (એસપી) નેતા અત્યાર સુધી મોટાભાગે પ્રચારમાંથી ગેરહાજર રહ્યા હતા, પણ ઢંઢેરાના પ્રકાશન સમયે હાજર હતા.

સભાને સંબોધતા અજિત પવારે કહ્યું કે ચૂંટણી ઢંઢેરામાં પુણેના મુખ્ય નાગરિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ચૂંટણી દસ્તાવેજમાં નળના પાણીનો પુરવઠો, ટ્રાફિકની ભીડ ઘટાડવા, ખાડામુક્ત રસ્તાઓ, સ્વચ્છતા, હાઇટેક આરોગ્યસંભાળ સેવાઓ, પ્રદૂષણ નિયંત્રણ અને ઝૂંપડપટ્ટી પુનર્વસનની ખાતરી આપવામાં આવી છે. પુણે પરિવહન મંડળની બસો અને મેટ્રોમાં વિનામૂલ્યે મુસાફરી, ૫૦૦ ચોરસ ફૂટ સુધીના મકાનો માટે મિલકત કર માફી અને વિદ્યાર્થીઓ માટે મફત કમ્પ્યુટર ટેબ્લેટનો પણ પ્રસ્તાવ ઢંઢેરામાં છે. (પીટીઆઈ) ■

# મીઠી નદીમાં ધકેલી યુવાનની હત્યા: પાંચ મહિને ભેદ ઉકેલાતાં આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કુર્લામાંથી પાંચ મહિના અગાઉ ગુમ થયેલા યુવાનની મીઠી નદીમાં ધકેલી કથિત હત્યા કરવામાં આવી હોવાની આંચકાજનક માહિતી તપાસમાં સામે આવી હતી. આર્થિક વિવાદમાં ઘાતકી પગલું ભર્યાની કબૂલાત કરનારા આરોપીની ધરપકડ કરી પોલીસ યુવાનના શબની શોધ કરી રહી છે.

કુર્લાની વિનોબા ભાવે નગર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ અંકિત સિકંદર સાહુ (૨૦) તરીકે થઈ હતી. કુર્લા પશ્ચિમમાં બૈલબાજાર ખાતેના ક્રાંતિ નગરમાં રહેતા આરોપી સાહુએ તેના પરિચિત રાહુલ કુમાર યોગેન્દ્ર પ્રસાદ ખરવાર (૨૬)ની ૨૪ જુલાઈ, ૨૦૨૫ની રાતે હત્યા કર્યાની કબૂલાત કરી હતી. આ પ્રકરણે પોલીસે શુક્રવારે હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપી રહે છે એ જ ક્રાંતિ નગરમાં રાહુલ પણ પરિવાર સાથે રહેતો હતો. રાહુલ જે કંપનીમાં કામ કરતો હતો ત્યાં આરોપીની માતા કામ કરતી હોવાથી રાહુલ અને આરોપી વચ્ચે ઓળખાણ થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ૨૪ જુલાઈની રાતે રાહુલ આંટો મારવા ઘરની બહાર નીકળ્યા પછી ઘરે પાછો ફર્યો નહોતો. આસપાસના પરિસરમાં શોધખોળ કરવા છતાં રાહુલની કોઈ ભાળ ન મળતાં પરિવારે વિનોબા ભાવે નગર પોલીસ સ્ટેશનમાં રાહુલ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મિસિંગ પર્સનની નોંધ કરી રાહુલના મોબાઈલ લૉકેશનને આધારે તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસને રાહુલના મોબાઈલ ફોનના કૉલ ડેટામાં આરોપી સાહુનો નંબર મળ્યો હતો. છેલ્લે સાહુએ રાહુલને કૉલ કર્યો હતો. વળી, બન્નેના મોબાઈલ લૉકેશન એક જ દેખાડતું હોવાથી પોલીસે શંકાને આધારે સાહુને તાબામાં લઈ તેની પૂછપરછ કરી હતી. શરૂઆતમાં ઉડાઉ જવાબ આપનારા સાહુએ આખરે ગુનો કબૂલ્યો હતો, એવો દાવો પોલીસે કર્યો હતો.

રાહુલને મોબાઈલ ફોનનું પૂરતું જ્ઞાન ન હોવાથી તેણે પ્રોવિડન્ટ ફન્ડની રકમ ઑનલાઈન કઢાવવા સાહુની મદદ લીધી હતી. તે સમયે સાહુએ રાહુલ પાસેથી પાસવર્ડ મેળવી લીધો હતો. સાહુને ઑનલાઈન ગેમ રમવાની આદત હતી. તેણે રાહુલના મોબાઈલમાંથી ૩૦ હજાર રૂપિયા પોતાના ઑનલાઈન ગેમમાં ટ્રાન્સફર કર્યા હતા, એવું પૂછપરછમાં સામે આવ્યું હતું.

૩૦ હજાર રૂપિયા ટ્રાન્સફર થયાની જાણ રાહુલને થતાં તે નાણાં પાછાં માગી રહ્યો હતો. રૂપિયા ન આપે તો ઑનલાઈન ગેમની જાણ તેની માતાને કરવાની ધમકી રાહુલે આરોપીને આપી હતી. પરિણામે ગિન્નાયેલા આરોપીએ રાહુલની પતાવી નાખવાની યોજના બનાવી હતી. પોલીસ અનુસાર ૨૪ જુલાઈની રાતે આરોપી રાહુલને રૂપિયા આપવાને બહાને ક્રાંતિ નગર નજીક ઍરપોર્ટની કમ્પાઉન્ડ વૉલ પાસે લઈ ગયો હતો. પછી મીઠી નદીના વહેતા પાણીમાં રાહુલને ધક્કો મારી દીધો હતો. બાદમાં રાહુલનો મોબાઈલ લઈને આરોપી ત્યાંથી રવાના થઈ ગયો હતો. ■

# ગળું ચીરીને પત્નીની ક્રૂર હત્યા કરી ફરાર થયેલો પતિ આઠ મહિને નાશિકમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડોમ્બિવલીની રૂમને થયેલા વિવાદમાં તીક્ષ્ણ હથિયારથી ગળું ચીરીને પત્નીની નિર્દયતાથી હત્યા કરી ફરાર થઈ ગયેલા પતિને થાણે ક્રાઈમ બ્રાન્ચે નાશિકમાં પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ આનંદ તુલસીરામ સૂર્યવંશી (૬૦) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીને ઉલ્હાસનગરની સેન્ટ્રલ પોલીસના તાબામાં સોંપાયો હતો. કોર્ટે તેને ૧૪ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઉલ્હાસનગરની મંડલિક ચાલમાં રહેતા આરોપીએ ૯ મે, ૨૦૨૫ની રાતે પત્ની સુરેખા (૪૭)ની હત્યા કરી હતી. ડોમ્બિવલીમાં આરોપીની માતાને નામે એક રૂમ છે, જે આરોપી તેના ભાઈ રતન સૂર્યવંશીને નામે કરવા માગતો હતો. આ મુદ્દે સુરેખાએ વાંધો ઉઠાવ્યો હતો.

કહેવાય છે કે ઘટનાની રાતે આઠ વાગ્યાની આસપાસ ફરી સુરેખાએ આ મુદ્દે સવાલ કરતાં આરોપી રોષે ભરાયો હતો. દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા પછી આરોપીએ તીક્ષ્ણ હથિયારથી પત્નીનું ગળું ચીર્યું હતું. લોહીલુહાણ હાલતમાં સુરેખા જમીન પર ફસડાઈ પડ્યા પછી આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે સેન્ટ્રલ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની શોધ હાથ ધરી હતી. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર વિનય ઘોરપડેએ જણાવ્યું હતું કે ફરાર આરોપીની શોધ માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ પ્રયાસ કરી રહી હતી. આરોપી મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું ટાળતો હતો. પરિણામે તેને ટ્રેસ કરવો મુશ્કેલ હતો. તેની શોધ માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમ જળગાંવ, નાશિક, અહિલ્યાનગર જિલ્લામાં ગઈ હતી, પરંતુ તે સમયે આરોપીની કોઈ ભાળ મળી નહોતી.

શુક્રવારે આરોપી નાશિક રોડ પરના વિહિતગાંવમાં આવવાનો હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલને મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમ નાશિક પહોંચી હતી અને છટકું ગોઠવ્યું હતું. વિહિતગાંવમાં બુદ્ધવિહાર નજીક આવેલા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. ■

# મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષના ભાઈએ સોગંદનામામાં ૧૨૪ કરોડ રૂપિયાની સંપત્તિ દાખવી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરના નાના ભાઈ મકરંદ નાર્વેકર, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ચૂંટણી માટેના સૌથી શ્રીમંત ઉમેદવારોમાંથી એક છે, જેમની પાસે ૧૨૪.૪ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરવામાં આવી છે.

ભાજપની ટિકિટ પર વોર્ડ નંબર ૨૨૬થી ત્રીજી વખત ચૂંટણી લડી રહેલા મકરંદ પાલિકાની ચૂંટણીમાં સૌથી ધનિક ઉમેદવાર બની શકે છે.

અન્ય 'ઉચ્ચ સંપત્તિ' ધરાવતા ઉમેદવારોમાં, શિવસેનાના ભૂતપૂર્વ વિધાનસભ્ય સદા સરવણકરના પુત્ર સમાધાન સરવણકરે ૪૬.૫૯ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે, જ્યારે શિવસેના (યુબીટી) ઉમેદવાર અને ભૂતપૂર્વ મેયર શ્રદ્ધા જાધવે ૪૬.૩૪ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે.

ચૂંટણી પંચમાં દાખલ કરાયેલા તેમના સોગંદનામા મુજબ, મકરંદ નાર્વેકરની સંપત્તિ (જેમાં તેમની પત્નીની સંપત્તિનો પણ સમાવેશ થાય છે) નવ વર્ષ પહેલાની સરખામણીમાં ૧,૮૬૮ ટકા વધી છે.

૪૭ વર્ષીય મકરંદ નાર્વેકરે પોતાનો વ્યવસાય 'વકીલ' હોવાનું જણાવ્યું છે. ૨૭ પાનાના સોગંદનામા મુજબ, તેમની ૧૨૪.૪ કરોડ રૂપિયાની સંપત્તિમાંથી, ૩૨.૧૪ કરોડ રૂપિયા જંગમ છે અને ૯૨.૩૨ કરોડ રૂપિયા સ્થાવર છે.

તેમની સંપત્તિમાં ૬,૬૬,૩૭૦ રૂપિયાની બેંક ડિપોઝીટ, ૪૦.૭૫ લાખ રૂપિયા અને ૩૮.૭૫ લાખ રૂપિયાની કિંમતની બે ટોયોટા ફોર્ચ્યુનર સિગ્મા કાર સહિત ત્રણ વાહનો અને ૯ લાખ રૂપિયાની કિંમતની મારુતિ ગ્રાન્ડ વિટારાનો સમાવેશ થાય છે. તેમના પર પરિવારના સભ્યો, અન્ય વ્યક્તિઓ અને એજન્સીઓ તરફથી ૩૦.૧૧ કરોડ રૂપિયાના દેવા પણ છે, એમ સોગંદનામામાં જણાવાયું છે.

તેમની પાસે દક્ષિણ મુંબઈના કોલાબામાં ૭.૯૯ કરોડ રૂપિયાનો ફ્લેટ અને ૨૯ ખેતીની જમીન છે - ૨૭ તેમની માલિકીની છે અને બે તેમની પત્ની રચનાની છે - જે અલીબાગમાં સ્થિત છે, જે બોલિવૂડ સેલિબ્રિટીઝ, ક્રિકેટરો અને ઉદ્યોગપતિઓના સપ્તાહના અંતે રજાઓ ગાળવાનું સ્થળ છે. આ જમીનો ઓક્ટોબર ૨૦૨૨ અને નવેમ્બર ૨૦૨૫ ની વચ્ચે ખરીદવામાં આવી હતી, અને ફ્લેટ ઓક્ટોબર ૨૦૨૧ માં ખરીદવામાં આવ્યો હતો, સોગંદનામા મુજબ.

ખેતીની જમીન ઝીરાડપાડા, કિહિમ, ધોકાવાડે, સાસવણે, મ્હાત્રોલીવાડી અને માપગાંવ ગામોમાં છે.

નાર્વેકરની માલિકીની ખેતીની જમીનનું વર્તમાન મૂલ્યાંકન આશરે રૂ. ૮૯.૯૧ કરોડ છે, જ્યારે તેમની પત્નીની માલિકીની જમીનનું મૂલ્ય રૂ. ૨.૪૧ કરોડ છે, એમ સોગંદનામામાં જણાવાયું છે. વિરોધ પક્ષોએ સ્પીકર અને કોલાબાના ભાજપના ધારાસભ્ય રાહુલ નાર્વેકર પર બીએમસી ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયામાં દખલ કરવાનો અને કવાયત સાથે જોડાયેલા સીસીટીવી ફૂટેજ સાથે ચેડા કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ આરોપોને 'પાયાવિહોણા' અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે.

વોર્ડ ૨૨૬માં મકરંદ નાર્વેકર સામે ચૂંટણી લડી રહેલા એકમાત્ર ઉમેદવાર તેજલ પવારે બુધવારે આરોપ લગાવ્યો હતો કે તેમના અને તેમના પતિ દીપક પવાર પર ચૂંટણી ન લડવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. અપક્ષ ઉમેદવાર તરીકે, તેમને શિવસેના (યુબીટી) અને મનસે દ્વારા ટેકો મળી રહ્યો છે. ■

# બદલાપુર જાતીય શોષણ કેસના આરોપીને ભાજપ તરફથી નગરસેવક પદ, ટીકા બાદ રાજીનામું

થાણે: બદલાપુર જાતીય શોષણ કેસના આરોપી તુષાર આપટેએ સ્વીકૃત નગરસેવકના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જાતીય શોષણ કેસના આરોપીને સ્વીકૃત નગરસેવક બનાવવા બદલ ભારતીય જનતા પક્ષને રાજ્યભરમાંથી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. વિપક્ષએ તેમની ટીકા કરતા કહ્યું હતું કે જાતીય શોષણ કેસના આરોપીને નગરસેવક બનાવવો એ જ પક્ષ વિથ ડિફરન્સની નીતિ છે. ચારે બાજુથી ટીકા થતાં તુષાર આપટેએ રાજીનામું આપી દીધું છે.

આકોટમાં ભારતીય જનતા પક્ષએ એઆઈએમઆઈએમ પક્ષ સાથે જોડાણ કર્યા બાદ અંબરનાથમાં કોંગ્રેસ સાથે જોડાણ કર્યું. જોકે બંને સ્થળે રાજકીય ઘટના રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બનતા ભાજપની વ્યાપક ટીકા થઈ. ત્યારબાદ ભાજપે મૌખિક કાર્યવાહીની જાહેરાત કરી જણાવ્યું હતું કે તે સ્થાનિક સ્તરનો નિર્ણય હતો. અલબત્ત ચર્ચા ચાલુ રહેતા બદલાપુરમાં જાતીય શોષણના કેસમાં આરોપીને નગરસેવકનું પદ આપવામાં આવતા ભાજપે ફરીથી યુ-ટર્ન લેવાનો વારો આવ્યો છે.

બદલાપુરની કે શાળામાં બાળકી પર જાતીય શોષણ થયું હતું તે જ શાળાના સેક્રેટરી તુષાર આપટે પર પણ જાતીય શોષણનો આરોપ છે. આપટે આ કેસમાં સહ-આરોપી હતા.

શાળાની કોઈ પણ પ્રકારે ટીકા ન કરવામાં આવે અને પક્ષ તેમજ શાળાની બદનામી ન થાય એ માટે રાજીનામું આપ્યું હોવાનો ખુલાસો આપટેએ કર્યો હતો. ■

# મીરા ભાયંદર માટે ભાજપના મુખ્ય વચનોમાં ૧૦૦ કોંક્રીટ રસ્તાઓ, ૩૦૦ બેડની હૉસ્પિટલ

થાણે: ૧૦૦થી વધુ નવા કોંક્રીટ રસ્તાઓનું નિર્માણ, ૩૦૦ બેડની સિવિલ હોસ્પિટલની સ્થાપના, હવા અને ધ્વનિ પ્રદૂષણ ઘટાડવાના પગલાં એ કેટલાક મુખ્ય વચનો છે જેનો ઉલ્લેખ ભાજપે થાણે જિલ્લાના મીરા ભાયંદરના નાગરિકો માટે પાલિકા ચૂંટણી પહેલા તેના ચૂંટણી ઢંઢેરામાં કર્યો હતો. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, રાજ્ય ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ અને સ્થાનિક વિધાનસભ્ય નરેન્દ્ર મહેતાએ શુક્રવારે એક રેલી દરમિયાન મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૫ જાન્યુઆરીની ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો. 'મીરા-ભાયંદરના વિકાસ માટેનો સંકલ્પ' શીર્ષક ધરાવતા આ ઢંઢેરામાં શહેરને આધુનિક, સલામત અને પર્યાવરણીય રીતે ટકાઉ સ્માર્ટ સિટીમાં રૂપાંતરિત કરવા માટે એક વ્યાપક રોડમેપની રૂપરેખા આપવામાં આવી છે. મહાયુતિના બે સાથી પક્ષો - ભાજપ અને શિવસેના - પાલિકાનો નિયંત્રણ મેળવવાની રેસમાં છે. આ ઢંઢેરામાં 'ટ્રિપલ એન્જિન' સરકાર પર ભાર મૂકવામાં આવ્યો છે, જે કેન્દ્ર અને રાજ્યમાં ભાજપના શાસનનો ઉપયોગ કરીને સ્થાનિક વિકાસને વેગ આપશે. ખાડામુક્ત શહેર સુનિશ્ચિત કરવા માટે ૧૦૦થી વધુ નવા કોંક્રિટ રસ્તાઓનું નિર્માણ, નવી બસ સેવાઓનો ઉમેરો અને સમર્પિત શેર-એ-રિક્ષા સિસ્ટમ એ કેટલાક વચનો છે જેનો ઉલ્લેખ ચૂંટણી ઢંઢેરામાં કરવામાં આવ્યો છે. પાર્ટી મુંબઈના મુસાફરીના સમયમાં ભારે ઘટાડો કરવા માટે મેટ્રો રેલ પ્રોજેક્ટ, દહિસર-ભાયંદર લિંક રોડ અને જેસલ પાર્ક-ઘોડબંદર કોસ્ટલ રોડ પૂર્ણ કરવાનું પણ વચન આપે છે. તેમણે કહ્યું હતું કે તે સૂર્યા પ્રોજેક્ટ દ્વારા ૨૪ કલાક પાણી પુરવઠો અને ૭૫ એમએલડી પાણી યોજના પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. પાર્ટીએ કહ્યું કે જો તે પાલિકામાં સત્તામાં આવશે, તો તે ૩૦૦ બેડની નવી સિવિલ હોસ્પિટલ સ્થાપિત કરશે, હાલની પંડિત ભીમસેન જોશી હોસ્પિટલનું આધુનિકીકરણ કરશે અને વધુ આયુષ્માન ભારત કાર્ડ સેન્ટર ખોલશે. સ્થાનિક જરૂરિયાતો અનુસાર સુધારેલી ક્લસ્ટર ડેવલપમેન્ટ નીતિનો અમલ અને આધુનિક શૌચાલય અને નિયમિત પાણી પુરવઠા સાથે ઝૂંપડપટ્ટીઓનો પુનર્વિકાસ એ અન્ય વચનો છે. ઢંઢેરામાં કહેવામાં આવ્યું છે કે પાર્ટી પેણકરપાડા કચરા પ્રોજેક્ટ રદ કરશે, જૈવવિવિધતા પાર્ક સ્થાપિત કરશે, હવા અને ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ પગલાં લેશે અને મહિલાસુરક્ષા માટે હાઇ-ટેક કેમેરા સર્વેલન્સ ટાવર સ્થાપિત કરશે. ■

## ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈનો ૫૦ રનથી વિજય

નવી મુંબઈઃ ડબ્લ્યૂપીએલની મૅચમાં શનિવારે રાત્રે ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ-વિમેને દિલ્હી કૅપિટલ્સ-વિમેનને ૫૦ રનથી પરાજિત કરી હતી. મુંબઈએ હરમનપ્રીત કૌર (૭૪ અણનમ, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) અને ઇંગ્લૅન્ડની નૅટ સિવર-બ્રન્ટ (૭૦ રન, ૪૬ બૉલ, તેર ફોર)ના મોટા યોગદાનની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રન કર્યા હતા અને જેમિમા રૉડ્રિગ્સના નેતૃત્વમાં દિલ્હીની ટીમને ૧૯૬ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. દિલ્હીની ટીમ ૧૯ ઓવરમાં ૧૪૫ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. મુંબઈની બોલર નિકોલા કૅરી તથા અમેલિયા કૅરે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ■

## સાઉથ આફ્રિકાની નૅડિન ડિક્લર્કે છેલ્લી ઓવરમાં ધમાકા કર્યા અને મુંબઈ સામે બેંગ્લૂરુની ટીમ છેલ્લા બૉલ પર જીતી



નવી મુંબઈઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબલ્યૂપીએલ)ની ચોથી સીઝનમાં ગઈ કાલે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાની ઑલરાઉન્ડર નૅડિન ડિક્લર્કે (૬૩ અણનમ, ૪૪ બૉલ, બે સિક્સર, સાત ફોર) રોયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ-વિમેન (આરસીબી-ડબલ્યૂ)ને વિજય સાથે ધમાકેદાર શરૂઆત કરી આપી હતી. હરાજીમાં માત્ર ૬૫ લાખ રૂપિયામાં મળેલી નૅડિને ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ-ડબલ્યૂ) સામેની મૅચની છેલ્લી ઓવરમાં છગ્ગા અને ચોગ્ગાનો વરસાદ (૬, ૪, ૬, ૪) વરસાવીને સ્મૃતિ મંધાનાની ૨૦૨૪ની ચૅમ્પિયન ટીમને રોમાંચક જીત અપાવી હતી.

### મુંબઈએ છ વિકેટે ૧૫૪ રન કર્યા હતા

મુંબઈએ બૅટિંગ મળ્યા બાદ મિડલ-ઑર્ડરની બૅટર સજીવન સજનાના ૪૫ રનની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૫૪ રન કર્યા બાદ બેંગ્લૂરુને જીતવા માટે ૧૫૫ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. બેંગલૂરુએ પહેલી ૮ ઓવરમાં કેપ્ટન સ્મૃતિ મંધાના, ગ્રેસ હૅરિસ અને રિચા ઘોષની મહત્ત્વની વિકેટો ગુમાવી દીધી હતી. જોકે નૅડિને અરૂંધતી રેડ્ડી (૨૦ રન) સહિતની કેટલીક બૅટર્સ સાથે મળીને બેંગલૂરુને દિલધડક મુકાબલામાં જીત અપાવી હતી.

### છેલ્લા બૉલમાં મિશન સફળ

અંતિમ ઓવરમાં બેંગ્લૂરુએ જીતવા ૧૮ રન કરવાના હતા અને ત્રણ વિકેટ બાકી હતી. મુંબઈ વતી રમતી ઇંગ્લૅન્ડની નંબર-વન પેસ બોલર નૅટ સિવર-બ્રન્ટની એ ૨૦મી ઓવરના પહેલા બે ડૉટ બૉલ રહ્યા હતા. બેંગલૂરુનો સ્કોર ૭/૧૩૭ હતો. નૅડિને નૅટ સિવર-બ્રન્ટના ત્રીજા બૉલથી ફટકાબાજી શરૂ કરી હતી. એ બૉલમાં નૅડિને સિક્સર ફટકારી હતી. તેણે ચોથા બૉલમાં ચોગ્ગો અને પાંચમા બૉલમાં છગ્ગો માર્યો હતો. આ પ્રારંભિક મૅચનું આખરી બૉલમાં કંઈ પણ પરિણામ આવવાનું હતું. મૅચ ટાઈ થતાં સુપર ઓવરમાં પણ જઈ શકે એમ હતી. અંતિમ બૉલમાં બેંગ્લૂરુએ જીતવા બે રન કરવાના હતા અને નૅડિને નૅટના ઑફ સ્ટમ્પની બહારના યોર્કરમાં બોલરના માથા પરથી જ બૉલ બાઉન્ડરી લાઈન તરફ મોકલ્યો હતો અને એ ફોર સાથે ટીમને આખરી બૉલમાં (૨૦ ઓવરમાં ૭/૧૫૭) ત્રણ વિકેટે અભૂતપૂર્વ વિજય અપાવ્યો હતો.

### નૅડિન પ્લેયર ઑફ ધ મૅચ

નૅડિને બૅટિંગમાં પરચો બતાવતાં પહેલાં બોલિંગમાં પણ પાવર બતાવ્યો હતો. પેસ બોલર નૅડિને ૨૬ રનમાં મુંબઈની ચાર વિકેટ લીધી હતી. તેને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### નૅડિન ઑક્ટોબરમાં ભારતને જ નડી હતી

ઑક્ટોબર-નવેમ્બરમાં મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ ભારતમાં રમાયો હતો ત્યારે સાઉથ આફ્રિકાએ લીગ મૅચમાં ભારતને નૅડિનના પર્ફોર્મન્સથી જ હરાવ્યું હતું. ત્યારે નવમી ઑક્ટોબરે વિશાખાપટનમમાં વર્લ્ડ કપની મૅચમાં ભારતની બે વિકેટ લીધા બાદ પાંચ સિક્સર અને આઠ ફોર સાથે અણનમ ૮૪ રન સાથે સાઉથ આફ્રિકાને ૪૯મી ઓવરમાં વિજય અપાવ્યો હતો.

### આજે કઈ મૅચ રમાશે?

ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં આજે ૭.૩૦ વાગ્યે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો શરૂ થશે. ■

## શુભમને સિલેક્ટરોનો નિર્ણય સ્વીકારતા કહ્યું, 'મારા ભાગ્યમાં જે લખાયું હશે એ કોઈ છીનવી નથી શકવાનું'

### વન-ડે અને ટેસ્ટના કૅપ્ટને ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં સ્થાન ન મળવા વિશે છેવટે મૌન તોડ્યું

વડોદરાઃ ભારતની વન-ડે અને ટેસ્ટ ટીમના સુકાની શુભમન ગિલને ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ માટેની ટીમમાં સામેલ નથી કરવામાં આવ્યો એ બાબતમાં અહીં શનિવારે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન સિલેક્શન કમિટીના નિર્ણયને પોતે સહર્ષ સ્વીકારે છે એવું જણાવ્યા પછી કહ્યું હતું કે ' જિંદગીમાં હું હંમેશાં એવું જ માનતો આવ્યો છું કે પોતાના માટે જે પરિસ્થિતિ નિર્માણ થઈ હોય એને સ્વીકારી લેવી જોઈએ. હું એવું પણ માનું છું કે મારા ભાગ્યમાં જે લખાયું હશે એ કોઈ છીનવી નથી શકવાનું.'

### રવિવારથી ફરી ટીમનું સુકાન સંભાળશે

૨૬ વર્ષનો ગિલ ભારત વતી ૩૬ ટી-૨૦ રમ્યો છે, જેમાં તેણે ૧૩૮.૫૯ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૮૬૯ રન કર્યા છે. આજે વડોદરામાં ગિલના સુકાનમાં ભારતીય ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે ત્રણ સિરીઝવાળી પ્રથમ વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમશે.

### ટી-૨૦ ટીમને આપી શુભેચ્છા

શુભમને એવું પણ કહ્યું કે 'સ્વાભાવિક રીતે કોઈ પણ ખેલાડી વર્લ્ડ કપમાં રમે ત્યારે તેની ટીમને અને દેશને ટ્રોફી જિતાડવાની દૃઢતા જ તેના મનમાં હોય. જોકે હું સિલેક્ટરોના નિર્ણયને સ્વીકારું છું અને ભારતની ટી-૨૦ ટીમ માટે ઑલ ધ વેરી બેસ્ટ કહેવા માગું છું. ખરેખર હું દિલથી આશા રાખું છું કે તેઓ આપણને ફરી વર્લ્ડ કપની ટ્રોફી અપાવશે.'

### હંમેશાં વર્તમાનને જ અપનાવે છે

વર્લ્ડ કપની ટીમમાં તમને સ્થાન નથી મળ્યું એને લીધે તમારા મન પર કોઈ વિપરીત અસર થઈ રહી છે? એવો સવાલ પુછાતાં શુભમને કહ્યું, 'સ્પોર્ટ્સપર્સન હોવા બદલ હું વર્તમાનને જ અપનાવવામાં માનું છું. શું બનશે અને અગાઉ શું બની ગયું એ વિશે હું વિચારતો જ નથી. મેદાન પર પણ આવો જ અભિગમ રાખું છું. આવા વલણથી પોતાની સફળતાની સંભાવના વધી જતી હોય છે.'

શુભમને વધુ વિસ્તારથી કહ્યું, 'હું હંમેશાં એવું જ વિચારું છું કે મારે હવે શું કરવું જોઈએ અને મારા માટે શું અગત્યનું છે. આપણે જેટલા વર્તમાનમાં રહીએ એટલી આપણી જિંદગી સરળ રહે. જે છે એને અપનાવી લેવાનું. જેમ તમે પોતાની જિંદગીને વધુને વધુ સરળ બનાવો એટલી તમને માનસિક શાંતિ અને આનંદિત સ્થિતિ મળે.'

### સિનિયર ખેલાડીઓ વિશે કહ્યું કે...

વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટી-૨૦ તેમ જ ટેસ્ટ ફૉર્મેટ છોડી દીધું છે અને હવે ભારત વતી માત્ર વન-ડે રમે છે. સિનિયર ખેલાડીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે કઠિન ફૉર્મેટ છોડીને આસાન ફૉર્મેટ રમવાનું ચાલુ રાખ્યું છે એવું કહી શકાય? એવા એક પત્રકારના સવાલના જવાબમાં ગિલે કહ્યું, ' હું આ વાત સાથે સંમત નથી. ભારત ૨૦૧૧ પછી ક્યારેય વન-ડે વર્લ્ડ કપ નથી જીતી શક્યું. જો આ ફૉર્મેટ આસાન હોત તો આપણે દર બીજી સીઝનમાં વર્લ્ડ કપની ટ્રોફી જીત્યા હોત. સિનિયર પ્લેયર્સ વિશે આવું કહેવું સહેલું છે. કોઈ પણ ફૉર્મેટમાં સફળતા જાળવી રાખવી આસાન કામ નથી. મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવવાની ક્ષમતા અને અટલ અભિગમ હોવો જરૂરી હોય છે. આઇસીસી ટ્રોફી જીતવા માટે આ ઉપરાંત સંકલ્પશક્તિ પણ આવશ્યક છે.'

### ટેસ્ટ સિરીઝ પહેલાં અમને...

ગિલે પત્રકારોને કહ્યું કે 'હું બીસીસીઆઇને હંમેશાં કહેતો હોઉં છું કે ટેસ્ટ સિરીઝ પહેલાં ખેલાડીઓને તૈયારી માટે પૂરતો સમય મળવો જોઈએ. છેલ્લી બે ટેસ્ટ શ્રેણી પહેલાં અમને તૈયારી માટે પૂરતો સમય મળ્યો જ નહોતો.' ■

## બે ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડરે થ્રિલરમાં ગુજરાતને જિતાડ્યું

નવી મુંબઈઃ ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની યુપી વૉરિયર્ઝ સામેની મૅચમાં ખાસ કરીને ઑસ્ટ્રેલિયાની બે ખેલાડીએ ગુજરાત જાયન્ટ્સને રોમાંચક વિજય અપાવ્યો હતો.

ડબ્લ્યૂપીએલની ચોથી સીઝનની આ બીજી મૅચ હતી જેમાં ઑસ્ટ્રેલિયાની પ્લેયર ઑફ ધ મૅચ જ્યોર્જિયા વેરમ (૧૦ બૉલમાં અણનમ ૨૭ રન અને ૩૦ રનમાં બે વિકેટ) તથા કૅપ્ટન અને ઑસ્ટ્રેલિયાની જ ઍશ્લેઇ ગાર્ડનર (૬૫ રન, ૪૧ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર અને ૩૭ રનમાં એક વિકેટ)ના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની મદદથી ગુજરાતે ભારે રસાકસી બાદ ૧૦ રનથી વિજય મેળવ્યો હતો. આ ટૂર્નામેન્ટ શુક્રવારે શરૂ થઈ હતી.

### અંતિમ ઓવરમાં શું બન્યું?

ઑસ્ટ્રેલિયાની મેગ લેનિંગના સુકાનમાં યુપી વૉરિયર્ઝને જીતવા ૨૦૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ આ ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૯૭ રન કરી શકી હતી. ૨૦મી ઓવરમાં યુપીએ ૨૭ રન કરવાના હતા અને ૭/૧૮૭ના સ્કોર પર આ ટીમની કસોટી થવાની હતી. કૅરિબિયન બોલર ડીઍન્ડ્રા ડૉટિનની એ ઓવરના પહેલા બે બૉલમાં એક વિકેટ પડી હતી. ત્રીજા બૉલમાં શિખા પાન્ડેનો કૅચ છૂટ્યો હતો અને તેણે એક રન દોડી જતાં આશા શોભના (૨૭ અણનમ, ૧૦ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) સ્ટ્રાઇક પર આવી હતી. અંતિમ ત્રણ બૉલમાં તેના ૬, ૪, ૪ના સ્કોરિંગ શૉટ છતાં યુપીનો ૧૦ રનથી પરાજય થયો હતો.

ઑસ્ટ્રેલિયાની જ ફૉબે લિચફીલ્ડ (૭૮ રન, ૪૦ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર)ની હાફ સેન્ચુરી એળે ગઈ હતી. ગુજરાતની વેરમ ઉપરાંત રેણુકા સિંહ અને સૉફી ડિવાઇને પણ બે વિકેટ લીધી હતી.

### અનુષ્કા શર્માના ૪૪ રન

એ પહેલાં, ગુજરાતે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૭ રન કર્યા હતા જેમાં કૅપ્ટન ઍશ્લેઇ ગાર્ડનર (૬૫ રન)નો સૌથી મોટો ફાળો હતો. અભિનેત્રી અનુષ્કા શર્મા જેવું જ નામ ધરાવતી નવી ખેલાડી અનુષ્કા શર્મા (૪૪ રન, ૩૦ બૉલ, સાત ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૦૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. સૉફી ડિવાઇને ૩૮ રન, જ્યોર્જિયા વેરમે અણનમ ૨૭ રન અને ભારતી ફુલમાલીએ અણનમ ૧૪ રન કર્યા હતા. યુપીની સૉફી એકલ્સ્ટને બે વિકેટ તેમ જ શિખા પાન્ડે અને ડીઍન્ડ્રા ડૉટિને એક-એક વિકેટ લીધી હતી. ■

## સિંધુ સેમિ ફાઇનલમાં હારી ગઈ

ક્વાલા લમ્પુરઃ ભારતની ટોચની બૅડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુ મલયેશિયા ઓપન સુપર ૧૦૦૦ નામની સ્પર્ધાની સેમિ ફાઇનલમાં ચીનની વૉન્ગ ઝિયી સામે સ્ટ્રેઇટ ગેમથી હારી જતાં સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ હતી.

બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકેલી સિંધુનો ૧૬-૨૧, ૧૫-૨૧થી પરાભવ થયો હતો. સિંધુ પગની ઈજામાંથી મુક્ત થયા બાદ (ઘણા મહિને) પાછી રમવા આવી હતી.

સિંધુ એક સમયે વર્લ્ડ ચૅમ્પિયન બની હતી પણ ત્યાર બાદ તેનો દેખાવ નબળો પડતો ગયો છે. ■

## આજથી ફરી રો-કોની આતશબાજી જોવા તૈયાર થઈ જાઓ

### વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે રોહિત-કોહલીના સ્પેશ્યલ શૉ પર સૌની નજરઃ બપોરે ૧.30 વાગ્યાથી લાઇવ

વડોદરાઃ ભારતના બે બૅટિંગ-લેજન્ડ રોહિત શર્મા અને વિરાટ કોહલી (રો-કો)ની ફટકાબાજીની મોસમ પાછી આવી ગઈ. આજે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડ સામે વન-ડે સિરીઝની પ્રથમ મૅચ (બપોરે ૧.૩૦ વાગ્યાથી લાઇવ) રમાશે. બન્ને દિગ્ગજ ખેલાડી હવે માત્ર વન-ડે અને આઇપીએલમાં જ રમતા જોવા મળે છે એટલે તેમના ચાહકો તેમની એક-એક બૉલની બૅટિંગ જોવા આતુર હશે.

### ૦-૩ની ટેસ્ટની હારનો બદલો લેવાનો છે

૨૦૨૫ની સાલના અંત ભાગમાં ભારતે ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં ૦-૩થી પરાજય જોવો પડ્યો હતો. જોકે હવે વન-ડે શ્રેણીમાં તેમના એવા જ (૩-૦) હાલ કરવાની તક ઝડપી લેવા જેવી છે, કારણકે શુભમન ગિલના સુકાનમાં ભારત પોતાની સૌથી મજબૂત ટીમ આ શ્રેણીમાં ઊતારી રહ્યું છે. શ્રેયસ ઐયર ઘણા વખતે કમબૅક કરી રહ્યો છે અને તે ટીમનો વાઇસ-કૅપ્ટન છે. ૨૦૨૭ના વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને સિલેક્ટર્સ વન-ડે ટીમ તૈયાર કરી રહ્યા છે.

### ભારતમાં કિવીઓ વન-ડે સિરીઝ નથી જીત્યા

રોહિત અને કોહલી સહિત મોટા ભાગના ભારતીય ખેલાડીઓ વિજય હઝારે ટ્રોફી સહિતની ડોમેસ્ટિક મૅચોમાં ધમાલ મચાવીને વડોદરા આવ્યા છે એટલે કિવીઓએ તેમની સામે ચેતવું પડશે. ભારતીય ક્રિકેટપ્રેમીઓ માટે એક ખુશખબર એ છે કે ભારતની ધરતી પર ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓ ક્યારેય વન-ડે સિરીઝ કે વન-ડે ટૂર્નામેન્ટ નથી જીત્યા એટલે ઇતિહાસ પૂર્ણપણે શુભમન ગિલ ઍન્ડ કંપનીની તરફેણમાં છે.

### ન્યૂ ઝીલૅન્ડની ટીમ કેમ નબળી છે?

માઇકલ બ્રેસવેલના સુકાનમાં ભારત આવેલી ન્યૂ ઝીલૅન્ડની ટીમના ૧૫માંથી આઠ ખેલાડી આ અગાઉ ભારતમાં ક્યારેય નહોતા રમ્યા, બે ખેલાડીને એકેય આંતરરાષ્ટ્રીય મૅચનો અનુભવ નથી, એક કિવી પ્લેયર પહેલી જ વખત વન-ડે ફૉર્મેટમાં રમશે, પાંચ ખેલાડી ૧૦ કરતાં પણ ઓછી વન-ડે રમ્યા છે, મુખ્ય બોલર્સ મિચલ સૅન્ટનર તેમ જ માર્ક ચૅપમૅન અને મૅટ હેન્રી ઈજામુક્ત થઈને પાછા રમવા આવ્યા છે.

ટૉમ લૅથમની પત્ની બાળકને જન્મ આપવાની હોવાથી ટૉમ પૅટરનિટી લીવ પર છે, જ્યારે આ ટૂર સાથે સાઉથ આફ્રિકાની એસએ૨૦ ટૂર્નામેન્ટની તારીખો ટકરાઈ રહી હોવાથી તે ભારત નથી આવ્યો.

### બન્ને દેશની સંભવિત ઇલેવન

ભારતઃ શુભમન ગિલ (કૅપ્ટન), શ્રેયસ ઐયર (વાઇસ કૅપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, હર્ષિત રાણા, કુલદીપ યાદવ, અર્શદીપ રાણા અને મોહમ્મદ સિરાજ.

ન્યૂ ઝીલૅન્ડઃ માઇકલ બ્રેસવેલ (કૅપ્ટન), ડેવૉન કૉન્વે, નિક કેલી, વિલ યંગ, ડેરિલ મિચલ, હેન્રી નિકૉલ્સ, ગ્લેન ફિલિપ્સ, ઝૅક ફૉક્સ, કાઇલ જૅમીસન, માઇકલ રે અને આદિત્ય અશોક. ■



વડોદરામાં ગઈ કાલે પ્રૅક્ટિસ સેશન દરમ્યાન રવીન્દ્ર જાડેજા. (પીટીઆઇ)

## દરેક વર્લ્ડ કપ પહેલાં અમારે કોઈને કોઈ મુસીબત સહેવી પડી છેઃ બાંગ્લાદેશનો ટેસ્ટ કૅપ્ટન

ઢાકાઃ બાંગ્લાદેશના ટેસ્ટ કૅપ્ટન નજમુલ હોસૈન શૅન્ટોએ કહ્યું છે કે 'બાંગ્લાદેશના ક્રિકેટરોએ દરેક મોટી ટૂર્નામેન્ટ પહેલાં કોઈને કોઈ મોટી મુસીબતનો સામનો કરવો જ પડતો હોય છે અને એ કઠિન સમયમાં પણ પોતાના માટે બધુ ઠીક છે એવી ઍક્ટિંગ કરવી પડતી હોય છે. આગામી ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં પણ એવું જ બની રહ્યું છે.'

સાતમી ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે અને એમાં બાંગ્લાદેશની ટીમ અસલામતીના કારણસર ભારતમાં રમશે કે નહીં એ વિશેની અનિશ્ચિતતા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થઈ રહી હોવાથી બીસીસીઆઇની સૂચનાને પગલે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ હરાજીમાં ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદેલા પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને સ્ક્વૉડમાંથી કાઢી નાખ્યો છે. એ નિર્ણયને પગલે હવે બાંગ્લાદેશ પોતાના ખેલાડીઓને ભારતમાં વર્લ્ડ કપની મૅચો રમવા મોકલવા તૈયાર નથી અને શ્રીલંકામાં એ મૅચો રાખવાનો આગ્રહ આઇસીસી સમક્ષ રાખે છે.

૧૪૦થી પણ વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમી ચૂકેલા ૨૭ વર્ષના બૅટ્સમૅન શૅન્ટોએ શુક્રવારે ઢાકામાં પત્રકારોને કહ્યું, 'અમે કોઈ પણ વર્લ્ડ કપમાં સારું નથી રમી શક્યા. તમે યાદ કરજો, બાંગ્લાદેશના ક્રિકેટરોએ દરેક વર્લ્ડ કપ પહેલાં કોઈને કોઈ મુસીબતનો સામનો કરવો જ પડ્યો છે. આવું બને એટલે અમારા મન પર અવળી અસર થતી જ હોય છે, પણ અમે પ્રોફેશનલ ક્રિકેટરો છીએ એટલે કંઈ જ બન્યું જ નથી અને ચિંતાની કોઈ વાત છે જ નહીં એવી ઍક્ટિંગ અમારે કરવી પડતી હોય છે.'

ભૂતપૂર્વ બાંગ્લાદેશી ક્રિકેટર તમીમ ઇકબાલે ભારત સાથેની મડાગાંઠ ઉકેલવામાં ખૂબ સંયમ રાખવાની અને વ્યવહારું અભિગમ અપનાવવાની વાત કરી એટલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના ડિરેક્ટર નજમુલ ઇસ્લામ ગુસ્સે થયા છે અને તેણે તમીમને ભારતના એજન્ટ તરીકે ઓળખાવ્યો છે. જોકે શૅન્ટોએ તમીમ સાથે આવી ટિપ્પણી કરવા બદલ નજમુલની ટીકા કરી હતી.

## વૈભવના સાત છગ્ગા, નવ ચોગ્ગાઃ ભારત જીત્યું

બુલવૅયોઃ ૧૪ વર્ષના ટૅલન્ટેડ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીની સમગ્ર ક્રિકેટ જગતમાં બોલબાલા છે અને એની ઝલક સ્કૉટલૅન્ડની ક્રિકેટ ટીમે અહીં શનિવારે જોઈ લીધી હતી, જેમાં તેણે સાત છગ્ગા અને નવ ચોગ્ગાની મદદથી ૫૦ બૉલમાં ૯૬ રનનો ખડકલો કરીને ભારતની અન્ડર-૧૯ ટીમને ખૂબ જ સારી સ્થિતિમાં લાવી દીધી હતી.

ઝિમ્બાબ્વેના બુલવૅયોમાં ગુરુવાર, ૧૫મી જાન્યુઆરીએ અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે અને એ પહેલાં વન-ડે વૉર્મ-અપ રાઉન્ડ ચાલી રહ્યો છે. એમાં શનિવારે સૂર્યવંશીએ સ્કૉટલૅન્ડના ખેલાડીઓને પોતાનું ફૉર્મ પ્રત્યક્ષ બતાવી દીધું હતું. કૅપ્ટન આયુષ મ્હાત્રે (બાવીસ રન) ૭૦ રનની સૂર્યવંશી સાથેની પ્રારંભિક ભાગીદારી કરીને આઉટ થઈ ગયો હતો, પણ ખુદ સૂર્યવંશીએ આરૉન જ્યોર્જ (૬૧ રન) સાથે પણ મોટી પાર્ટનરશિપ કરી હતી. બન્ને વચ્ચે બીજી વિકેટ માટે ૭૮ રનની ભાગીદારી થઈ હતી.

સૂર્યવંશી ફક્ત ચાર રન માટે સેન્ચુરી ચૂકી ગયો એનો તેને અફસોસ જરૂર હશે, પરંતુ તેણે બૅટિંગમાં ટીમ માટે જે પાયો નાખી આપ્યો હતો એની ઘણી સારી અસર થઈ હતી, કારણકે પછીથી વિહાન મલ્હોત્રા (૭૭ રન) અને વિકેટકીપર અભિજ્ઞાન કુન્ડુ (પંચાવન રન)એ પણ હાફ સેન્ચુરી ફટકારી હતી. ટૂંકમાં, ટોચના પાંચમાંથી ચાર બૅટ્સમેને હાફ સેન્ચુરી કરી હતી અને ટીમનો સ્કોર ૩૨૫-પ્લસ થઈ શક્યો હતો. ૪૫મી ઓવરને અંતે ભારતીય ટીમનો સ્કોર પાંચ વિકેટે ૩૩૧ રન હતો. થૉમસ નાઇટ સ્કૉટલૅન્ડનો કૅપ્ટન છે.

### અન્ડર-૧૯ ટીમ ૧૨૧ રનથી જીતી

બુલવૅયોમાં સ્કૉટલૅન્ડ અન્ડર-૧૯ સામેની પ્રૅક્ટિસ-મૅચમાં ભારતની અન્ડર-૧૯ ટીમે વરસાદના વિઘ્ન બાદ ડકવર્થ/લુઇસ પધ્ધતિ લાગુ પડ્યા બાદ ૧૨૧ રનના તફાવતથી વિજય મેળવ્યો હતો.

ભારતીય ટીમે આઠ વિકેટે ૩૭૪ રન કર્યા હતા. સ્કૉટલૅન્ડની ટીમના ૧૦ બોલરે બોલિંગ કરી હતી એમ છતાં ભારતીય ટીમને તોતિંગ સ્કોરથી વંચિત નહોતા રાખી શક્યા. સ્કૉટલૅન્ડની ટીમ ભારતના સાત બોલર્સના આક્રમણ વચ્ચે નિર્ધારિત ૨૩.૨ ઓવરમાં ૨૩૪ રનને બદલે નવ વિકેટે ૧૧૨ રન કરી શકી હતી અને હારી ગઈ હતી. મોડાસાના ખિલન પટેલે માત્ર ચાર રનમાં ત્રણ વિકેટ લીધી હતી. દીપેશ દેવેન્દ્રને ૧૪ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી. ■

## ગાવસકરે જેમિમાને આપ્યું બૅટવાળું ગિટાર

મુંબઈઃ ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે ગયા વર્ષે ઑક્ટોબર-નવેમ્બરના મહિલાઓના વન-ડે વર્લ્ડ કપ વખતે ભારતીય ઑલરાઉન્ડર જેમિમા રૉડ્રિગ્સને જો તે ભારતને વર્લ્ડ કપની પ્રથમ ટ્રોફી અપાવશે તો તેઓ બૉલીવૂડના ખૂબ લોકપ્રિય ગીત પર તેની સાથે પર્ફોર્મ કરશે એવું જે વચન આપ્યું હતું એ તેમણે પાળ્યું છે. ગાવસકરે જેમિમાને બૅટના આકારમાં ખાસ બનાવેલું ગિટાર ગિફ્ટ આપ્યું છે.

જેમિમાને ગિટાર વગાડવાનો ખૂબ શોખ છે. તે ભારતીય ટીમના ડ્રેસિંગ-રૂમમાં તેમ જ ફૅમિલી ફંક્શનમાં સ્ટેજ પર ગિટાર સાથે પર્ફોર્મ કરતી હોય છે. તેણે ઑક્ટોબર, ૨૦૨૫માં વર્લ્ડ કપની ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલના ધમાકેદાર પર્ફોર્મન્સમાં અણનમ ૧૨૭ રન કરીને ભારતને ફાઇનલમાં પહોંચાડ્યું હતું અને પછી ફાઇનલમાં ભારતે સાઉથ આફ્રિકાને હરાવીને ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી હતી. ■

ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન ગાવસકરે બૅટના આકારમાં બનાવડાવેલું ગિટાર જેમિમાને ભેટ આપતાં પહેલાં તેને સૌથી પહેલાં તો વર્લ્ડ કપના વિજય બદલ અભિનંદન આપ્યા હતા અને પછી તેને બૅટવાળું ગિટાર આપ્યું હતું. બન્ને વચ્ચે ક્રિકેટને લગતી ઘણી હળવી વાતચીત પણ થઈ હતી અને સની ગાવસકરે સોશ્યલ મીડિયામાં મજાકમાં લખ્યું, 'આ મુલાકાતના દિવસે મેં ઓપનિંગ નહોતું કર્યું.' સનીનો કહેવાનો અર્થ એ હતો કે બૅટવાળા ગિટારનું તેમણે નહીં, પણ જેમિમાએ ઓપનિંગ કર્યું હતું.

આ મુલાકાત દરમ્યાન ગાવસકર અને જેમિમાએ સાથે મળીને 'શોલે' ફિલ્મનું કિશોર કુમાર તથા મન્ના ડેવાળું ' યે દોસ્તી' ગીત ગાયું હતું. જેમિમાએ ગિટાર પર એ ગીતની ધૂન વગાડીને પોતાની કલા બતાવી હતી. જેમિમાએ પછીથી ઇન્સ્ટાગ્રામ પર લખ્યું, 'સુનીલ સરે વચન પાળ્યું. તેમણે મને ગિફ્ટ આપેલું બૅટના આકારનું ગિટાર મારા માટે સ્પેશ્યલ છે.' ■



બૅટિંગ લેજન્ડ સુનીલ ગાવસકરે જેમિમાને બૅટના આકારમાં ખાસ બનાવેલું ગિટાર ગિફ્ટ આપ્યું છે. તેમણે જેમિમાને ઑક્ટોબરમાં જે વચન આપ્યું હતું એ પાળ્યું છે. ■

## આઇસીસી તરફથી હજી કોઈ જવાબ નથી મળ્યોઃ બાંગ્લાદેશ

ઢાકાઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના ચીફ અમિનુલ ઇસ્લામ બુલબુલે શુક્રવારે કહ્યું હતું કે ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો માટે અમે અમારી ટીમને સલામતીના મુદ્દે ભારત નથી મોકલવા માગતા એ વિશે આઇસીસીને અમે જે બે વખત પત્ર લખ્યા એના પર આઇસીસી તરફથી કોઈ જવાબ નથી મળ્યો. વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થશે. એની મૅચો ભારત તેમ જ શ્રીલંકામાં રમાશે. બાંગ્લાદેશના ક્રિકેટરોની ત્રણ મૅચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં અને એક મૅચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે.ભારતે આઇપીએલમાંથી (કેકેઆરની ટીમમાંથી) પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને કાઢી નાખ્યો એના પ્રત્યાઘાતમાં બાંગ્લાદેશ પોતાના ખેલાડીઓને ભારત નથી મોકલવા માગતું. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા હોવાથી બન્ને દેશ વચ્ચેના સંબંધો હાલમાં તંગ છે. ■

# બીજાના પ્રદેશ હડપ કરી જવાના તોફાને ચઢેલા ટ્રમ્પની સનક આખી દુનિયાને ડૂબાડશે?

**વેનેઝુએલા પર હુમલો કર્યા પછી મેક્સિકો- કોલમ્બિયા- ક્યુબા- ગ્રીનલેન્ડ, ઈત્યાદિ દેશોને પણ હસ્તગત કરી લેવાની ધમકી આપીને અમેરિકાના તુંડમિજાજી ટ્રમ્પે દુનિયાભરમાં ફફડાટ ફેલાવી દીધો છે... સરમુખત્યારગીરી કરતાં આ ગાંડિયા શાસકને ખુદ અમેરિકાની પ્રજા જ ઘરભેગા કરીને એની સાન ઠેકાણે લાવી શકે તેમ છે...**



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારથી અમેરિકાને ફરી મહાન બનાવવાના બહાને આડેધડ નિર્ણયો લઈ રહ્યા છે. એમાંય છેલ્લા કેટલાક સમયથી તો ટ્રમ્પે માઝા જ મૂકી દીધી છે. ટ્રમ્પે ભારત, ચીન, રશિયા સહિતના દેશોને દબડાવવા માટે લીધેલા નિર્ણયોની ધારી અસર ના થઈ તેથી ફૂંગરાઈને પોતાની મનમાનીને તાબે નહીં થતા અને સામે થતાં દેશોને સાવ પતાવી દેવા માગતા હોય એ રીતનું વર્તન શરૂ કર્યું છે.

એક તરફ ટ્રમ્પે વેનેઝુએલા પર હુમલો કરીને લેટિન અમેરિકન દેશોમાં ફફડાટ ફેલાવી દીધો છે તો બીજી તરફ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકી આપીને યુરોપના પોતાના જ સાથી દેશોને પણ નારાજ કરી દીધા છે. ટ્રમ્પ ગાઝા પટ્ટીને સપાટ મેદાન બનાવીને રિસોર્ટ બનાવવાની દિશામાં પણ આગળ વધી રહ્યા છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને યુક્રેન સામે યુદ્ધવિરામ ના સ્વીકાર્યો તેનાથી અકળાયેલા ટ્રમ્પે રશિયા સાથે આર્થિક સંબધો રાખતા ભારત, ચીન, બ્રાઝિલ સહિતના દેશોને દબડાવવા માટે ૫૦૦ ટકા ટૅરિફ લાદતા બિલને પણ મંજૂરી આપી દીધી છે. આ તો ટ્રમ્પના મુખ્ય કારનામાઓની વાત કરી, બાકી નાનું નાનું તો ઘણું છે. ઈરાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં લોકોને ભડકાવીને ઊભી કરેલી અશાંતિ સહિતનાં ટ્રમ્પનાં સનકી પગલાંની વાત કરવા બેસીશું તો લેખ જ પૂરો નહીં થાય.

આ બધા વચ્ચે આઘાતજનક વાત પાછી એ છે કે, ટ્રમ્પ પોતાનું ધાર્યું કરાવવા માટે આંતરરાષ્ટ્રીય કાયદાઓની ઐસીતૈસી કરી રહ્યા છે અને નીતિ- નિયમોને કોરાણે મૂકીને બિલકુલ ફાટીને ધુમાડે ગયા હોય એ રીતે વર્તી રહ્યા છે. વેનેઝુએલા અને ભારત સામેનું વલણ તેના જીવતાજાગતા પુરાવા છે. અમેરિકાએ વેનેઝુએલા પર આક્રમણ કરીને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્નીને ઉઠાવી લીધાં તેમાં આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ થયો હોવાનું ખુદ યુનાઈટેડ નેશન્સે કહ્યું છે. વેનેઝુએલામાં ચૂંટાયેલી સરકારના વડા માદુરોનું જે રીતે એ ‘અપહરણ’ કરી આવ્યા એ જોતાં તો એ બીજા દેશની આંતરિક બાબતમાં દખલ કહેવાય, પણ ટ્રમ્પ બેશરમ બનીને એ દખલ કરી રહ્યા છે.

માદુરો સામેના કેસના મુદ્દે પણ અમેરિકા ગુંડાગીરી કરી રહ્યું હોવાની છાપ પડી છે. માદુરો સામે અમેરિકામાં ડ્રગ્સ અને શસ્ત્રો ઘુસાડવાનો આરોપ મૂકીને ટ્રમ્પ સરકારે ખટલો શરૂ કર્યો છે. એક દેશની ચૂંટાયેલી સરકારના વડા સામે આ રીતે બીજા દેશમાં કોઈ પણ પુરાવા વિના કઈ રીતે કેસ ચલાવી શકાય? અમેરિકામાં તો ટ્રમ્પ સામે એવા સવાલ પૂછાય રહ્યા છે કે માદુરો અમેરિકામાં શસ્ત્રો-ડ્રગ્સ ઘુસાડે છે તો ટ્રમ્પ અને તેમની તાબેદાર એજન્સીઓ શું જખ મારી રહી છે? આ તો ખરેખર ટ્રમ્પ સરકારની નિષ્ફળતા બતાવે છે. તેના માટે લાજવાના બદલે ટ્રમ્પ વેનેઝુએલાને ખેદાનમેદાન કરવા માટે મેદાનમાં આવી ગયા છે.

ટ્રમ્પની ગ્રીનલેન્ડ અને ગાઝા પટ્ટી હડપ કરવાની માનસિકતા સામે પણ આક્રોશ છે. ગ્રીનલેન્ડ અત્યારે ડેન્માર્કનો

સ્વાયત્ત પ્રદેશ છે. આર્કટિક વિસ્તારની નજીક હોવાથી ગ્રીનલેન્ડનું વ્યૂહાત્મક મહત્ત્વ બહુ છે. ટ્રમ્પે એવી થીયરી વહેતી કરી છે કે, ચીન-રશિયા ગ્રીનલેન્ડ હડપ કરવા માગે છે અને ડેન્માર્કની ચીન-રશિયા સામે ટકવાની તાકાત નથી તેથી ગ્રીનલેન્ડ અમેરિકાને સોંપી દેવું જોઈએ. ટ્રમ્પની વાત વાહિયાત છે કેમ કે ડેન્માર્ક તો ‘નાટો’નો હિસ્સો છે.

આ સંજોગોમાં ગ્રીનલેન્ડનું રક્ષણ કરવાની જવાબદારી અમેરિકાના નેતૃત્વ હેઠળના ‘નાટો’ ની છે. રશિયા કે ચીન એવાં મૂરખ નથી જ કે, ‘નાટો’ના સભ્ય દેશ પર હુમલો કરીને પેટ ચોળીને શૂળ ઊભું કરે કેમ કે ગ્રીનલેન્ડ પર હુમલો થાય પછી અમેરિકા કંઈ ના કરે તો પણ યુરોપના દેશો તો ડેન્માર્કની વહારે આવવાના જ છે. ચીન-રશિયા બંનેનાં આર્થિક હિતો મોટા પ્રમાણમાં યુરોપ સાથે જોડાયેલાં છે તેથી ગ્રીનલેન્ડ પર હુમલાનો ખતરો જ નથી, પણ ટ્રમ્પ પોતાની લાલસા પૂરી કરવા વાહિયાત તર્ક આપી રહ્યા છે. ગાઝા પટ્ટીને ખાલી કરાવીને રિસોર્ટ બનાવવાનો તુક્કો પણ ટ્રમ્પની હલકી માનસિકતાનો જ પુરાવો છે.

ટ્રમ્પે ભારત, ચીન, બ્રાઝિલ સહિતના દેશો રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદે છે તેના જવાબમાં આ દેશો પર ૫૦૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી જ નથી આપી પણ તેને લગતું બિલ પણ મંજૂર કરી દીધું છે. ભારત, ચીન, બ્રાઝિલ કંઈ ઈરાન કે ઉત્તર કોરિયા જેવા હાંસિયામાં ધકેલાયેલા દેશો નથી પણ દુનિયાના આર્થિક નકશામાં સૌથી વધુ વજનદાર દેશોમાં સ્થાન પામે છે. અમેરિકા તેમના પર ૫૦૦ ટકા ટૅરિફ લાદે એટલે તેમનો માલ અમેરિકામાં આવતો બંધ થઈ જાય. બીજા શબ્દોમાં ટ્રમ્પ આ ત્રણેય દેશોનો આર્થિક બહિષ્કાર કરવાની વાત કરી રહ્યા છે. ટ્રમ્પ ખરેખર ૫૦૦ ટકા ટૅરિફ લાદે તો તેના કારણે આ દેશો સાથે આર્થિક વ્યવહાર કરતા બીજા દેશોનાં અર્થતંત્રને તો ફટકો પડે એની સાથે આખી દુનિયાનું અર્થતંત્ર ડામાડોળ થઈ જાય.

ટ્રમ્પના ઉધામા જોતાં - વર્તન જોતાં લાગે કે, ટ્રમ્પની માનસિક સ્થિતી બરાબર નથી. ટ્રમ્પ પ્રમુખ તરીકે પહેલી ઈનિંગમાં સદંતર નિષ્ફળ ગયેલા અને તેના કારણે અમેરિકાને પ્રજાએ તેમને ઘરભેગા કરી દીધેલા. અમેરિકાની પ્રજાને આંબા-આંબલી બતાવીને ફરી સત્તામાં આવેલા ટ્રમ્પના માથા પર હવે અમેરિકાને ફરી મહાન બનાવીને અમર થઈ જવાની સનક સવાર થઈ ગઈ છે. આવી મનમાની માટે તેમણે આખી દુનિયાનો માહોલ બગાડી દીધો છે. ટ્રમ્પ દુનિયાના શાંતિદૂત બનવાના દાવા કરે છે, પણ ખરેખર તો એ વિનાશના દૂત બનીને દુનિયાભરના દેશોમાં અશાંતિ અને અરાજકતા ભડકાવી રહ્યા છે.

ટ્રમ્પની આ માનસિક બીમારીનો કોઈ ઈલાજ અત્યારે તો દેખાતો નથી, પણ અમેરિકાની પ્રજા જાગે ને ટ્રમ્પ સામે પ્રચંડ વિરોધ ઊઠે તો જ એ સીધા થાય એમ છે. બાકી દુનિયાના બીજા કોઈ નેતાની કે દેશની તાકાત નથી કે ટ્રમ્પને નાથી શકે. ચિંતાની વાત પાછી એ છે કે, ટ્રમ્પને પ્રમુખ બન્યે હજુ એક જ વર્ષ થયું છે અને તેમની ટર્મમાં બીજાં ત્રણ વર્ષ બાકી છે. એક જ વર્ષમાં ટ્રમ્પે જે રીતનો કાળો કેર વર્તાવી દીધો છે એ જોતાં આગામી ત્રણ વર્ષમાં કેવા કેવા અગનખેલ કરશે તેની કલ્પના માત્ર થથરાવી મૂકે તેવી છે.

આશા રાખીએ કે, ખુદ અમેરિકાની પ્રજા જ એમના આવા ‘ગાંડાં’ કાઢતા પ્રમુખ ટ્રમ્પને ઘરભેગા કરીને દુનિયામાં શાંતિ સ્થાપવામાં મદદ કરે. બાકી આ સનકી ટ્રમ્પ દુનિયાનું ધનોતપનોત કાઢી નાખશે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સોશ્યલ મીડિયાનો ઓવરડોઝ...

## ઘણીવાર બધું શેર કરવા જેવું પણ નથી હોતું

વર્ષ ૨૦૦૯ પછી આઈફોન અને એન્ડ્રોઈડનો યુગ શરૂ થયો. વૉટ્સએપ નામની મેસેજિંગ એપ્લિકેશનમાં સતત આવતી અપડેટથી નાગરિકો એ રીતે ટેવાયા કે, પર્ફેક્ટ રીતે ટાઈપ કરવાની આદત પડી ગઈ પછી એમાં એડિટ અને પરમેનન્ટ ડિલિટનો ઓપ્શન આવ્યો. સોશ્યલ મીડિયાના પાયામાં ઓરકુટ હતું, એ પછી આવ્યું ફેસબુક અને ટ્વિટર. સોશ્યલ મીડિયા વિશાળ થતું ગયું અને બીજા પ્લેટફોર્મ પણ તૈયાર થતા ગયા. થ્રેડ એની છેલ્લી એડિશન માની શકાય પણ સ્વીકારી ન શકાય.




આ પાછળનું કારણ એ છે કે, ‘સ્નેપ’ નામની એપ્લિકેશને ફોટો ક્લેરિટીમાં અને ફિચર્સમાં અન્નકુટ જેવો થાળ પીરસી દીધો છે. હવે સમય એવો છે કે, સોશ્યલ મીડિયા દરેકના જીવનનો એક ભાગ બની ચૂક્યું છે. ફોટો ઓપ્શનથી ફોટો પોસ્ટના શેરિંગ સુધી એક જ ક્લિક પર બધુ મળી જતા બધુ આરામ કા મામલ હૈ ની જેમ પોસ્ટ થવા લાગ્યું છે. એમાં પણ ફેસબુકે પેજ, ગ્રૂપ, કોમ્યુનિટી અને મેટા એપ જેવા બહુવિધ વિકલ્પો આપી દેતા ડિજિટલ જલસો પડ્યો છે.

આ પછીના તબક્કામાં શરૂ થઈ લાઈક્સ અને ફોલોઅર્સ માટેની રેસ. ફોલોઅર્સની સંખ્યા વધારવા અને લાઈક્સના કાઉન્ટ વધારવા મન ફાવે એવા તુક્કા અજમાવવાનું શરૂ થયું. સોશ્યલ મીડિયાએ વીડિયો પ્લેટફોર્મને હાથવગુ બનાવી દેતા હવે વંચાતું નથી એટલું જોવાય છે. આ પણ હકીકત છે. વીડિયો બનાવવા માટે જોખમી ખેલ સ્વીકાર્ય નથી. ઓસ્ટ્રેલિયામાં ન્યૂયર સેલિબ્રેશન વખતે મસ્ત ફટાકડા ફૂટતા જોવા લાખો લોકો જોવા એકઠા થયા હતા. એ સમયે સૌ કોઈ પોતાના સેલફોન કાઢીને એને રેકોર્ડ કરતા હતા. એક ફોટોગ્રાફર એવી ક્લિક પાડી કે, બધાના હાથમાં મોબાઈલ જ દેખાયા. ફોટો વાયરલ પણ એટલો જ થયો. સોશ્યલ મીડિયામાં એક સરસ કેપ્શન કોઈએ આપ્યું. આપણે લાઈવ વસ્તુને રેકોર્ડ કરીને જોવાની ટેવ પડી ગઈ છે. ઓસ્ટ્રેલિયામાં બાળકોને સોશ્યલ મીડિયાથી દૂર રાખવા માટે ૪૨ ટકા વાલીઓએ પણ સોશ્યલ મીડિયા છોડી દીધુ. વાતનો મુદ્દો એ છે કે, સોશ્યલ મીડિયા પર શું શેર કરવું અને શું શેર ક્યારેય ન કરવું. કેટલો ઉપયોગ એ દરેક વ્યક્તિની સમજદારી પર નિર્ભર છે.

**આટલું ક્યારેય ન કરવું...**

આધારકાર્ડ કે પાનકાર્ડમાં કેટલાક જરૂરી અપડેશન કરાવવા જાવ છો અને સર્વર સ્લો આવે છે તો સિસ્ટમ પર ભડાશ કાઢવાના આવેશમાં પાનકાર્ડ કે આધારકાર્ડના ફોટો સાથે કોઈ ફોર્મ કે પ્રોસિજરના ફોટો કોઈ જ પ્લેટફોર્મ પર પોસ્ટ ન કરશો. તમારા આધારકાર્ડ પરથી સિમકાર્ડ નીકળી જશે તો ખબર પણ નહીં પડે અને પોલીસ આધારકાર્ડ ધારકને ખખડાવશે. જન્મતારીખ સુધી બરોબર છે કે, આપણા નેટવર્કમાં રહેલા લોકો વિશ કરે. આ પછીના નંબરે કોઈ ઘરનું સરનામું, ઓફિસના લોકેશન, કોમ્પ્લેક્સ કે બીજી કોઈ વિગત ન આપવી જ હિતકારક છે. સાયબર ગઠિયાઓ જ્યારે શિકાર શોધે છે ત્યારે સોશ્યલ મીડિયા એમનું પહેલું પગથિયું હોય છે.

બને ત્યાં સુધી અજાણી લિંક પર ક્લિક કરવાનું ટાળો. લિંક મેસેજમાં આવી હોય તો કોપી કરીને સોશ્યલ મીડિયા પર જાણકારી હેતું શેર કરવાનું પણ ટાળો. આ પાછળનું કારણ એ છે કે, જ્યારે આવી લિંક ટ્રેસ થાય છે ત્યારે તમારું સોશ્યલ મીડિયા એકાઉન્ટ પણ સાયબર ગઠિયાઓના નજરે ચડે છે. પછી ઈમેઈલ પરથી પાસવર્ડ ક્રેક થતાં વાર નથી લાગતી. આ સમગ્ર માયાજાળને સાયબર ટેકનિકની ભાષામાં ‘ફિશિંગ’ કહેવાય છે જેમાં મોટાભાગના કેસમાં કોઈ ઓનલાઈન શોપિંગ માટેની સાઈટના જ એડ્રેસ હોય છે. લિંક હોય છે. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામની ઓફર્સ પર ક્લિક કરવાનું ટાળો. આવી કોઈ લિંક આવે તો પહેલા એ ચકાસો કે, એની કોઈ ઓફિશિયલ વેબસાઈટ છે કે નહીં. એના પેજ અને એકાઉન્ટની તપાસ કરો. પછી ભૂલથી જો ક્લિક વાગી જાય તો એપ્લિકેશન મારફતે જવાના બદલે એકવાર એની ઓફિશિયલ વેબસાઈટ પરથી આગળ વધો.

ટ્રાવેલ એન્જોય કરવાની મજા અલગ હોય છે. ખાસ કરીને રોડ ટ્રિપ પર નીકળીએ ત્યારે રસ્તાના, કિલોમીટર દેખાડતા માઈલસ્ટોનના, સાઈનબોર્ડના અને નેશનલ હાઈ-વેના ફોટો મોટાભાગના લોકો પોસ્ટ કરે છે. આમાં કંઈ વાંધો નથી. વીડિયો લવર્સ હવે મેપ પર ટ્રેન કે પ્લેનના એનિમેશનથી આખો રૂટ શેર કરતા હોય છે. આ જે તે શહેરના ચોર અને બીજા ગઠિયાઓને આમંત્રણ દેવા જેવું છે. કેવી રીતે? આવી કોઈ પોસ્ટ વાયરલ થાય કે સારું એનિમેશન હોય તો બીજે એને ઉદાહરણ તરીકે શેર કરે ત્યારે સાયબર ગઠિયા એની પ્રોફાઈલમાં લાસ્ટ શું કર્યું એ ચેક કરે છે. તમામ વસ્તુ લોક હોય તો પણ બીજાના કોઈ પ્રસંગમાં તમારી હાજરી કે ઉપસ્થિતિ હોય એ ટ્રેક થાય છે. એ પછી ટ્રાવેલ કરતી વખતે મેપ યુઝ કરવા લોકેશન તો ઓન જ હોય એટલે ખ્યાલ આવે છે કે, આ મહાશય ગામમાં નથી. પછી ખેલ પડી જાય છે. એરટિકિટ (ખાસ કરીને ફ્લાઈટ અને નંબર), કોઈ સિટી બસની ટિકિટ (એમાં પણ રૂટ), પીએનઆર નંબર, ટ્રેન હોય તો એના એક્ઝેટ લોકેશન, રૂટ લોકેશન, ફોટો ક્લિક કર્યો હોય તો એનું મેપમાં સ્થાન ક્યાં છે, કોઈ લેન્ડમાર્ક પાસે ફોટો હોય તો મેપ કરવાની જરૂર નથી, જેમ કે, સીએસટી ટર્મિનલ, કનેક્ટિંગ ફ્લાઈટ હોય તો ટાઈમિંગ. આ બધા પાછળ કેટલાક કોમન કોડ હોય છે જે ટ્રેક થતા વાર નથી લાગતી.

**શું કરી શકાય...**

એક જ ઉદાહરણ લઈને ટ્રાવેલવાળી વાતને જ આગળ વધારીએ અને સમજીએ. લોકેશન પર કોઈ ફિલ્મી સીન કે ગીત શૂટ થયું હોય તો એની સાથે મેચ કરી પોસ્ટને યુનિક બનાવી શકો. જે તે ફિલ્મનું હેશટેગ બનાવી શકો. ટ્રાફિક પણ મળશે અને લોકોને પણ ગમશે.. ■

**આઉટ ઓફ બોક્સ**

*વર્ષ ૨૦૧૭ માં ‘ફેસબુકે’ પોસ્ટ મોનિટરિંગ શરૂ કર્યું. જે પોસ્ટમાં ફ્રોડ કન્ટેન્ટ મળે એને કાયમી ધોરણે બ્લોક કરવા નિર્ણય કર્યો, જે હજુ લાગુ છે.*

સૉલ ઓફ ટૂર

# જાપાન અનકવર્ડઃ હિડન વિલેજો, ટાઈમલેસ કિલ્લાઓ અને ક્યુરેટેડ જર્નીઝ



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

*ઔરોરા ટ્રાવેલ્સના ધવલ જાંગલા જણાવે છે કે તેઓ નિષ્ણાત માહિતીસભર અને વિચારપૂર્વક ક્યુરેટેડ પ્રવાસ યોજનાઓ પ્રદાન કરે છે જે જાપાનમાં અધિકૃત અને ઇમર્સિવ અનુભવ પ્રદાન કરે છે. મજબૂત સ્થાનિક આંતરદૃષ્ટિ, ઝીણવટભર્યા આયોજન અને ઉચ્ચ-ગુણવત્તાવાળી ગ્રાહક સેવા સાથે, ઔરોરા ખાતરી કરે છે કે પ્રવાસીઓ જાપાનની સમૃદ્ધ સંસ્કૃતિ, છુપાયેલા રત્નો અને સીમલેસ લોજિસ્ટિક્સનો અનુભવ કરે - દરેક પ્રવાસને યાદગાર, આરામદાયક અને સંપૂર્ણપણે મુશ્કેલીમુક્ત બનાવે છે.*

**★ પ્રશ્ન - પ્રવાસીઓ જાપાન માટે ઔરોરા ટ્રાવેલ્સ શા માટે પસંદ કરે છે?**

ધવલભાઈ- ચેરી બ્લોસમ સીઝન અને આલ્પાઇન રૂટ માટે જાપાન પેકેજો ડિઝાઇન કરતી વખતે, ઔરોરા ટ્રાવેલ્સ ખરેખર અવિસ્મરણીય અનુભવો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આજના પ્રવાસીઓ ફક્ત પ્રખ્યાત સ્થળોને શોધવા કરતાં વધુ ઇચ્છે છે, તેઓ ઊંડાણ, વિવિધતા અને શોધ ઇચ્છે છે. ઔરોરાના પ્રવાસ યોજનાઓ આઇકોનિક આકર્ષણો દર્શાવવા માટે કાળજીપૂર્વક બનાવવામાં આવી છે, જ્યારે ઘણા ટૂર ઓપરેટરો અવગણે છે તેવા ઓછા જાણીતા પ્રદેશોને પણ ઔરોરા ઉજાગર કરે છે.





જ્યારે મોટાભાગના જાપાન પ્રવાસો ટોક્યો હિરોશિમા અને ઓસાકા જેવા પ્રમાણભૂત શહેરોને આવરી લે છે, ઔરોરા ટ્રાવેલ્સ ઘણા પગલાં આગળ વધે છે. ઔરોરા ખરેખર અલગ છે તે એ છે કે તેમાં એવા સ્થળોનો સમાવેશ થાય છે જે ઘણા ઓપરેટરો શોધતા નથી, જે પ્રવાસીઓને જાપાનનો વ્યાપક, સમૃદ્ધ અને વધુ અર્થપૂર્ણ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે.

**★ પ્રશ્ન - સામાન્ય કરતાં વધુ જાપાનનું અન્વેષણ**

ધવલભાઈ- ઔરોરાના જાપાન પ્રવાસો પ્રવાસીઓને ગિફુ પ્રાંતમાં લઈ જાય છે, જે પરંપરાગત પર્વતીય નગરો અને યુનેસ્કો-સૂચિબદ્ધ ગામોનું ઘર છે. મુખ્ય આકર્ષણોમાં તાકાયામાનો સમાવેશ થાય છે, એક સુંદર રીતે સચવાયેલ શહેર જે તેના લાકડાના ઘરો, સ્થાનિક બજારો અને સાંસ્કૃતિક આકર્ષણ સાથે જૂના વિશ્વના જાપાનને પ્રતિબિંબિત કરે છે.

**★ ‘‘માત્સુમોટો’’**

તાકાયામાથી, પ્રવાસ માત્સુમોટો તરફ આગળ વધે છે, જે જાપાનના હિડા પર્વતોની નીચે એક ખીણમાં વસેલું એક મનોહર શહેર છે, જેને નોર્થ આલ્પ્સ તરીકે પણ ઓળખાય છે. માત્સુમોટો તેની શાંતિપૂર્ણ જીવનશૈલી, તાજી પર્વતીય હવા અને અદ્ભુત કુદરતી વાતાવરણ માટે પ્રશંસા પામે છે. શહેરનું ગૌરવ માત્સુમોટો કિલ્લો છે, જેને ફુકાશી કિલ્લો તરીકે પણ ઓળખવામાં આવે છે - એક રાષ્ટ્રીય ખજાનો અને જાપાનનો સૌથી જૂનો બચેલો મૂળ પાંચ માળનો, છ-સ્તરીય કિલ્લો. તેના આકર્ષક કાળા બાહ્ય ભાગ, ભવ્ય લાકડાના આંતરિક ભાગ અને મનોહર પર્વતીય પૃષ્ઠભૂમિ સાથે, કિલ્લો પ્રવાસીઓને જાપાનના સામંતવાદી ભૂતકાળ અને સ્થાપત્ય તેજસ્વીતાની દુર્લભ ઝલક આપે છે.

**★ યુનેસ્કો વિલેજીસ અને સાંસ્કૃતિક વારસો**

પ્રવાસીઓ શિરાકાવાગો ગામની પણ મુલાકાત લે છે, જે ૧૯૯૫થી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ છે. તેના પરંપરાગત ગાશો-ઝુકુરી ફાર્મહાઉસ માટે પ્રખ્યાત - કેટલાક ૨૫૦ વર્ષથી વધુ જૂના - શિરાકાવાગો ગ્રામીણ જાપાની જીવનનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે જે સ્થાપત્ય, પ્રકૃતિ અને પરંપરા વચ્ચે સુમેળ દર્શાવે છે.

**★ કાનાઝાવા - સંસ્કૃતિ, બગીચાઓ અને કારીગરી**

પ્રવાસીઓને ઇતિહાસ અને શુદ્ધ સંસ્કૃતિથી સમૃદ્ધ શહેરનો પરિચય કરાવવાની મુલાકાત. મુખ્ય આકર્ષણોમાં કાનાઝાવા કિલ્લો, ઐતિહાસિક હિગાશી ચાયા જિલ્લો અને અદ્ભુત કેનરોકુએન ગાર્ડનનો સમાવેશ થાય છે, જેને જાપાનના ત્રણ સૌથી સુંદર બગીચાઓમાંના એક માનવામાં આવે છે. કાનાઝાવા તેની કારીગરી માટે પણ પ્રખ્યાત છે, જે જાપાનના ૯૯% થી વધુ સોનાના પાનનું ઉત્પાદન કરે છે. કેનરોકુએન નામનો અર્થ ‘‘છ ગુણોનો બગીચો’’ થાય છે, જે અવકાશ, એકાંત, કલાત્મકતા, પ્રાચીનતા, પાણીની સુવિધાઓ અને મનોહર દૃશ્યોનું ચોક્કસ સંતુલન દર્શાવે છે.

**★ ટોયામા - કુદરત અને આલ્પાઇન રૂટ**

ટોયામા તેના નૈસર્ગિક કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે અને તે સુપ્રસિદ્ધ તાતેયામા કુરોબે આલ્પાઇન રૂટનું પ્રવેશદ્વાર છે. આ પ્રદેશમાં વિશ્વ ધરોહર ગોકાયામા ગામો પણ છે, જે તેમના છાંટવાળા ઘરો અને નાટકીય શિયાળાના લેન્ડસ્કેપ્સ માટે જાણીતા છે. જાપાનના બરફીલા દેશના ભાગરૂપે, ટોયામા આકર્ષક જંગલો, નદીઓ અને મોસમી સુંદરતા પ્રદાન કરે છે જે પ્રવાસીઓ પર કાયમી છાપ છોડી જાય છે.

**★ પ્રશ્ન - શું ૨૦૨૬ માટે બુકિંગ શરૂ થઈ ગયું છે?**

ધવલભાઈ- હા, ૨૦૨૬ માટે બુકિંગ હવે શરૂ થઈ ગયા છે. ઔરોરા ટ્રાવેલ્સને જાપાન ચેરી બ્લોસમ અને જાપાન આલ્પાઇન રૂટ બંને પ્રવાસો માટે પહેલેથી જ જબરદસ્ત પ્રતિસાદ અને મજબૂત પૂછપરછ મળી છે. મર્યાદિત પ્રસ્થાનો અને ઉચ્ચ માંગ સાથે નિરાશા ટાળવા માટે તેમની બેઠકો વહેલા સુરક્ષિત કરવા માટે પ્રવાસીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026. Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સ્ટોર બહારની લાઈન ને અંદરના ખાલીપા...

## દેવું કરીને આ નવો ફોન પીવો!

ભારતમાં હમણાં નવો આઈફોન-૧૭ લોન્ચ થયો ત્યારે અનેક મેટ્રો શહેરોમાં એપલના સ્ટોર પર રાતથી જ લાંબી લાંબી લાઈન લાગી હતી. કેટલીક જગ્યાએ ધક્કામુક્કી થઈ, સુરક્ષા ગાર્ડ્સ સાથે ઝઘડા પણ થયા. આ દૃશ્યો જોતા એક સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે એક મોબાઇલ ફોન માટે આવું ગાંડપણ શા માટે?

સિનેમા થિયેટર બહાર ધક્કામુક્કી થાય તે સમજાય તેવું છે. ફિલ્મ મર્યાદિત સમય માટે હોય છે, અને તેની ટિકિટનો ભાવ આઈફોન જેવી હજારો રૂપિયાની કિંમત ધરાવતો નથી, પરંતુ આઈફોન તો આખું વર્ષ બજારમાં રહે છે, છતાં પણ તે 'જૂનો' ગણાતો નથી. સમય જાય તેમ તેની કિંમત ઘટે છે. તેમ છતાં હું સૌથી પહેલાં લઈ આવ્યોની અતાર્કિક લાલસા લોકોમાં કેમ દેખાય છે?

આ લાઈનમાં ઊભા રહેલા ઘણા લોકોને કદાચ આઈફોન-૧૭ અને આઈફોન-૧૬ વચ્ચેનો વાસ્તવિક તફાવત પણ ખબર ન હોય. અને માનો કે તફાવત હોય, તો પણ તેનાથી તેમના જીવનમાં શું મૂળભૂત ફેરફાર થવાનો છે?

એ વચ્ચેના આંકડા પણ નોંધપાત્ર છે. ભારતમાં લગભગ પોણા ભાગ જેટલા આઈફોન ક્રેડિટ કાર્ડથી ખરીદવામાં આવે છે એટલે કે જે વસ્તુ જીવનમાં કોઈ ખાસ યોગદાન આપવાની નથી તે ખરીદવા માટે લોકો દેવું પણ સ્વીકારે છે.

આ પ્રશ્ન માત્ર આઈફોન પૂરતો સીમિત નથી. દુનિયાની અનેક મોંઘી લક્ઝરી બ્રાન્ડ્સ માટે લોકો આવી જ મહેનત કરે છે : લાંબી લાઈનો, ઊંચી કિંમતો, અને ઘણી વાર પોતાની આવકની સીમા ઓળંગતી ખરીદી.... જો તમે તેમને પૂછો કે આવું શા માટે, તો એ બધા ગુણવત્તા, ટકાઉપણું, શુદ્ધતા અને ટેકનોલોજીના ગુણગાન ગાઈને પોતાની ખરીદીને યોગ્ય ઠેરવશે, પરંતુ તેની નીચે છુપાયેલી હકીકત



કંઈક બીજી જ છે.

માનસશાસ્ત્ર કહે છે કે માણસો ઘણી વખત ચીજોને તેમની ઉપયોગિતાથી નહીં, પરંતુ તેના પ્રતીકાત્મક મૂલ્યથી ખરીદે છે. લોકો બીજા લોકો પર વટ પાડવા, પોતાનું મહત્ત્વ દેખાડવા અને સામાજિક સ્વીકૃતિ મેળવવા માટે અતાર્કિક ખરીદીઓ કરે છે. આ વૃત્તિને મનોવૈજ્ઞાનિક ભાષામાં આત્મ-ગૌરવ અને આત્મ-સિદ્ધિનો ભાવ કહે છે.

ઉપર ઉપરથી ખરીદી એક સરળ પ્રક્રિયા લાગે છે. આપણને કોઈ વસ્તુ જોઈએ છે, તેની કિંમત યોગ્ય લાગે છે, તેની ગુણવત્તા સારી છે અથવા તે આસાનીથી ઉપલબ્ધ છે એટલે આપણે તેને ખરીદીએ છીએ, પરંતુ સપાટીની નીચે એક જટિલ માનસિકતા કાર્યરત હોય છે. આપણે ઘણી વખત કોઈ ખાસ મૂડમાં હોઈએ છીએ. ચાર જણ સામે વટ મારવો હોય છે અથવા આપણા ગ્રૂપમાં એ વસ્તુ વાપરતા લોકો હોય છે.. આવાં બધાં કારણ ખરીદીના નિર્ણયને અસર કરે છે.

એટલે જ ચીજોની ખરીદી હંમેશાં તાર્કિક નથી હોતી. તે ઘણી વખત ભાવનાત્મક હોય છે. માણસો ચીજવસ્તુઓ દ્વારા પોતાનું મૂલ્ય માપતા હોય છે. દાખલા તરીકે, દુનિયાની તમામ ઘડિયાળોમાં સમય એક સરખો જ બતાવવામાં આવે છે ન તો એક મિનિટ આગળ, ન તો એક મિનિટ પાછળ. ઘડિયાળ પહેરવાનું એક માત્ર તાર્કિક કારણ સમયનું ભાન રાખવાનું છે. તેમ છતાં, કોઈ વ્યક્તિ એક લાખ રૂપિયાની રોલેક્સ ઘડિયાળ પહેરે છે, કારણ કે તે ઘડિયાળ તેને સમાજમાં એક ખાસ સ્ટેટસ આપે છે. અંગ્રેજીમાં આ વૃત્તિને 'વેનિટી' કહે છે. ખોટો આડંબર, મિથ્યાભિમાન અથવા દંભ. ગુજરાતીમાં તેના માટે અત્યંત યોગ્ય શબ્દ છે 'પતરાજી'- શેખી, ડંફાસ, બડાઈ. બ્રાન્ડ મેનેજરોને સારી રીતે ખબર છે કે માણસમાં જેટલી વધુ બીજાને આંજી દેવાની તમન્ના હોય, તેટલી જ તેની મોંઘી બ્રાન્ડ્સ ખરીદવાની તૈયારી હોય છે. કેટલીક બ્રાન્ડ્સ તેમની ઉપયોગિતા કરતાં વધુ સ્ટેટસ સિમ્બોલ તરીકે જાણીતી હોય છે.

વેનિટીમાં જીવતા લોકો બીજાને આંજીને, તેમને પોતાની ઓછપનો અહેસાસ કરાવીને પોતાનું મહત્ત્વ અને માન વધારતા હોય છે. ગ્રાહકવાદની એક કડવી હકીકત એ છે કે આપણે આપણું મૂલ્યાંકન સતત બીજા લોકો સાથે સરખામણી કરીને કરતા રહીએ છીએ. તમારા મિત્રવર્તુળમાં બધા જો સામાન્ય ફોન વાપરતા હોય તો તમારો મોંઘો સ્માર્ટફોન તમને સુખ આપે છે, પરંતુ એ જ લોકો જો આઈફોન વાપરવા લાગે તો એ જ સ્માર્ટફોન તમને અચાનક ઓછો આઉટ ડેટેડ લાગવા માંડે છે.

મુનિ ચાર્વાક કદાચ ભારતના પ્રથમ કન્ઝ્યુમર વિચારક હતા. 'દેવું કરીને ઘી પીવો'નો તેમનો ઉક્તિપ્રસંગ આજના ક્રેડિટ કાર્ડ યુગમાં પણ એટલો જ લાગુ પડે છે. લોકો એટલા માટે જ ક્રેડિટ પર આઈફોન ખરીદે છે. આપણી આખી ફેશન ઇન્ડસ્ટ્રી મોટા ભાગે આડંબર પર આધારિત છે. માત્ર લોકોની નજરમાં સુંદર દેખાવું પૂરતું નથી- આપણને પોતાની નજરમાં પણ એ સુંદરતાની સાબિતી જોઈએ છે.

ખાદીનું શર્ટ પહેરીને પણ માણસ સારો લાગી શકે, પરંતુ લૂઇસ વિટોનનું બ્લેઝર પહેરવાથી મળતો આત્મસંતોષ અલગ જ હોય છે, કારણ કે ઐશ્વર્યા રાય પણ એ જ બ્રાન્ડ પહેરે છે. ફેશન પ્રોડક્ટ્સ માટે સેલિબ્રિટી ચહેરાનો ઉપયોગ કરવાનો હેતુ પણ આ જ છે. લોકો એ પ્રોડક્ટને સેલિબ્રિટીની સુંદરતા અને સફળ જીવન સાથે જોડીને પોતાની સુંદરતા અને સફળતાનો અહેસાસ કરે છે.

એક સમય હતો જ્યારે ભારતમાં વિદેશી બ્રાન્ડ્સ ઉપલબ્ધ ન હતી. ત્યારે 'સોની'નો ટેલિવિઝન સેટ કે 'રીબોક'ના સનગ્લાસથી માણસનું મહત્ત્વ માપવામાં આવતું. એવું નથી કે દરેક માણસ 'અરમાની' કે 'ગુચ્ચી'થી અંજાઈ જાય, પરંતુ જે લોકો વધુ આડંબરી, વધુ મિથ્યાભિમાની કે વધુ પતરાજી હોય છે એ જ મોંઘા બ્રાન્ડ્સ પહેરીને પોતાની સાર્થકતા અનુભવે છે.

વેનિટીના બે મુખ્ય પાસાં છે : શારીરિક દેખાવ અને સફળતાનો અહેસાસ. તમે બીજા કરતાં કેટલા વધુ સુંદર કે કેટલા વધુ સફળ છો તેનો દેખાડો કરવો એ વેનિટી છે. પશ્ચિમી સભ્યતામાં મોરને આડંબરનું પ્રતીક માનવામાં આવે છે. ઇજિપ્શિયન, ગ્રીક અને રોમન પુરાણોમાં મોરનાં પીછાંને 'દુષ્ટ આંખ' તરીકે જોવામાં આવતાં, કારણ કે તે સતત 'જોતાં' રહે છે.

ઇજિપ્તની અર્ગુસ નામની એક કથા છે. અર્ગુસે રાજા ઓસીરીસની ગેરહાજરીમાં રાણી ઇસીસને કેદ કરીને પોતાને રાજા જાહેર કર્યો હતો. જ્યારે ઓસીરીસ પરત ફર્યો ત્યારે તેને ખબર પડી કે અર્ગુસે રાજ્યભરમાં જાસૂસો ફેલાવી રાખ્યા હતા. અર્ગુસને શ્રાપ આપવામાં આવ્યો કે તે મોર બની જશે અને તેના જાસૂસો તેના પીછાં તેની આંખો બની જશે.

આજનો આધુનિક માણસ પણ કંઈક એવો જ છે. તેના હાથમાં આઈફોન છે, કપડાં પર બ્રાન્ડના લોગો છે અને આંખોમાં સતત બીજાને માપવાની તથા બીજાથી પોતાને ઊંચા સાબિત કરવાની વૃત્તિ છે. પ્રશ્ન એ નથી કે આઈફોન ખરાબ છે કે લક્ઝરી બ્રાન્ડ્સ નિષ્ફળ છે. પ્રશ્ન એ છે કે આપણે આ બધું શા માટે જોઈએ છે - જરૂર માટે કે વેનિટી માટે? ■

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ
જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# રોકાણકારનો ખરો શિક્ષક છે એની પોતાની ભૂલ!

**રોકાણ જગતમાં અનેકવિધ ગેરરીતિ ચાલતી રહે છે, જે સાવ બંધ થવી મુશ્કેલ છે. જોકે, રોકાણકારોની રક્ષા માટે નિયમન સંસ્થાઓ-કાનૂન હોય છે, પરંતુ ખરેખર તો રોકાણકાર જ પોતાની રોકાણની ભૂલોના અનુભવોથી જે શીખે એ જ વધુ અસરકારક બની રહે છે ...**

ફ્યુચર્સ-ઓપ્શન્સ ટ્રેડિંગથી દૂર રહો, તેમાં તમારી માટે જોખમ છે, ઘણાં લોકો લોસ કરે છે, ઈન્ટ્રા ડે ટ્રેડિંગમાં બહુ બધાં ખોટ ભોગવે છે, તેમાં પડવાનું ટાળો, આઈપીઓમાં રોકાણ કરવામાં ધ્યાન રાખો, અહી ખોટા શેર્સ આવી જવાનું રિસ્ક હોય છે...

આવી ચેતવણી કરી-કરીને સરકાર, નિયમન સંસ્થાઓ વરસોથી રોકાણકારોની રક્ષા કરવાના પ્રયાસ કરતા રહ્યા છે. આ એમનું કામ છે, પરંતુ કયાં સુધી? અને કયાં-કયાં?

એક ચર્ચાનો વિષય એ છે કે રોકાણકારોને છેતરપિંડી કે ગેરરીતિ સામે રક્ષણ આપો એ બરાબર છે. બાકી રોકાણ કરવા વિશે તેમને પોતાને પણ શીખવા દો. એ પોતાની ભૂલોમાંથી શીખશે તો પાકકા ઘડે ઘડાશે.

### જેમણે મંદી જોઈ જ નથી...

ભારતીય રોકાણકારોમાં છેલ્લાં અમુક વરસમાં એક એવો વર્ગ પ્રવેશ્યો છે, જેણે શેરબજારમાં મંદી જોઈ નથી, ભયંકર કડાકાની કન્સિસ્ટન્સી જોઈ નથી, કોઈ મોટા આર્થિક કૌભાંડ જોયા નથી, કે જેની શેરબજાર પર અસર થઈ હોય અને જેને કારણે માર્કેટ કડડડભૂસ થયું હોય... આ વર્ગે મહદઅંશે તેજી અથવા વૃદ્ધિના દિવસો અને ભાવો તેમ જ ઈન્ડેકસની નવી-નવી ઊંચાઈ જોઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો જેમણે તેજી-મંદીની બંનેની સાઈકલ જોઈ ન હોય એવા રોકાણકારોને એક રીતે અપરિપકવ કહેવાય. તેથી જ હવેના મોટાભાગના રોકાણકારો આડેધડ રોકાણ કરતા રહ્યા છે અને તેમાં માર્કેટ આડેધડ વધતું રહ્યું હોવાનું પણ માનવામાં આવે છે.

આ સંજોગોમાં અનેક ઈન્વેસ્ટર્સ સતત ભૂલ કરતા રહ્યા છે. એ લોકો નિયમન તંત્ર હોય કે એકસપર્ટ વર્ગની વાત ધ્યાનમાં લેતા નથી અને એમને પોતાના નિર્ણયમાં ભૂલ લાગતી નથી, એ ભૂલ સ્વીકારતા નથી કે પછી સુધરતા પણ નથી, જેથી હવે એવો મત વ્યકત થાય છે કે ભારતીય ઈન્વેસ્ટરોને ભૂલ કરવા દો અને તેમની ભૂલોમાંથી શીખવા દો.

જોકે બજારના લેભાગુ કે સ્થાપિત હિતોની ગેરરીતિથી બચાવવા અને એમને સ્વયંથી જ બચાવવા એ બંને વાતમાં ફરક છે માટે એમને પોતાની જ ભૂલોમાંથી બચાવવાનું બંધ કરવું અને તેમાંથી શીખવવાનું શરૂ કરવું જોઈએ.

### લોકો ચેતવણી સાંભળે છે, પણ...

શેરબજારમાં દાયકાઓથી જે-તે સરકાર કે નિયમનકાર ઈન્વેસ્ટરો માટે એક રક્ષણાત્મક તરીકેની ભૂમિકા ભજવતા રહ્યા છે. આ ઈન્વેસ્ટર્સ પ્રોટેકશની દીવાલ ઊભી કરવામાં સરકાર કે નિયમન તંત્ર એક યા બીજી નીતિ ઘડતા રહ્યા છે અને લોકોને નિયમિત સલાહ-ચેતવણી આપતી રહે છે, તેમ છતાં સરકારી જાહેરખબર-ચેતવણી વાંચી-સાંભળીને કેટલાં લોકોએ સિગારેટ છોડી? દારૂ છોડયો? ગુટકા છોડી દીધા?

### ભૂતકાળમાં બચતકારો શું કરતા હતા?

દાયકાઓ પૂર્વે સામાન્ય પ્રજા બિનઅનુભવી હતી ત્યારે લોકોને એમના નિવૃત્તિ કાળમાં કે મુશ્કેલીના સમયમાં કામમાં આવે એ રીતે એમને નાણાંની બચત કરવાની ફરજ પાડવાનું સરકારને સારું જ સૂઝ્યું હતું. ૧૯૫૨માં એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ) યોજના સત્તાવાર રીતે લાગુ કરાઈ હતી. તે અનુસાર, દરેક ઔપચારિક ક્ષેત્રના કર્મચારીઓના પગારનો અમુક હિસ્સો ફરજિયાત રીતે આ ફંડમાં જમા કરવાનું શરૂ કરવામાં આવ્યું. લોકો પોતાનાં બધાં નાણાં વર્તમાનમાં જ વાપરી ન નાખે અને થોડા ભવિષ્યને માટે પણ બચાવે એવું સરકારે રક્ષણાત્મક અભિગમવાળું પગલું ભર્યું હતું.

### શું રોકાણકારોને કોઈ અક્કલ જ નથી?

આજે અર્થવ્યવસ્થા પરિપક્વ થઈ રહી છે ત્યારે ઈન્વેસ્ટરોને વધુ પડતા પંપાળવાને બદલે સમજાવાની જરૂર વધુ છે. લોકોને લેભાગુઓ-સ્કેમસ્ટર્સની ગેરરીતિથી બચાવો, પણ એમને પોતાની રીતે ભૂલ કરવા દો અને એમાંથી જ એમને શીખવા દો....

ભારતીય શેરબજારમાંની ઓપ્શન માર્કેટનો જ દાખલો લઈએ તો છેલ્લા અમુક મહિનાઓથી, ઓપ્શન્સ સેગ્મેન્ટમાં રીટેલ ઈન્વેસ્ટરોને થતા આર્થિક નુકસાન વિશે નિયામકો અને નિષ્ણાંતો સતત સલાહ અને ચેતવણી આપતા રહ્યા છે, જેનાથી વ્યાપક માન્યતા એવી પ્રતિત થાય છે કે ઈન્વેસ્ટરોને પોતાને ખબર જ નથી પડતી કે એ પોતે શું કરી રહ્યા છે.

એ ડે ટ્રેડિંગને તાબે થઈ ગયા છે, ઓપ્શન્સ ટ્રેડિંગના વલણને રોકવા માટે 'સેબી'એ અત્યારસુધીમાં કેટલીયવાર નિયમો બદલ્યા, સજાગ કર્યા, સતર્ક રહેવાનું કહ્યું, તેમ છતાં પણ લોકો બેફામ રોકાણ કરે છે, આડેધડ રોકાણ કરે છે, શું આ વર્ગને કોઈ સમજણ નથી? એ પોતાનાં નાણાંને કેમ જોખમમાં મૂકી રહ્યા છે?

### સ્માર્ટ ઈન્વેસ્ટર્સનો વર્ગ વધશે...

એ ખરું કે લોકો આવાં આડેધડ રોકાણમાં નાણાં ગુમાવતા હોય છે, પરંતુ આ પ્રકારની ખોટ જ તેમને અનુભવી ખેલાડી કે શિક્ષક બનાવતી હોય છે. ભારતીય અર્થવ્યવસ્થા અને તેની બજારો પરિપક્વ બની ગઈ છે ત્યારે આવી બાબતોનું તો આપોઆપ સમાધાન આવી જ જશે.

કૃત્રિમ મર્યાદાઓને બદલે કુદરતી મર્યાદાઓને છૂટો દોર આપવો જોઈએ. ઓપ્શન્સ માર્કેટ કેવી રીતે કામ કરે છે એની જેમને ખબર નહીં હોય તેઓ સતત નુકસાન કરવાનું પસંદ નહીં કરે અને આખરે આ સેગ્મેન્ટમાં ટ્રેડિંગ કરવાનું બંધ કરી દેશે. આમ કરવામાં શરૂઆતમાં તકલીફ થશે, પરંતુ એ પછી વધુ સજાગ અને કાબેલ ઈન્વેસ્ટરોનો પાયો વિસ્તરશે. સમય સાથે અને અનુભવ સાથે શાણપણ વધે છે. દેશના બચતકારો-રોકાણકારો અને દેશના અર્થતંત્ર માટે આ સમજણ અને વિવેક અનિવાર્ય છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ક્યારેય માછલીનો વરસાદ જોયો છે ખરો?

દુનિયામાં કાયમ કંઇક વિસ્મયજનક બનતું રહે છે, જેના કારણ કે તર્ક સામાન્ય જનથી માંડીને વિજ્ઞાનીઓને ય હાથ લાગતાં નથી. આવી એકદમ આશ્ચર્યજનક ઘટના હોન્ડુરાસ દેસના યોરો શહેરમાં બનતી રહે છે, નિયમિતપણે.

સ્થાનિક ભાષામાં એ ઓળખાય છે 'લુવિયા દે પેસેસ' (Lluvia de Peces) તરીકે. એનો અર્થ થાય 'માછલીઓનો વરસાદ'. હા, તમે સાચું જ વાંચ્યું હોં: માછલીઓનો વરસાદ!

શું આ કોઈ દંતકથા, માત્ર માન્યતા કે એક કપોળકલ્પિત વાત છે? ના, આ અનોખી ઘટનાએ વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચ્યું છે અને અમેરિકાની હિસ્ટ્રી ચેનલે તેના પર દસ્તાવેજી કાર્યક્રમ પણ પ્રસારિત કર્યો છે.

ખરેખર, એક અદ્‌ભુત કુદરતી ઘટના છે. ભારે ગાજવીજવાળા વરસાદ પછી, ખાસ કરીને મે થી જુલાઈ વચ્ચે, રસ્તાઓ પર નાની માછલીઓ જોવા મળે છે. કેટલીક માન્યતા મુજબ આ ઘટના પાણી ઉપર બનતા વાવાઝોડા (વોટરસ્પાઉટ) અથવા ભૂગર્ભ નદીઓમાં પૂરની નિપજ છે. સ્થાનિક પ્રજા આને ફક્ત આશીર્વાદ જ નથી માનતી પણ એની ઉજવણી ય કરે છે.

આની સામે વિજ્ઞાનીઓનું માનવું છે કે શક્તિશાળી પવન નજીકનાં જળસ્રોતોમાંથી માછલીઓને ઉઠાવી લાવે છે અથવા પૂરથી દબાઈને ભૂગર્ભ નદીઓમાંથી માછલીઓ જમીન ઉપર આવી જાય છે. જો કે આ એક અભિપ્રાય જ છે અને એ બનવા પાછળની કોઈ નિશ્ચિત ને સર્વસ્વીકૃત પ્રક્રિયા હજી સ્પષ્ટ નથી.

છતાં અમુક બાબતો નક્કી છે: માછલીઓનો વરસાદ દર વર્ષે થાય છે, મોટાભાગે મે-જુલાઈ મહિના દરમિયાન અને ભારે તોફાની વરસાદ પછી. ત્યારે હજારો નાની, ક્યારેક જીવતી, માછલીઓ રસ્તા અને ખેતરોમાં પડેલી જોવા મળે છે. યોરો વિસ્તારમાં એક સદીથી વધુ સમયથી દર વર્ષે આવું બને છે. દાવા પ્રમાણે માછલીઓ આકાશમાંથી વરસે છે. આ ઘટના વર્ષમાં ચાર વખત સુધી પણ બની શકે છે.

આ સ્થળ દરિયાથી ખાસ્સું દૂર છે. અમુક વૈજ્ઞાનિક થિયરી મુજબ અત્યંત શક્તિશાળી વોટરસ્પાઉટ્સ (પાણી ઉપર બનતા વાવાઝોડા) નદીઓ અથવા સમુદ્રમાંથી માછલીઓને ઉઠાવી માઈલો દૂર ફેંકે છે.

એક અન્ય નવી થિયરી મુજબ યોરો શહેર ભૂગર્ભ નદીઓની વ્યવસ્થા ઉપર વસેલું છે; જ્યાં ભારે વરસાદથી પૂર આવે છે અને માછલીઓ કુદરતી છિદ્રો મારફતે થઈને જમીન સુધી પહોંચી જાય છે. માછલીઓનો સૌથી નજીકનો



સમુદ્રી સ્રોત એટલાન્ટિક મહાસાગર છે, જે અંદાજે ૭૨ કિમી (૪૫ માઇલ) દૂર છે. છતાં, આ સંભવ ઓછું લાગે કારણ કે દર વર્ષે મે અથવા જૂનમાં ખુલ્લા સમુદ્રમાંથી માછલીઓને જળસ્તંભ દ્વારા સીધા યોરો સુધી લાવવી અશક્ય છે.

એવું પણ શક્ય છે કે માછલીઓ તાજા પાણીમાં ઉત્પન્ન થતી હોય અને ઋતુ પરિવર્તનના કારણે નજીકની કોઈ નદીમાંથી વહેતી જઈને ભૂગર્ભ જળધારા અથવા ગુફા પ્રણાલીમાં પહોંચી ગઈ હોય. બાદમાં ભારે વરસાદના કારણે માછલીઓ તેમના આ વસવાટ-સ્થાનમાંથી વહેતી ઉપર આવી જાય છે અને પાણી ઓછું થતાં ફસાઈ જતી હોય.



આ ઘટનાનું સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ કોઈ ચમત્કાર જેવું છે. સદીઓથી સ્થાનિકો આને દૈવી ચમત્કાર માને છે. આનો આરંભ ૧૯મી સદીના એક ખ્રિસ્તી પાદરીની પ્રાર્થનાથી થયાનું મનાય છે. સ્પેનિશ પાદરી ફાધર જોઝે મેન્યુઅલ દે જીસસ સુબિરાના હોન્ડુરાસમાં ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ હતા. તેઓ ૧૮૫૫માં હોન્ડુરાસ પહોંચ્યા અને ૧૮૬૪માં તેમના અવસાન સુધી ત્યાં સેવા આપી. આજે ફાધર સુબિરાનાનું નામ યોરોમાં થતી માછલીઓની વરસાદની દંતકથા સાથે જોડાયેલું છે. એ મુજબ ફાધર સુબિરાનાએ હોન્ડુરાસના લોકોની ગરીબી જોઈ. તેમણે સતત ત્રણ દિવસ તથા ત્રણ રાત સુધી પ્રાર્થના કરી, પ્રભુને આજીજી વિનંતી કરી કે ગરીબોને મદદ કરો અને તેમની ભૂખ મિટાવો. જાણે તેમની પ્રાર્થના સંભળાઈ હોય એમ એક કાળું વાદળ આવ્યું.

આકાશમાંથી ઘણી માછલીઓ વરસી અને બધાના પેટ ભરાઈ ગયા. ત્યારથી આ ચમત્કાર દર વર્ષે ફરી ફરી થતો રહે છે.

આની ઉજવણી તરીકે પ્રજાજનો માછલીઓને ભેટ અને ખોરાકના સ્રોત તરીકે ભેગી કરે છે. તેઓ આ જ થીમ આધારિત તહેવાર સાથે ઉજવે છે. આ ઉત્સવની તારીખ નિશ્ચિત હોતી નથી. તે મે અથવા જૂનમાં પડતાં પહેલા ભારે વરસાદ સાથે સંકળાયેલી હોય છે. આ ઉત્સવમાં પરેડ અને કાર્નિવલનો પણ સમાવેશ થાય છે.

આ ઘટના પાછળનાં વૈજ્ઞાનિક કારણો શોધીને સાબિત ન થાય ત્યાં સુધી શ્રદ્ધા કે ચમત્કાર માનીશું? ■



આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# દેવનો વિજય આનંદ જ આનંદ



એ જ વાત તો જરા વધુ પડતી થઈ ગઇ ને કે ગુરુદાસપુરના પિશોરીલાલ આનંદના બેટા ધરમદેવ આનંદ એટલે કે દેવ આનંદે ‘નિવૃત્તિ’ શબ્દ જ જિંદગીમાંથી ભૂંસી નાંખેલો તે ૮૮ એ ગયા પણ ૮૬ સુધી તો પિક્ચરો બનાવતા જ રહેલા ‘સાવ સાંપ્રત સંદર્ભ વગરના થઇ ગયા છે’ અને ઓડિયન્સના સાવ ઢીલા પ્રતિભાવનું લેબલ લાગી ગયું હોવા છતાંય... અને ‘તમને ન ગમે એટલે શું’ મારે પિક્ચરો નહીં બનાવવાના? આ તે ક્યાંનો ન્યાય? પછી મારી ક્રિએટીવ અર્જનું શું? ‘ઘાયલ’ ને ‘ચિત્રલેખા’ના ઇન્ટરવ્યૂ દરમિયાન અમે પૂછી બેઠેલાઃ ‘ઘાયલ સાહેબ! આટલા બધા સન્માન?’ ‘ઘાયલ’ ‘ઉવાચ’: લોકો દીયે છે તો હું લઉં છું... એમ દેવ સા’બને પણ ફાઇનેન્સિયર્સ મળતા ગયા અને એ પિક્ચરો બનાવતા ગયા. એમાં એમના નામનું પણ કદાચ થોડું ઘણું ધોવાણ થયું જ હશે, પણ સર્જકનો સૌથી મોટો મુસદ્દો છે કાયમ સર્જ્યા કરવું. પ્રમાણભાન કેટલાકને આવે કેટલાક ઐસીતૈસી કરે. દેવસા’બ બીજી કેટેગરીના...

માનવજીવનની, ખાટલે મોટી ખોડ છે માંગવાનો શ્રાપ. જન્મથી તો પ્રત્યેક રાજા જ છે, સમજણો થવા માંડે અને માગવાની શરૂઆત કરે ત્યારથી ભિખારીમાં પરિવર્તિત થવા માંડે. તારા માટે જેટલું નિયત છે એટલું આપીને જ મોકલ્યો છે તને, રાજા રહે અને જલસા કર... પણ તો પછી પેલા-શ્રાપનું શું? એય નિયતી છે જ... જે સર્જકમાં આવી હિમ્મત છે એ તો ભવસાગર તરી ગયો, તરી ગયો, અને તરી જ ગયો...

**ઉકેલો આપવા છે કૂટપ્રશ્નોના ગઝલ દ્વારા**
**કોઇ પણ સ્વીકૃતી માટે હું કરગરવા નથી આવ્યો**

અને પછી એ સર્જક જુએ કે સ્વીકૃતિ કરગરતી કરગરતી આવે છે કે નહીં... અને જો ના આવે તો સર્જક એ વાત તો સમજી જ લે કે ખોડખાંપણ ખામી ૧૦૦ ટકા રહી ગઇ છે.

આપણે દેવ આનંદની વાત કરીએ છીએ ભાઇ શોભિત !

ઓહ સોરી, ક્યાં હતા આપણે? હાં, દેવ આનંદને લીઝમાં મળેલી ક્રિએટીવીટીનો વધુ પડતો ભોગવટો... અને ‘ગાઇડ...’ પણ માર્ગદર્શકના સંદર્ભમાં વધારે... નવનીતની રસાયણશાસ્ત્રની ગાઇડથી માંડીને ‘ગાઇડ’ પિક્ચર સુધી ... (નવાઇ લાગે છે ને ‘પિક્ચર’ વાંચીને? એ જ તો કહેવું છે દિનબદિન વધુને વધુ હિપોક્રેટ બનતી જતી દુનિયાને કે જે નિર્ભેળ આનંદ ‘પિક્ચર’માં છે એ ‘મુવી’ કે ‘ફિચર ફિલ્મ’ કે ‘ફિલ્મ’માં નથી જ નથી.)

જય સંતોષીમા અને હિંદી પિક્ચરો રિલીઝ થવાના શુભદિન શુક્રવારની...હવે વાત આગળ વધારું તો કોલમની જેમ જ ‘ગાઇડ’ ઇન્સપાયર થયેલું એકમેવ ઓશોથી. ઓશો અને એ પણ સાવ શરૂઆતનાં પરબ્રહ્મ ઓશો. વિજય આનંદને સમગ્ર માનવજાતના મહાપૂજનનું સરનામું બહુ વહેલું, કદાચ સૌથી પહેલું મળ્યું હોય. વિજય આનંદ ‘ગાઇડ’ના સંવાદકાર. વિજય આનંદની આ ભાષા તો જુઓ? **‘ન સુખ હૈ ન દુખ હૈ ન દીન હૈ ન દુનિયા હૈ ન ઇન્સાન ન ભગવાન... સીર્ફ મૈં હું... મૈં હું... મૈ હું...’**

શરીર (અહંકાર) અને આત્મા (શાશ્વતી)નો સંવાદ તમારી સમક્ષ મુકવો જ છે. ઓશોથી પ્રેરિત વિજય આનંદની કલમમાંથી આ શબ્દો જગતમાં વહ્યાં હતાં. અતિશય રૂપાળા દેવ આનંદને ભગવા ઉપરણામાં વધુ રૂપાળા બનાવાયેલા દેવ આનંદ દ્વારા...

***જહાં અપને આપ સર ઝૂક જાતે હૈ ઉસ પથ્થર કો ભી ભગવાન કા રૂપ માન લીયા જાતા હૈ. જીસ જગહ કો દેખકર પરમાત્મા કી યાદ આયે વો તીર્થ કહેલાતા હૈ ઔર જીસ આદમી કે દર્શન સે પરમાત્મા કી મૂર્તિ જાગે વો મહાત્મા કહેલાતા હૈ. તો અગર તેરે કારન યે પુરાના મંદિર તીર્થસ્થાન બન ગયા હૈ ઔર આજ હઝારોં ... હઝારોં આંખે ઉપર ઉઠ રહી હૈ પ્રકાશ કી ઔર... તો ફીર તુઝે ચિંતા ક્યોં ? સર ઝૂકા લે ઔર શાંત હો કર બૈઠ જા... સમઝ લે કરનેવાલા કોઇ ઔર હૈ, તુ સીર્ફ એક બહાના હૈ. કામ ઉસકા નામ તેરા. ઉસકા નામ લે ઔર જો સોંપા ગયા હૈ ઉસ કામ કો કરતા રહે. મેરી તરેહ... એક પથ્થર કી તરેહ...***

*(હવે આત્મા રાજુ શરીર રાજુને કહે છે)*

***રોઝી (વહીદા) આ ગઇ... ઔર મા ભી... પાની ના બરસા તો ક્યા હોગા ?***

***જીસ જિંદગી સે બેઝાર હો કર ભાગે થે વો અબ પીછાકર રહી હૈ. વાપસ બુલા રહી હૈ, ખુશીયોં કે વાદે કર રહી હૈ...***

***હઝારોં ગરીબોં કી ઉમ્મીદો પર પાની ફિર જાયેગા. ઉનકા વિશ્વાસ મીટ્ટી મેં મિલ જાયેગા. મુઝે ક્યા સમઝેંગે? ઢોંગી ધોખેબાજ...***

***તુઝે યકીન હૈ કી પાની બરસેગા? તુ ભી ઇન જાહિલોં કી તરહ અંધ-વિશ્વાસી હોને લગા? રાજુ તુ? તુ યે તો નહીં સોચને લગા કી ઇક આદમી કી ભૂખ કા બાદલોં સે કોઇ રીશ્તા હો સકતા હૈ?***

***મૈ નહીં જાનતા રાજુ... ઉલઝને બઢતી રહીં હૈ, ઐસી બાતેં સોચને લગા હું જીન્હે સોચના કભી ઝરૂરી નહીં સમઝા થા લેકીન જીન્હેં સોચના અબ ઝીદંગી ઔર મૌત સે ભી ઝ્યાદા ઝરૂરી હૈ... સવાલ અબ યે નહીં કે પાની બરસેગા યા નહીં, સવાલ યેં નહીં કે મૈ જીઉંગા યા મરુંગા. સવાલ યે હૈ કી ઇસ દુનિયા કો ચલાનેવાલા બનાનેવાલા કોઇ હૈ કી નહીં? અગર નહીં હૈ તો પરવા નહીં ઝીદંગી રહે યા મૌત આયે. ઇક અંધી દુનિયામેં અંધે કી તરહ જીને કા કોઇ મતલબ નહીં. ઔર અગર હૈ તો દેખના યહ હૈ કી વો અપને મઝબૂર બંદો કી સુનતા હૈ યા નહીં...***

વેદ વ્યાસની કક્ષાનો શબ્દકાર વિજય આનંદ અને સ્વયં નટરાજ દેવ આનંદ આંખના જળને પાંપણોના પ્રબંધની પાર કરાવી રહ્યાં છે અત્યારે, એટલે...

***ચશ્મે ખૂં બસ્તાંસે કલ રાત લહુ ફિર ટપકા***
***હમ તો સમઝે થે કી અય મીર ! યે આઝાર ગયા***

***- મીર તકી મીર***

આંખમાં જામી ગયેલા લોહીના ગઠ્ઠામાંથી કાલે રાતે પાછી એક સરવાણી ફૂટી... અમે તો એમ સમજયા હતા ઓ મીર! કે આ રોગ જતો રહ્યો છે. (મટી ગયો છે)

આજે આટલું જ.... ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતનું ભૂષણઃ વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી

કચ્છના અતિ સીમાવર્તી વિસ્તારમાં આવેલ લખપત ગામ. ચારે તરફ રણની ઊડતી રેતી, તપતી હવા અને સંઘર્ષમય જીવન. આ માટીમાં ૧૮૪૯માં જન્મેલો એક બાળક ભવિષ્યમાં સમગ્ર ગુજરાતનો પ્રથમ વનસ્પતિશાસ્ત્રી બનશે એ વિચાર તે સમયના કોઈ શિક્ષિત સમાજને પણ અશક્ય લાગ્યો હશે, પરંતુ કુદરત સાથેનો અતૂટ સંબંધ, અવિરત પરિશ્રમ અને જ્ઞાન પ્રત્યેની અસીમ તરસે આ બાળકને ઇતિહાસમાં અમર બનાવી દીધાં. આ બાળક તે બીજું કોઈ નહીં લાખેણા કચ્છના જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકર.

પરિવારની આર્થિક સ્થિતિ નબળી પણ સંસ્કારોથી સમૃદ્ધ. તેમનું ઔપચારિક શિક્ષણ માત્ર ચોથા ધોરણ સુધીનું જ. આજે જ્યાં ડિગ્રી વિના ઓળખ મુશ્કેલ લાગે છે, ત્યાં તેમણે સ્વઅભ્યાસને જીવનનો ધર્મ બનાવી લીધો અને સમગ્ર ગુજરાતમાં કચ્છનું નામ રોશન કરી દીધું. જયકૃષ્ણને ચાર ભાઇ. મોટાભાઇ રામકૃષ્ણ, સારા પુરાણી હતા. બીજા નંબરના પરમાનંદ, સારા જ્યોતિષ. ત્રીજા નંબરના ભાઇ ભાણજીભાઇ અને તેઓ સંસ્કૃત ભાષા અને વ્યાકરણ સારું જાણતા હતા. ચોથા નંબરના ભાઇ તે આપણા વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી. પાંચમા નંબરના ભાઇનું નામ વાલજીભાઇ સારા ભજનિક હતા. આમ પાંચેય ભાઇઓ જુદી જુદી શાખાઓનું જ્ઞાન ધરાવતા હતા.

જયકૃષ્ણ રામકૃષ્ણભાઈ સાથે માંડવીમાં રહ્યા. ત્યાંથી સિંધમાં પણ બે વર્ષ રહ્યા અને એ પછી મુંબઈ પહોંચ્યા. તે સમય દરમિયાન શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી અને ફારસી પણ શીખ્યા. વચ્ચે બીજા ભાઈ સાથે મથુરા ગયા અને પુસ્તકોની દુકાન શરૂ કરી પણ વધુ ફાવ્યું નહીં, તબિયત બગડી ત્યારે એમની સારવાર કરનારા આયુર્વેદના પંડિત ભગવાનલાલજી ઇન્દ્રજીના સંપર્કમાં આવ્યા અને જીવનમાં પરિવર્તન સર્જાયું. તેઓ પંડિતજીના વનસ્પતિ અંગેના જ્ઞાનથી આકર્ષાયા અને તેમનાં કાર્યોમાં રસ લઈને કામ કરવા લાગ્યા. જીવનનિર્વાહ માટે તેમણે અલગ અલગ વ્યવસાયમાં અજમાવ્યું પણ તે ફાવ્યું નહીં હોય કદાચ એટલે જ કે તેમને પ્રકૃતિના રંગો અને ગંધોને સમજવું એ સ્વભાવમાં હશે.

એ પછી તો રસદ્રષ્ટિથી આગળ વધતા ગયા અને તેમણે અનેક ભારતીય અને વિદેશી વૈજ્ઞાનિકો સાથે સંવાદ સાધ્યો. છોડ એકત્રિત કરવું, તેનું વર્ગીકરણ કરવું, વિવિધ ભાષામાં તેનાં નામો શોધવા, તેના ઉપયોગો પર પ્રયોગ કરવો આ બધું તેમના દૈનિક જીવનનો ભાગ બની ગયું. ધીમે ધીમે તેઓ એવી કુશળતા સુધી પહોંચ્યા કે સૂકી પાંદડી જોઈને પણ તે કઈ વનસ્પતિની છે તે ઓળખી શકતા.



૧૮૮૬થી ૧૯૦૪ દરમિયાન તેઓ પોરબંદર રાજ્યના બગીચા અને જંગલ વિભાગના સંચાલક રહ્યા. આ દરમિયાન બરડા ડુંગર, જંગલ વિસ્તાર અને ગ્રામ્ય ભૂમિમાં તેમણે વનસ્પતિઓનું ઊંડું અધ્યયન કર્યું. નવા છોડ વાવ્યા, નાશ પામતી જાતિઓનું સંરક્ષણ કર્યું અને હરિયાળીના પ્રયોગો કર્યા. તેઓ ઈચ્છતા હતા કે પોતાનું જ્ઞાન સામાન્ય જનતા સુધી પહોંચાડવું. નિવૃત્તિ પછી તેમણે મહાગ્રંથ વનસ્પતિશાસ્ત્ર લખવાનું નક્કી કર્યું. હજારો વનસ્પતિઓનું વર્ણન, ચિત્રો, ગુણધર્મો અને ઉપયોગો ધરાવતું એ પુસ્તક એક વૈજ્ઞાનિક ખજાનો હતો. છાપકામનો ખર્ચ ભારે હતો. વિદેશી સહાયની ઓફર મળી, પરંતુ શરત હતી કે પુસ્તક અંગ્રેજીમાં છપાવવું. જયકૃષ્ણ ઇન્દ્રજીએ ગૌરવભેર ઇનકાર કર્યો. તેમના માટે માતૃભાષા જ જ્ઞાનનો સાચો માર્ગ હતી. અંતે તેમની પત્નીએ પોતાના ઘરેણાં વેચીને પુસ્તક છપાવ્યું.

તે પછી ‘બરડાની વનસ્પતિ’ તથા ‘કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ’ નામનાં બે વધુ પુસ્તકો તેમણે લખ્યાં. કચ્છ માટે લખાયેલું કચ્છીઓ માટે મહત્ત્વનું પુસ્તક એટલે પણ ગણી શકાય કેમ કે એમાં વનસ્પતિઓના ગુજરાતી ઉપરાંત કચ્છી અને સંસ્કૃત નામો પણ આપેલા છે. કચ્છમાં રણ સતત વિસ્તરી રહ્યું હતું. ઊડતી રેતી ખેતીને નષ્ટ કરતી હતી, પાણીનો અભાવ વધતો હતો. તેમણે ખાસ જાતની વનસ્પતિઓ શોધી જે રેતીને બાંધે, પવનની ગતિ ઘટાડે અને જમીનને જીવંત રાખે. તેમણે અનેક સ્થળે જંગલો ઊભા કરાવ્યા. રોજ કેટલાંક વૃક્ષો વાવ્યાં વિના ભોજન ન લેવાનો તેમનો નિયમ હતો. તેમના માટે વૃક્ષારોપણ ધાર્મિક સાધના સમાન હતું. તેમના આ ભગીરથ કાર્યને કારણે કચ્છ-ગુજરાતની અનેક વનસ્પતિઓ વિશ્વના વનસ્પતિશાસ્ત્રમાં સામેલ થઈ શકી. તેમણે અનેક સંદિગ્ધ વનસ્પતિઓની સ્પષ્ટતા કરી અને વનસ્પતિ માત્રને ઓળખવાની ગુરુચાવી બતાવી છે. વનસ્પતિ પરનાં આ ત્રણેય પુસ્તકો આજે પણ વૈદ્યો અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસીને મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડે છે.

ગુજરાતના વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી બાપાલાલ વૈદ્ય જયકૃષ્ણજીના શિષ્ય અને પ્રશંસક હતા. તેમણે ‘વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી’ નામથી તેમનું જીવનચરિત્ર લખેલું, જે ૧૯૩૧માં પ્રગટ થયેલું. કચ્છના ગોકુલદાસ બાંબડાઈએ પણ જયકૃષ્ણના કાર્યમાં ખૂબ સહાય કરેલી. પોરબંદર રહ્યા હોવાથી જયકૃષ્ણજી મહાત્મા ગાંધીના સંપર્કમાં પણ હતા, ગાંધીજીએ તેમની કાર્યસાધનાથી પ્રભાવિત થઈને તેમને ગુજરાતનું ભૂષણ કહ્યા હતા.

જીવનનાં અંતિમ વર્ષોમાં વ્યક્તિગત દુઃખો આવ્યાં. પુત્રીના અવસાનનો આઘાત તેઓ સહન કરી શક્યા નહીં અને ૧૯૨૯માં તેમનું અવસાન થયું. આજે તેમની સ્મૃતિઓ ઓછી છે, પરંતુ તેમનું કાર્ય અમૂલ્ય છે. તેમના ગ્રંથો આજે પણ વૈદ્યો, વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે માર્ગદર્શક છે. તેમના જન્મને આજે દોઢસોથી વધુ વરસ થયા. સ્વાભાવિક જ કચ્છે તેમનાં પ્રદાનને સમયાંતરે યાદ કરવા ઘટે! ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

‘સર, તોસિલિઝુમેબની પણ અસર ન થઇ...? બે જ મિનિટમાં ત્રણ દરદી....’ જ્યોતિએ કહ્યું.

‘ઇમ્યુનિટીના અભાવનું પરિણામ છે. ઇન્જેક્શનને પણ રિસ્પોન્ડ ન કર્યું.’ ડો. ત્રિવેદીએ કહ્યું. દરમિયાન જ્યોતિએ વોર્ડ બોયઝને બોલાવ્યા. દરદીનું નામ, નંબર, મરણનું કારણ વગેરેનો વિધિ પત્યો. ડો. ત્રિવેદીએ ડેથ સર્ટિફિકેટ પર સહી કરી. નવાસવા છોકરાઓએ કાળા ડિબાંગ પ્લાસ્ટીકમાં મૃતદેહોને વીંટાળવાનું શરૂ કર્યું. ત્રણ જીવોનું જીવન સમેટાઇ ગયું. યંત્રવત્ ઢબે મૃતદેહોના નિકાલ માટે હોસ્પિટલના પ્રાંગણમાં મૂકી દેવાયા. અંતિમ ઘાટે પહોંચાડવા એમ્બ્યુલન્સની રાહ જોવાતી હતી...મૃતદેહોએ હવે કોઇની રાહ જોવાની નહતી...ન દવાની...ન ડોક્ટરની...ન આપ્તજનોના ફોનની. સોલંકીએ વ્યક્તિગત રીતે એમનાં સગાઓને ફોન પર જાણ કરી.

ઉપર ઇમર્જન્સી વોર્ડમાં જ્યોતિની નજર નિર્મલ પર પડી. ઓક્સિજન પર હોવા છતાં એને શ્વાસ લેવામાં તકલીફ થઇ રહી હતી. ડો. ત્રિવેદીની ચિંતા વધી ગઇ....એમણે ચેકઅપ શરૂ કર્યું.

‘સર, લાગે છે આ પણ દવાને રિસ્પોન્ડ નથી કરી રહ્યા.’ જ્યોતિએ કહ્યું.

‘નો, વેઇટ ફોર સમટાઇમ....મોનિટરિંગ ચાલુ રાખીએ.’ ડો. ત્રિવેદીએ કહ્યું. ત્યાં ઊભેલી સંધ્યા નિર્મલનો હાથ પોતાના હાથમાં લઇને હળવે હાથે સહેલાવા લાગી. નિર્મલની આંખ ખુલી. એણે સંધ્યા સામે જોયું. એ ધૂંધળા ચિત્રમાં એને પવિત્રા દેખાઇ. આંખો મીંચીને એણે પવિત્રાને આંખોમાં સમાવી લીધી. થોડી ક્ષણોમાં કોઇ ચમત્કાર થયો હોય એમ નિર્મલનું ઓક્સિજન લેવલ કન્ટ્રોલમાં આવવા લાગ્યું.

‘મને લાગે છે નિર્મલ ઇન્જેક્શન કરતા વધુ હથેળીના સ્પર્શને રિસ્પોન્ડ કરે છે. આપણે જેને અસ્પૃશ્ય ગણીએ છીએ આખરે એ સ્પર્શ પણ એક ચમત્કારિક અને અકસીર ઇલાજ છે.’ ડો. ત્રિવેદીએ કહ્યું.

**************

સોલંકીએ કિસને મોકલેલું રેકોર્ડિંગ સાંભળીને તરત જ એને ફોન કર્યો હતો.

‘રસિકભાઈ મોટી ચાલુ આઇટમ લાગે છે. ઇન્જેક્શનો આપવાના બદલામાં કોઇ કામ કરાવવા માગતો છે. એ કામ શું હોવાનું સાલ્લું એ મને ની સમજાતું.’

‘મને પણ ન સમજાયું.’ કિસન બોલ્યો.

‘એની પાહે માલ તો હોવાનો...ખાલીપીલી તને થોડો ટટળાવા માગે એવું પણ લાગે છે.’

‘જો મારી પાસે કરાવવાનું કામ બહુ મોટું હશે તો ઇન્જેક્શનો આપવામાં બહુ વાર નહીં લગાડે...’ કિસને કહ્યું.

‘હવે તું ફોન ની વાત કરતો....એની ગરજ જો....ગરજની ધાર જો...’ સોલંકીએ કહ્યું. ફોન કપાયા પછી કિસને કોલ રેકોર્ડિંગ સાંભળ્યું પણ સોલંકીને મોકલ્યું નહીં.

**************

રમેશ હોસ્પિટલમાં કામે લાગ્યો ત્યારે બહુ ખુશ હતો....કામ ગમ ભૂલાવી દેવાનું કામ કરે છે. જોકે વચ્ચે વચ્ચે દીકરીનો વિયોગ સતાવતો ત્યારે એ ઝાડની નીચે મૃતદેહોની પરવા કર્યા વિના બેસી જતો. એ વખતે એને દારૂની તલબ લાગતી. એ જાણતો હતો કે એની નબળાઇ દારૂ નહતી, પણ દીકરી હતી. કોઇ જૂના રોગની જેમ એને વિયોગ નામનો આ રોગ ઊથલો મારતો.

એણે એકવાર સોલંકીને કહીને દીકરીને લઇ આવવા મહાનગરપાલિકાની કાર પણ માગી હતી. સોલંકીએ કહ્યું કે ‘જયમાલા કહે તો અને ત્યારે આપણે દીકરીને નાના નાનીને ત્યાંથી લાવીશું.’ કોઇ કારણસર એણે જયમાલાને કહ્યું નહીં. એણે એકવાર અકળાઇને જયમાલાને કહ્યુંઃ ‘તું કેવી મા છો...કૃત્તિકા વિના તું કઇ રીતે જીવી શકે છે.?’

> **‘આપણે જેને અસ્પૃશ્ય ગણીએ છીએ આખરે એ સ્પર્શ પણ એક ચમત્કારિક અને અકસીર ઇલાજ છે.’ ડો. ત્રિવેદીએ કહ્યું.**

‘હું એક મા છું એટલે એના વિના જીવી શકું છું....તું એક બાપ છો એટલે તને એના વિના જીવન આકરું લાગે છે. પુરુષોનું કાળજું કહેવા પૂરતું કઠ્ઠણ હોય છે...અને અમારું સ્ત્રીઓનું કહેવા પૂરતું નરમ હોય છે.’

રમેશને આ શબ્દો આકરા લાગ્યા...એણે ખિસ્સામાંથી સ્પિરીટની બોટલ કાઢી. જયમાલાને આઘાત લાગ્યો.

‘તું સ્પિરીટ કેમ લાવ્યો?’ જયમાલા રીતસર ભડકી ઉઠી.

‘પીવા માટે....આનો પણ નશો થાય....થોડું પીઉં તો દુઃખ ભૂલી જઇશ. પ્લીઝ આજે થોડું પીવા દે.’ રમેશે કરગરતા અવાજે કહ્યું.

‘સ્પિરીટ પીને કાળજું બાળવા કરતાં દીકરીના દુઃખમાં કાળજું બળવા દે. કોઇ વસ્તુને ભૂલવા નશાની નહીં, ટકી રહેવાની જરૂર છે. ટકી રહે, જે ટકી જાણે છે એ જીવી જાણે છે.’ જયમાલાએ એના હાથમાંથી બોટલ લઇ લીધી. રમેશ ભાંગી પડ્યો. એ જયમાલાને વળગીને ક્યાંય સુધી રડતો રહ્યો. ઘણીવાર માણસે સોરી કહેવાની જરૂર નથી હોતી....એના મૂંગા આંસુ કહી આપે છે.

**************

બીજે દિવસે સોલંકીએ જયમાલાને રમેશે કહેલી વાત કરી.

‘કૃત્તિકાને લાવવા માટે તું કહીશ ત્યારે કાર આપીશ...દીકરીને લાવીને રમેશને સરપ્રાઇઝ આપજે.’

‘નહીં સર, કૃત્તિકા મારી મમ્મી પાસે વધુ સલામત છે... તમે જાણો છો કે હોસ્પિટલમાં અમારું આવવું-જવું...દીકરીના જીવને મારે જોખમમાં નથી મૂકવો.’

‘રમેશને અહીં કામ અપાવતી વખતે તેં ઊલ્ટું એને એમ કહેલું કે અમે પણ હોસ્પિટલમાં જઇએ-આવીએ છીએ...અમને ચેપનો ડર નહીં લાગતો.’ સોલંકીએ કહ્યું.

‘રમેશને કામ પર લગાડવાનો આપણો આશય અલગ હતો સર.’ જયમાલાએ કહ્યું.

‘મારું માને તો તું કૃત્તિકાને લઇ આવ....રમેશના ભલા માટે કહી રહેલો છું.’

‘કેમ એના ભલા માટે સર....?’

‘તૂં કોઇને કે’તી નૈ, પણ રાતપાળીમાં મેં એને સ્પિરીટ પીતા પકડી લીધો હતો. એણે તને કહેવાની ના પાડેલી...મેં એને સમજાવ્યો છે...એની વાત પરથી લાયગું કે એનો ઇલાજ કૃત્તિકા છે.’

જયમાલાએ લાગેલા આંચકાની વચ્ચે જાતને સંભાળી લેતા કહ્યું: ‘હવે એ નહીં પીવે ને કૃત્તિકાને લઇ આવવાની વાત પણ નહીં કરે. મેં એનું કોમળ કાળજું ભાંગી જાય એવા વેણ કીધા છે.’

************

પવિત્રાનો સ્વભાવ દિવસે દિવસે ચિડિયો થતો હોવાનું મમ્મીજીએ નોંધ્યું. એ વાતે વાતે ગુસ્સે થવા લાગી હતી. ઘરનું કામકાજ યંત્રવત્ રીતે પતાવીને નિર્મલના મોબાઇલની રાહ જોતી બેસી રહેતી. ઘરનો ફોન રણકે તો ઝડપથી ઉપાડી લેતી. ટીવી પર માત્ર કોરોનાના ન્યૂઝ જોતી. બીજી કોઇ વાતમાં રસ રહ્યો નહતો. ભગવાન પરથી ભરોસો ઉઠી ગયો હતો. શ્રદ્ધા ખૂટી ગઇ હતી. સબૂરી રાખી શકે એમ નહતી. એની હાલતે ઘરના સૌને ચિંતામાં નાખી દીધા હતા....ખાસ કરીને એના સસરા દર્શનભાઇને.

‘રચના, પવિત્રાની માનસિક હાલત ઠીક નથી લાગતી... મને લાગે છે કે ધીરધીરે ડિપ્રેશનમાં જવા લાગી છે.’

‘હું એને ઘણું સમજાવું છું...ધીરજ બંધાવું છું, જોકે એમાં એનો વાંક નથી. જે પરિસ્થિતિ છે એનો અંત નથી આવતો, પણ એની ધીરજનો અંત આવી ગયો છે.’

‘હું એના ડિપ્રેશનની વાતે ચિંતામાં છું.’ દર્શનભાઇએ કહ્યું.

‘પવિત્રા બહુ સ્ટ્રોંગ છે. એકવાર એના મનમાં ધરબાયેલી ભડાશ નીકળી જવાની જરૂર છે.’ અર્ચનાબેને કહ્યું.

પવિત્રાના મોબાઇલ પર સુકેતૂનો ફોન આવ્યો.

પવિત્રાએ તરત જ ઊંચક્યો....પણ કાંઇ બોલી નહીં એટલે સામેથી સુકેતૂએ પૂછ્યુંઃ ‘નિર્મલના કાંઇ સમાચાર?’

‘કોઇ મને નિર્મલના સમાચાર નથી આપતું. હોસ્પિટલવાળાને કાંઇ પડી નથી.. તું ફોન કરીને પૂછતો નથી....કોણ મને કહેશે કે નિર્મલ કેમ છે....કોણ કહેશે મને બોલ કોણ કહેશે...કોઇ તો કહો મને પ્લીઝ કોઇ તો કહો....મારો નિર્મલ કેમ છે કોઇ તો કહો...’

‘સુકેતૂ પાસે એને સાંત્વન આપવા સિવાય બીજું ક્યાં કાંઇ હતું. અગાઉ અનેક વખત ધીરજ બંધાવતા શબ્દો કહ્યા હતા. સાંત્વનના શબ્દોનું પણ પેઇનકિલર જેવું હોય છે....બહુ વાર આપો તો એની અસર ઓછી થઇ જતી હોય છે. સુકેતૂ ચૂપ રહ્યો. સાસૂ, સસરા અને કિનુ પવિત્રાના રૂમમાં દોડી ગયાં. સસરા પવિત્રા પાસે જવા લાગ્યા, પણ સાસૂએ એમને રોકી લેતાં કહ્યુંઃ ‘ભડાશ નીકળી જવા દો....આ જ એનો ઇલાજ છે.’

************

સોલંકીએ કિસનને કહેલા શબ્દો સાચા પડ્યા. રસિકભાઇને વધુ ગરજ હતી. એમણે કિસનને કોલ કરીને કહ્યુંઃ ‘આજે રાતે તારા માણસને રજા આપી દેજે. બાર વાગે આવું છું.’ કિસને ‘ઓકે’ કહીને ફોન મૂક્યો. ‘હવે શું કરવું?’ રસિકભાઈએ ઝડપથી ગરજ બતાવીને એની મૂંઝવણ વધારી દીધી હતી. એ અંદરથી થોડો ડરી પણ ગયો હતો. એણે સોલંકીને ફોન કર્યો.

‘કિસન મા’રાજ, તમે તો અમારા રથના સારથી છો.’ સોલંકીએ કહીને કિસનને આખો પ્લાન સમજાવી દીધો.

************

‘સાંભળ, આપણો માણસ આજે રજા પર છે એટલે રાતે મારે મેડીકલ સ્ટોરમાં રહેવું પડશે.’ કિસને રાતે જમતી વખતે કાશ્મીરાને કહ્યું.

‘હું ય આવું છું તારી હાર્યે.....તને મદદ થાસે.’ કેશુકાકાએ બહાર આવતા કહ્યું.

‘પપ્પા, તમને દવાના નામની ખબર પડે નહીં..ક્યાંક એકનું બીજું થઇ જાય.. તમારી કાંઇ જરૂર નથી.’ કિસને કહ્યું.

‘હું તને ક્યાય નહીં નડું, તારું ચીંધેલું કામ તો કરી શકુંને...?’

‘ના, તમારે નથી આવવાનું.....નકામો ક્યાંક ચેપબેપ લાગે તો પાછી મુશ્કેલી.’ કિસન કેશુકાકાથી પીછો છોડાવવા બોલ્યો.

‘હા પપ્પા એની વાત સાચી છે. તમે ઘરમાં જ રહો.’ કાશ્મીરા બોલી.

‘ઠીક છે બાકી હું તૈયાર છું....’ બોલીને કેશુકાકા અંદર જતા રહ્યા. કિસનને હાશકારો થયો.

******************

બરાબર રાતે બાર વાગ્યે હેલ્થ ડિપાર્ટમેન્ટની ‘ઓન ઇમર્જન્સી ડ્યૂટી’ લખેલી કાર મેડીકલ સ્ટોરની બહાર આવીને ઊભી રહી. રસિકભાઇ ખુદ બેઉ હાથમાં બે બોક્સ પકડીને બહાર આવ્યા. કિસન અંદરથી એમને જોઇ રહ્યો હતો.

‘આવો, આવો...’ કિસને એમનું સ્વાગત કર્યું.

‘તોસિલિઝુમેબ ઇન્જેક્શન પાંચસો પાંચસોના બે બોક્સ.’ બોલતાં એમણે બંને બોક્સ કાઉન્ટર પર મુક્યા. ‘૪૦૦ એમએલના એક ઇન્જેક્શનની એમઆરપી રૂપિયા ૪૦,૫૦૦ છે...બ્લેકમાં સવા લાખમાં વેંચાય છે. સરકાર વિદેશી ફાર્મા કંપની પાસેથી મગાવે છે. એમાંથી ૬૦ ટકા સરકારી હોસ્પિટલોમાં જાય છે ને ૪૦ ટકા ખાનગી હોસ્પિટલોને આપે છે. હું તને સ્ટોક આપતો રહીશ...’

‘હા, રાતે બહુ લોકો આ ઇન્જેક્શનો માગતા આવે છે.’ કિસન બોલ્યો. એ જ વખતે બે જણે આવીને તોસિલિઝુમેબ ઇન્જેક્શનો માગ્યા.

‘તમારા પગલાં સારાં છે. તમારા હાથે જ આપો.’ કિસન બોલ્યો.

રસિકભાઇએ બોક્સ ખોલતા પૂછ્યુંઃ ‘કેટલા જોઇએ છે?’

‘બે જોઇએ છે.’ એક જણે કહ્યું.

‘સવા લાખનું એક. બેના અઢી લાખ.’ બીજા જણે ઉતાવળે રૂપિયા કાઢીને આપ્યા. ‘ગણી લો...અઢી લાખ પૂરા છે.’

રસિકભાઇએ રૂપિયા લીધા ને બે ઇન્જેક્શનો આપ્યા કે તરત જ બંનેમાંથી એક ગ્રાહક બોલ્યોઃ ‘હું જોઇન્ટ કમિશનર ફૂડ એન્ડ ડ્રગ્સ-વિજિલન્સ ડિપાર્ટમેન્ટ અભય જોગલેકર.’

‘આણી મિ.....વસંત નાર્વેકર જોઇન્ટ કમિશનર ઓફ પોલીસ.’


બરાબર એ જ વખતે એટુઝેડ ન્યૂઝ ચેનલનો રિપોર્ટર સંજુ અને કેમેરામેન હેગડે અંદર ઘસી ગયા ને કેમેરાની લાઇટ ફ્લેશ થઇ. કિસને રેકોર્ડ કરી રહેલા છૂપા સીસીટીવી કેમેરા પર નજર ફેરવી. (ક્રમશઃ)■

# સૂફી પ્રેમભક્તિના ગઝલ ગાયક ખલીલ ભાવનગરી

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

મિત્રો અનેક પ્રકારના હોય છે એમાં મોટાભાગના તાળી મિત્રો હોય છે. એ તમારો લાભ લઈ શકાય ત્યાં સુધી મિત્ર નહીં તો અહેસાનફરામોશ. આની સામે જીવન સટોસટના ખેલમાં તમારી સાથે ખભેખભા મેળવીને ઊભા રહે તે સાચો મિત્ર ગણી શકાય. ગુજરાતી ગઝલને આવા બે મેધાવી ખલીલ મળ્યા. શરૂઆતમાં ‘ખલીલ’ ભાવનગરી અને સાંપ્રત સમયમાં ‘ખલીલ’ ધનતેજવી બંને પ્રતિભાવંત શાયરો હતા. સૌરાષ્ટ્રમાં ભાવનગર સૂરતની જેમ ગઝલનું ગૌરવવંત થાણું રહ્યું છે.

નાઝિર દેખૈયા જેવા અપકર્મી ગઝલકારોની એક આખી પેઢીએ ગઝલના બાગને નવપલ્લવિત રાખ્યો હતો. કિસ્મત કુરૈશી, મુકબિલ કુરૈશી, વલી લાખાણી, શાહબાઝ, મજનૂ જેવા શાયરોની હરોળમાં બેસી શકે એવા શાયર ‘ખલીલ’ ભાવનગરીનું મૂળ નામ ઈબ્રાહીમ સુલેમાન સમેજા હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૯૧૧માં જામનગરમાં થયો હતો. જામ રણજિતસિંહના સમયમાં તેમના પિતા રાજગાયક હતા. ઈબ્રાહીમ ૧૧ વર્ષના હતા ત્યારે તેમના પિતા ખુદાને પ્યારા થઈ ગયા. પિતા પાસે શરૂ કરેલી સંગીત તાલીમ આદિતરામજી ઘરાણાના ગાયક લાધાભાઈ તેમજ જામનગરના અન્ય ઉસ્તાદો અલારખ માસ્તર, જુસુફ ખમીસા, ઈસા ઉસ્તાદ વગેરેના માર્ગદર્શન નીચે ચાલુ રહેવા પામી. એ વખતના શાયરો ગુજરાતીમાં ગઝલ કહેતા પણ સાથોસાથ ઉર્દૂ-ફારસી


ખલીલ ભાવનગરી

ભાષાની તાલીમ પણ આત્મસાત્ કરતા.

‘ખલીલે’ કાવ્યશાસ્ત્ર અને સૂફી તત્ત્વજ્ઞાનની તાલીમ તેમના ઉસ્તાદ બાબા શમ્સ-ઉર્દૂ-દીન ફારૂકી ચિશ્તી અમદાવાદી પાસેથી મેળવી હતી. તેમના આ ગુરુ એ સમયે ઉચ્ચ કક્ષાના કવિ હતા. કાળક્રમે ‘ખલીલ’ના પરિવારે જામનગરથી ભાવનગર સ્થળાંતર કર્યું. જોકે આ ક્યારે થયું તેની નોંધ ક્યાંય જોવા મળતી નથી, પરંતુ અનુમાને ૧૯૨૦-૨૨ની આસપાસ થયું હોવું જોઈએ, કારણ કે ‘ખલીલે’ ભાવનગરમાં ૧૮ વર્ષ સુધી પોલીસ બેન્ડમાં નોકરી કરી હતી. સાથે સાથે તેમણે કાવ્યસર્જન અને ગઝલની ઉપાસના ચાલુ રાખી હતી. શ્રી અનંતરાય ઠક્કરે લખ્યું છે તેમ ચિશ્તીમાં સંપ્રદાયની પ્રેમભક્તિ ‘ખલીલ’ની ગઝલનો આત્મા હતો. સૂફીઓ વિષયના ગહનતમ ઊંડાણમાં ઊતરે ત્યારે એમની દૃષ્ટિમાં જે વિશાળતા આવે છે તે તાજુબી પમાડે એવી હોય છે. આવી વિશાળતાનું દર્શન ‘ખલીલ’ની ગઝલોમાં થાય છે.

‘ખલીલ સ્મારક સમિતિ’એ માર્ચ ૧૯૫૬માં ‘ખલીલ’ની શાયરી નામનો સંગ્રહ ૧૧૦ પાનામાં કર્યો છે. લીલા રંગના સુંદર મુખપૃષ્ઠથી શોભતો આ રૂપકડો સંગ્રહ ત્યારે ફક્ત એક રૂપિયાના ભાવે વેચાતો હતો. આ પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે: (૧) ઉર્દૂ વિભાગ અને (૨) ગુજરાતી વિભાગ. ઉર્દૂ વિભાગ કુલ ૬૯ પાનાં રોકે છે, જ્યારે ૭૧ થી ૧૦૫ ક્રમમાં પાનામાં તેમની ગુજરાતી રચનાઓ ચૂંટીને મુકાયેલી છે. ઉર્દૂ વિભાગમાં હમ્દ, ના’ત, મુખમ્મસ, તઝમીન તેમજ ગઝલ સ્વરૂપની રચનાઓ છે. તો ગુજરાતી વિભાગમાં ગઝલો, પંચ પદી અને ષટ્ પદી પ્રકારની રચનાઓ શામેલ કરાયેલી છે.

સંગ્રહના અંતભાગમાં ‘ખલીલ’ને અંજલિ આપતી અન્ય કવિઓની રચનાઓ લેવામાં આવી છે.

સાક્ષર શ્રી અનંતરાય ઠક્કરે નોંધ્યું છે તે પ્રમાણે ૨૧ એપ્રિલ, ૧૯૫૩ની રાતે ૧૨ વાગ્યે ‘ખલીલ’ એક જગ્યાએ જવાની તૈયારી કરતા હતા. એટલામાં થોડા વખતથી ચાલતો બ્લડપ્રેશરનો હુમલો શરૂ થવા લાગ્યો. હાથમાં પાક કુરાન લઈ શાંતિથી વાચવા બેઠો.

પરિવારને પ્રાર્થના કરવાનું કહ્યું: ‘એક સાચો સૂફી કેવી શાંતિથી દુનિયાનો ત્યાગ કરે છે એની સાક્ષી પૂરજો’ એટલું કહીં ચિર નિદ્રાને આધીન થઈ ગયા. વળતી સવારે પોલીસને યોગ્ય રીતે અપાતા મરતબા સાથે એમની દફનક્રિયા થઈ.

આવા એક સૂફી સંત જેવા શાયરની એક આખી ગઝલથી શરૂઆત કરીને અંજલિ આપીએ:

**તમારી યાદમાં મુજને જીવન ભાસ્યું જીવન જેવું**
**વૃથા ઉત્પાત પરવારી અમન પામ્યો અમન જેવું મળી**
**નજરોથી નજરો ત્યાં જ દુનિયા દિલની પલટી ગઈ**
**ભરેલું જે તમારી આંખનાં શું સંવનન જેવું યદિ મારી**
**નજર સામે તમે છો તો બધુંયે છે**
**તમારા વિણ મને આ વિશ્વ લાગે છે વિજન જેવું**
**ફક્ત એક દિલ હતું તે પણ તમારું થઈ ગયું ચાહક**
**રહ્યું ના કોઈપણ મારું હવે વિશ્વને સ્વજન જેવું**
**વિતાવી આગમન આશા મહી ‘રાતોની રાતો મેં**
**છતાં દર્શન તો દર્શન, પણ ના દીઠું મેં સ્વપ્ન જેવું**
**તમોને દિલ તો શું અસ્તિત્વ પણ અર્પણ કરી દીધું**
**હવે મુજ પાસ ક્યાં છે કંઈ મરણ જેવું જીવન જેવું**
**તમારે દ્વાર આવીને અહર્નિશ એ જ યાચ્યું છું**
**પ્રણય ગુણગાન ગાવાને કવન આપો કવન જેવું**
**છુપાયેલી મઝા છે ઓ ‘ખલીલે’ એની વ્યથા મોહ**
**નથી હોતું પ્રણયમાં કંઈ દરદ, દુઃખ કે દમન જેવું**

* * *

**તમારા સમ, તમારા રૂપનું મુજ દિલ પૂજારી છે**
**પળે પળ જિંદગી મેં પ્રેમ-ભક્તિમાં ગુજારી છે**

* * *

**અશ્રુઓ હું જો વહાવો છું વિયોગે આપના**
**દોસ્ત તો શું દુશ્મનોને રડાવી જાઉં છું**

* * *

**આપો ભરીને સાકી, પ્યાલા પ્રણય સુરાના,**
**તરસ્યા, દુઆઓ દિલથી પીને કરી જવાના**

* * *

**દીપકને જોઈ બળતા બોલી ઊઠયા પતંગા,**
**બીજાને બાળનારા નિત્યે બળ્યા કરે છે.**

* * *

**ના કોઈનાં આંસુ જોઈ રડી પડે, ના કોઈના દુઃખ દેખી પીગળો**
**એ આંખને અંધ હું સમજું છું, એ દિલને પથ્થર સમજું છું.**

* * *

**સુખમાં અનેક હાજિયા મિત્રોને યાર હોય છે,**
**દુઃખમાં જ સાથી એક ફક્ત પરવરદિગાર હોય છે**

* * *

**પ્રેમ પુષ્પો ખીલી ખીલી ને કરમાશે કદી,**
**મુજ હૃદય ઉપવન હંમેશાં પાનખરથી દૂર છે**

■

### જો સકારાત્મકતા સાથે જતું કરવાની ભાવના હોય તો...

# જિંદગી જીવવા જેવી બની શકે!

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

કચ્છમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં લેખિકા જિજ્ઞા પટેલે થોડા સમય અગાઉ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી. એ નાનકડી પોસ્ટમાં તેમણે બહુ ઊંડી અને જીવનમાં ઉતારવા જેવી વાત કહી દીધી હતી. તેમણે તેમની શૈલીમાં લખ્યું હતું:

‘બહુ જ નાજુક હોય છે સંબંધ. તૂટી જતાં, છૂટી જતાં સહેજ પણ વાર ન લાગે. પછી ગમે એટલું સમેટો તો પણ કંઈ હાથ ન લાગે. થોડુંક જતન કરતાં આવડવું જોઈએ નહીં તો કોઈ છોડ પરથી એક પછી એક ફૂલ મુરઝાતા જાય, કોઈ વૃક્ષ પરથી પાંદડાઓ ખરી જાય અને બૂઠ્ઠું ઝાડ એકલુંઅટુલું થઈ જાય એવું સંબંધમાં પણ થાય. આવી સ્થિતિ ટાળવા માટે જીવનમાં ક્યારેક કોઈને મહત્ત્વ આપી દઈએ, ક્યારેક કોઈનું માન જાળવી લઈએ, કોઈની ઈજ્જત કરીએ, કોઈને પ્રેમ આપીએ, કોઈને ગમાડી લઈએ, કોઈને ગમી જઈએ. બાકી બહુ જલદી સરકી જાય છે જીવન... આટલા ટૂંકા સમયમાં કેટલું કરવાનું છે. આમાં કોઈ સામે આંગળી માંડીને ક્યાં સુધી લડવાનું? એના માટે સમય જ નથી! બસ, સારા અનુભવો લેવાના. સારા અનુભવો લેવામાં, ખુશ થવામાં જ બધો સમય વિતાવી દેવાનો. દુનિયા એટલી પણ ખરાબ નથી. થોડાક પોઝિટિવ હોઈએ તો ઘણું મઘમઘતું લાગે. અને (પછી) બસ મજા જ આવ્યા કરે.’



સોશિયલ મીડિયા પર શાબ્દિક ‘તલવાર’ બાજી

જિજ્ઞા પટેલની એ પોસ્ટ વાંચી હતી એ વખતથી નોંધ ટપકાવી રાખી હતી કે આ મુદ્દે ક્યારેક લેખ લખીશ. આજના સમયમાં મોટા ભાગના લોકોને જતું કરવું નથી. પાડોશી-પાડોશીઓ, સગાંવહાલાંઓ કે કુટુંબના સભ્યો વચ્ચે પણ ઝઘડાઓ ચાલતા હોય છે. ઘણા લોકો નકારાત્મકતા સાથે જીવતા હોય છે. કેટલાક માણસો તો કુટુંબના સભ્યો, સગાંવહાલાંઓ, મિત્રો કે પરિચિતો સાથેના સંબંધોમાં માફિયાગિરી કરતા હોય છે. એ બધા શરતો સાથે સંબંધો રાખતા હોય છે. એવા લોકો ઘણીવાર કહેતા હોય કે ‘તમારે અમારી સાથે સંબંધ રાખવો હોય તો અમે કહીએ એમ તમારે કરવું પડશે. અમે કહીએ એ રીતે તમારે જીવવું પડશે.’ અથવા તો ‘અમે કહીએ એ લોકો સાથે તમારે સંબંધ રાખવો પડશે અને અમે ના પાડીએ એ લોકો સાથે તમારે સંબંધ નહીં રાખવાનો...’ આવી વિકૃત મનોવૃત્તિને કારણે તેઓ નકારાત્મકતા ફેલાવે છે અને પોતાની આજુબાજુના સરળ લોકોના મનમાં ય નકારાત્મકતા ભરી દે છે. સતત નકારાત્મકતા ફેલાવતા આવા લોકોથી દૂર રહેવું જોઈએ.

આજના સમયમાં એકબીજાથી જુદા અભિપ્રાયો ધરાવતા માણસો વચ્ચે કડવાશ વધતી જાય છે. પરિચિતો, મિત્રો, સગાંસંબંધીઓના મન પણ ભિન્ન અભિપ્રાયોને કારણે ઊંચા થતા જોવા મળે છે. અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે વાંદરાના હાથમાં તલવારની જેમ સોશ્યલ મીડિયા નામનું શસ્ત્ર તેમના હાથમાં આવી ગયું છે. જુદીજુદી વિચારધારા ધરાવતા એક સમયના ગાઢ મિત્રો સોશ્યલ મીડિયા પર એકબીજાની વિરુદ્ધ પોસ્ટ મૂકતા હોય કે એકબીજાની વિરુદ્ધ કમેન્ટ્સ કરતા હોય એવા કિસ્સાઓની હવે કોઈને સહેજ પણ નવાઈ લાગતી નથી. સોશ્યલ મીડિયાને કારણે દાયકાઓ જૂના મિત્રો કે પાડોશીઓ કે સગાંવહાલાંઓ સહકાર્યકારોના સંબંધો તૂટી ગયા હોય કે તેમની વચ્ચે અબોલા થઈ ગયા એવા અનેક કિસ્સાઓ બને છે.

ઘણા લોકો સોશ્યલ મીડિયા પર લડવા માટેનાં કારણો શોધતા હોય છે અને લડવા માટેનું કારણ ન મળે તો એ કોઈની સકારાત્મકતાવાળી પોસ્ટ પર જઈને ત્યાં પણ ઊંબાડિયાં મૂકીને સકારાત્મક વાતો પોસ્ટ કરનારી વ્યક્તિઓને ટ્રોલ કરતા હોય છે. સોશ્યલ મીડિયા ફ્રેન્ડની અથવા તો ત્રાહિત વ્યક્તિની વિચારધારા સાથે તેમને વાંધો હોય તો તેઓ શાબ્દિક તલવાર લઈને મેદાનમાં ઊતરી પડતા હોય છે.

ઘણા કિસ્સાઓમાં બે મિત્રો વચ્ચે કે કુટુંબના બે સભ્યો વચ્ચે કે બે પાડોશીઓ વચ્ચે કે સગાંવહાલાંઓ વચ્ચે કોઈ મુદ્દે મતભેદ હોય એના કારણે તેઓ બાખડી પડે અને એને કારણે પછી મનભેદ થાય અને પછી વર્ષો કે દાયકા જૂના સંબંધોનો અંત આવી જાય એને બદલે આપણે થોડુંક જતું કરવાની ભાવના રાખીએ, કોઈ વ્યક્તિ કોઈ વાતે સમજવા તૈયાર ન હોય તો તેની સાથે દલીલો કરવાનું બંધ કરીએ અને તેમની વાત સાથે સહમત ન થઈએ, પરંતુ તેમની સાથે ચર્ચા પર પૂર્ણવિરામ મૂકી દઈએ તો સંબંધ તૂટતો અટકાવી શકીએ.

આવા સમયમાં જિજ્ઞા પટેલની સહજ-સરળ શબ્દોમાં લખાયેલી પોસ્ટ જીવનમાં ઉતારવા જેવી છે. ક્યારેક કોઈ વ્યક્તિ સાથે મનદુઃખ કે મનભેદની સ્થિતિ ઊભી થાય તો એ વખતે આપણે પહેલા નક્કી કરવું જોઈએ કે આપણો સંબંધ વધુ મહત્ત્વનો છે કે આપણી વિચારસરણી? જો આપણો સંબંધ વિચારસરણીથી વધુ મહત્ત્વનો હોય તો એ સંબંધમાં થોડુંક જતું કરી દેવાની ભાવના રાખવી જોઈએ. આપણે કોઈ વ્યક્તિને પ્રેમ કરતા હોઈએ તો તેની અમુક વસ્તુઓ ન ગમતી હોય એ મુદ્દે ચર્ચા કરવાનું બંધ કરી દઈએ અને જો તે વ્યક્તિ પ્રત્યેના આપણા પ્રેમ કરતા આપણો અણગમો વધુ હોય તો એ વ્યક્તિ સાથે સંબંધ ઓછો કરી નાખવો જોઈએ અથવા તો એ સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. બાકી તેના વિશે ગામ આખામાં નકારાત્મક વાતો કહેતા ફરવાનો કોઈ અર્થ નથી એને કારણ કડવાશ ઓર વધવાની છે. એટલે આ બધા આ બધી પ્રવૃત્તિઓમાં સમય વિતાવવાને બદલે આપણે જિંદગીમાં સારા અનુભવ લેવામાં સમય વિતાવીએ, આપણને ખુશી થાય અને આપણા વર્તાવથી આપણી આજુબાજુની વ્યક્તિઓ પણ ખુશ થાય એવી પ્રવૃત્તિઓ કરીએ અને આપણી અંદર સકારાત્મકતા જાળવી રાખીએ અને જતું કરવાની ભાવના ટકાવી રાખીએ તો જિંદગી જીવવા જેવી જરૂર બની શકે. ■

# ઉફ્ફ ઉતરાણ... ધાબે ધાબે ધબકારાની ધીંગામસ્તી!

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

*ટાઇટલ્સ:*
*વ્યંગ ને પતંગ બન્નેને કંટ્રોલમાં રાખવા! (છેલવાણી)*

એક બાપ ને દીકરો પતંગ ઉત્સવમાં ગયા. છોકરાએ પતંગ ઉડાવવાનું શરૂ કર્યું ને પતંગ આકાશમાં ઊંચે ગયો. પછી છોકરાએ કહ્યું, ‘પપ્પા, મને લાગે છે કે પતંગને ઊંચે ઉડવાથી આ દોરી રોકી રહી છે. જો દોરીને તોડી નાખીએ તો પતંગ વધારે ઊંચો ઊડશે.’ બાપે તરત પતંગની દોરી તોડી નાખી. પછી પતંગ થોડી જ વારમાં નીચે આવીને એક બિલ્ડિંગના ટેરેસ પર જઈને પડ્યો. આ જોઈને છોકરો નિરાશ થઈ ગયો. એણે બાપને પૂછ્યું, ‘મેં તો પતંગની દોરી એટલા માટે કાપી જેથી કરીને પતંગ મુક્તપણે ઊંચે ઊડી શકે પણ એ નીચે કેમ પડી ગયો?’

બાપે સમજાવ્યું, ‘બેટા, દોરી પતંગને ઊંચે જતા નહોતી અટકાવતી. પણ જ્યારે પવન ધીમો પડે કે વધે ત્યારે દોરી પતંગને યોગ્ય દિશામાં ઊંચે જવામાં મદદ કરતી હતી અને જ્યારે એને તેં કાપી નાખી ત્યારે દોરી દ્વારા પતંગને જે ટેકો હતો, એ છૂટી ગયો ને પતંગ નીચે પડી ગયો.’

જીવનમાં સંબંધોનું પણ એવું જ છે. આપણને લાગે કે જો આપણે આપણા પરિવાર સાથે કે ઘર સાથે બંધાયેલા ન હોત તો આપણે ઝડપથી પ્રગતિ કરી શક્યા હોત પણ આપણે ભૂલી જઈએ છીએ કે આપણો પરિવાર, આપણા મિત્રો કે આપણા પ્રિયજનો આપણા જીવનમાં આવતા મુશ્કેલ સમયમાં આપણને ટકી રહેવામાં મદદ કરે છે... એટલે સંબંધોની દોરીને કદીયે કાપશો નહીં!



અરેરે, ઉફ્ફ, ઓયવોય તમને થશે કે ઉતરાણના બહાને સવાર સવારમાં આ શું ફિલોસોફી માંડી છે? પણ ફ્રેંકલી સ્પીકીંગ, શું છે કે અમને પતંગ ચગાવતા આવડતી નથી, એ બહુ અઘરી કલા છે પણ એના કરતાં આ ફિલોસોફીની વાતો કરવી સહેલી પડે છે! અને આમેય ગુજરાતીઓને ફેશન, ફાફડા અને ફિલોસોફી વધારે ગમે છે!

નાનપણમાં મુંબઈમાં અમારો પાર્લા ઈસ્ટમાં ટેરેસ ફ્લેટ હતો ત્યારે પણ અમને પતંગ ઉડાડતા આવડતી નહીં ને અમે નિઃસ્પૃહની જેમ પતંગ ચગાવવાની કલાને જોતા રહેતા, મકાનના છોકરાઓ અમને ચીડવતા, ‘તારી પોતાની ટેરેસ છે અને તને પતંગ ચગાવતાં નથી આવડતી?ત્યારે અમે સ્માર્ટલી કહેતા, ‘એમ તો અમારી ટેરેસની ઉપર વિમાનો યે ઊડે છે, એટલે અમારે વિમાનો ઉડાડતાં શીખી લેવાનું?’ પણ અમારા આવા વાયડા જવાબ સાંભળવામાં એ લોકોને રસ નહોતો. એ લોકો તો ઝનૂનથી પતંગ ચગાવતા ને બીજાની પતંગ કાપતા.

પતંગ ચગાવવી એક કાતિલ-કમીની પણ કોમળ કળા છે. પતંગમાં ક્યાં કાણાં પાડવાં, ક્યાં કન્ની બાંધવી, કન્ની બાંધતી વખતે કેવું માપ લેવું, એ એક ગહન શાસ્ત્ર છે. આ ગુહ્ય શાસ્ત્રની વાત, જૂના જમાનામાં ગુરુ પોતાના શિષ્યને શિખવાડતા એમ મકાનના સિનિયર બાળકો જુનિયરોને આ કળા શીખવતા હોય છે. જો કન્ની સારી બંધાય તો પતંગ ઊંચે ઊડે અને બરોબર ના બંધાય તો ગોળ-ગોળ ફરતી થઈ જાય. પરણેલાંઓનું પણ એવું જ છે. સારું પાત્ર મળે તો પ્રેમ-પતંગ ઊંચી ઊડે નહિતર ગોળ-ગોળ ગોથાં ખાયા કરે! (આ વિધાન જીવંત, મૃત, તાજા જન્મેલા કે ન જન્મેલા, એવા કોઈપણ માણસને ઉદ્દેશીને નથી માટે કોઈએ કલ્પનાની પતંગો ઉડાવવી નહીં.)

*ઈન્ટરવલ:*
*કરતા હૈ શાદ (પ્રસન્ન) દિલ કો ઉડાના પતંગ કા,*
*ક્યા, ક્યા કહું, મૈં શોર મચાના પતંગ કા. (નઝીર અકબરાબાદી)*

ઘણા લોકોને પોતાની પતંગ ચગાવવા કરતાં બીજાની પતંગ કાપવામાં વધારે રસ હોય છે. પછી એ જીવનમાં હોય કે આકાશમાં હોય! જેમ કે વિપક્ષો સતત સરકારની પતંગ કાપતા હોય છે, સેંસરવાળા ફિલ્મ નિર્માતા કે લેખક-નિર્દેશકોની પતંગ કાપતા હોય છે, મીડિયાવાળા સૌની ફિરકી પકડીને જયાં લાગ મળે ત્યાં ઢીલ આપીને કે ખેંચીને પતંગ કાપતા હોય છે. ક્રિકેટ બોર્ડના મેમ્બર્સ ખેલાડીઓની પતંગ કાપતા જ રહે છે, ન્યુઝ ચેનલમાં બોલનારાઓ બૂમો પાડીને એકમેકની વાતના પતંગ કાપતા હોય છે.

આ બધા વચ્ચે ઘણા એવાયે હોય છે જે માત્ર કટી પતંગનો તરત પીછો કરીને એને કબજે કરી લે. જેવી કપાયેલી પતંગ હાથમાં આવે કે તરત જ પોતાનો જન્મસિદ્ધ હક્ક હોય એમ ઝડપી લે. ઘણા સાહિત્યના વિવેચકો કે ફિલ્મોને રીવ્યુ કરનારાઓ કે પછી પાનના ગલ્લે ઊભા રહેનારા સફળ માણસના પતંગની કાપાકાપીમાં ભરપૂર રસ લેતા હોય છે. આમાં એમને ખુશખુશાલ ખૂજલીનો આનંદ આવતો હોય છે.

એક માણસ પતંગ ચગાવતો હતો ત્યાં એક બીજો માણસ આવ્યો. બીજાએ પહેલા માણસને પૂછ્યું કે, ‘શું પતંગ ઉડાવો છો?’

તો પહેલાએ ભડકીને કહ્યું, ‘ના, આકાશમાં માછલી પકડું છું!’

બીજા માણસે કહ્યું, ‘આકાશમાં માછલી ક્યાં હોય?’

પહેલાએ કહ્યું, ‘જો ધરતી પર તારા જેવા મૂર્ખાઓ હોય, તો આકાશમાં માછલી કેમ ન હોય!’

થોડી વાર પછી પેલો બીજો માણસ પતંગ લઈને આવ્યો. એણે પતંગ ચગાવી પહેલા માણસની પતંગ કાપી નાખી.

પેલાએ પૂછ્યું, ‘તેં મારી પતંગ કેમ કાપી નાખી?’

બીજા માણસે કહ્યું, ‘મેં તને એપ્રિલફૂલ બનાવ્યો!’

તો પહેલાએ કહ્યું, ‘પણ આજે ક્યાં પહેલી એપ્રિલ છે?’

પેલાએ કહ્યું, ‘એમ તો આકાશમાં પણ માછલી ક્યાં હોય છે?’

આ બે માણસ વચ્ચેની વાતનો કોઈ જ અર્થ નથી, પણ પતંગને બહાને આપણે કઈ રીતે એકબીજાને નડતા હોઇએ છીએ, એની આમાં ફિરકીસભર ફિલોસોફી છે. બસ અમને તો કાગળનો પતંગ નહીં પણ વાણીનો પતંગ ચગાવતાં જ આવડે છે. આમ તો હવે મુંબઈમાં ઉત્તરાયણ બહુ ઓછો ઉજવાય છે, પણ જેટલા ઉજવે છે એ તમતમારે ધાબે ચઢીને, લાઉડ મ્યુઝિક વગાડીને, ઊંધિયું-જલેબી ખાઈને, એઇને જલસાથી ઉતરાણ મનાવજો.

એડવાંસમાં હેપ્પી ઉતરાણ!

*એન્ડટાઈટલ્સ:*
*આદમ: મને કન્ની બાંધતાં આવડે છે.*
*ઈવ: મારો ચોટલો બાંધી આપે તો જાણું!* ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘ફટ છે મુઆ, પુરુષ થઈને બાઈ બન્યો!’



ત્રિઅંકી નાટકના સમયમાં જ્યારે નાટક ત્રીજા અને અંતિમ અંકમાં પ્રવેશે ત્યારે કથાના કલાઇમેક્સ માટે અને એના અનુષંગે નાટકના અંત માટે ભૂમિકા તૈયાર થઈ જાય. હું પણ અત્યારે જીવનના અંતિમ તબક્કામાં અને નાટકની ભાષામાં કહું તો અંક ત્રીજો અને દ્રશ્ય ત્રીજું અને છેલ્લું તબક્કામાં પ્રવેશી ચુકી છું. આંખ સામેથી અનેક દ્રશ્યો પસાર થઈ રહ્યાં છે, અનેક સ્મૃતિ તાજી થઈ રહી છે. મારી અભિનય કારકિર્દીનો શ્રેષ્ઠ તબક્કો ભાંગવાડીમાં શ્રી દેશી નાટક સમાજમાં હતો એ નિર્વિવાદ હકીકત છે, પણ મારું પાયાનું ઘડતર તો એ પહેલા થયું હતું એ વાત પણ મારે સ્વીકારવી જ જોઈએ.

મારી નાટ્ય સફરની શરૂઆત ગણેશ મંડળનાં નાટકોથી થઈ હતી. એ નાટકોની ભજવણી સીમિત પ્રેક્ષકવર્ગ સમક્ષ થતી, એના શો પણ જૂજ થતા હતા પણ દર્શકોની હૂંફ, એમના પ્રેમની માત્રા ઝાઝી હતી. અભિનયનો એકડો અહીં જ ઘૂંટાયો. નાનકડા ગામમાં નાટકો થતાં ત્યારે નાયકોના સંતાનોની હાજરી ખાસ્સી જોવા મળતી. અહીં જોકે, વ્યવસ્થિત સ્ટેજ જેવું કશું જ ન હોય. જમીન પર જ કર્ટન બાંધેલો હોય, ખુરશી જેવી કોઈ વ્યવસ્થા ન હોય અને રસિક પ્રેક્ષકો ચટાઈ કે બીજું કોઈ પાથરણું પાથરી નાટક જોવા બેસી જાય. ટિકિટ વેચાણની પણ કોઈ વ્યવસ્થા ન હોય. પ્રેક્ષકો વિનામૂલ્યે નાટક જુએ અને આનંદ માણે. આ ટોળાનાં નાટકો કહેવાય. આ ટોળાનાં નાટકોમાં કામ કરી, એમાં ઘડાઈને નાયકોના ઘણાં સંતાનોએ રંગભૂમિમાં કારકિર્દી બનાવી.

એક સમયે પ્રભાસ પાટણના ભગુભાઈ વૈદ્યનો અભિનય લાજવાબ હતો. આ કલાકાર કરુણ રસના કસબી હતા. એમનો અભિનય જોઈને પ્રેક્ષકોની આંખમાં દડ દડ આંસુ વહેવા લાગતા હતા. પ્રભાસ પાટણમાં સ્ત્રી પાત્ર ભજવતા એક કલાકારે પોતાના પરિવારને નાટક જોવા બોલાવ્યો હતો. નાટક માણી રહેલા પ્રેક્ષકોમાં કલાકારની પત્ની પણ હતી. ઓડિયન્સમાં બેઠેલી પત્નીએ પોતાના પતિને સ્ત્રી પાત્રમાં જોયો અને તેનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. એનાથી સહન ન થયું અને એ ત્રાડ પાડી ઊઠી હતી કે ‘ફટ છે મુઆ, પુરુષ થઈને બાઈ બન્યો!’

રંગભૂમિના વિકાસનો વિચાર કેટલાક લોકોને આવ્યો અને એમાંથી ખાડાની કંપની તૈયાર થઈ. પછી પતરાં બાંધી નાટક ભજવણીનો પ્રારંભ થયો. ઘણી નાની કંપની અસ્તિત્વમાં આવી અને નાટ્ય પ્રવૃત્તિને વેગ મળવા લાગ્યો. માઈક - લાઈટ જેવી સગવડ પ્રારંભના સમયમાં નહોતી. અનેક નાટકો કેવળ પેટ્રોમેક્સના અજવાળે ભજવ્યાં હતાં. જોકે, અંતરનો ઉજાસ વધુ હતો અને એને કારણે બીજી બધી તકલીફ વામણી લાગતી હતી.

ગામડામાં જે નાટકો ભજવાતાં હતાં એમાં એક વાતનું આશ્ચર્ય એ થતું કે કોઈ નાટ્ય કંપની અહીં આવતી ન હોવા છતાં અન્ય કંપનીના લોકપ્રિય નાટકો કઈ રીતે ભજવાતા હશે? નાટ્ય કંપનીઓની ભજવણી સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ જેવાં મુખ્ય શહેરોમાં થતી હતી. જોકે, દેશી નાટક સમાજમાં ભજવાતા બધાં નાટકોના શો નાનાં નાનાં ગામડાઓમાં પણ થાય એની તકેદારી રાખવામાં આવતી. નાટ્ય પ્રવૃત્તિ ગુજરાતના ગામેગામ ફૂલીફાલી એમાં શ્રી દેશી નાટક સમાજનો મોટો ફાળો છે.

ગયા હપ્તામાં મેં દ્રશ્યની ભજવણી વખતે થતા ગોટાળા અને એને પગલે ઊભી થતી વિનોદી પરિસ્થિતિ વિશે વાત કરી હતી. જોકે, કલાકાર એવા ઘડાઈ ગયા હોય કે પ્રેક્ષકને અણસાર પણ ન આવવા દે અને નાટક આગળ ચાલતું રહે. એ સમયમાં ટેકનોલોજી વિકસી નહોતી અને આજના સમયની સરખામણીએ તો નહીં જેવી જ કહેવાય. તેમ છતાં ટ્રિક સીનની રજૂઆત એવી સરસ રીતે થતી કે પ્રેક્ષકો દંગ રહી જાય.

‘હોથલ પદમણી’ નાટકમાં એક ટ્રિક સીન હતો. અપ્સરા સ્વર્ગ પરથી પૃથ્વી પર આવે છે. નાટક જોવા આવેલા પ્રેક્ષકોને એનો એહસાસ થાય એ માટે અપ્સરા ઉપરથી નીચે ઊતરે એવી કમાલ રજૂ કરવામાં આવી હતી અને ઓડિયન્સને એનું અચરજ થયું હતું. અપ્સરા સ્વર્ગમાંથી ઊતરી રહી છે એવું વાતાવરણ ઊભું કરવામાં સફળતા મળી હતી. પ્રેમીની ચિઠ્ઠી પ્રેમિકાને પહોંચાડવી હોય એ માટે પણ બહુ સરસ ટ્રિક સીન જોવા મળતો. ચિઠ્ઠી પહોંચાડનાર વ્યક્તિ ઓડિયન્સમાં ફરી પાછી ચિઠ્ઠી લઈ આવે અને જાણે ખૂબ ઈંતેજારી પછી પ્રેમિકાને ચિઠ્ઠી મળી હોય એવો માહોલ ઊભો કરી શકાતો હતો.

અભિનેતા સિવાયના કસબીઓની કમાલ પણ ગજબની હતી. આજે સેટ ડિઝાઈનર તરીકે ઓળખાતા લોકો અમારા વખતમાં મિસ્ત્રી તરીકે ઓળખાતા હતા. એ લોકો એમના કામમાં પારંગત હતા અને સેટ પર સ્ટીમર પાણીમાં ઊભી હોય એવું વાતાવરણ એ લોકો આબેહૂબ ખડું કરી શકતા હતા. બીએસટીની બસ કે ટ્રક સ્ટેજ પર દેખાડી શકાય એવી આવડત અને કુશળતા એ લોકોમાં હતી. ‘કૈલાશપતિ’ નાટકમાં તો શંકર ભગવાન નંદી પર બેસીને સ્ટેજ પર આવે એવી ચમત્કૃતિ પ્રેક્ષકોને હેરત પમાડતી હતી. આ નાટકમાં સતીનું પાત્ર યજ્ઞની વેદીમાં હોમાઈ જાય છે એ સીન સિક્વન્સ પણ બહુ સરસ રીતે રજૂ કરવામાં આવી હતી.

નાટકોમાં કામ કરવાની મેં શરૂઆત કરી ત્યારે માઈક સિસ્ટમ જેવી કોઈ વ્યવસ્થા - સગવડ નહોતા. દર્શકો સુધી અવાજ પહોંચે, એને ડાયલોગ સંભળાય એ માટે કલાકારએ મોટેથી બોલવું જરૂરી હતું. એટલે અમારી વોઇસ ટ્રેઈનિંગ બહુ સરસ રીતે કરવામાં આવતી હતી. જોકે, જ્યારે મારા સહિત અન્ય કલાકારોએ નવી રંગભૂમિમાં કામ કરવાની શરૂઆત કરી ત્યારે અમને ખાસ કહેવામાં આવતું કે ‘જરા ધીમેથી બોલો, આ જૂની રંગભૂમિ નથી.’ ધીમેથી બોલવાની વાત તો સમજી શકાય એવી હતી, પણ ‘આ જૂની રંગભૂમિ નથી’ એ વાત બહુ ખટકતી હતી. માઠું લાગતું હતું. કેટલાક લોકો તો જોરથી બોલવાની શૈલીની બહુ ખરાબ નકલ કરી એને ઉતારી પાડતા એ જોઈને દુ:ખ પણ બહુ થતું હતું. આ લોકો જૂની રંગભૂમિનાં નાટકો જોયાં જ નથી અને એની ટીખળ કરે છે એ વાત અમને કોરી ખાતી હતી. જોકે, અમે ચુપચાપ બધું જોયા કરતા હતા.

૧૯૫૦ના દાયકામાં ગુજરાતી રંગભૂમિની શતાબ્દીની ઉજવણી મુંબઈ અને ગુજરાતમાં થઈ હતી. આ મહોત્સવ આછી નાટ્ય પ્રવૃત્તિમાં નવો ઉત્સાહ અને નવા પ્રતિભાશાળી કલાકાર અને કસબીઓ જોવા મળ્યા હતા. રંગભૂમિનું સ્વરૂપ પણ બદલાઈ ગયું. રંગભૂમિ ઉપર પહેલા જંગલ, મહેલ કે રસ્તાઓના પડદા હતા ત્યાં હવે આધુનિક ટેકનોલોજીના કારણે ગોળ-ગોળ ફરતા રંગમંચ, સરકતા મંચ, અન્ય ટેકનિક અને ત્રણ ડાઇમેન્સલ સેટ પણ આવ્યા. આ બદલાવ મહત્ત્વનો સાબિત થયો.

ઈન્દોરમાં જન્મેલા માસ્ટર અશરફ ખાન સાચા અર્થમાં અભિનયમાં માસ્ટરી ધરાવતા હતા. ભાષા ઉપરાંત સંગીત અને અભિનયમાં પ્રવીણતા મેળવી હતી. ગુજરાતી નાટક કંપની સાથે જોડાયા અને અહીંથી જ તેમને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ. નાટ્યકાર પ્રભુલાલ દ્વિવેદી અને મૂળચંદ મામાની તાલીમ મેળવી ‘માલવપતિ’ નાટકમાં મુંજની ભૂમિકા કરીને સફળતા મેળવી. અંગત જીવનમાં ક્યારેય દારૂને ન અડકનાર અશરફ ખાને ‘સિરાજુદ્દૌલા’માં સિરાજ તરીકે દારૂડિયાની ભૂમિકા સફળ રીતે ભજવી અને વાહ વાહ મેળવી. ‘સંસારસાગર’ નાટકમાં ખલનાયક સુધાકરની ભૂમિકા અને ‘અરબ કા સિતારા’માં હાસ્યનટની ભૂમિકા ભજવી હતી. ભૂમિકાના આવા વૈવિધ્યને કારણે તેઓ એક કુશળ નટ તરીકે પ્રસ્થાપિત થયા. ‘એક અબળા’ નાટકમાં બિહારીની ભૂમિકા અશરફ ખાન ભજવવાના છે એની જાણ થતા પ્રેક્ષકોનો મોટો ધસારો થયો હતો અને ખોટ કરતી નાટક કંપની સધ્ધર થઈ ગઈ હતી. ■

## સ્ત્રીપાત્ર ભજવતા છોકરાઓ પર પ્રેક્ષકો મોહી પડતા

નટના વર્ચસ્વને કારણે અમૃત કેશવ નાયક, બાપુલાલ નાયક, પ્રાણસુખ ‘એડીપોલો’, મોહનલાલ, માસ્ટર અશરફ ખાન, પ્રભાશંકર ‘રમણી’, જયશંકર ‘સુંદરી’, મોતીબાઈ, માસ્ટર કાસમ, મૂળજી ખુશાલ, આણંદજી ‘કબૂતર’, મુન્નીબાઈ, માસ્ટર વસન્ત વગેરે નટ-નટીઓથી જૂની ગુજરાતી રંગભૂમિ રળિયાત હતી. આ કલાકારોએ પોતાની ભૂમિકા અદા કરવા માટે પોતાની બધી જ આવડતો કામે લગાડી, તાલીમ પણ પ્રાપ્ત કરી હતી. અમૃત નાયકે છેક લખનઊ સુધી જઈને અભિનયની તાલીમ મેળવી હતી. આ કલાકારોની લોકચાહના એટલી બધી હતી કે એમની એકેક અદા પર લોકો વન્સમોર ગજવતા હતા. આગા હશ્ર કશ્મીરીના એક નાટક ‘અસિરે હિર્સ’માં અમૃત નાયકની ભૂમિકાથી લોકો ખુશખુશાલ હતા. અમૃત નાયકે લોકોની ખુશીનો સ્વીકાર કરવા માટે ત્રણ ત્રણ વાર પડદામાંથી બહાર આવવું પડતું હતું. કહેવાય છે કે ‘કર્ટન કોલ’ની પ્રથા અમૃત કેશવ નાયકથી શરૂ થઇ હતી. સુંદર મેકઅપથી સ્ત્રીપાત્ર ભજવતા છોકરાઓ પર ઘણા પ્રેક્ષકો મોહી પડતા. મોહવશ થઈ તેમની નિકટ જવા, તેમની સાથે ઓળખાણ વધારવા તેમને ભેટસોગાદો આપીને આકર્ષણ ઊભું કરતા. દરેક વ્યવસાયમાં હોય છે એવા સ્વૈચ્છિક કે ફરજિયાત શોષણના બનાવો પણ બનતા. જોકે, છેવટનો આધાર વ્યક્તિની પોતાની ઉપર અને નાટકમંડળીની શિસ્ત પર રહેતો. *(સંકલિત)*

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# વેનેઝુએલાનું પતન: અરે, આ તો જૂની સ્ક્રિપ્ટ છે!

ઈરાનમાં અત્યારે સ્થિતિ બહુ ખરાબ છે...

નાજી, આ કોઈ પ્રિન્ટિંગ મિસ્ટેક છાપવામાં ભૂલ નથી થઇ. ઇરાનની જ વાત કરીએ છીએ... ભલેને અમે શીર્ષકમાં ‘વેનેઝુએલા’ લખ્યું હોય... હા તો, ઇરાનની પરિસ્થિતિ બહુ ખરાબ છે. સતત વિરોધ પ્રદર્શન અને અનેક પ્રકારનાં આંદોલન થઈ રહ્યા છે. પ્રજા રસ્તા ઉપર વારેવારે ઊતરી આવે છે. આંતરવિગ્રહ જેવી સ્થિતિ છે. પ્રજામાં રોષ છે અને ઇરાનની સરકાર અસ્થિર છે. ગમે ત્યારે ઈરાનમાં સત્તાપલટો થાય તો નવાઈ લાગશે નહીં, કારણ કે આ બધું એક ચોક્કસ ફોર્મ્યુલા મુજબ થઈ રહ્યું છે. ઈરાનમાં ખાસ નક્કર એવો કોઈ પ્રોબ્લેમ ન હોવા છતાં છેલ્લાં ઘણાં વર્ષોથી ઇરાનની વૈશ્વિક મીડિયામાં સતત બદનામી કેમ થઈ રહી છે?

અત્યારના સમયમાં બધા જ લોકોને શાંતિથી જીવન પસાર કરવું હોય છે ત્યારે રસ્તા ઉપર ઊતરવા માટે અને સતત વિરોધ પ્રદર્શનો કરવા માટેનો જુસ્સો અને એના પૈસા ક્યાંથી આવતા હોય છે? આવા અનેક સવાલ એક વખત વિચારવા જેવા છે. આ સવાલોના જો અછડતા અંદાજિત જવાબ પણ મળી જાય તો પણ વેનેઝુએલામાં શું થયું એ સવાલનો જવાબ મળી જાય એમ છે.

કોઈ એક દેશ હોય જે પ્રમાણમાં નાનો હોય. તેનું કદ નાનું હોય, વસતિ પણ બહુ ન હોય અને તેનું અર્થતંત્ર પણ બહુ મજબૂત ન હોય એ દેશ આપોઆપ નાજુક સ્થિતિમાં મુકાઈ જતો હોય છે, જેમ કે, નેપાળ અને તાઇવાન. બંને નિર્દોષ દેશ કહેવાય એવા છે, પણ તેની આજુબાજુની મહાસત્તાઓ તેને હડપી જવા ટાપીને બેઠી છે, પણ આવા નાના દેશની સ્થિતિ વધુ જોખમી તો થાય જો એ દેશ પછી કુદરતી સંપદા વિપુલ માત્રામાં હોય. આજના સમયમાં એનકેશ કરી શકાય એવો કુદરતી સ્રોત એટલે ક્રૂડ ઓઇલ અને ખનીજો.

વેનેઝુએલાના નસીબનો પડિયો કાણો એટલા માટે કહેવો પડે કે એની જમીન નીચે ખનીજ-તેલનો પુષ્કળ જથ્થો રહેલો છે. બસ, આ કારણે વેનેઝુએલા વર્ષોથી સુપરપાવર દેશોના રડારમાં છે. ક્યારે આ દેશ નબળો પડે અને તેનો શિકાર કરી શકાય એ લાગમાં મોટા દેશ બેઠા છે.

ઇરાક સાથે શું થયું? ઇરાક પાસે એક સમયે ક્રૂડ ઓઇલ બહુ હતું. ક્રૂડ ઓઈલનો જથ્થો ધરાવનારા આરબ દેશોએ ઓપેક સંગઠન પણ બનાવેલું. પચાસ ઝરખના ઝુંડને શિકાર ન બનાવી શકાય તો એકાદી ઝરખને તો એકલું પાડીને તેનો ઘડોલાડવો કરી શકાય ને?

આ જ સ્ટ્રેટેજી અમેરિકાની છે. ઇરાક પાસે સામૂહિક વિનાશ લાવી શકે એવા માસ ડિસ્ટ્રકશનના વેપન છે એવી અફવાઓ ફેલાવવામાં આવી. દુનિયા એવું માનવા મંડી કે ઇરાક પાસે તો બહુ ભયંકર શસ્ત્રો છે. ઇરાકમાં ધીમે ધીમે ઘૂસપેઠ કરવામાં આવી. સદામ હુસેનની ધરપકડ કરવામાં આવી. એને જેલમાં રાખવામાં આવ્યો. એની ઉપર કહેવાતો અદાલતી મુકદમો ચાલ્યો. એને ફાંસી આપવામાં આવી અને એની ફાંસીની તસવીરો પણ મીડિયામાં આપવામાં આવી. ઇરાકને સાફ કરી નાખવામાં આવ્યું.



વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરા પર સાચા – ખોટા આરોપો લગાવીને તેને હાથકડી પહેરાવીને અમેરિકા ઊંચકી લાવ્યા....

આવું જ આજે ઈરાન સાથે પણ થઈ રહ્યું છે. ઈરાન છુપી રીતે અણુપ્રોગ્રામ ચલાવે છે તેવા ખબર ઘણા સમયથી આવી રહ્યા છે. એ વાત જુદી છે કે આજ સુધી અમેરિકા તેની એક પણ સાબિતી આપી શક્યું નથી. પણ ઇરાનને સંપૂર્ણ રીતે પાડી દેવાનો કારસો ઘણા સમયથી રચાઈ ગયો છે અને એ થઈને રહેશે. (ભવિષ્યમાં ઈરાનમાં ઇસ્લામ ધર્મ મેજોરિટીમાં ન રહે એવું પણ બને.)

હવે વેનેઝુએલા અને અમેરિકા પર આવીએ. ડોનલ્ડ ટ્રમ્પનો પ્રોબ્લેમ શું છે એ પહેલા જોઈએ. એ માણસ હોટેલિયર છે એટલે કે બિઝનેસમેન છે. એ દરેક બાબતમાં પ્રોફિટ-લોસ જુએ. હાડોહાડ મૂડીવાદી માણસમાં નૈતિકતા કે સૌજન્ય જેવું ખાસ કંઈ ન હોય. ટ્રમ્પની પ્રકૃતિમાં મૂડીવાદ અને ઉપરથી એ કટ્ટર જમણેરી. ‘મેક અમેરિકા ગ્રેટ અગેન’-નું સ્લોગન આપીને અશક્ય ચૂંટણી જીતનારો માણસ. હવે એની સામે પ્રોબ્લેમ એ છે કે એણે નાખેલા ટૅરિફને કારણે દુનિયા ડી-ડૉલરાઇઝેશન તરફ વધી રહી છે. કોઈને કોઈ રીતે ડૉલરની વેલ્યુ નથી ઘટી, પણ બીજા દેશોને ફક્ત યુએસ ડૉલર પર જ આધાર રાખવો પડે છે એ ખૂંચવા લાગ્યું છે. ઇઝરાયલનો સાથ અમેરિકા કોઈ પણ સંજોગોમાં છોડી શકે એમ નથી. ઇઝરાયલ પંકાઈ ગયું છે અને તેની સરહદો સતત સળગતી રહી છે. ટ્રમ્પે એના બીજી વખતના ચૂંટણી પ્રચારમાં શેખી મારી હતી કે તે રશિયા-યુક્રેઇન યુદ્ધ ચપટી વગાડતા બંધ કરાવશે તે શેખી હાસ્યાસ્પદ ઠરી છે. રશિયા અને ચીન ટ્રમ્પને ગાંઠતા નથી. વેપાર અને ઉદ્યોગમાં ચીનનુ પલડું ભારે બનતું જાય છે. અમેરિકન કંપનીઓ પણ ભારત જેવા માર્કેટની ફાયદો લેવા અહીં આવી રહી છે. અમેરિકામાં નોન-અમેરિકન્સ ખૂબ પૈસા કમાઈ રહ્યા છે અને કમાઈને વતન મોકલી રહ્યા છે. આવા સમયમાં અમેરિકાએ પોતાનું જગત જમાદારનું લેબલ જાળવી રાખવા અમેરિકાએ જડબેસલાક પ્લાનિંગ મુજબ વેનેઝુએલા પર પોતાની જાળ ફેંકી અને તેના પ્રમુખ નિકોલસ માદુરા ઉપર સાચા - ખોટા આરોપો લગાવીને તેને હાથકડી પહેરાવીને અમેરિકા ઊંચકી લાવ્યા....

હવે તાજા સમાચાર છે કે અમેરિકા વેનેઝુએલાની ધરતીનું ક્રૂડ ઓઇલ કબજે કરશે. દર મહિને કરોડો ગેલન ક્રૂડ ઓઈલને અમેરિકા પહોંચાડવાનું આખું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજીસ્ટિક્સ ગોઠવાઈ રહ્યું છે. વેનેઝુએલાને આવતા વીસ વર્ષમાં નીચોવી નાખશે. ત્યાંની ગરીબ પ્રજા વધુ ગરીબ બનશે. આ આધુનિક સમયની ગુલામીપ્રથા છે. બ્રિટિશરો આખા દેશ પર કબજો કરીને તેને ગુલામ બનાવતા, આજના સમયમાં અમેરિકનો કે ચાઈનીઝ લોકો વેપારના માર્ગે ઘૂસીને, આખા દેશને અસ્થિર કરીને તેને પતાવી નાખે છે.

બાંગ્લાદેશની આ હાલત પાછળ ચીન કે અમેરિકા ન હોય એવું ન માનવાને કોઈ કારણ નથી. ભારતે આ વેનેઝુએલાના મુદ્દામાં તટસ્થ વલણ દાખવ્યું છે. જો ચીન તાઇવાનનો કોળિયો ગળી જશે તો પણ અમેરિકા હવે ચૂપ રહેશે, શરત એટલી જ કે વેનેઝુએલાના મામલે ચીન ચૂપ રહ્યું તો!

આ અગાઉ ૨૦૨૦માં પણ વેનેઝુએલાના પ્રેસિડેન્ટ નિકોલસ મદુરો પર ક્રિમિનલ ચાર્જિસ લગાવેલા. એમાં નાર્કો-ટેરરિઝમ એટલે કે અમેરિકામાં ડ્રગ્સ ઘુસાડવાનો આરોપ મુખ્ય છે. એના સિવાયના આરોપોમાં સંહારક શસ્ત્રોની માલિકી અને સ્મગલર્સને ડિપ્લોમેટિક પાસપોર્ટ આપવા જેવા આરોપોનો પણ સમાવેશ થાય છે. અમેરિકાની યુવાપેઢીને બરબાદ કરવામાં મેક્સિકો સરહદેથી આવતા ડ્રગ્સ મોટું કારણ છે એ તો વર્ષોથી અમેરિકા કહેતું આવ્યું છે. કોલમ્બિયા પણ અમેરિકાની નજરમાં છે અને કોલમ્બિયાને પણ અમેરિકા નજીકના ભવિષ્યમાં ઘણી રીતે હેરાન કરશે એવું લાગે છે. ટ્રમ્પે તો ગ્રીનલેન્ડ પર કબજો કરવાની વાત પણ કરી છે તો એના જવાબમાં ડેન્માર્કે એના લશ્કરને એવી સૂચના આપી છે કે - ‘પહેલા ગોળી મારજો, પછી સવાલ કરજો...!’

આ બધું જોતા એક વાત કરી શકાય કે ત્રીજું વિશ્વયુદ્ધ તો નહીં થાય પણ અત્યારે સંજોગો થોડાઘણા એવા જ છે જે પ્રથમ વિશ્વયુદ્ધ પહેલા હતા!

આમ સિનારિયો એવો સર્જાયો છે કે આ દુનિયાનું ભાવિ એકદમ જોખમી બની રહ્યું છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ્સના નાકે દમ લાવતી જનરેશન ઝી...

જેન ઝી અર્થાત જનરેશન ઝેડ એ મિલ્લેનિઅલ્સ પછીની પેઢીના લોકો છે, જે ૧૯૯૭ થી ૨૦૧૨ સુધી જન્મેલા છે. આ લોકો પર બધાની નજર છે, કારણ કે આવનારા ૨૫-૩૦ વર્ષો તેમના છે. આ પેઢી ખરા ડિજિટલ યુગમાં જન્મી છે. ટેકનોલોજી અને સોશ્યલ મીડિયા તેમના જીવનનો અભિન્ન ભાગ છે. વિશ્વની ૨૬% વસતિ આ પેઢીની છે. ગ્રાહકો તરીકે, આ પેઢી સોશ્યલ મીડિયાથી ખૂબ પ્રભાવિત છે અને વ્યાવસાયિક રીતે આપણને નવી રીતે કાર્ય કરવાની રીતભાતો શીખવી રહી છે.

આ પેઢીનો પ્રભાવ એટલો છે કે જેમાં આગળના અને નવા જમાનાના વેપારીઓ બંને આ લોકોને રીઝવવા કમર કસી રહ્યા છે. નવા જમાનાની બ્રાન્ડ્સ માટે આ લોકો સાથે વેપાર કરવો આસાન છે, પણ લિગસી- વારસાગત બ્રાન્ડ્સ પોતાને આના માટે તૈયાર કરી રહી છે, કારણ કે જે પદ્ધતિથી એ વર્ષોથી વેપાર કરી રહ્યા છે તે રીત આ લોકો સાથે નહિ ચાલે. આને વધુ સારી રીતે સમજવાની કોશિશ કરીયે, કારણ કે આવનારા બે-ત્રણ દાયકા આ લોકોના છે.

આજે બ્રાન્ડ્સ મોટી ભૂલ એ કરે છે કે તેમની સાથે એક નવી પેઢી છે તેમ સમજી વર્તે છે પણ તેમના બિહેવિઅર અર્થાત વર્તનને સમજવાની કોશિશ નથી કરતું.

હું દરરોજ જેન ઝીને ખરીદી કરતા જોઉં છું. મોલમાં નહીં, પણ ઇન્સ્ટાગ્રામ પર - વોટ્સએપ પર, જ્યાં પોતાના મિત્ર વર્તુળોમાં સ્ક્રીનશોટ શેર થાય, તેના પર લોકો પોતાનાં મંતવ્યો આપે અને નિર્ણયો સામૂહિક રીતે લેવામાં આવે છે. આજની ખરીદી સામાજિક છે અને છતા તે જેના પર વિશ્વાસ કરે છે તેનાથી પ્રભાવિત થશે અને નહિ કે કોઈપણ વ્યક્તિ જે તેમને બૂમો પાડી પોતાની તરફ ખેંચવાની કોશિશ કરશે. આ કારણે જ આજે ઇન્ફ્લ્યુન્સરોની બોલબાલા છે.




આ પેઢી સાથે વાતચીત કરશો તો એક વાત સ્પષ્ટ થશે કે લિગસી અર્થાત વારસાગત બ્રાન્ડ્સ તેમને પ્રભાવિત નથી કરતી. બ્રાન્ડ બજારમાં બધે દેખાઈ રહી છે તેથી તે નહિ ખરીદે. બ્રાન્ડ કેવી રીતે તેમની સાથે કોમ્યુનીકેટ કરે છે, તે તેમની પસંદગી, વિચારોને અને તેમનાં મૂલ્યોને સમજે છે કે નહિ તે તેમના માટે મહત્ત્વનું છે.

જેન ઝી આજે ખોરાક, ફેશન, બ્યુટી, મુસાફરી, OTT પ્લેટફોર્મ પર ખર્ચ કરે છે, પણ એ પેઢી હેતુપૂર્વક ખર્ચ કરે છે. તે એવી ઈચ્છા રાખે છે જે તે પૂર્ણ કરી શકે. એવી બ્રાન્ડ્સ જે વેપારની સાથે માનવતામાં પણ માનતી હોય. ભૂતકાળમાં ગમે તેટલી મોટી કે જાણીતી બ્રાન્ડ હોય પણ જે જેન ઝીની પોતાની આગવી માન્યતા - મૂલ્યો સાથે સુસંગત નહીં હોય એવી લિગસી બ્રાન્ડ સાથે તાલ મેળવી નથી શકતા.

જેમ જેમ આપણે આ નવા વર્ષમાં આગળ વધીશું તેમ તેમ આ વાસ્તવિક નેતૃત્વનો પ્રશ્ન ઉદ્ભવશે કે શું ભારતની લિગસી બ્રાન્ડ્સ ખરેખર આ પેઢીના અર્થતંત્રને માટે પોતાને તૈયાર કરી રહી છે? શું તે ફક્ત જાહેરાતો બદલી રહી છે કે પછી ઉત્પાદનો, વિતરણ અને બ્રાન્ડ ફિલોસોફીમાં મૂળભૂત પરિવર્તન લાવી રહી છે ખરી? જો એ ખરેખર જેન ઝી માટે તૈયાર છે અને કોલો એને યાદ રાખશે.

અહીં તફાવત સ્પષ્ટ દેખાય છે. મોટાભાગની લિગસી બ્રાન્ડ્સ જે જેન ઝીને માલ વેચી રહી છે જયારે D2C બ્રાન્ડ્સ તેમની સાથે કામ કરી રહી છે એ જેન ઝીને મધ્યમાં રાખી પોતાનાં ઉત્પાદનો, સિસ્ટમ્સ અને ઇનોવેશન લાવી રહ્યા છે. લિગસી બ્રાન્ડ જયારે પોતાના વેપારની સમીક્ષા ત્રિમાસિક કરે છે ત્યારે આ બ્રાન્ડ્સ સાપ્તાહિક સમીક્ષા કરે છે અને વિકાસ પામે છે.

-તો લિગસી બ્રાન્ડે પણ આ લોકો સાથે તાલ મેળવવા શું કરવું પડશે?

એમણે જેન ઝી તૈયારી માટે પ્રથમ ઉત્પાદનો પર ધ્યાન આપવું પડશે. સ્વચ્છ ઘટકો, હેતુ-નિર્મિત સુવિધાઓ, પરવડે તેવી કિંમત, પ્રીમિયમ સ્તરો અને ઝડપી ઇનોવેશન કરવું પડશે અને એ અનુરૂપ વિતરણ વ્યવસ્થા ઊભી કરવી પડશે, જેમાં D2C ઍક્સેસ, ક્વિક કોમર્સ, સોશ્યલ કોમર્સ અને કોમ્યૂનિટીના આધારે ખરીદીની અપેક્ષા હશે.

આજની D2C બ્રાન્ડ્સ જીતી રહી છે, કારણ કે એ સાહજિક રીતે આ પેઢીને ધ્યાનમાં રાખી પોતાના ઉત્પાદનો બનાવે છે.

એક વાત સમજી લઈએ કે આ જેન ઝી મૂલ્યોને, સંસ્કૃતિને પ્રાધાન્ય આપે છે અને પ્રામાણિક છે. આવનારા સમયમાં બ્રાન્ડ્સ વિજેતા ફક્ત માર્કેટિંગમાં અને જાહેરાતોમાં સૌથી વધુ ખર્ચ કરી નહિ બની શકે, પરંતુ જે એક પ્લેટફોર્મ અને ઇકોસિસ્ટમ તરીકે વર્તશે તે વિજેતા નીવડશે. ■




# લગ્ન સમયે કઈ સ્ત્રી સૌથી સુંદર દેખાય?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

દર વર્ષે સારાં મુહૂર્ત જોવાય અને લગ્નની સીઝન જામે. ઢોલ ઢબૂકે ને ઝાંઝર ઝમકે, મહેંદી, મામેરું, ફુલેકું, ફટાણા, વર ઘોડે ચડે ને જાનૈયા સંગ હરખનાં તેડા કરાય. ભીંતે ગણપતિ ચિતરાય ને બંન્ને પક્ષે કંકોતરી લખાય. પહેલી કંકોતરી ગણપતિને અને પછી સગાં સંબંધીઓમાં વહેંચાય. ઓઢી નવરંગ ચુંદડી, પાયે ઝાંઝરનો ઝણકાર માંડવામાં આવે મલપતા મલપતા લાલ સફેદ પાનેતરમાં સજ્જ, શુકનનું ઘરચોળુ ને જમણા કાંડે બાંધેલ મીંઢોળ માપસરનો મેકઅપ, લાલ ચાંદલો ને ભમ્મરોની ઉપર કાઢેલા પીર... આભૂષણમાં હાર, બુટ્ટી, કાનસેર, ટીકો, દામણી, કંગન, કંદોરો, હાથપાન, પગપાન, પાયલ, બિછીયા... સોળે શણગાર સજેલી છોકરી દુલ્હન બને છે ત્યારે ખરેખર તેનું રૂપ સોળે કળાએ ખીલી ઉઠે છે. એવું કહેવાય છે કે કોઈ પણ સ્ત્રી સૌથી વધુ સુંદર ત્યારે દેખાય છે જ્યારે તે દુલ્હન બને છે!

અને કેમ ના લાગે માત્ર તેનો શણગાર જ તેનું સૌંદર્ય વધારે છે એવું થોડું હોય છે?! મોટાભાગનાં ભારતીય પરિવારોમાં છોકરી સમજણી થાય ત્યારથી તેને એક જ સપનું બતાવવામાં આવે છે કે મોટા થઈને તેણે એક દીકરી મટી એક શ્રેષ્ઠ વહુ- પત્ની અને માતા બનવાનું છે. દીકરીને સંસ્કાર પણ આ પ્રમાણે જ અપાય છે. આમ, લગભગ દરેક દીકરીનું સપનું પણ પોતાની જાતને સાસરામાં શ્રેષ્ઠ સાબિત કરી પિયરનાં સંસ્કાર ઉજાળ્યાનું સર્ટિફિકેટ લેવાનું હોય છે. જે સપનાનું પહેલું સોપાન એટલે લગ્ન. લગ્ન સમયે સજેલા શણગારની સાથે સપનું પૂરું થયાનો સંતોષ પણ દુલ્હન બનેલ છોકરીનાં રૂપને નિખારે છે તેથી તે અતિસુંદર લાગે છે. આ સાથે જીવનસાથી સ્વરૂપે તેને જીવનનો આધારસ્તંભ મળ્યાની લાગણીથી તેનો આત્મવિશ્વાસ બુલંદી પર પહોંચે છે.

આમ દુલ્હનનાં સુંદર દેખાવા પાછળનાં કારણો જોઈએ તો એક નહિ, પરંતુ અનેક છે, પણ ક્યારેય વિચાર્યું છે કે લગ્ન પ્રસંગે બીજી પણ એક સ્ત્રી ખૂબ સુંદર દેખાતી હોય છે? વિચારો તો કોણ હશે એ? એ સુંદર સ્ત્રી એટલે દીકરાની મા! સાસુ બન્યાનાં હરખ કરતાંય દીકરો એક યોગ્ય હાથમાં સોંપાયાની લાગણીની ટશર તેમનાં ગાલ પર ફૂટે છે અને જાણે સમગ્ર સૃષ્ટી પોતાનાં પાલવમાં સમાઈ ગયાની લાગણી થતી હોય તેમ ઠાવકાઈથી લગ્ન પ્રસંગે સૌને હળેમળે છે તો વહુને ઘરનાં બારણે પોંખે છે. પોતાનાં પડછાયાને આવકારવાનાં ઓરતા તેમનાં હોઠોનું સ્મિત બની ફરકે છે.

સાસુ-વહુ આમતો એક ટુકડી- ટીમનાં જ કહેવાય કે જેમનું અસ્તિત્વ પોતાનાં પરિવારને સુખી કરવામાં રેડાઈ જાય છે. વરની મા પછી સૌથી વધુ ખુશ દેખાતી સ્ત્રી કોણ હોઈ શકે? આવે છે કોઈ વિચાર? સાચું વિચાર્યું... એ છે વધૂની મા દીકરીનાં જનમતાં જ હજી તો આનંદની છોળો શમી ના હોય ત્યાં તો દીકરી પરણાવવા યોગ્ય થઈ જાય છે. આ અવસર જેટલો હરખનો છે એટલો જ એક દીકરીનાં માતા- પિતા માટે કઠિન. તેમ છતાંય ચોરીમાં કન્યાદાન કરતી વખતે એક માતાનાં ચહેરા પર વિનમ્રતા સાથે પણ જે ગુમાન હોય છે, પોતાનો સંસ્કાર વારસો બીજે આંગણ જઈ રોપાવવાનું અભિમાન હોય છે, પોતાનાં ઘરની ભાગ્યલક્ષ્મી બીજાનાં ઘરની સૌભાગ્યલક્ષ્મી બનશેનો ભાવ હોય છે અને આ બધું જ પોતાની અંદર ઉદ્ભવતા અસલામતી, વિદાય, વિરહ, ડર જેવા નકારાત્મક ભાવોને શાંત રાખે છે. કન્યાદાનનાં મહિમાની સામે કોઈ લાગણીઓ એટલી અસરકારક નથી હોતી કે જે દીકરીની માતાને લાગણીથી ધ્વસ્ત કરી શકે. તો પછી દીકરી એટલે કે વધૂની માતાને ખૂબ સુંદર દેખાવાનો હક છે જ અને તે સુંદર લાગે પણ છે.

બાહ્ય સુંદરતા હંમેશાં આંતરિક સુંદરતા પર આધાર રાખે છે. કહે છે ને સાદગીમાં જ સુંદરતા રહેલી છે. લગ્નપ્રસંગે પ્રસંગની મુખ્ય સ્ત્રીઓ દુલ્હન, વરની મા અને વધૂની મા ગમે એટલી ચિંતા, નબળા વિચારો કે પછી ભવિષ્યની અસલામતીની વચ્ચે પણ સૌથી વધુ આનંદ લઈ સૌથી વધુ સુંદર પણ દેખાઈ શકે છે એ પણ કોઈ હરીફાઈ કે દેખાદેખી વિના!

હાં તો હવે તમે કહો, તમારી દ્રષ્ટિએ સુંદર સ્ત્રી કોણ? આ સુંદર સ્ત્રી વિશે બોલો.

**તમે શું કહો છો?** ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી feedback@bombaysamachar.com

# કચ્છનું નાનું રણઃ જ્યાં રણ જીવંત બને છે

**ભીડભાડથી દૂર,** જ્યાં નજર પહોંચે ત્યાં સુધી ફાટેલી ભૂરી ધરતી અને આકાશ એકબીજામાં ઓગળી જાયએ ક્ષિતિજ પર ઝાંઝવાના જળ સાથે મિરાજ દેખાય એવું દ્રશ્ય આંખ સામે આવે ત્યારે મનમાંથી સહેજે આફરીન! નીકળી જાય. આવું જ એક જીવંત, શ્વાસ લેતું રણ છે Little Rann of Kutch Wild Ass Sanctuaryનું નાનું પરંતુ અફાટ રણ.

એક સમયે અરબ સાગરનો અંશ રહેલું આ ભૂમિખંડ આજે વિશ્વપ્રસિદ્ધ મીઠાનું રણ છે અને ભારતનું સૌથી વિશાળ વાઈલ્ડલાઈફ અભયારણ્ય પણ. અહીંનું રણ દેખાવમાં બંજર છે, પરંતુ જીવનથી ભરપૂર છે અને એ જ તેની સૌથી મોટી વિશેષતા છે.

**રણનું રૂપાંતર : પાણીથી પ્રચુર અને ફરી સૂકું ભેંકાર રણ**

ચોમાસામાં નાનું રણ દરિયાની જેમ લહેરાતું પાણી ધારણ કરે છે. શિયાળામાં પાણી પાછું ખસે તેમ, રણ ફરી જીવંત થાય, વેટલેન્ડ્સ ઊભા થાય, ખારાશ અને મીઠાશ વચ્ચે જીવનના રંગ ખીલે. આ ઋતુચક્ર જ અહીંના પક્ષી જીવનનું હૃદય છે.


લગભગ ૫૦૦૦ ચો.કિમી વિસ્તારમાં ફેલાયેલું આ રણ, કચ્છના મોટા રણ સાથે જોડાયેલું છે. વ્યૂહાત્મક સ્થાનને કારણે આ વિસ્તાર વિશ્વના પક્ષી-માઈગ્રેશન રૂટ પર આવે છે જ્યાં રૂસ્ટિંગ, ફીડિંગ અને બ્રિડિંગ માટે આદર્શ પરિસ્થિતિ મળે છે.

**ટાપુઓ પર જીવન**

રણના મધ્યમાં છૂટાછવાયા લગભગ ૫૦ જેટલા ‘બેટ’ નંદા બેટ, પુંગ બેટ, વચ્છરાજ બેટ, મરડક બેટ જ્યાં ઝાડ પાન અને જમીન મળતાં જ જીવન પલભરમાં વસે છે. આ બેટ્સ એટલે કે દરિયાની જેમ જ રણ વચ્ચે રહેલા ટાપુઓ જ રણના ‘લાઈફ પોડ્સ’ છે.

કચ્છનું નાનું રણ વિશ્વમાં માત્ર અહીં જ મળતા **Indian Wild Ass** એટલે કે ઘુડખરનું એકમાત્ર ઘર છે.





૧૨ જાન્યુઆરી ૧૯૭૩થી આ વિસ્તાર સંરક્ષિત અભયારણ્ય જાહેર થયો અને ત્યારથી ઘુડખરની વસતી, વર્તન અને સંરક્ષણ પર વૈજ્ઞાનિક અભ્યાસ સતત ચાલી રહ્યો છે.

૨૦૨૫ના અપડેટ્સ (સંગ્રહિત નિરીક્ષણ અને ફીલ્ડ ટ્રેન્ડ્સ આધારિત):

ઘુડખરની વસ્તી સ્થિર અને નોંધપાત્ર વધારો દર્શાવે છે, ખાસ કરીને બજાણા વિસ્તાર આસપાસ.

GPS આધારિત મોનિટરિંગ અને ડ્રોન સર્વેનો ઉપયોગ વધ્યો છે, જેથી માનવ-અડચણ ઓછું રહે.

સમુદાય આધારિત સંરક્ષણ (અગરિયા પરિવારો સાથે સહકાર) વધુ મજબૂત બન્યું છે.

ગુજરાતનું રાજ્ય પક્ષી હંજ (ફ્લેમિંગો) અહીં બ્રિડિંગ કરે છે. શિયાળામાં વેટલેન્ડ્સ ગુલાબી થઈ જાય લાખો ફ્લેમિંગોઝ એકસાથે ઊડે કે પાણીમાં વિહરેએ દ્રશ્ય શબ્દોમાં સમાય નહીં.

અહીં નોંધાયેલી ૨૦૦થી વધુ પક્ષી પ્રજાતિઓમાં સમાવેશ થાય છેઃ

શોર્ટ-ઈયર્ડ આઉલ, સ્ટેપી ઈગલ, ઇસ્ટર્ન ઇમ્પિરિયલ ઈગલ

ફાલ્કન (પેરેગ્રિન, શાહીન, મર્લિન), હેરિયર્સ

મેક્વીન્સ બસ્ટાર્ડ, કોમન અને ડેમોઝેલ ક્રેન

રાજહંસ, ભગવી સુરખાબ, પેલિકન (ગુલાબી પેણ)

અહીંના પાણીમાં ૧૦૭ પ્રકારની શેવાળ હોવાથી પાણીમાં રહેતા પક્ષીઓને પૂરતો આહાર મળે છે અને એ જ કારણે આ વિસ્તાર ફ્લેમિંગોઝ માટે ભારતની એકમાત્ર જાણીતી નેસ્ટિંગ કોલોની તરીકે ઓળખાય છે.

રણના શિકારી અને રાત્રિ જીવન

રણ માત્ર પક્ષીઓનું નથી. અહીં ઝરખ, વરુ, લોંકડી, જંગલ કેટ, ડેઝર્ટ કેટ જેવાં પ્રાણીઓ પણ વસે છે. ઉનાળામાં ડેઝર્ટ ફોક્સ એટલે કે લોંકડીનું સામાજિક જીવન અને સહજ વર્તન બચ્ચાઓને તાલીમ આપતી મા, બચ્ચાઓ માટે ખોરાક લઇ આવતો પિતાપ્રકૃતિનાં જીવંત પાઠ ભણાવે છે.

**ક્યારે અને કેવી રીતે જવું?**

શ્રેષ્ઠ સમયઃ નવેમ્બર થી એપ્રિલ

સ્થળઃ બજાણા વિસ્તારપક્ષી નિરીક્ષણ માટે શ્રેષ્ઠ, ખારાઘોડા વિસ્તાર - સૂર્યાસ્ત અને પક્ષીઓ માટે શ્રેષ્ઠ

વાહનઃ 4X4 અનિવાર્ય, સામાન્ય ગાડી પણ જઈ શકે, પણ લોકલ ગાઈડ લઇ જવો હિતાવહ છે,

સફારીઃ વન વિભાગ દ્વારા વાહન વ્યવસ્થા નથી; પોતાની ગાડી સાથે લઇ જવી જરૂરી છે, અથવા તો લોકલ ગાઈડ પાસેથી સફારી વાહન ભાડે મળી રહે છે,

**ફોટોગ્રાફી અને પ્રકૃતિ પ્રત્યે જવાબદારી**

નાનું રણ વિશ્વભરના વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સનું ડ્રીમ ડેસ્ટિનેશન છે, પરંતુ ૨૦૨૫ માં વધુ કડક રીતે આ બાબત ઉપર ભાર મુકાયો છે કે પક્ષીઓને ઉડાવવા પથ્થર ન મારવા, ઘુડખર પાછળ ગાડીઓ ન દોડાવવી, રણમાં ગમે ત્યાં વાહન ન ચલાવવું (જમીન પર ઈંડા હોય છે).

પ્રકૃતિ આપણાથી કંઈ માગતી નથી માત્ર એટલું કે આપણે એને નુકસાન ન પહોંચાડીએ અને પ્રકૃત્તિના સાચા અર્થને સમજીને આત્મસાત કરીએ.

કચ્છનું નામ આવે એટલે સફેદ રણ અને લોકસંસ્કૃતિ યાદ આવે પણ નાનું રણ એ કચ્છની વાઇલ્ડલાઇફ અને બાયોડાયવર્સિટીની વિરાસત છે. અમદાવાદથી માત્ર ૧૦૦ કિમી દૂર આવેલું આ રણ આજે પણ શાંતિથી, મૌનથી અને ગૌરવથી જીવંત છે.

જો તમે કુદરતને સાચે સમજવા માંગતા હો તો થોડા દિવસો અહીં રોકાઓ.

ક્ષિતિજ સુધી વિસ્તરતું મૌન તમને ઘણું કહી જશે. ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# આવાસ - કાચની પેટી કે ઘર?





**સ્થાપત્યના** ક્ષેત્રમાં આવાસ માટે જેટલા અખતરા થયા છે તેટલા કદાચ અન્ય કોઈ પણ શ્રેણીના મકાન માટે નહીં થયા હોય. આવાસની રચના માટે એક જુદા જ પ્રકારની સ્વતંત્રતા મળે છે. અહીં સ્થપતિને પોતાની કેટલીક વિચારધારાનું પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવાની સ્વતંત્રતા મળે છે, સાથે સાથે ઘરાક પણ અહીં સીમા બહારના વિસ્તાર સુધી જવા માટે તૈયાર હોય છે. અન્ય કોઈ સંસ્થાકીય મકાનમાં થોડીક ગરબડ પણ લાખો લોકોને અસર કરી શકે તેની અપેક્ષાએ આવાસ એ મર્યાદિત વ્યક્તિઓને લગતી રચના હોવાથી ક્યારેક તેના વિશે એટલી ગંભીરતા નથી પણ રખાતી. આવાસ વ્યક્તિગત હોય છે અને તેથી તે સાવ જ અલગ બની શકે તેની સંભાવના હોય છે. પણ આ સમગ્ર પ્રક્રિયામાં અમુક સીમા નિર્ધારિત કરવી જરૂરી છે. સારું કરવું એટલે અલગ જ કરવું તેમ નથી હોતું. દર વખતે અલગ કરવું તેમ પણ નથી હોતું. જે બાબત સ્વીકૃત છે તેના મૂળ અને કારણો ઘણાં ઊંડાં હોય છે. તે પ્રકારનું સ્વીકૃત ઝાડ ઉખાડી લોખંડની પાઇપ વડે નિર્ધારિત થતાં ઝાડ વિશે પ્રશ્નો પુછાય તે સ્વાભાવિક છે.

સ્થપતિ સોઉ ફૂજીમોટો દ્વારા નિર્ધારિત ટોક્યોના શાંત વિસ્તારનું માત્ર ૮૫ ચોરસ મીટરનું ત્રણ માળનું કહી શકાય તેવું સન ૨૦૧૦માં તૈયાર થયેલ આ આવાસ વાસ્તવમાં કાચની પેટી જેવું છે. આ કાચની પેટીને અમુક સંજોગોમાં ઝાડ તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો છે. કંઈક અંશે આ પ્રકારની અનુભૂતિ જોવા પણ મળે છે. આ આવાસ આજુબાજુના કોન્ક્રીટના ઉપયોગથી બનેલા આવાસથી વિપરીત એક અદમ્ય સાહસ છે. ભાગ્યે જ આવાસ જેવું પ્રતીત થતું આ આવાસ એક અભિપ્રાય પ્રમાણે બાંધકામ માટે બંધાયેલા પાલખ જેવું જણાય છે. આજુબાજુની, પ્રમાણમાં જાપાનની પરંપરાગત કહી શકાય તે પ્રકારની વસાહત વચ્ચે આ ઉમેરો એલિયન જેવો જણાય છે.

સ્થપતિની વાત પ્રમાણે આ આવાસ વૃક્ષની અંદર રહેવાની ભાવના ઉત્પન્ન કરે છે. તેમની અભિવ્યક્તિ પ્રમાણે આ આવાસમાં પક્ષીઓની જેમ આકાશમાં ક્ષણો વિતાવવાની તક ઊભી થાય છે. મારી કલ્પના પ્રમાણે, કોઈ ઝાડ પર જ્યાં સંભાવના હોય ત્યાં સમતલ મંચ બનાવી, એ બધા મંચને પરસ્પર જરૂરિયાત પ્રમાણેના દાદરથી જોડી, સમગ્રતામાં એક આવરણ તૈયાર કરી, પછી જો ઝાડ કાઢી લેવામાં આવે અને જે રચના ઊભરે તે આ આવાસ.

જરૂરિયાત મુજબ નિર્ધારિત જુદી જુદી ઊંચાઈ પર ગોઠવાય ૨૧ ફ્લોર-પ્લેટ, તે બધાને પરસ્પર સાંકળતા વિવિધ દાદર, જે તે સ્થાનની ઉપયોગિતામાં સંભવિત વિવિધતા, સફેદ પાતળી ચોરસ કે લંબચોરસ સ્ટીલની ફ્રેમ વડે બનાવવામાં આવે માળખું, દીવાલ તરીકે વચ્ચે અને બહારની ચારેબાજુ જોડાયેલ મજબૂત અને ઉષ્ણતા-ધ્વનિ અવરોધક કાચની દીવાલો, ગરમ અને ઠંડી ઋતુ માટેની ખાસ વ્યવસ્થા, બુક શેલ્ફ જેવાં રાચરચીલાનો રચનાત્મક ઉપયોગ, તકનીકી અડચણનો સકારાત્મક અને રચનાત્મક ઉકેલ, ચોસલા ગોઠવીને નિર્ધારિત કરાઈ હોય તે પ્રકારની રચના અને સમગ્રતામાં એક રસપ્રદ કમ્પોઝિશનનું નિર્ધારણ - આ આવાસની આ કેટલીક ખાસિયતો છે.

અહીં ગોપનીયતાના પ્રશ્ન છે, અંદર-અંદરના અને બહારના વિશ્વ સાથેના પણ. એમ જણાય છે કે પડદા થકી આ પ્રશ્નનું નિવારણ લવાયું હશે. અહીં આવાસની અંદર અવાજનો પ્રસાર પણ ગોપનીયતામાં અડચણ રૂપ બની શકે. મજાની વાત એ છે કે આ આવાસ યુવાન દંપતી માટે છે. એમ જણાય છે કે આ યુગલ પોતાના આવાસમાં જાણે સતત વિચરતા રહેતાં હોય. આ પ્રકારની એકદમ પારદર્શક રચનાને કારણે આ યુગલ વચ્ચે પરસ્પરનું જોડાણ અનેરું હશે. અહીં અન્યના અસ્તિત્વની - અન્યની હયાતીની અનુભૂતિ કરવા બીજા કોઈ સ્થાને જવાની જરૂર નહીં હોય. સ્થપતિની માન્યતા પ્રમાણે આ પ્રકારના જીવન દ્વારા યુગલ વચ્ચે પરસ્પર ગાઢ અવકાશી-સંબંધ સ્થપાતો હશે. વાસ્તવમાં આ પ્રકારની રચના ચોક્કસ પ્રકારની જીવનશૈલી કે માનસિકતાને યથાર્થતામાં પ્રતિબિંબિત કરે છે કે નહીં તે માટે પ્રશ્ન પુછાવો જોઈએ.

એક અભિવ્યક્તિ પ્રમાણે અહીં અલગતા પણ છે અને ઐક્ય પણ છે, વિવિધતા છે અને સમરસતા પણ છે, વિવિધ ઓરડાઓ પણ છે અને તેની ગેરહાજરી પણ છે, વિવિધ સ્થાનો વચ્ચે સંલગ્નતા છે અને સાથે સાથે વિશેષતા પણ છે. અહીં એક પ્રકારે ગીચતા છે અને સાથે સાથે ગીચતાની અનુભૂતિથી મુક્તિ પણ અહીં મળી શકે છે. અહીં ગોઠવણ ક્યાંક કુદરતી રીતે વિકસેલી હોય તેમ જણાય પરંતુ બાંધકામમાં, બાંધકામના પ્રકારમાં તે કુદરતી પણું નાશ પામે છે. અહીં બહારની પરિસ્થિતિ સાથે મજાનું સામીપ્ય છે અને સાથે સાથે વચ્ચે એક અડચણરૂપ દીવાલ પણ છે. અહીં પ્રત્યેક ઓરડાની સીમા નિર્ધારિત નથી છતાં પણ અન્ય સ્વરૂપે તેનું નિર્ધારણ કરાયું છે. પ્રકૃતિના અસ્તિત્વની સતત જાણ રહેતી હોવા છતાં અહીં ક્યાંક કૃત્રિમતા એટલી જ હાવી જણાય છે. અહીં આવાસ છે પણ ખરું અને નથી પણ.

એમ જણાય છે કે અહીં આવાસના સૌંદર્ય માટે એક નવો જ અભિગમ અપનાવવામાં આવ્યો છે. એક રીતે જોતાં આ રચનામાં પ્રવાહિતતા છે, નિખાલસતા છે, સુસંગતતા છે, મોકળાશ છે, ખુલ્લાપણું છે, સમાવેશીય નિયમબદ્ધતા છે અને સગવડ ભરેલી સંભાવનાઓ છે. આ સાથે અહીં એક પ્રકારનો વિશ્વાસ દેખાય છે. પ્રકાશથી ભરપૂર આવાસમાં એક પ્રકારની જીવંતતાની અનુભૂતિ પણ થઈ શકે. શહેરની આધુનિકતાને અહીં એક જુદી જ સીમા સુધી લઈ જવાનો પ્રયત્ન છે. ■

ટૂંકું ને ટચ

ધીરજ બસાક feedback@bombaysamachar.com

# ડિજિટલ સંસ્કૃતિ માટે નવું વર્ષ કેવું રહેશે?

૨૦૨૬નું વર્ષ ભારત માટે ડિજિટલ સંસ્કૃતિનો એક નિર્ણાયક વળાંક સાબિત થશે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ૨૦૨૬માં તે સંસ્કૃતિના નિર્માણ, પુનઃવ્યાખ્યા અને અનુભવ માટેનું પ્રમુખ મંચ બનતું જોવા મળવાનું છે. કારણ કે સંસ્કૃતિ હવે માત્ર મંચ પર જ નહીં સ્ક્રીન પર પણ તેની હાજરી મજબૂત બનાવશે. વર્ષ ૨૦૨૬માં ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી ઓળખાણ એ હશે કે તે ભૌતિક અને ડિજિટલ બંને દુનિયામાં સમાન રીતે તેની હાજરી નોંધાવશે. શાસ્ત્રીય નૃત્ય, લોક સંગીત, કથકલી, યક્ષગાન, પંડવાણી જેવા કલા સ્વરૂપ હવે ફક્ત ઓડિટોરિયમમાં જ જીવંત થતા નહીં જોવા મળે પરંતુ લાઇવ-સ્ટ્રીમ, રેકોર્ડેડ પરફોર્મન્સ અને શોર્ટ વીડિયોના માધ્યમથી આ કલાઓ ભારતના ખૂણેખૂણા સુધી પહોંચશે.

**‘ડિજિટલ લોકસંસ્કૃતિ’ જન્મ લેશે**

વર્ષ ૨૦૨૬માં લોકગીતો, પ્રાદેશિક બોલીઓ, પરંપરાગત કહેવતો, રીત-રિવાજોની રીલ્સ, પોડકાસ્ટ અને માઇક્રો ડોક્યુમેન્ટ્રી સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરશે. આ વર્ષે ભોજપુરી, અવધી, બ્રજ, બુંદેલી, મૈથિલી અને સંથાલી જેવી ભાષાઓ ડિજિટલ સ્પેસમાં મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને પડકારતી જોવા મળશે. હકીકતમાં આ લોકસંસ્કૃતિનું ડિજિટલ સ્વરૂપ હશે.

**હેરિટેજ સ્થળો વર્ચ્યુઅલી આકર્ષશે**

આ વર્ષે ભારતીય સંસ્કૃતિનો એક મોટો ભાગ વર્ચ્યુઅલ ટુરિઝમનો હિસ્સો બનશે. કોઇપણ વ્યક્તિ દેશનાં પ્રખ્યાત મંદિરો, ઐતિહાસિક સ્થળો અને સંગ્રહાલયોની મુલાકાત લઇને જ નહીં પરંતુ મોબાઇલ અને સ્માર્ટફોનના માધ્યમથી ઇતિહાસનો આબેહૂબ અનુભવ કરશે. શાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં ઇતિહાસ અને સંસ્કૃતિનું શિક્ષણ ઇમ્પલસિવ એક્સપીરિયન્સના રૂપમાં મળશે. એટલે કે હવે જ્ઞાન અને અભ્યાસનું માધ્યમ માત્ર પુસ્તકો પૂરતું જ સીમિત નહીં રહે. આ પરિવર્તન માત્ર સંસ્કૃતિના સ્વરૂપને જ નહીં બદલે પરંતુ અનુભવ કરવાના અહેસાસમાં પણ પરિવર્તન લાવશે. આ વર્ષે એઆઇ આધારિત સંગીત રચનાઓમાં ભારતીય રાગોનો શુદ્ધ ઉપયોગ જોવા મળશે. ડિજિટલ આર્ટમાં પૌરાણિક કથાઓ અને લોકકથાઓની નવી વ્યાખ્યાઓ જોવા અને સાંભળવા મળશે. જૂની હસ્તપ્રતોનું ડિજિટલીકરણ અને પુનઃવાંચન શક્ય બનશે. આ રીતે પરંપરા હવે વારસાની વસ્તુ નહીં પરંતુ સતત વિકસતી અસાધારણ ઘટના સાબિત થશે.

**સર્જકો અને ઉપભોક્તાના સંબંધો બદલાશે**

અત્યાર સુધી એક વર્ગ સંસ્કૃતિનો સર્જક અને બીજો વર્ગ તેનો ઉપભોક્તા રહ્યો છે, પરંતુ ડિજિટલ સંસ્કૃતિનું કાર્ય આ પરંપરાગત સમીકરણોને બદલી નાખશે. હવે ડિજિટલ સંસ્કૃતિમાં નિર્માતા અને ઉપભોક્તા બે જુદીજુદી દુનિયાના લોકો નહીં હોય. ખાસ કરીને ૨૦૨૬માં આપણા મિલેનિયલ્સ અને ઝેન ઝી યુવાનો માત્ર ઉપભોક્તા જ નહીં હોય પરંતુ તેઓ આ ડિજિટલ સંસ્કૃતિના સર્જક પણ બનશે. ફેશનમાં પરંપરાગત પેટર્નનું ડિજિટલ રિમિક્સ હશે. સંગીતમાં લોક અને ઇલેક્ટ્રોનિકનું ફ્યૂઝન હશે. વાર્તા કહેવાની પરંપરામાં પૌરાણિક કથાઓનું આધુનિક વર્ણન વિકસશે. એકંદરે નવી પેઢી હવે સંસ્કૃતિને વારસા તરીકે નહીં પરંતુ સર્જનાત્મક ઓળખ તરીકે જોશે. ■

હાસ્ય વિનોદ

# આપણા દિવસો ભરાઈ ગયા છે?

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

આપણા સાહિત્યકાર સ્વામી આનંદે પોતાના મૃત્યુ સંબંધે લખ્યું કે, હું તો મારો સામાન બાંધીને, ટિકિટ કપાવીને, રેલવે પ્લૅટફૉર્મ પર ક્યારનો આવી ગયો છું, પણ કમબખ્ત ટ્રેન હજી આવતી નથી... પણ આપણે જેની રાહ ક્યારેય જોતા નથી એ મૃત્યુ-ટ્રેન નજીકના ભવિષ્યમાં આવી રહી છે એવા વાવડ કેટલાક વૈજ્ઞાનિકોએ આપ્યા છે. આપણો અંત બહુ નજીક છે, જોકે વિલ યાને વસિયતનામું કરવા જેટલો સમય હજી આપણી પાસે છે. વીમો લેવો હોય તો વીમો પણ લઈ શકાય, પણ એ બધું ૧૬મી જુલાઈ પહેલાં પતાવી દેવું પડે. કારણ એટલું જ કે, ગુરુ નામના ગ્રહ સાથે ધૂમકેતુ અથડાવાનો છે - એને કારણે આખેઆખી પૃથ્વી હતી - ન હતી થઈ જશે. પરશુરામે તો બ્રહ્માંડને ન-ક્ષત્રી કરી હતી, પણ આ ધૂમકેતુ તો પૃથ્વીને ન-પૃથ્વી કરવા તૈયાર થઈ ગયો છે. આમાં પૃથ્વીનો કશો વાંક નથી, પણ ધૂમકેતુની જેની-તેની સાથે ટક્કર લેવાની, અથડાવાની હૉબી છે, આ વખતે ગુરુનો વારો છે આ અથડામણથી ગુરુ કે ગુરુવાર કરનારાઓ બચશે કે નહીં એની કોઈ વિગત ખગોળશાસ્ત્રીઓએ નથી આપી, પણ આ વિસ્ફોટને કારણે પૃથ્વીવાસીઓ પર ઘણું મોટું જોખમ છે.

પણ ધારો કે ધૂમકેતુનું મન ફરે, અથવા તો ગુરુ સાથે તેને સામાધાન થઈ જાય તો બીજી એક આગાહી પ્રમાણે ૧૪મી ઑગસ્ટ ૨૧૨૬ના રોજ આ ધૂમકેતુ પૃથ્વી સાથે સીધો અથડાશે - તે ગુરુ સાથે અથડાય કે પૃથ્વી સાથે, નુકસાન તો આપણને જ થવાનું છે. લગભગ પાંચ કિલોમીટર વ્યાસ ધરાવતો આ ધૂમકેતુ એક સેકંડની ૬૦ કે તેથી પણ વધુ ઝડપે, હાઈ-વે પર બેફામપણે દોડતા વાહનથીય વધુ ઝડપે તે પૃથ્વી સાથે અથડાશે ને તેથી જે વિસ્ફોટ થશે તેની આગળ બૉમ્બેમાં થયેલ બૉંબ-વિસ્ફોટની કોઈ વિસાત નહીં હોય. બે કરોડ મેગાટનનો આ વિસ્ફોટ હશે.' બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનના હિરોશીમા પર જે બૉંબ ઝીંકાયો હતો એના કરતાં આ વિસ્ફોટ ૧૬ લાખ ગણો વધુ તાકાતવાન હશે. જોકે આથી ધૂમકેતુને કોઈ જ ફાયદો થવાનો નથી, તે વરાળ બનીને ઊડી જશે. પણ તેના આ રીતે ઊડી જવાથી પૃથ્વી પર અંદાજે ૧૦૦ કિલોમીટર વ્યાસનો ખાડો પડી જશે, જેમાંથી ધૂળ ને ઢેફાં નીકળશે. જેની માત્રા એકડાની પાછળ પંદર મીંડાં ટનથી વધારે હશે. અને પહેલી જ વાર આટલા મોટા ખાડા માટે સરકારના પી.ડબલ્યુ.ડી ખાતાને દોષ નહીં દઈ શકાય.

પૃથ્વી પર પડેલ જંગી ખાડામાંથી ઊડેલી ધૂળ ચોમેર છવાઈ જશે ને મહિનાઓ સુધી હવામાન ખાતા તરફથી એમ કહેવામાં નહીં આવે કે, આકાશ સ્વચ્છ રહેશે. કશું જોઈ શકાશે નહીં. ના ટી.વી. પણ નહીં, કેમકે પૃથ્વી પર ઘોર અંધકાર ફેલાઈ જશે. આથી જીવિત વેપારીઓ મીણબત્તીના કે ટૉર્ચના ધૂમ કાળા બજાર કરી શકશે. ધૂમકેતુની ટક્કરથી પૃથ્વી પર ઠેરઠેર આગ લાગશે જે કોમી નહીં હોય. આ આગ ઠારવા માટે આપણી પાસે ફાયરબ્રિગેડવાળા નહીં હોય - એ પણ ધુમાડો બનીને આકાશમાં વિહરતા હશે.

આને કારણે ચંદ્ર અને તારાઓ તો નહીં જ દેખાય. સૂરજ પણ ધૂંધળો બની જશે. તેની ગેરહાજરીને લીધે સોલર કુકર પણ બિનઉપયોગી બની જશે. આ ઉપરાંત સૂરજ અજ્ઞાત સ્થળે ચાલ્યો જશે. એથી પૃથ્વી પર મહિનાઓ સુધી એટલી કાતિલ ઠંડી પડશે કે હીટરો પણ ઠંડીથી ઠૂંઠવાઈ જશે. ભયંકર ઠંડી અને અંધકારને કારણે પૃથ્વી પરના માનવોનો નાશ થશે. માત્ર થોડાંક પુણ્યશાળી જળચર પ્રાણીઓ કે જેમની જિજીવિષા પ્રબળ હશે, ને આયુષ્યરેખા લાંબી હશે, તે જ જીવી જશે.

આ રીતે માનવજીવનનો નાશ એ પૃથ્વી માટે, કંઈ નવી વાત નથી. ભૂતકાળમાં માત્ર સીતાજી માટે જ નહીં, અનેક લોકો માટે, અનેક વાર પૃથ્વી ફાટી ચૂકી છે. જેને શૂ-મેકર (અર્થાત્ મોચી) કહે છે એવા નામધારી ધૂમકેતુ સિવાય પણ અબજો ધૂમકેતુઓ, કારણ વગર સૂર્યની આસપાસ ફરતા હોય છે. પણ હેલી ધૂમકેતુને પ્રજા દ્વારા અગાઉ એકવીસ વાર જોવામાં આવ્યો છે. (ધૂમકેતુ બનાવવાની રૅસીપીઃ ૭૦ ટકા પાણી, પ્રમાણસર મીથેન, ઍમોનિયા એટાઈસાઈનોજેન) આ હેલી ધૂમકેતુએ દેખા દીધાનો સર્વ પ્રથમ ઉલ્લેખ ઈ.સ. પૂર્વે ૨૩૯માં મળે છે. ચીનાઓને બધું વહેલું દેખાય છે- ધૂમકેતુ પણ તેમણે ઈ.પૂ. ૮૩ અને ઈ.પૂ. ૧૧માં જોયાની માહિતી તેમના ગ્રંથોમાં જળવાઈ છે. પણ એ વખતે આ ધૂમકેતુનું નામ હેલી ધૂમકેતુ નહોતું. એડમન્ડ હેલી નામના ખગોળશાસ્ત્રીએ અઢારમી સદીમાં તેનો વિશદ અભ્યાસ કર્યો હોવાથી ધૂમકેતુને પૂછ્યા વગર તેને હેલી ધૂમકેતુ નામ આપવામાં આવ્યું.

કરોડો વર્ષ પહેલાં આ હાથીકાય પ્રાણી ડાયનાસોરનું પૃથ્વી પર સામ્રાજ્ય હતું એવું પચાસ વર્ષ પહેલાં જ જન્મેલા વૈજ્ઞાનિકો દાવાપૂર્વક કહે છે. વીસ કરોડ વર્ષ પૂર્વે આ પ્રાણીનું પૃથ્વી પર આગમન થયું હતું. પણ માત્ર છ કરોડ વર્ષ પહેલાં જ આ પ્રાણીઓ પૃથ્વી પરથી અદૃશ્ય થઈને જ બીજે ક્યાંક ચાલ્યાં ગયાં એની પાછળ ધૂમકેતુનો હાથ કે તેની પૂંછડી હોય એમ બને. એમ પણ કહેવાય છે કે, જગન્નાથ મંદિર કે સરકસના હાથીની જેમ ડાયનાસોરને પાળી શકાતું નહીં હોય એટલે સ્વર્ગેચ્છુકો ગાય અને કૂતરાંને રોટલા નાખતા એ રીતે આ પ્રાણીને રોટલા નીરવાનો રિવાજ એ સમયે નહીં હોય, આ કારણે અપૂરતા પોષણ કે પછી ડાયેટિંગને કારણે તે નાશ પામ્યાં હશે!

હાલમાં અસ્તિત્વમાં છે એ સૃષ્ટિની ઉંમરે ઘણી નીની છે, ઓછી છે -માત્ર દસ લાખ વર્ષ. દસ લાખ વર્ષ અગાઉ તેનો જન્મ થયો હતો. પૃથ્વી અથવા તો ધૂમકેતુ માટે બાર-પંદર લાખની કોઈ વિસાત નથી. આપણા જેવા ગરીબજનોને તે આંકડો મોટો લાગે એટલું જ.

૧૯૮૯ની ૨૧મી, માર્ચે આવી જ એક દુર્ઘટના બનતાં બનતાં રહી ગઈ. અડધા કિલોમીટરના વ્યાસવાળી એક ઉલ્કા પૃથ્વીની નજીક માત્ર ૭ લાખ કિલોમીટરથી પસાર થઈ ગઈ હતી. જો તે પૃથ્વી સાથે ભટકાઈ હોત તો બનવાજોગ છે કે તમે આ લેખ વાંચવામાંથી બચી ગયા હોત.

કરોડો વર્ષથી ધૂમકેતુ તેમ જ અન્ય નાના ઉપગ્રહોને નિયમિત રીતે જ્યાંત્યાં પડતાં નાખવાની ટેવ છે. ચન્દ્ર અને બુધના ગ્રહ પર જે ખાડાઓ પડ્યા છે, તે આવા ધૂમકેતુઓ અથડાવાથી પડ્યા છે. શનિ ઘણી વાર માણસોને ખાડામાં નાખે છે, જ્યારે ધૂમકેતુ તો શનિમાંય ખાડા પાડે છે... ધૂમકેતુ આજ-કાલ પૃથ્વી પર પણ આ પ્રકારના ખાડા પાડવાના પ્લાન ઘડી રહ્યો છે જેથી બુધ અને શનિને આશ્વાસન રહે. સોફિયા સેગાનિસ પાયરો દી ઓર્બિદ પૂચિઆતો નામની સિસ્ટર મેરી ગેબ્રિલે લંડનના 'ટાઈમ્સ'માં એક મોટી જાહેરખબર તેમ જ પ્રજાને ચેતવણી આપી છે કે જુલાઈ માસના મધ્યભાગમાં ધૂમકેતુ બૃહસ્પતિના માથે પડવાનો છે, અને આથી ગુરુનું શું થશે એની માહિતી આપવાને બદલે પૃથ્વીનો નાશ થવાની આગાહી કરવામાં આવી છે. ૧૯૮૬માં દૂરબીનની મદદ વગર પોતાની દિવ્ય દૃષ્ટિથી સિસ્ટમ ગેબ્રિલે જાણી લીધું હતું કે, ૧૯૯૪માં ધૂમકેતુના અથડાવાથી ભારે અનર્થ થવાનો છે. આથી જો કે ગેબ્રિલને ખાસ કશું નુકસાન પહોંચવાનું નથી, ધૂમકેતુ તેની ગરીબી સિવાય કશું જ લૂંટી શકે તેમ નથી. ધૂમકેતુને બદલે એક કાર અથડાવાથી ગેબ્રિલ ગંભીરપણે ઘાયલ થઈ હતી. અપંગ થવાથી પરણવાને બદલે તેણે સાધ્વી થવાનું પસંદ કર્યું.

તે અપંગ હોવાને કારણે પવિત્ર મેરીએ આ સિસ્ટર મેરી ગેબ્રિલને સામે ચાલીને દર્શન આપ્યાં એવો આ સ્ત્રીનો દાવો છે. મૅરીના અલૌકિક દર્શનથી તેનામાં એક અદ્ભુત શક્તિ વિકસી હતી જેના આધારે 'સુપર નેચરલ વિઝન્સ'નામનું ભવિષ્યવાણીઓથી ભરપૂર પુસ્તક તેણે લખ્યું હતું. આ પુસ્તક પ્રગટ થવાથી રાબેતા મુજબ, પ્રકાશક અઢળક ધન કમાયો છે, પણ આ લેખિકાને તેણે કાણી કોડી પણ પરખાવી નથી - આ પ્રકાશક સામે તેણે દાવો માંડ્યો છે, કોર્ટને કદાચ તેણે અરજ પણ ગુજારી હશે કે આ નાણાં તેને સોળમી જુલાઈ પહેલાં મળી જાય તો સારું, આ નાણાં તે પૃથ્વીના પ્રલય પહેલાં વાપરી શકે. વિમાન-ચાલક કંપનીઓને તેણે તાકીદ કરી છે કે, જુલાઈના મધ્યમાં તેમણે વિમાનોને આકાશમાં તરતાં મૂકવાં નહીં, ડૂબી જવાનો યોગ છે.

ટૂંક સમયમાં ૨૧૨૬ના જ્યારે પણ ધૂમકેતુ ગુરુ કે પૃથ્વી સાથે ટકરાશે ત્યારે તે આપણી પૃથ્વી સાથે જ નહીં, આપણી ગરીબી, બેકારી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર સાથેય તેને ટકરાવું પડશે. શક્ય છે કે આમાં ધૂમકેતુના ભુક્કા બોલી જાય. એક સેકંડમાં ૬૦ કિલોમીટરની ઝડપે જતો પદાર્થ ૨૧૨૬માં ૧૩૨ વર્ષો બાદ કેટલે દૂર નીકળી ગયો હશે તે કહેવું શક્ય નથી- મોંઘવારી અને ભ્રષ્ટાચારની બાબતમાંય એવું છે.

પરંતુ વૈજ્ઞાનિકો કરતાં અમારી ચિંતા જરા જુદા પ્રકારની છે. અમને અમારા શબ્દોની ચિંતા થાય છે, તેનું આયુષ્ય કેટલું ! ઓછામાં ઓછું અગિયાર અઠવાડિયાંનું ને! વધુમાં વધુ એકસો બત્રીસ જ વર્ષનું ! પછી તો ધેમકેતુ સાથેની ટક્કરમાં અમારા શબ્દો પણ ધુમાડો બનીને અવકાશમાં ઓગળી જશે. એટલે તો થાય છે કે તો પછી અમારે શા માટે લખવું? બસ, અહીં અટકીએ છીએ... ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# ડાહ્યો દીકરો દેશાવર ભોગવે ને ડાહી વહુ ચૂલામાં પેસે



ડહાપણ એટલે ચાતુર્ય, ચતુરાઈ, પ્રસંગને અનુરૂપ વર્તન, અક્કલ, સમજ, બુદ્ધિ, પાંડિત્ય, સુજ્ઞતા, શાણપણ, હોશિયારી જેવા અર્થ ભગવદ્ગોમંડલમાં આપ્યા છે. સાથે એક અર્થ વકૂફ એવો પણ આપ્યો છે. ડહાપણ શબ્દનું મૂળ સંસ્કૃતમાં છે, જ્યારે વકૂફ મૂળ અરબી શબ્દ છે. ભાષા માટે લડી પડતા લોકોએ આ વાત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે 'નામરૂપ જૂજવા અંતે તો બધું હેમનું હેમ હોય.' બે પૂર્વગથી બનતા અનેક શબ્દો છે જે મૂળ શબ્દના 'વિના'નો અર્થ બતાવે છે. **વકૂફ એટલે સમજુ અથવા અક્કલવાળું** અને બેવકૂફ એટલે મૂર્ખ અથવા અક્કલ વગરનું. સોના કરતા ડહાપણ વધુ કિંમતી માનવામાં આવે છે. સોનું હોય તો ડહાપણ નથી મેળવી શકાતું, પણ ડહાપણની મદદથી સોનું જરૂર મેળવી શકાય છે. ડહાપણ **શબ્દને હોશિયારી સાથે સીધી નિસ્બત છે.** કોઈ વ્યક્તિ સ્માર્ટ થવાની કોશિશ કરે ત્યારે ડહાપણ કરવું રહેવા દે એમ કટાક્ષમાં કહેવાય છે. ટૂંકમાં હોશિયારી ન દેખાડવી એવો સૂચિતાર્થ છે. યુવાનીમાં પ્રવેશતી વ્યક્તિ જો બુદ્ધિ વગરની વાત કરે કે અક્કલનું પ્રદર્શન કરે તો આને હજી **ડહાપણની દાઢ** નથી ફૂટી લાગતી એવો કટાક્ષ કરવામાં આવતો હોય છે. વીસેક વર્ષની ઉંમરે ઉગતી દાઢ ડહાપણની દાઢ તરીકે ઓળખાય છે. અસલના વખતમાં દીકરો અને પુત્રવધૂ વચ્ચે ભેદભાવ રાખવામાં આવતા હતા એ આપણે જાણીએ છીએ. કહેવતોમાં પણ આ અન્યાય નજરે પડે છે. **ડાહ્યો દીકરો દેશાવર ભોગવે ને ડાહી વહુ ચૂલામાં પેસે.** મતલબ કે છોકરો સમજુ હોય, એનામાં શાણપણ હોય તો એ પરદેશ કમાવા જાય, સંપત્તિ બનાવી જાણે, ઘરની આર્થિક પરિસ્થિતિ વધુ સારી બનાવે. પણ જો છોકરીમાં શાણપણ હોય તો તેણે શું કરવાનું? તેણે ઘરકામમાં જ જોડાઈ જવાનું. જોકે, એકવીસમી સદીના ત્રીજા દાયકામાં ચક્ર ઘણું ફરી ગયું છે અને **ડાહી વહુ દેશાવર ભોગવે ને ડાહ્યો દીકરો ચૂલામાં પેસે** એવી બનવી જોઈએ એવું કહેવામાં અતિશયોક્તિ નથી. હાઉસવાઈફની જેમ હાઉસ હસબન્ડ પણ સમાજમાં જોવા મળે છે ખરા. સ્ત્રી - પુરુષમાં અસમાનતા દર્શાવતી બીજી એક કહેવત છે કે **ડાહી પણ તે ઓરત, ઘેલો પણ તે માટીડો.** અહીં એવું ઠસાવવાની કોશિશ થઈ છે કે જો સ્ત્રીમાં ડહાપણ - શાણપણ હોય તો એની મર્યાદા હોય છે. મતલબ કે સ્ત્રીની બુદ્ધિમત્તાની જાણે કે ટકાવારી હોય એવી વિચિત્ર વાત છે. દાખલા તરીકે ૫૦ ટકા લિમિટ, એનાથી વધારે નહીં. બીજી તરફ પુરુષને ઊંચું સ્થાન આપી પુરુષમાં ઓછી અક્ક્લ હોય તો પણ એ કામ પાર પાડી શકે છે એવું કહેવામાં આવ્યું છે. આ તો સ્ત્રી સાથે સરાસર અન્યાય છે. નારી સન્માનની સદંતર અવગણના કરી ડહાપણની બાબતે એને ઉતારી પાડતી એક કહેવત તો વાચકો જાણતા જ હશે કે **ડાહી સાસરે ન જાય ને ઘેલીને શિખામણ આપે.** ડાહી સ્ત્રી ડહાપણનો ઉપયોગ પોતાના માટે કરે નહીં અને બીજાને સમજાવવાની કોશિશ કરે. આવો જ અર્થ ધરાવતી અન્ય એક કહેવત પણ છે કે ગજવામાં સદા કાણું ને બાવાને ભીખ આપે. ચતુર કહેવાતા માણસો - હોશિયાર વ્યક્તિનો થપ્પો મેળવેલા લોકો પણ ક્યારેક કોઈ કામ વગર વિચાર્યું કરી બેસે. આ સંદર્ભની એક કહેવત છે કે ડાહ્યો કાગડો બે પગે બંધાય. કાગડો ચતુર હોય છે એ સંદર્ભ જાળવી આ કહેવત બની છે.

## हिंग्लिश VINGLISH Wise and सयाना कहावतें

ડાહ્યા કે સમજદાર વ્યક્તિ માટે હિન્દી શબ્દ સયાના છે અને અંગ્રેજીમાં વાઈઝ કહેવાય છે. આ સંદર્ભે હિન્દી અને અંગ્રેજી કહેવતોમાં રહેલું સામ્ય જાણવા જેવું અને જાણીને સમજવા જેવું છે. તમે જાણીતી ગુજરાતી કહેવતથી વાકેફ હશો કે ખાળે ડૂચા અને દરવાજા મોકળા. મતલબ કે નજીવી બાબતે વધુ પડતી કાળજી રાખવી, ચિંતા કરવી પણ મોટી બાબતમાં બેદરકારી રાખવી કે નિષ્કાળજી દાખવવી. હાથી નીકળી ગયા પછી પૂંછડી અટકી જાય એની ચિંતા કરવી. હિન્દીમાં આ ભાવ દર્શાવતું કહેવત છે કે **गँवार मन्ना न दे भेली दे.** એટલે શેરડી અને ભેલી એટલે ગોળનું ભીલું. **गंवार सहज में गन्ना नहीं देता, पर धमकाने से गुड दे देता है.** ગ્રામ્ય જીવનના સંદર્ભની આ કહેવત છે જેમાં ગામડિયો કે ઓછી સમજણ ધરાવતી વ્યક્તિ શેરડી સહેલાઈથી ન આપે પણ જો એને ધમકાવવામાં આવે તો ગોળ આપી દે. શેરડી કરતા ગોળની કિંમત વધારે હોય. **मूर्ख साधारण से व्यय में कंजूसी कर के हानि उठाता है, मूर्ख थोडा नहीं देता, बहुत दे देता है, ऐसे अवसर पर बोलते हैं जब कोई व्यक्ति किसी साधारण व्यय में कंजूसी करे और बडे खर्च के लिए तैयार रहे.** મૂર્ખ વ્યક્તિ મામૂલી ખર્ચ કરવામાં કંજૂસાઈ કરે અને મૂર્ખ વ્યક્તિ થોડું નહીં, બહુ ઝાઝું આપી દે. નાનો બચાવ કરે પણ મોટો ખર્ચ કરી નાખે. આવા જ મતલબની અંગ્રેજી કહેવત છે Penny-wise and pound-foolish. પેની અને પાઉન્ડ ચલણના પરિમાણ છે. પેનીની કિંમત પાઉન્ડની સરખામણીએ નજીવી હોય છે. Careful about small amounts of money but wasteful with large amounts. નાના ખર્ચ માટે વધુ પડતી




સાવચેતી રાખતા અને મોટી રકમ ખર્ચવામાં બેદરકારીનું પ્રદર્શન એ આનો ભાવાર્થ છે. સોબત તેવી અસર કે પછી કાળિયા સાથે ધોળિયો બાંધીયે, વાન ન આવે પણ સાન જરૂર આવે કહેવતોથી તમે વાકેફ હશો. આપણી આસપાસના માહોલનો કે વ્યક્તિનો પ્રભાવ કે એની અસર પડ્યા વિના રહેતા નથી એ એનો ભાવાર્થ છે. આ સંદર્ભનો કબીરજીનો એક દોહો છે કે **कबीर संगत साधु की, नित प्रति कीजै जाय, दुरमति दूर बहावासी, देशी सुमति बताय. इस दोहे के माध्यम से कबीर दास जी बताते हैं कि सज्जन और ज्ञानी व्यक्तियों की संगति में रहने से व्यक्ति के मन से नकारात्मकता और बुराईयाँ दूर होती हैं, और वह अच्छे मार्ग पर चलता है, जिससे जीवन में सकारात्मकता आती है।** કબીરના દોહામાં જીવન જ્ઞાન હોય છે. અહીં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે સજ્જન અને જ્ઞાની વ્યક્તિના સંપર્કમાં - સાન્નિધ્યમાં રહેવાથી આપણા મનમાં રહેલી નકારાત્મકતા કે દૂષણો દૂર થઈ જાય છે. ટૂંકમાં કોના સહવાસમાં રહેવું એના તરફ ઈશારો છે. English proverb A MAN IS KNOWN BY THE COMPANY HE KEEPS also points that people's character is judged by their associates. તમે કોની સંગતમાં છો એને આધારે તમારું વ્યક્તિત્વ માપવામાં આવે છે.

## शहाणपणाच्या म्हणी

શાણપણ - ડહાપણની કહેવતો જીવનમાં મળતા અનુભવોમાંથી જ આકાર લેતી હોય છે. **अतिशहाणपणाचा माज, बुडवी जहाजाचा राज.** માજ એટલે અહંકાર, ઘમંડ અથવા ઉન્માદ. બુડવી ડૂબાડી દેવું, નાશ કરવો. વધુ પડતું ડહાપણ જહાજના આધિપત્યનો વિનાશ નોતરે એવો ભાવાર્થ છે. વધુ પડતું ડહાપણ સારું નહીં, એનાથી જાતનું જ નુકસાન થાય. દોઢ ડાહ્યો પ્રયોગ આ પરિસ્થિતિમાંથી જ ઉદ્ભવ્યો હોવો જોઈએ. **शहाण्याला शब्दांचा मार, वेड्याला हाडकांचा** સમજુ માણસ કઈ ભાષા સમજે અને અણસમજુ સાથે કેવી રીતે વ્યવહાર કરવો પડે એના પર આ કહેવત પ્રકાશ ફેંકે છે. સમજદાર માણસો સાનમાં સમજી જાય એમ આપણે કહેતા હોઈએ છે ને. બસ, એ જ ભાવ અહીં વ્યક્ત થયો છે. બોલાયેલા બે શબ્દમાંથી શાણો માનવી સમગ્ર પરિસ્થિતિ સમજી જતો હોય છે. બીજી તરફ અક્કલના ઓથમીર, બુદ્ધિનું દેવાળું ફૂંક્યું હોય એવા લોકોને શબ્દોના બાણથી નહીં હાથનો મેથીપાક ખાધા પછી જ સમજાતું હોય છે. ભાષાપ્રેમી વાચક મિત્રો વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય કહેવતથી સુપેરે પરિચિત હશે. એવા જ મતલબની મરાઠી કહેવત છે કે **शहाणा माणूस आधी विचार करतो, मग बोलतो.** શાણપણ કે ડહાપણ ધરાવતી વ્યક્તિ વિચારપૂર્વક જ મોઢું ખોલે, ગમે તેમ બફાટ કરી અક્કલનું પ્રદર્શન ન કરે. શાણપણ એક એવી માનસિક અવસ્થા છે મોટે ભાગે અનુભવમાંથી જન્મ લેતી હોય છે. ઠોકર ખાઈ માણસ ઘડાય અને એમાં શાણપણ આવે. અલબત્ત કેટલાક એવા પણ ઉદાહરણ આપણી આસપાસ હોય છે જેમાં આને તો ડહાપણ ગળથૂથીમાં મળ્યું છે એમ કહી શકાય, પણ જૂજ કેસમાં કે અપવાદરૂપે એવું જોવા મળે. અપવાદ નિયમ ન બની શકે. આ વસ્તુસ્થિતિ પર **शहाणपण हे अनुभवातून येते** કહેવત ટોર્ચ લાઈટ મારે છે. જીવનમાં આવી પડતી કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે સમજણ મહત્ત્વ ધરાવે છે અને આ સમજણ શાણપણને કારણે વિકસતી હોય છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# ...તો આકાશમાં પ્લેનને ધક્કા મારવા તૈયાર રહેજો!



'ભાભી ઘરે છે?' રાજુએ મારા ઘરમાં દાખલ થઇ આમ તેમ ડાફોળિયા મારતા ચકળવકળ ડોળા નચાવતા પૂછ્યું.

'અરે, તારે રાધારાણીનું શું કામ પડી ગયું?' મેં રાજુને ઘેરવાનો પ્રયત્ન કર્યો.

'ભાભી હોય તો હા પાડો, નહીંતર ના પાડો. મેં તમને પાયથાગોરસનો પ્રમેય સાબિત કરવાનું કહ્યું નથી.' રાજુએ અકડાઈથી જવાબ આપ્યો.

'રાજુ, ઉર્મિલા કાકી એટલે તારા મમ્મીને રાધાનું કામ છે?' કદાચ રાજુના મમ્મી તેના નપાવટ બેટાને ડાળીએ વળગાડવા રાધારાણી પાસે નક્કર સલાહસૂચન લેવા માગતા હોય.

'ના, એવું નથી. મારે ભાભીનું પર્સનલ કામ છે.'

'રાજુ, તારે ડબલ આદું નાખેલ કડક મીઠી ગરમ ગરમ ચા પીવી છે?' રાજુ મારા ઘરે મફતનું છાપું વાંચવા અને મફતની ગરમ ગરમ ચા પીવા વરસના ત્રણસો પાંસઠ કે ત્રણસો છાંશઠ દિવસ આવે.

'બપોરે બે વાગ્યે જમવાના સમયે કયો ગાંડો માણસ ચા પીવાની ઇચ્છા રાખે. તમે મને ગાંડો ગણો છો?'.

'રાજુભાઇ, તમારા ભાઇ અને તમે બંને મહા ગાંડા છો?' રસોડામાંથી આવતાં રાધારાણાએ અમારી ફિરકી લઇ લીધી.

'ભાભી, મારે તમારું ખાનગી કામ છે.' રાજુએ પ્રસ્તાવના મુકી.

'રાજુભાઇ, તમારા ભાઇબંધ ગમે તેટલા ગાંડાઘેલા હોય, મગજનો સ્ક્રૂ ઢીલો હોય તો હું તેનાથી કાંઇ ખાનગી રાખતી નથી.'

'ભાભી, તમારા ઘરે તેલ છે?' રાજુએ પૂછી પૂછીને આ શું પૂછ્યું?

'તમારે તેલની ધાર જોવી છે? ટુવ્હીલર કે કારમાં પૂરવાનું ઓઇલ એટલે કે તેલ નથી. સીવવાના સંચામાં ઉંજવાનું તેલની જરૂર હોય તો છે...' આટલું કહી રાધારાણી રસોડામાંથી તેલની ટોયલી લઇને આવ્યા.

'તમારા ઘરનું વારંવાર વાપરવામાં આવેલ તેલ લેવું છે. એ તેલ હું વાટકી વ્યવહાર તરીકે માંગતો નથી. બલ્કે, યોગ્ય કિંમત આપીને જથ્થાબંધ ખરીદ કરવા ઇચ્છું છું.' રાજુએ 'બખડજંતર' ચેનલની ફોટોગ્રાફરની નોકરીને લાત મારીને ભંગાર-પસ્તી ફસ્તીના ધંધામાં ઊંધેકાંધ ઝંપલાવ્યું હશે કે શું?

'હેં શું કહ્યું?' હું અને રાધારાણી ચમકી જઇને બોલી ઊઠ્યાં.

'ગિરધરલાલ, મે બળેલ તેલ એકત્ર કરવાનો ઓલ ઇન્ડિયા કોન્ટ્રેક્ટ લીધો છે.' રાજુએ નવા સાહસની હિન્ટ આપી.

'હાય હાય રાજુભાઇ, તમે બળેલા તળાવના કન્ટેનરમાં પડી છબછબિયા કરશો?' રાધારાણીએ રાજુને સવાલ કર્યો.

'ના, એવું નથી. તમને ખબર છે કે આપણને પેટ્રોલ-ડીઝલ ભેળસેળવાળું મળે છે. પેટ્રોલની અંડરગ્રાઉન્ડ ટાંકીમાં નેપ્થા, ઘાસલેટ વગેરેની મિલાવટ થાય છે. સરકારે પેટ્રોલમાં મકાઇ, શેરડી અને ઘઉંમાંથી બનેલ આલ્કોહોલ એટલે કે ઇથેનોલ વીસ ટકા મિકસ કરવાની છૂટ આપી છે. વાહનચાલકો અને પેટ્રોલ પંપ સંચાલકોની ફરિયાદ મુજબ તેનાથી પેટ્રોલની ટાંકી સડી જાય છે અને એન્જિનને નુકસાન થાય છે.' રાજુએ નવું ભેળસેળ વિશ્વ અમારી સમક્ષ ખુલ્લું મુકયું.

'રાજુ, બળેલ તેલનો વારંવાર ઉપયોગ કરવાથી ફૂડ પોઇઝનિંગ પાર્કિન્સન્સ અને અલ્ઝાઇમર્સ જેવી ચેતાતંતુઓની તકલીફ, હાર્ટ-ડિસીઝ કે કેન્સર જેવા અતિગંભીર રોગોની થવાની સંભાવના રહેલી છે. ગૃહિણીઓ બળેલ તેલનો ઉપયોગ રોટલી કે ભાખરીનો લોટ બાંધવાના મોણ તરીકે વાપરતી હોય છે.' મેં બળેલ તેલનો ઘરેલું ઉપયોગ બતાવ્યો.

'ગિરધરલાલ, હવે દુનિયા ક્યાંયની કયાંય આગળ વધી ગઇ છે. વિમાનમાં વપરાતા ઈંધણને એવેશન ટર્બાઇન ફયુઅલ કહે છે. સરકારે તેમાં પાંચ ટકા બળેલા તેલનો વપરાશ કરવાની છૂટ આપી છે. હવે સરકાર સસ્ટેનેબલ એવિયેશન ફયુઅલ એટલે કે એસએએફ બનાવશે. જે પરંપરાગત એટીએફની સરખામણીમાં ૮૦ ટકા ઓછા કાર્બનનું સર્જન કરશે. હવે, બળેલ તેલ લિક્વિડ ગોલ્ડ બનવાનું છે. મારી પાંચે આંગળી બળેલા તેલમાં ડુબાડીને મબલખ રૂપિયા કમાઇ જઇશ. તમારી પાસે બે ત્રણ હજાર કરોડ રૂપિયા સ્પેર હોય તો મારી સાથે પાર્ટનરશિપ કરી શકશો. બોલો, રૂપિયાવાળા થવાની ઇચ્છા છે?' રાજુએ અમારી આગળ પાર્ટનરશિપનું ગાજર લટકાવ્યું.

-પણ અમારા રાજુ રદીને એ ખબર નહોતી કે ભેળસેળવાળા પેટ્રોલને લીધે શિયાળામાં ટુ વ્હીલર કે કાર ચાલું કરવા માટે એક ધક્કા ઔર દે કરવા પડે છે. પ્લગમાં કાંકરી આવી જતાં ટુ વ્હીલર ચાલતાં ચાલતાં અચાનક બંધ થઇ જાય છે. આવું જ કાંઇક હવે આકાશમાં ઉડતા પ્લેન સાથે થવાની સંભાવના રહેલી છે. આજકાલ એર કંપનીની સેવા કથળતી જાય છે. હમણા ફલાઇટ કેન્સલ કરવાની કંપનીઓમાં હોડ લાગેલી. બળેલા તેલને મિકસ કરીને વિમાનમાં ઈંધણ ભરવાના લીધે વિમાન આકાશમાં આંચકા ખાવા માંડશે કે અચાનક એન્જિન બંધ થઇ જશે તો વિમાન ચાલુ કરવા પેસેન્જરે વિમાનનો દરવાજા ખોલીને આકાશમાં ધક્કા મારવાની તૈયારી રાખવી પડશે ...! ■

# ચીન અને રશિયાથી આયાત થતી નાયલોન ચીપ્સ અને ગ્રેન્યુઅલની એન્ટિ ડમ્પિંગ તપાસ

નવી દિલ્હીઃ સ્થાનિક ઉત્પાદકોની ફરિયાદને ધ્યાનમાં લેતા વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ ચીન અને રશિયાથી આયાત થતી ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં વપરાતા નાયલોન ચીપ્સ અને ગ્રેન્યુઅલની એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરી છે.

અરજદાર ગુજરાત પૉલિફિલ્મ્સે આક્ષેપ કર્યો છે કે આ દેશોથી નાયલોન ૬ ચીપ્સ અને રિલેટિવ વિસ્કોસિટી ત્રણથી નીચેની ગ્રેન્યુઅલ્સની થતી સસ્તી આયાતની સ્થાનિક ઉદ્યોગ પર માઠી અસર પડી રહી હોવાથી એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવાનો અનુરોધ કર્યો હોવાનું ડીજીટીઆરએ એક નોટિફિકેશનમાં જણાવ્યું છે.

વધુમાં ડિરેક્ટોરેટે નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રથમદર્શી પુરાવાને ધ્યાનમાં લેતા ઑથૉરિટીએ તપાસ હાથ ધરી છે. જો તપાસના અંતે ફલિત થશે કે આ દેશોથી થતી સસ્તી આયાતને કારણે ઉદ્યોગને નોંધપાત્ર સ્તરે માઠી અસર પડી રહી છે તો ડીજીટીઆર આયાત સામે લેવી લાદવાની ભલામણ કરશે. જોકે, ડ્યૂટી લાદવા બાબતનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવશે.

નોંધનીય બાબત એ છે કે દેશમાં થતી સસ્તી આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગને જો હાનિ પહોંચી રહી હોય તેવા સંજોગોમાં એન્ટિડમ્પિંગ તપાસ હાથ ધરવામાં આવતી હોય છે. તેમ જ જીનિવા સ્થિત બહુરાષ્ટ્રીય સંગઠન વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિયમો અનુસાર ડ્યૂટી લાદવામાં આવે છે. આ ડ્યૂટીનો મુખ્ય આશય સ્થાનિક ઉત્પાદકો, વિદેશી ઉત્પાદકો અને નિકાસકારોને લેવલ પ્લેઈંગ ફિલ્ડ ઉપલબ્ધ થાય તે હોય છે. ■

# ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

ગયા રવિવારે યુક્રેનના એનર્જી સેક્ટરના ભ્રષ્ટાચારની વાતો કરી અને આજે એવી વ્યક્તિના ભ્રષ્ટાચારની વાત કરવી છે કે જે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી પછી પાવરની દૃષ્ટિએ યુક્રેનમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે અને તે છે હેડ ઓફ પ્રેસિડન્ટ ઓફિસ મી. એન્ડ્રી યેરમાક જે રશિયા સાથેના ચાર વર્ષના યુદ્ધના સમયમાં આ હોદ્દે રહેલા છે અને ૧૯૯૧ પછી સૌથી લાબો સમય આ હોદ્દે બિરાજેલી વ્યક્તિ છે અને આ એ વ્યક્તિ છે કે જયારે ઝેલેન્સ્કી એક કોમેડી કલાકાર હતા ત્યારે તેના ટીવી શોના પ્રોડ્યુસર હતા એન્ડ્રી યેરમાક !

અને ઝેલેન્સ્કી પ્રમુખ થતા જ એન્ડ્રી સીધા ગયા પ્રેસિડન્ટ ઓફિસના ચીફ! એન્ડ્રીની વગ એટલી હતી કે યુક્રેનના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર અને અન્ય મિનિસ્ટરોની નિમણૂક એન્ડ્રી કરતા હતા અને યુક્રેનની ડોમેસ્ટિક અને ફોરેન પૉલિસીની રૂપરેખા પણ એન્ડ્રી તૈયાર કરતા હતા. યુક્રેન સરકારનો દુનિયા માટે ચહેરો ઝેલેન્સ્કી પણ પાવર સેન્ટ્રલાઇઝ્ડ એન્ડ્રીના હાથમાં હતા અને સુપર પ્રેસિડેન્શિયલ સિસ્ટમ ઊભી કરેલી હતી.

ઝેલેન્સ્કી અને તેના પ્રતિદ્વંદ્વીઓ વચ્ચે એન્ડ્રી નામનું બખ્તર હતું જે ઝેલેન્સ્કીને બચાવતું હતું. ઝેલેન્સ્કીની સર્વન્ટ ઓફ પીપલ પાર્ટીમાં મહત્ત્વના પદે નિમણૂક થયેલા મોટા ભાગના ઝેલેન્સ્કીના કોમેડિશોના દિવસોમાં સાથે રહેલી નાટકમંડળીના પાત્રો જ છે અને હતાં.

એન્ડ્રીને કેટલાક લોકો યુક્રેનના વાઇસ પ્રેસિડન્ટ તરીકે ગણતા હતા કારણકે એટલી સત્તા તેના હાથમાં હતી. સ્વાભાવિક છે કે આટલી સત્તા ધરાવતા હોય એટલે તેના વિરોધીઓ પણ સર્વન્ટ ઓફ પીપલ પાર્ટીમાં હોય બાય ધ વે સર્વન્ટ ઓફ પીપલ પાર્ટીમાં તેના નામ જેવું કંઇ હતું જ નહીં જાણે બધા લોકો સેક્શપિયરના 'વ્હોટ ઇઝ ઇન અ નેમ'ને સાચુ ઠરાવવાની હોડમાં હોય તેવું લાગે છે.

એન્ડ્રી મહાશય એ જ છે જે ગયા રવિવારે વાત કરેલ તે તિમુર મિન્ડિચની કરપ્ટ ગેંગનો ભાગ છે જે લાંચ રૂશ્વતની કમાણીમાંથી કિવ નદી કિનારે જે ભવ્ય ઘરો બની રહ્યાં છે તેમાં પણ તેનું નામ આવેલ છે.

હજુ તો ૨૦મી નવેમ્બર ૨૦૨૫ના યુક્રેનની જે ટીમ અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે યુક્રેન રશિયા શાંતિ વાર્તા માટેની ટીમના લીડર હતા અને ઝેલેન્સ્કીએ કહેલું કે યુક્રેનના હિતની રક્ષાનું ધ્યાન એન્ડ્રી આ વાતોમાં રાખશે. પણ આ દરમિયાન એન્ડ્રીનું નામ વેગનરગેટ કૌભાંડમાં આવેલું હતું. આ કૌભાંડ એવું છે જેમાં રશિયાના વેગનરગેટ સંસ્થા છે જે રશિયામાં પ્રાઇવેટ મિલિટરીની જેમ કામ કરે છે અને આ વેગનરગેટએ યુક્રેનના આઇએલ ૭૬ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને તોડી પાડેલું તેના મેઇન માણસોને વેનેઝુએલામાં મોટા કોન્ટ્રેક્ટના બહાને યુક્રેનને લલચાવીને બેલારૂસમાં બોલાવવાનું પ્લાનિંગ કરેલું અને ત્યારબાદ બેલારૂસથી વેનેઝુએલા પ્લેનમાં લઇ જવાના બહાને પ્લેનને કીવ શહેરમાં ડાયવર્ટ કરીને આ બધા લોકો જે યુક્રેનના ૭૬ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને તોડવામાં સંડોવાયેલા હતા તેને એરેસ્ટ કરવાનો પ્લાન હતો અને પ્લાનિંગમાં યુએસએ અને ટર્કી પણ સામેલ હતા. પણ કહેવાય છે કે લાસ્ટ મિનિટે ઝેલેન્સ્કીની ઓફિસ ઓફ ધ પ્રેસીડન્ટમાંથી ફોન કોલ આવતા આ પ્લાન કેન્સલ કરવામાં આવેલ હતો. જેમાં સીધુ નામ એન્ડ્રીનું આવે છે.

૨૦મી નવેમ્બર ૨૦૨૫ના એન્ડ્રી શાંતિ વાર્તામાં લીડર નિમણૂક થયા અને તેના બે દિવસ બાદ યુક્રેન સરકારની એન્ટિ કરપ્શન બ્યૂરો 'નાબુ' એ એન્ડ્રીના ઘરે અને ઓફિસ ઉપર રેડ પાડતા જે દસ્તાવેજો અને રેકોર્ડ્ડ ફોનની વાતો જપ્ત કરવામાં આવી તેમાં જાણવા મળેલ છે કે ફોનની ટેપ કરેલી વાતોમાં જે 'અલીબાબા' શબ્દને ઉપયોગ થયેલો છે તે એન્ડ્રી માટે છે અંતમાં ૨૮ નવેમ્બર ૨૦૨૫ના એન્ડ્રીએ રાજીનામું આપવું પડયું છે. આ ટેપમાં એવું પણ જાણવા મળેલ છે તે યુક્રેનની નાબુ અને પ્રોસિક્યુટર્સની ઓફિસ ઉપર યુક્રેનની સિક્યોરિટી એજન્સી નાબુ અને પ્રોસિક્યુટર્સની ઓફિસ ઉપર યુક્રેનની સિકયોરિટી એજન્સી નાબુ અને પ્રોસિક્યુટર્સ ઓફિસ ભ્રષ્ટાચારમાં સામીલ છે તેવું બહાનું બતાવીને રેડ પાડવી જેથી તેઓનું મોરલ તૂટી જાય પણ નાબુએ એન્ડ્રી ઉપર ટાઇમલી રેડ પાડતા આ પ્લોટ નિષ્ફળ ગયેલો હતો.

સરવન્ટ ઓફ પીપલ પાર્ટી અત્યારે વેફર થીન મેજોરિટીથી સત્તામાં છે અને ઝેલેન્સ્કીની કોટરી લાંચ રૂશ્વતના કૌભાંડમાં સમાયેલી હોય વિરોધીઓના એટેકથી બચવા માટે ઝેલેન્સ્કીએ એક ઢાલ હતા, કારણ કે જો ૪ કે ૫ સાંસદો પણ સપોર્ટ પાછો ખેંચે તો ઝેલેન્સ્કી સરકાર માઇનોરિટીમાં આવી જાય તેમ છે અને તે સંજોગોમાં યુક્રેનના બંધારણ મુજબ સ્પીકર પ્રમુખ પદે આવી જાય તેમ છે.

સર્વન્ટ ઓફ પીપલ પાર્ટી જેવું ભ્રામક નામથી મતદાતાઓમાં સહાનુભૂતિ ઊભી કરવી અને યુક્રેનમાંથી સારી ટેલેન્ટ શોધીને સરકારના સંચાલનમાં એપોઇન્ટ કરવાના બદલે ઝેલેન્સ્કીએ તેના કોમેડી ટીવી શોના સાથીદારોને મહત્ત્વના પદે બેસાડી દીધેલા હતા જેના કારણે યુક્રેનને ચાર વર્ષથી ચાલી રહેલા લાંબા યુદ્ધમાં કોઇ અનુભવી અને ચાલાક નેતા કે બ્યુરોક્રેટની સલાહ જ નથી મળી જેની સજા યુક્રેનની પ્રજા ભોગવી રહી છે.

ટીવી શોના પાત્રોના ગ્લેમરમાં આવીને ઇનએફિસિયન્ટના માણસોના હાથમાં જો સત્તાનાં સૂત્રો સોંપવામાં આવે તો દેશનું શું થાય તેનું જીવંત ઉદાહરણ છે યુક્રેન! ■

# ઉત્તર પ્રદેશની શેરડીની બિસ્મિલ વેરાઈટીને ચાર રાજ્યમાં વાવેતર માટે મંજૂરી

બરેલીઃ ઉત્તર પ્રદેશના શાહજહાનપુર ખાતેની ઉત્તર પ્રદેશ સુગરકેન રિસર્ચ કાઉન્સિલ દ્વારા વિકસાવવામાં આવેલી ઉચ્ચ ઊપજ આપતી શેરડીની વેરાઈટીને સ્વાતંત્ર્ય સેનાની રામપ્રસાદ બિસ્મિલના નામથી શેરડીની વેરાઈટીને 'બિસ્મિલ' નામ આપ્યા બાદ વધુ ચાર રાજ્યમાં વાવેતર માટે મંજૂરી આપવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

અગાઉ આ વેરાઈટીના વાવેતર માટે માત્ર ઉત્તર પ્રદેશ રાજ્ય પૂરતી જ મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ હવે હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ અને રાજસ્થાન ખાતે પણ વાવેતર માટે સેન્ટ્રલ કમિટીએ મંજૂરી આપી હોવાનું કાઉન્સિલના ડિરેક્ટર વી કે શુકલાએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (આઈસીએઆર)નાં ઑલ ઈન્ડિયા કૉઑર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ હેઠળ આ વેરાઈટી વિકસાવવામાં આવી છે. અધિકૃતપણે આ વેરાઈટીને કો (સીઓ) શા (એસએચએ) ૧૭૨૩૧ (કોઈમ્બતુર-શાહજહાનપુર) નામ આપવામાં આવ્યું હતું. આ વેરાઈટી મુખ્યત્વે શેરડીના પાક સામે મુખ્ય ભય પમાડતા રેડ રોટ રોગ સામે પ્રતિકારક છે તેમ જ તેની સરેરાશ ઉત્પાદકતા અથવા તો ઊપજ હેક્ટરદીઠ ૮.૩૫ ટનની છે અને તેમાંથી ખાંડનો રિકવરી રેટ પણ ૧૩.૯૭ ટકા આસપાસનો રહે છે, એમ શેરડીના આ વેરાઈટી વિકસાવનાર ડૉ. અરવિંદકુમારે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ વૈજ્ઞાનિક અજય તિવારીએ જણાવ્યું હતું કે આ નવી વેરાઈટીથી ખેડૂતોની આવકમાં વધારો થવાની સાથે ખાંડના ઉત્પાદનને પણ પ્રોત્સાહિત કરશે. વર્ષ ૧૯૨૫ના કાકોરી ટ્રેન હુમલામાં મુખ્ય ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલના માનમાં શેરડીની આ વેરાઈટીને તેમનું નામ આપવામાં આવ્યું છે જેથી ભારતનાં સ્વતંત્રતા સંગ્રામમાં તેમના યોગદાનને સ્વીકારી શકાય, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વધુમાં એક્સ્ટેન્શન ઑફિસર સંજીવ પાઠકે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશનાં શેરડીનાં ઉત્પાદક એવા ૪૨ જિલ્લામાં આ વેરાઈટીના બિયારણ વિતરીત કરવામાં આવ્યા હતા અને તેનાં પ્રોત્સાહક પરિણામો જોવા મળ્યા છે. શુકલાએ વધુમાં જણાવ્યું હતું કે આઈસીએઆરએ ૨૫ પાકની અંદાજે કો શા સહિતની ૧૮૪ નવી વેરાઈટીને તાજેતરમાં મંજૂરી આપી છે, જે તેની વૈજ્ઞાનિક યોગ્યતા અને સંભવિત અસરોને રેખાંકિત કરે છે. ■

# ચાંદીમાં ઈન્ડેક્સિંગને પગલે ઘટાડા બાદ પુનઃ માલખેંચને ટેકે બાઉન્સબૅક

## ટ્રમ્પ ટૅરિફ અંગે સુપ્રીમનાં સંભવિત ૧૪ જાન્યુઆરીના ચુકાદા પર રોકાણકારોની નજર

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વીતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક બુલિયન માર્કેટમાં ભારે અફરાતફરી અથવા તો ભારે ચંચળતાનું વલણ જોવા મળ્યું હોવા છતાં અમેરિકા-વેનેઝુએલા વચ્ચેનાં પ્રવર્તમાન ભૂરાજકીય તણાવને ટેકે વૈશ્વિક સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૩.૯ ટકાનો અને ચાંદીના ભાવમાં ૯.૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ખાસ કરીને ગત બુધવારે વૈશ્વિક કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ થવાથી સોના અને ચાંદીના ભાવ દબાણ આવ્યા હતા. આ રિબેલેન્સિંગ આગામી પાંચ દિવસ ચાલશે એમ સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી હેડ ઓલે હૅન્સને જણાવતાં ઉમેર્યું હતું કે આ બેલેન્સિંગને પગલે કોમેક્સ ફ્યુચર હેઠળ પ્રત્યેક મેટલમાં છથી સાત અબજ ડૉલરના મૂલ્યનું વેચાણ જોવા મળી શકે છે. હાલનાં વૈશ્વિક કૉમૉડિટીના વર્તમાન ભાવને ધ્યાનમાં લઈને ગત સપ્તાહના અંતથી બ્લૂમબર્ગ કૉમૉડિટી ઈન્ડેક્સનું રિબેલેન્સિંગ શરૂ થયું છે. નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે વિશ્વ બજારમાં રિબેલેન્સિંગને કારણે ચાંદીના ભાવમાં ૩.૫ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો અને સ્થાનિક ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૨,૦૦૦થી વધુ માત્રામાં કડાકો બોલાયો હતો. જોકે, એકંદરે ચાંદીમાં પ્રવર્તી રહેલી માલખેંચ, ઔદ્યોગિક માગમાં વૃદ્ધિ અને અમેરિકાએ ચાંદીને મુખ્ય ખનીજમાં વર્ગીકૃત કરી હોવાથી ઘટ્યા મથાળેથી ઝડપી બાઉન્સબૅક જોવા મળ્યું હતું. વધુમાં રોકાણકારોની નજર ગત શુક્રવારે ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ટૅરિફ અંગેના સુપ્રીમ કોર્ટના ચુકાદા પર હતી, પરંતુ હવે ચુકાદો આગામી ૧૪મી જાન્યુઆરીએ આવે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત બીજી જાન્યુઆરીના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૪,૭૮૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૩૫,૭૨૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૩૫,૪૪૩ અને ઉપરમાં રૂ. ૧,૩૭,૧૯૫ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૭૨ ટકા અથવા તો રૂ. ૨૩૪૦ વધીને રૂ. ૧,૩૭,૧૨૨ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંતના કિલોદીઠ રૂ. ૨,૩૪,૫૫૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૩૬,૭૭૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૩૫,૭૭૫ અને ઉપરમાં રૂ. ૨,૪૮,૦૦૦ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૩.૫૨ ટકા અથવા તો રૂ. ૮૨૫૮ની તેજી સાથે રૂ. ૨,૪૨,૮૦૮ના મથાળે રહ્યા હતા.

સ્થાનિકમાં સોના અને ચાંદીના ભાવ ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી ખાસ કરીને રિટેલ સ્તરની જ્વેલરી માટેની માગ પર અત્યંત માઠી અસર પડી છે અને ખરીદદારો ખરીદી મોકૂફ રાખી રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક હોલસેલરે જણાવ્યું હતું, જ્યારે અન્ય એક ડીલરે જણાવ્યું હતું કે હાલમાં જ્વેલરોની દુકાનો અથવા તો શૉ રૂમમાં રિટેલ ઘરાકીની ચહેલપહેલ નથી, પરંતુ ગોલ્ડ કોઈન અને બાર અથવા તો લગડીમાં છૂટીછવાઈ માગ રહે છે. એકંદરે માગ નિરસ રહેવાને કારણે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ છ ડૉલર પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે પ્રીમિયમ ૧૫ ડૉલરની સપાટીએ હતું.

ગત શુક્રવારે અમેરિકાના ડિસેમ્બર મહિનાના રોજગારીના ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં ભારે અફરાતફરી જોવા મળી હતી. જોકે, સપ્તાહના અંતે જાહેર થયેલા રોજગારીના ડેટામાં બજાર વર્તુળો ડિસેમ્બરમાં ૬૦,૦૦૦ રોજગાર વૃદ્ધિની ધારણા મૂકી રહ્યા હતા તેની સામે ૫૦,૦૦૦નો વધારો થયો હતો. તે જ પ્રમાણે બજાર વર્તુળોના બેરોજગારીના દર વધીને ૪.૫ ટકા રહેવાની ધારણા સામે ઘટીને ૪.૪ ટકાના સ્તરે રહ્યો હતો. આમ બજારની અપેક્ષા કરતાં વિપરીત આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવો આશાવાદ સાધારણ નબળો પડ્યો હતો. હાલમાં નીતિઘડવૈયાઓ વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ એક વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા છે તેમ છતાં બજાર વર્તુળો બે વખત કપાતનો આશાવાદ રાખી રહ્યા છે.

વધુમાં અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેના ભૂરાજકીય તણાવ ઉપરાંત લશ્કરી કાર્યવાહી મારફતે અમેરિકા ગ્રીનલેન્ડ હસ્તગત કરવાની નેમ રાખતું હોવાનું ટ્રમ્પે જણાવતાં અનિશ્ચિતતામાં વધારો થવાથી સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આ સિવાય બન્ને કિંમતી ધાતુઓમાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો પણ ટેકો મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સતત ૧૪મા મહિનામાં સોનામાં લેવાલી જળવાઈ રહી છે. આ સિવાય સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં વધી રહેલો આંતરપ્રવાહ પણ તેજીને ટેકો આપી રહ્યો હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ગત ડિસેમ્બર મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ આગલા નવેમ્બર મહિનાની સરખામણીમાં ૨૩૧ ટકા વધીને ૧.૨૫ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હતો. આમ હાલના પરિબળોને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ઔંસદીઠ ૪૨૮૦થી ૪૫૮૦ની રેન્જમાં અને ચાંદીના ઔંસદીઠ ૬૯થી ૮૨ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી, જ્યારે સ્થાનિકમાં સોના અને ચાંદીના ઓનલાઈન વાયદામાં ભાવની રેન્જ અનુક્રમે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૩,૦૦૦થી ૧,૪૩,૦૦૦ની અને રૂ. ૨,૩૬,૦૦૦થી ૨,૬૦,૦૦૦ની રહેવાની ધારણે તેમણે મૂકી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે જાહેર થયેલા અમેરિકાના ડિસેમ્બર મહિનાના પૅ રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હતા, પરંતુ પ્રવર્તમાન રાજકીય અને ભૌગોલિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સ્ચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૪૯૬.૦૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૪૫૦૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૩.૫૦ ટકા વધીને ઔંસદીઠ ૭૯.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદર અમેરિકાના બેરોજગારીના ડેટા મિશ્ર આવ્યા હોવા છતાં રશિયા-યુક્રેન તથા અમેરિકા-વેનેઝુએલા વચ્ચેનાં ભૂરાજકીય તણાવ ઉપરાંત ગ્રીનલેન્ડ કબ્જે કરવાના વૉશિંગ્ટનના સંકેતો જેવા પરિબળોને ટેકે વર્ષ ૨૦૨૬માં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા મૂકાઈ રહી છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૯.૮૦ અબજ ડૉલરનું ગાબડું

મુંબઈઃ ગત બીજી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે મુખ્યત્વે વિદેશી ચલણી અસ્કયામતોમાં ઘટાડો થવાથી દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૯.૮૦ અબજ ડૉલરના ગાબડાં સાથે ઘટીને ૬૮૬.૮૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૩.૨૯૩ અબજ ડૉલર વધીને ૬૯૬.૬૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૭.૬૨૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૫૧.૯૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૨.૦૫૮ અબજ ડૉલર ઘટીને ૧૧૧.૨૬૨ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેનાં સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૫ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૭૮ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧૦.૫ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૭૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# ટીન અને નિકલમાં ઉછાળો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના ઓવરનાઈટ અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે સપ્તાહના અંતે ખાસ કરીને ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૬૯ સુધીનો ઉછાળો આવ્યો હતો. જોકે, ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૯ વધીને રૂ. ૪૧૬૭, રૂ. ૩૮ વધીને રૂ. ૧૬૨૮ અને રૂ. ૨૦ વધીને રૂ. ૧૨૬૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૧૬૮, કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૧૭૭ અને રૂ. ૩૨૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૦૦ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૦૭૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧૦, રૂ. ૨૨૫, રૂ. ૩૧૨ અને રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# દેશી-આયાતી તેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

## ૧થી ૧૦ જાન્યુઆરીમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૨૯ ટકાની વૃદ્ધિનો અંદાજ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં દેશી-આયાતી ખાદ્યતેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે માત્ર રવાનગીનાં કામકાજો હતાં.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ડિસેમ્બર મહિનાના સમાનગાળાના ૩,૯૦,૪૪૨ ટન સામે ૨૯.૧૯ ટકા વધીને ૫,૦૪,૪૦૦ ટન આસપાસ રહી હોવાનું જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૪૦, પતંજલિ ફૂડસના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫થી ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૭ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૨, ગોકુલ એગ્રો અને એવીઆઈના સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૩૦૭ તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૮,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૨૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે કામકાજો બંધ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૫૩૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા,

આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ખાંડમાં સાધારણ સુધારો



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦ આસપાસના મથાળે ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હતી તેમ છતાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચાર વધીનેરૂ. ૩૭૪૨થી ૩૮૦૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૮૭૬થી ૩૯૫૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■

# કચ્છના રિન્યૂએબલ હાઈબ્રિડ એનર્જી પાર્કે મેળવેલી સિદ્ધિને રાજકોટમાં યોજાનારી રિજિયોનલ વાયબ્રન્ટ સમિટમાં વૈશ્વિક રોકાણકારો સમક્ષ રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સવાયા કચ્છી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી કચ્છ આજે માત્ર ભારત જ નહીં પણ દુનિયાનું ગ્રીન એનર્જીનું કેન્દ્ર બનવા જઇ રહ્યું છે. વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ હાઇબ્રિડ એનર્જી પાર્ક કચ્છમાં આકાર લઇ રહ્યો છે. ભારત સરકારના વર્ષ ૨૦૭૦ સુધીમાં 'નેટ ઝીરો' ઉત્સર્જનના લક્ષ્યાંકની દિશામાં ભાતીગળ પ્રદેશ કચ્છનો રિન્યૂએબલ એનર્જી પાર્ક મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યો છે.

ભુજ તાલુકાના સરહદી વિસ્તારમાં ૩૭ ગીગાવોટ ગ્રીન એનર્જીના લક્ષ્ય સાથે ખાવડા હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કના નિર્માણનું કાર્ય હાલે પૂરજોશમાં ચાલી રહ્યું છે. માત્ર સોલાર જ નહીં પણ વિન્ડ એનર્જીને એટલું જ પ્રાધાન્ય આ રિન્યૂએબલ એનર્જી પાર્કમાં આપવામાં આવી રહ્યું છે. રાજકોટમાં યોજાનારી રિજિયોનલ વાયબ્રન્ટ કોન્ફરન્સમાં કચ્છના આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પે મેળવેલી સિદ્ધિને વૈશ્વિક રોકાણકારો સમક્ષ રજૂ કરાશે.

પ્રાપ્ત માહિતી મુજબ, સીમાવર્તી ખાવડા વિસ્તારમાં ૭૨,૬૦૦ હેક્ટર જમીન પર અંદાજિત રૂ. ૧,૫૦,૦૦૦ કરોડની લાગતના વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ હાઈબ્રીડ એનર્જી પાર્કના નિર્માણકાર્યમાં ૨૩,૦૦૦થી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પ્રાપ્ત થઇ રહી છે. અત્યાર સુધીમાં ૧૧.૩૩ ગીગાવોટ ક્ષમતા કાર્યરત થઇ ચૂકી છે. જેમાં સૌર ઊર્જાનો હિસ્સો ૯.૮૨ ગીગાવોટ છે, જ્યારે પવન ઊર્જાનો હિસ્સો ૧.૫૧ ગીગાવોટ નોંધાયો છે. આગામી ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં આ પાર્ક તેની પૂર્ણ ૩૭.૩૫ ગીગાવોટની ક્ષમતા સાથે કાર્યરત થાય તેને ધ્યાનમાં રાખીને કામગીરી કરવામાં આવી રહી છે.

અહીંથી ઉત્પન્ન થતી વીજળીને દેશના અનેક રાજ્યો સુધી પહોંચાડવા માટે પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ વિશેષ વીજ ટ્રાન્સમિશન નેટવર્ક ઊભું કર્યું છે. આ પ્રોજેક્ટને કારણે કચ્છના યુવાનો માટે 'ક્લીન ટેકનોલોજી' ક્ષેત્રે નવા કૌશલ્યવર્ધન અને આર્થિક સમૃદ્ધિનાં દ્વાર ખુલ્યા છે.

# જૂનાગઢના રત્ન કલાકારોને સરકારી સહાય ન મળતા હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હીરા ઉદ્યોગમાં ઘણા સમયથી મંદી જોવા મળે છે. મંદીને કારણે રત્ન કલાકારોની રોજગારી છૂટી ગઈ છે અને તેનો આર્થિક ભીંસનો સામનો કરી રહ્યા છે. આ કલાકારોને રાજ્ય સરકારે મદદ જાહેર કરી હતી, પરંતુ જૂનાગઢના લગભગ ૨૦૦૦ કરતાં વધારે રત્ન કલાકારને સાતેક મહિના વીતી ગયા છતાં સહાયનો લાભ ન મળ્યો હોવાની ફરિયાદો થઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હીરા ઉદ્યોગમાં મંદીના પગલે સરકારે ૨૦૨૫ના મે મહિનામાં મદદ જાહેર કરી હતી. જેમાં સંપૂર્ણપણે બેરોજગાર રત્ન કલાકાર હોય તો તેમના સંતાનોએ એક વર્ષની શિક્ષણ ફી માફ કરાશે, જેની રકમ વધુમાં વધુ રૂ. ૧૩,૫૦૦ નક્કી કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર રત્ન કલાકારોએ ફોર્મ ભરીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે જમા કરવાના હતા, જેમાં જૂનાગઢ જિલ્લામાંથી કુલ ૨,૯૮૧ અરજી થઈ હતી. જેની ચકાસણી કર્યા બાદ સહાય મળવાની હતી, પરંતુ આ જાહેરાત થયાના સાતેક મહિના બાદ પણ બાળકોના શિક્ષણ માટેની મદદ મળી ન હોવાનું સૂત્રોએ જણાવાયું હતું.

આ અંગે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક મળશે અને મદદ કરવામાં આવશે.

સ્ટાફની અછત હોવાથી કામમાં થોડો વિલંબ થયો હોવાનું સ્થાનિક તંત્રએ જણાવ્યું હોવાનું અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

# જગ વિખ્યાત ચોટીલા તળેટીમાં અનેક દબાણો જમીનદોસ્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હજારો લોકોના શ્રદ્ધાસ્થાન એવા ચોટીલામાં તંત્રનું બુલડોઝર ચાલ્યું હતું.

ચોટીલા ખાતે આવેલ ડુંગર તળેટીમાં રસ્તાની બંને બાજુએ આવેલ દુકાનો કે જે દુકાનદારો દ્વારા પતરાના શેડ તથા સ્ટોલ કરી દબાણ કરવામાં આવેલી હતી, તે દબાણ દૂર કરવા નાયબ કલેકટર ચોટીલા તથા મામલતદાર ચોટીલાની સંયુક્ત ટીમ દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ચોટીલા ખાતે આવેલ સુપ્રસિધ્ધ ચામુંડા માતાજીના મંદિર ખાતે દિવસ દરમિયાન ઘણી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. શ્રદ્ધાળુઓ માટે ૪૦ ફૂટનો રસ્તો છે, પરંતુ બન્ને બાજુએ દુકાનદારો દ્વારા ૧૦-૧૦ ફૂટના રસ્તા પર દબાણ કરવામાં આવ્યું હોવાથી માત્ર ૨૦ ફૂટ પહોળા રસ્તો લોકો માટે રહે છે. આ દબાણ દૂર કરવા માટે નાયબ કલેકટર ચોટીલા એચ. ટી. મકવાણા તથા મામલતદાર, પોલીસ સ્ટેશનના પી.આઈ. ની સંયુક્ત ટીમ દ્વારા નેશનલ હાઈ વે થી ડુંગર તરફ જવાના રસ્તાની બંને બાજુએ આશરે ૪૦૦ થી ૪૫૦ જેટલી દુકાનો આવેલ છે. જે દુકાન દારો દ્વારા દુકાનની આગળ પતરાના શેડ તથા સ્ટોલ ઊભા કરીને રસ્તા પર દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણ પોતાની જાતે દૂર કરવા સમજાવવામાં આવ્યું હતું. જે દુકાનદારોએ દબાણ દૂર ન કર્યું તેમની દુકાન બહારનુ દબાણ તંત્ર દ્વાર દૂર કરવામાં આવ્યું હતું.

જે દબાણ દૂર કરવા અંગેની ઝુંબેશમાં નાના પાળીયાદ ની સરકારી જમીન તથા ચોટીલાની સરકારી જમીન પર મફતિયાપરા તરફ જવાના રસ્તાની જમણી બાજુએ આવેલ નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં આવેલ ત્રણ માળનું બિલ્ડિંગ કે જે પ્રાઇવેટ ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો, તેનો પણ સમાવેશ થાય છે, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

# ઊના-ગીરગઢડાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહના ધામાથી રહેવાસીઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાસણ-ગીરમાં રહેતા એશિયાટિક સાવજો હવે આસાપાસ તમામ રહેણાક વિસ્તારોમાં વારંવાર જોવા મળે છે. પર્યટકો માટે અચાનક સિંહ દેખાવા ભલે રોમાંચિત કરનારો અનુભવ હોય, પરંતુ અહીં રહેતા લોકો રોજ ફફડાટમાં જીવે છે. ગીરના જંગલ નજીક આવેલા ગામડાઓમાં સિંહોની પરિવાર સાથેની લટારો સામાન્ય બની ગઈ છે. આવી જ ઘટના ઊના-ગીરગઢડા પંથકમાં પણ ઘટી હતી. અહીં સણોસરી ગામમાં એક સિંહણ બચ્ચા સાથે દેખાઈ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. અહીંના અંતરિયાળ વાડી-વિસ્તારમાં એક સિંહ યુગલ ગાડાવાડ રસ્તા પર બેઠેલું જોવા મળ્યું હતું. તો અન્ય એક વિસ્તારમાંએક સિંહણ શેરીમાં લટાર મારતી જોવા મળી હતી.

અહીંના સ્થાનિકો એવી ફરિયાદો કરી રહ્યા છે કે સિંહોને જોવા માટે અમુક લોકો બહારના લોકોને બોલાવી લાવે છે. ખેતરોમાં વાહનો લઈને ઘૂસી જાય છે, જેથી ખેડૂતોનું પણ નુકસાન થાય છે. ગેરકાયદે સિંહદર્શન થતું હોવા છતાં અને ગ્રામજનો અને જંગલી પ્રાણીઓ પરેશાન થતા હોવા છતાં તંત્ર દ્વાર યોગ્ય રીતે પેટ્રોલિંગ ન થતું હોવાની ફરિયાદ પણ ગ્રામજનો કરી રહ્યા હતા.

# જામનગરની રંગમતી નદી પરનો વર્ષો જૂનો પુલ તોડી પાડી નવો બનાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વર્ષો જૂના અને જર્જરિત પુલને લીધે લોકોના જીવ જોખમમાં મુકાય છે અને ગુજરાતમાં આવી દુર્ઘટનાઓ બની ચૂકી છે ત્યારે હવે તંત્ર આગોતરી સાવચેતી વર્તી રહી છે.

જામનગરનો લગભગ ૪૭ વર્ષ જૂનો જર્જરિત પુલ મકરસંક્રાંતીના તહેવાર બાદ તોડી પાડવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ પુલ તોડ્યા બાદ અહીં રૂ. ૧૯.૪૮ કરોડના ખર્ચે નવો પુલ ઊભો કરવામાં આવશે, તેવી માહિતી પણ મળી હતી.

કાલાવડ નાકા બહાર અલગ અલગ વિસ્તારોમાં વસવાટ કરતા લોકો માટે આ મહત્વનો પુલ છે. રોજ સેંકડો લોકો આ પુલ પરથી પસાર થાય છે ત્યારે પુલ જર્જરિત થયો હોવાથી નવા પુલની માગણી માટે મુખ્ય પ્રધાનને પત્ર લખવામાં આવ્યો હતો. હવે નવા પુલ માટે ટેન્ડર પ્રક્રિયા પણ પૂરી થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પુલ તોડયા પછી લોકોની અવરજવર માટે ડાયવર્ઝન પણ આપવામાં આવ્યા છે. આ અંગેની તૈયારી પણ પાલિકાએ કરી લીધી છે. આગામી ચોમાસા પહેલા પુલનો અમુક ભાગ અવર-જવર માટે તૈયાર કરી દેવાની ગણતરી સ્થાનિક તંત્રની હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાપરના સેલારીમાં સ્થિત મેટાસરી મહાદેવના મંદિરમાંથી ૧.૧૫ લાખનાં આભૂષણો ચોરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં હાલ થથરાવી રહેલી કડકડતી ઠંડીને કારણે સૂર્યાસ્ત બાદ લદાઈ જતી સ્વયંભૂ સંચારબંધીનો ગેરલાભ લઇ રહેલા તસ્કરોનો તરખાટ યથાવત્ રહેતો હોય તેમ સીમાવર્તી રાપર તાલુકાના સેલારીમાં આવેલા મેટાસરી મહાદેવ મંદિરમાંથી રૂ.૧,૧૫,૦૦૦નાં આભૂષણોની ચોરીને અંજામ આપતાં શ્રદ્ધાળુઓમાં રોષની લાગણી પ્રસરી હતી.

સીમાવર્તી સેલારી ગામની પૂર્વમાં મેટાસરી તળાવના કિનારે આવેલા ચૌધરી પરિવારના મેટાસરી મહાદેવ મંદિરમાં સેવા-પૂજા કરતા પૂજારી મોહનનાથ ભીખાનાથ ગોસ્વામીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૭-૧ના રાત્રે મંદિરને નિત્યકર્મ મુજબ તાળું મારી દેવામાં આવ્યું હતું. પ્રાતઃકાળે પૂજા કરવા આવતા ચોરી થઇ હોવાનું બહાર આવ્યું હતું. રાત્રિ દરમ્યાન મંદિર પરિસરમાં ઘૂસી આવેલા તસ્કરો શિવલિંગ પરની પંચધાતુની ચાંદીની (જર્મનસિલ્વર)ની નાગની મૂર્તિ બે મૂર્તિ કિંમત રૂ.૧,૧૫,૦૦૦ની ચોરી કરી ગયા હોવાનું બહાર આવ્યું હતું.

# અંજારમાંથી રૂ. ૮૫ હજારનો શરાબ જપ્ત : એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નશાખોરીની બાબતમાં મીની 'મેક્સિકો' બની રહેલા સરહદી જિલ્લા કચ્છમાં શરાબના ધંધાર્થીઓ પર સતત બીજા દિવસે પૂર્વ કચ્છ પોલીસે કાર્યવાહી જારી રાખી છે અને અંજારના નવાનગર સ્મશાન પાસે એક મકાન આગળ ઉભેલી કારમાંથી રૂ.૪૩,૨૦૦નો શરાબનો જથ્થો પકડી પાડ્યો હતો તેમજ મોમાઇ નગરમાં એક મકાનમાં દરોડો પાડીને રૂ.૪૧,૯૫૦ના દારૂના જથ્થા સાથે શખસને પકડી પાડવાની સાથે બે કાર્યવાહીમાં રૂ. ૮૫,૧૫૦નો માદક પદાર્થ કબજે કરાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, અંજાર નવાનગર સ્મશાન પાસે રહેનાર મોસીન ઉર્ફે બિલાલ જુસબ હિંગોરજા નામના વ્યક્તિ પાસે વેંચાણ અર્થે શરાબ હોવાની મળેલી પૂર્વબાતમીના આધારે અંજાર પોલીસે દરોડો પાડ્યો હતો.

આરોપીની ગેરહાજરી વચ્ચે ઉભેલી કાર (નંબર જી.જે. ૧૨ ઇઇ ૨૮૫૬)ની તપાસ કરાતાં તેમાંથી અલગ-અલગ કંપનીનો કુલ રૂ. ૪૩,૨૦૦નો શરાબનો જથ્થો જપ્ત કરાયો હતો. દરોડા સમયે કારમાં ચાવી રાખીને ફરાર થઇ ગયેલા બિલાલ જુસબ હિંગોરજાને ઝડપી લેવા પોલીસે કવાયત આદરી છે.

દરમ્યાન, અંજારના મોમાઇ નગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં શરાબ રાખવામાં આવતો હોવા અંગે મળેલા ઈન્પુટના આધારે છાપો મારીને થારૂભા લાખાભા ગઢવી નામના શખસને પકડી લેવામાં આવ્યો હતો.તપાસ કરવામાં આવતાં અહીંથી ફોર સેલ ઇન પંજાબ, રાજસ્થાન લખેલા રૂ.૪૧,૯૫૦ના શરાબના જથ્થાને જપ્ત કરી પોલીસે છાનબીન આદરી છે.

# કચ્છના રાપરના આડેસરમાં લોડેડ દેશી તમંચા સાથે એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી તંગદિલી વચ્ચે હાલ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર રહેલી છે ત્યારે પાકિસ્તાનને અડીને આવેલા કચ્છના સીમાવર્તી ગામોમાં છેલ્લા કેટલાક વર્ષોથી નાપાક પ્રવૃતિઓ વધી છે અને અવારનવાર મારક હથિયારો પકડાતાં રહે છે અને ભૂતકાળમાં આવા હથિયારો બનાવતી ફેકટરીઓ પણ ઝડપાઇ ચુકી છે એ વચ્ચે રાપરના આડેસરમાં દેશી હાથ બનાવટના લોડેડ તમંચા સાથે એક શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. આડેસર ગામના સોઢા કેમ્પ નજીકના ટગા ત્રણ રસ્તા પાસે પેટ્રોલિંગ દરમ્યાન એક શખ્સ પોલીસને જોઈને ભાગવા માંડતા તેનો પીછો કરીને તેને પકડી પાડવામાં આવ્યો હતો. ટગા ગામના યુનુસ સિધીક હિંગોરજા નામના આ શખ્સની અંગજડતી લેતાં નેફામાંથી રૂ. ૫૦૦૦નો હાથ બનાવટનો લોડેડ દેશી તમંચો જપ્ત કરી, સમગ્ર ઘટના બાબતે છાનબીન આદરવામાં આવી છે. કચ્છના ભારત-પાકિસ્તાનની આંતરાષ્ટ્રીય ભૂમિ સીમાની નજીકના સંવેદનશીલ વિસ્તારો સંભવિત યુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે હાઈ એલર્ટ પર રહેલાં છે ત્યારે કચ્છમાંથી દેશી હથિયાર ઝડપાતાં સુરક્ષા એજન્સીઓએ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# અંજારના દસ વર્ષ અગાઉ થયેલી મારામારીના કેસમાં આરોપીઓને પાંચ વર્ષ સખ્ત કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી દસ વર્ષ અગાઉ અંજાર શહેરના ગંગાનાકા વિસ્તારમાં થયેલી મારામારીના પ્રકરણમાં અંજારની અદાલતે આરોપીને પાંચ વર્ષની સજા ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ગંગાનાકામાં ગત તા. ૩-૧-૨૦૧૬ના ફરિયાદી અલીમામદ હાજુ કુંભાર તેમના પિતા તથા અન્ય બે સાહેદ ઉપર બાવળ કાપવા મુદ્દે લાકડી અને ધોકા વડે ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. અંજાર પોલીસ મથકે આરોપી હુશેન ઈલિયાસ કુંભાર, મામદ હુશેન કુંભાર, અબ્દુલ હુશેન કુંભાર તથા મલુબેન હુશેન ઈલિયાસ કુંભાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.ડી. ત્રિપાઠી સમક્ષ ચાલી જતાં અદાલતે આઠ દસ્તાવેજી પુરાવા અને ૧૨ સાક્ષીનાં નિવેદન તથા બંને પક્ષકારની દલીલોને સાંભળીને આરોપી મામદ હુશેન કુંભારને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સાદી કેદ તથા રૂ. છ હજારનો દંડ તેમજ દંડની રકમ ઈજા પામનાર સિદિક હાજી કુંભારને વળતર તરીકે આપવા તથા અન્ય આરોપી અબ્દુલ હુશેન કુંભારને ત્રણ વર્ષની સાદી કેદ તથા રૂ. ચાર હજારનો દંડ કર્યો હતો. આ દંડની રકમ ઈજા પામનાર સુલેમાન હાજીને ચુકવવા આદેશ કર્યો હતો. ઈજા પામનારને દંડની રકમ અપીલ સમયગાળામાં ચૂકવવા ચુકાદામાં જણાવાયું છે.

આ કેસમાં આરોપી હુશેન ઈલિયાસ કુંભારનું અવસાન થતાં તેની સામે કેસ રદ થયો હતો, જ્યારે આરોપી મલુબેન હુશેન કુંભારને શંકાનો લાભ આપીને છોડી મૂકાયાં હોવાનું જાણવા મળ્યું હતું.

# અંજારના વરસામેડીની વેલસ્પન ગર્લ્સ હોસ્ટેલમાં યુવતીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર શહેરના વરસામેડી ગામ ખાતેની વેલસ્પન ગર્લ્સ હોસ્ટેલમાં રહેનારી કરિશ્મા રામજી (ઉ.વ.૨૨) નામની યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ,વરસામેડીસ્થિત ગુજરાત કોલોની વેલસ્પન ગર્લ્સ હોસ્ટેલ બ્લોક એચ-રૂમ નંબર ૧૦૬માં આપઘાતનો બનાવ બન્યો હતો. આ રૂમમાં ઉત્તર પ્રદેશની યુવતી કરિશ્મા રહેતી હતી. કંપનીમાં કામ કરનાર આ યુવતી ગઇકાલે પોતાના રૂમ ઉપર હતી, દરમ્યાન તેણે ગળેફાંસો ખાઇ પોતાનું જીવન ટૂંકાવી લેતાં અંજાર પોલીસે છાનબીન આદરી છે.

# વાયબ્રન્ટ સમિટ દરમિયાન મારવાડી યુનિવર્સિટીમાં ફાયર સ્ટેશન ઊભું કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના રાજકોટમાં આજથી ૧૩ જાન્યુઆરી સુધી વાયબ્રન્ટ ગુજરાત સમિટ શરૂ થઈ ગયું છે ત્યારે સુરક્ષાના ભાગરૂપે અહીં ફાયર સ્ટેશન ઊભું કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાના ફાયર ડિપાર્ટમેન્ટને આગજનીના બનાવો સામે સુરક્ષા મળી રહે તેની જવાબદારી સોંપવામાં આવી છે.

વ્યવસ્થાના ભાગરૂપે વાયબ્રન્ટ સમિટના સ્થળ મારવાડી યુનિવર્સિટીની તમામ બિલ્ડિંગોની ફાયર સિસ્ટમ તો ચેક કરવામાં આવી છે, આ સાથે અહીં મિની ફાયર સ્ટેશન ઊભું કરવામાં આવ્યું છે, તેમાં ૧૫૦ કરતા વધારે સ્ટાફ ખડેપગે તહેનાત રહેશે અને આ સાથે ૮ ફાયર ફાઈટર વ્હિકલ પણ સ્થળ પર હાજર રહેશે.

અહીં ડાયસ ડોમ, એક્ઝિબિશન વેન્યુ વગેરેમાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. ફાયર ફાયટર્સ સાથે એકસટિંગ્વિસર પણ રાખવામાં આવ્યા છે.

કોઈપણ અઘટીત ઘટના બને તો સમયસર સેવા મળી રહે તેની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવાયું હતું.

# ભાવનગરની એલસીબી પોલીસે નકલીનોટ કેસમાં વધુ બે આરોપીને ઝડપી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ ક્રાઇમ બ્રાન્ચ ટીમ દ્વારા પાંચ જાન્યુઆરીએ રેલવે સ્ટેશન રોડ નજીકથી એક ઈસમને ૨૦૦ ના દરની ૩૪૩ નકલી ચલણી નોટો સાથે ઝડપી પાડયો હતો. આમાં પોલીસે મોબાઇલ અને સ્કુટર સહિત રૂપિયા ૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો અને આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં હવે આરોપીએ તેના બે મિત્રોને ૨૦૦ના દરની નકલી નોટો આપી હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે તે બંને મિત્રોની પણ ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પાંચ જાન્યુઆરીના રોજ બાતમી આધારે શહેરના રેલવે સ્ટેશન રોડ નજીક રાજપરાગામ સિહોરનો રહેવાસી અજય ઉર્ફે ઘુઘો પોપટભાઇ બુધેલીયાની ધરપકડ કરી હતી. અજય ઉર્ફે ઘુઘો પોપટભાઇ બુધેલીયા પાસેથી ડુપ્લીકેટ ચલણની નોટો મળી આવી હતી. પોલીસે તેની પાસેથી નકલી નોટ અને મુદ્દામાલને કબ્જે કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી સાથે વધારે પુછપરછ કરવામાં આવી ત્યારે અન્ય બેનાં નામ જાણવા મળ્યાં હતાં. જેથી પોલીસે વિશાલ બહાદુર વાઘેલા અને ચંદ્રસિંહ સોલંકી ભાવનગર રહેવાસીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન વિશાલ વાઘેલા અને ચંદ્રસિંહ સોલંકીને ઝડપી પાડયા હતા અને બન્ને પૂછપરછ અને તપાસ દરમિયાન વિશાલ વાઘેલાને ૨૦૦ના દરની કુલ પાંચ નોટો આપી હતી. જેમાં તેને બે નોટો ફાડી નાખી હતી અને પોલીસે બે નકલી નોટો કબજે કરી હતી અને અન્ય શખ્સ ચંદ્રસિંહ વાઘેલાને ૨૦૦ દરની નકલી ૧૫ નોટો આપેલી હતી જેમાં તેને ૧૪ નોટો ફાડી નાખી હતી અને ૧ નોટ પોલીસે કબજે કરી હતી.

# પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ સોમનાથ મહાદેવના દર્શન કરી મંદિર પરિસરમાં ભાવપૂર્વક ૐકાર જાપ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાજ્યના કૃષિ અને પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ શ્રી સોમનાથ મહાદેવના શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે જ જીતુભાઈ વાઘાણીએ સોમનાથ મંદિર પરિસરમાં બેસી ને સોમનાથની આધ્યાત્મિક ચેતનાને અનુભવતા ભાવપૂર્વક ૐકાર જાપ પણ કર્યા હતા જેમાં તેમની સાથે પરિવાર પણ સહભાગી થયો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શ્રી સોમનાથ મહાદેવના પાવન મંદિર પરિસરમાં ઋષિકુમારો દ્વારા ૭૨ કલાકના અખંડ ૐકાર જાપ યોજાઈ રહ્યા છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા ભારતની પ્રાચીન સંસ્કૃતિ, શ્રદ્ધા અને રાષ્ટ્ર સ્વાભિમાનની ભાવનાને નવી દિશા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત યોજાતા વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે, જેનાથી સોમનાથની આધ્યાત્મિક મહત્તા વધુ ઉજાગર થઈ રહી છે.

# ભુજ-માંડવી ધોરીમાર્ગ પર મેઘપર નજીક કાર અને પીકઅપ જીપ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પતિનું મોત, પત્ની ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજ-માંડવી ધોરીમાર્ગ પરના મેઘપર ગામ પાસે એક કાર અને પીકઅપ જીપ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલા કારચાલક ધીરેન્દ્ર પ્રવીણચંદ્ર પાંડેનું કમકમાટીભર્યું મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, હતભાગી ધીરેન્દ્ર પાંડે અને તેની પત્ની શ્યામાબેન કાર લઈને ભુજથી માંડવી જઈ રહ્યાં હતાં ત્યારે મેઘપર નજીક શાક-બકાલું ભરીને ધસમસતી આવતી પીકઅપ જીપકાર સાથે તેમની ટક્કર થઈ હતી. બુકડો બોલી ગયેલી કારમાં સવાર પાંડે દંપતી ગંભીર રીતે ઘવાયું હતું. જેમને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબે ધીરેન્દ્ર પાંડેને મૃત જાહેર કર્યા હતા, જ્યારે તેમના પત્ની હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું.

# જામનગર જિલ્લામાં ગાંજાના જથ્થા સાથે એક બિહારી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લાના મોટી ખાવડી વિસ્તારમાં ગાંજાની હેરાફેરી કરતો એક બિહારી શખ્સ સ્પેશિયલ ઓફરેશન ગ્રૂપ (એઓજી)એ પકડી પાડ્યો હતો. આ શખ્સ પાસેથી ૩.૮૦૦ કિલોગ્રામ જેટલો ગાંજો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન આ હેરાફેરીમાં બે જણ સંડોવાયેલા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેમાંથી એકને એસઓજીની ટીમે ઝડપી પાડ્યો હતો.

જિલ્લાના યુવાનો નશાના રવાડે ન ચડે તે માટે નો ડ્રગ્સ ઈન જામનગર ઝૂંબેશ પોલીસ ખાતા દ્વારા શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત એસઓજીની ટીમ વધુ સતર્ક બનીને કામ કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એસઓજીએ ૩.૮૦૦ કિલો જેટલા ગાંજા અને અન્ય મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. મંજય ભાગરીત મહંત નામનો આ શખસ બિહારના ચંપારણના ગામડાનો રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું. આ શખસ વિરુદ્ધ મેઘપર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.